


*ખ્રિસ્તમાં પગલાં બાઈબલ અભ્યાસ માર્ગદર્શન*

Copyright (C) 1998 by
મર્લિન બીરમન અને રેવલેશન પબ્લિકેશન.
સર્વાધિકાર સુરક્ષિત.

## *વિતરણની મંજૂરી માટેની શરતો*

અમારી ખાતરી એ છે કે જો તમે આની કોપી નહિ કરો અને બીજાઓ સાથે વહેંચણી નહિ કરો તો તમે પ્રભુ આગળ જવાબદાર ઠરશો, તેથી અમે તમને નિમ્નલિખિત શરતો હેઠળ મફત વહેંચણી કરવા માટેની અનુમતિ આપીએ છીએ. આ સામગ્રીની વહેંચણી કરવા તેણે PDF તરીકે અથવા ફોટોકોપી અને પ્રિન્ટ કરી શકાશે. તેને કોઈપણ રીતે વેચી, કે પરિવર્તિત કરી શકાશે નહિ અને દરેક ક્રમિક કોપી માટે આ સર્વાધિકાર ની નોંધ ધ્યાનમાં રાખવાની રહેશે.

RevelationPublications.com
PublisherForGod@gmail.com

ઈ.જી.વ્હાઈટ દ્વારા ખ્રિસ્તમાં પગલાં માંથી લીધેલ વિષય
મર્લિન બીરમીન દ્વારા બાઈબલ અભ્યાસનું અનુકૂલન
ચિત્ર સમજૂતી-સર્વાધિકાર (C) જસ્ટીનેન ક્રિએટીવ
નામ્પા આઈડી www.goodsalt.com

*પ્રશ્નોના ઉત્તરોના વચનો BSI ગુજરાતી બાઈબલમાંથી લીધેલા છે.*

## અનુક્રમણિકા

માણસ માટે ઈશ્વરનો પ્રેમ – ૧
પાપીઓને ખ્રિસ્તની જરૂરીયાત – ૨
આપણી પરિસ્થિતિની ભાન થવું – ૩
પસ્તાવો – ૪
કબૂલાત – ૫
શુદ્ધિકરણ – ૬
વિશ્વાસ અને સ્વીકૃતિ – ૭
શિષ્યપાણાનું પરીક્ષણ – ૮
આત્મિક વૃદ્ધિ – ૯
કાર્ય અને જીવન – ૧૦
ઈશ્વરનું જ્ઞાન – ૧૧
પ્રાર્થનાનો અધિકાર – ૧૨
પ્રાર્થનાનું સામર્થ્ય - ૧૩
સંદેહ સાથે શું કરવું – ૧૪
પ્રભુમાં આનંદ કરવો! – ૧૫
અત્યારે અને અનંતકાળ માટે આનંદ- ૧૬



## પાઠ ૧
## માણસ માટે ઈશ્વરનો પ્રેમ

**(૧) ઈશ્વરે પોતાની સૃષ્ટિ પ્રત્યે પોતાનો પ્રેમ કઈ રીતે બતાવ્યો?**

***સર્વની દૃષ્ટિ તારા તરફ તલપી રહે છે, યોગ્ય સમયે તુ તેઓને અન્ન આપે છે. તુ તારો હાથ ખોલીને સર્વ સજીવોની ઈચ્છા તૃપ્ત કરે છે. (ગીત શાત્ર ૧૪૫:૧૫-૧૬)***

કુદરત અને પ્રકટિકરણ બંને ઈશ્વરનો પ્રેમ બરાબર બતાવે છે. આપણો સ્વરગીય પિતા જીવન, ડહાપણ અને આનંદનું ઉત્પતિસ્થાન છે. અદ્ભૂત અને સુંદર કુદરતી ચીજો તરફ નજર કરો. તે બધી એકલા માણસના જ નહિ પણ પ્રાણિ માત્રના સુખ માટે કેવી આશ્ચર્યજનક રીતે

ઉપયોગી થઈ પડે છે તેનો વિચાર કરો. સૂર્યનો પ્રકાશ અને વરસાદ જે પૃથ્વીને આંનદ અને તાજગી આપે છે. તથા ટેકરીઓ, સમુદ્રો અને મેદાનો એ બધાં આપણને ઉત્પન્નકર્તાનો પ્રેમ બતાવે છે. પ્રાણિ માત્રની રોજની જરૂરીઆત આપનાર ઈશ્વર જ છે.

**(૨) બાઈબલ કેવી રીતે ઈશ્વરનું વર્ણન કરે છે?**

***ઈશ્વરનો જે પ્રેમ આપણા પ્રત્યે છે તે આપણે જાણીએ છીએ, અને આપણે તે પર વિશ્વાસ કર્યો છે. ઈશ્વર પ્રેમ છે; અને જે પ્રેમમાં રહે છે તે ઈશ્વરમાં ને ઈશ્વર તેનામાં રહે છે. (૧ યોહાન ૪:૧૬)***

ઈશ્વરને માણસને સંપૂર્ણ પવિત્ર અને સુખી બનાવ્યો હતો : અને સૃષ્ટાનાં હાથે બનેલ આ સુંદર જગત પર કોહાણની નિશાનીકે શ્રાપનો પડછાયો પણ ન હતો. જગતમાં દુ:ખ અને મરણ આવવાનું ફકત એક જ કારણ છે અને તે એ કે ઈશ્વરના - પ્રેમના-કાયદાનો ભંગ. પાપમાંથી જન્મેલ દુ:ખમાં પણ ઈશ્વરનો પ્રેમ પ્રગટ થાય છે. શાસ્ત્ર કહે છે કે માણસના પાપને લીધે ભૂમિ શાપિત થઈ. ઉત્પતિ ૩:૧૭. કાંટા અને ઝાંખરાં-મુશ્કેલીઓ અને સંકટો જેથી માણસનું જીવન શ્રમ અને ચિંતાયુકત

થયું છે તે-તેના ભલાને માટે કરવામાં આવ્યું છે. કારણકે પાપને લીધે માણસ અધોગતિ અને નાશના ખાડામાં પડયો તેમાંથી તેને કાઢવા માટે અને તેની ઉન્નતિ કરવા માટે ઈશ્વરે જે યોજના કરી હતી તે પુરી કરવા માણસને મુશ્કેલીઓ દ્વારા જરૂરી કેળવણી આપવાની જરૂર હતી. જગત પાપમાં પડયું છે એ વાત ખરી, છતાં તે શોકમય અને દુ:ખમય નથી. આશા અને દિલાસાનાં સંદેશા કુદરતમાં જ છે થોર પર ફૂલ અને કાંટાવાળા છોડ પર ગુલાબ જોવામાં આવે છે.

દેવ પ્રીતિ છે' એ શબ્દો દરેક ખીલતી કળી પર, ઉગતા ઘાસની દરેક પાંદડી પર લખેલાં છે. સુંદર પક્ષીઓ પોતાના મધુર સ્વરથી વાતાવરણને સંગીતમય બનાવી દે છે, મનોહર અને રંગ બેરંગી ફૂલો હવાને સુગંધમય કરી મૂકે છે અને જંગલનાં ઉંચા વૃક્ષો પોતાનાં સુંદર લીલાં પાંદડાંથી આખા વનને શોભાવે છે. ; આ બધાં આપણા પિતા ઈશ્વરની પ્રેમાળ કાળજી અને પોતાનાં બાળકોને સુખી કરવાની તેની ઈચ્છા બતાવે છે.

**(3) ઈશ્વરના ચરિત્રના કેટલાંક ગુણો કયા છે?**

*તમારા જેવો ઈશ્વર કોણ છે? કેમ કે તમે તો પાપ માફ કરો છો, ને તમારા*

*વારસાના બચેલા ભાગના અપરાધને દરગુજર કરો છો. તે પોતાનો ક્રોધ હમેશાં રાખતા નથી, કેમ કે તે દયા કરવામાં આનંદ માને છે. તે ફરશે અને ફરીથી આપણા પર કરુણા રાખશે. તે આપણાં પાપોને પગ નીચે ખૂંદશે; અને તમે તેઓનાં સર્વ પાપો સમુદ્રનાં ઊંડાણમાં ફેંકી દેશો. (મીખાહ ૭:૧૮-૧૯)*

ઈશ્વરનું વચન(શાસ્ત્ર) આપણને તેનો સ્વભાવ બતાવે છે. તેણે પોતે જ પોતાનાં અનંત પ્રેમ અને દયા જણાવ્યાં છે. મુસાએ પ્રાર્થના કરી કે, “ તારૂં ગૌરવ મને દેખાડ.” ત્યારે પ્રભુએ જવાબ આપ્યો કે, “હુ મારૂ સર્વ સૌંદર્ય તારી આગળ ચલાવીશ.” નિર્ગમન ૩૩:૧૮-૧૯; યૂના ૪:૨.

ઈશ્વરે આપણા હ્રદય પોતાની સાથે જગતમાંની તથા સ્વર્ગમાંની અનેક નિશાનીઓથી બાંધ્યાં છે. કુદરતી વસ્તુઓ અને સૌથી ઉંડાં તથા કોમળ બંધનો કે જે માણસજ સમજી શકે તે દ્વારા ઈશ્વર આપણી આગળ પ્રગટ થાય છે. છતાં આ વસ્તુઓ તેનો પ્રેમ અપૂર્ણ રીતે બતાવે છે.

**(૪) જો આપણે ઈશ્વરને ઓળખાતા ન હોઈએ તો તેમને કેવીરીતે જોઈશું, અને તેના બદલે, તેમના ચરિત્રના વિરોધમાં**

**શેતાનન જૂઠાં આરોપો પર વિશ્વાસ કરવાનું પસંદ કરીશું?**

***તેઓ સાપની જેમ ધૂળ ચાટશે; તેઓ પૃથ્વી પરનાં પેટે ચાલનારાં પ્રાણીઓની જેમ પોતાની ગુપ્ત જગાઓમાંથી ધ્રૂજતાં ધ્રૂજતાં બહાર આવશે. તેઓ આપણા ઈશ્વર યહોવાની પાસે બીતી આવશે, ને તમારાથી ડરશે. (મીખાહ ૭:૧૭)***

આ બધી સાબીતીઓ આપવા છતાં ભલાનાં દુશ્મન શેતાને માણસોનાં મન આંધળાં કરી નાંખ્યાં, જેથી માણસો ઈશ્વરને સખત તથા માફી નહિ આપનાર ધારી તેનાથી બીવાં લાગ્યાં. શેતાને ઈશ્વર વિશે એવો ખ્યાલ આપ્યો કે તેનો મુખ્ય ગુણ ઉગ્ર ન્યાયનો હોવાથી તે નિંષ્ઠુર ન્યાયાધિશ અથવા કઠોર લેણદાર જેવો કડક છે. તેણે ઉત્પન્ન કર્તાનું એવું ચિત્ર દોર્યુ કે જાણે તે માણસોનાં પાપ અને દોષોને શોધી કાઢી તેમને શિક્ષા કરવાને તલ્પી ન રહ્નો હોય.! ઈશ્વરનો અનંત પ્રેમ બતાવીને આ કાળું વાદળું ખસેડવા માટે જ ઈસુ આ જગતમાં માણસ સાથે રહેવા આવ્યો હતો.

**(૫) પાપ કરવાની પસંદગી કરીને મનુષ્યજાતિએ કયો મહાન અધિકાર ગુમાવ્યો છે?**

*ઈશ્વરને કોઈ માણસે કદી જોયા નથી. એકાકીજનિત દીકરો કે, જે પિતાની ગોદમાં છે, તેમણે તેમને પ્રગટ કર્યા છે.* *(યોહાન ૧:૧૮)*

**(૬) આપણે કેવી રીતે જાણી શકીએ કે પિતાની ઈચ્છા શું છે?**

***"તમે જો મને ઓળખત તો મારા પિતાને પણ ઓળખત. હવેથી તમે તેમને ઓળખો છો અને તેમને જોયા છે." (યોહાન ૧૪:૭)***

પ્રભુપુત્ર પિતાને પ્રગટ કરવા સ્વર્ગમાંથી જગતમાં આવ્યો હતો. "દેવને કોઈ માણસ કદી દોઠો નથી ; એકાકીજનીત દીકરો, કે જે બાપની ગોદમાં છે, તેણે તેને પ્રગટ કીધો છે. " યોહાન ૧:૧૮ દીકરા વગર તથા જેને દીકરો પ્રગટ કરવા ચાહે તેના વગર, બાપને કોઈ જાણતો નથી. " માત્થી ૧૧:૨૭. જયારે શિષ્યે વિનંતી કરી કે, "અમને બાપ દેખાડ," ત્યારે ઈસુએ જવાબ આપ્યો કે, "ફિલિપ, આટલી મુદત થયાં હું તમારી સાથે રહ્યો છું, તો પણ શું તું મને ઓખળતો નથી ? જેણે મને જોયો છે, તેણે બાપને જોયો છે ; તો તું શા માટે કહે છે કે, અમને બાપ દેખાડ." યોહાન ૧૪:૮-૯.

(૭)બીજા કયા કારણોસર ઈસુ પણ પૃથ્વી પાસે આવ્યો હતો?

*"પ્રભુનો આત્મા મારા પર છે, કેમ કે દરિદ્રીઓ આગળ સુવાર્તા પ્રગટ કરવા માટે તેમણે મારો અભિષેક કર્યો છે; બંદીવાનોને છૂટકો તથા આંધળાઓને દૃષ્ટિ પામવાનું જાહેર કરવા, ઘાયલ થયેલાઓને છોડાવવા તથા પ્રભુનું માન્ય વરસ પ્રગટ કરવા માટે તેમણે મને મોકલ્યો છે." (લૂક ૪:૧૮-૧૯)*

તેણે ઠેકાણે ઠેકાણે ફરીને લોકોનું ભલું કર્યું અને શેતાન જેને પીડતો હતો તેવાંને સારાં કર્યાં. એવાં આખાં ગામો હતાં કે જેમાં દુ:ખ કે દર્દના નિસાસા સંભળાતા નહિ, કેમકે તેણે તેમાં થઈને જતાં બધાં માંદાઓને સાજાં કર્યાં હતાં. તેનું કામ જ તેના ઈશ્વરી અભિષેકનો પુરાવો આપતું હતું. તેના જીવનના દરેક કાર્યમાં પ્રેમ, દયા અને કરૂણા પ્રગટ થતાં હતાં ; માણસ જાત તરફ તેનું હ્રદય કોમળ દીલસોજીથી ખેંચાતું હતું. માણસની જરૂરીઆતોને પહોંચી વળવા માટે તો તેણે મનુષ્યસ્વભાવ અંગીકાર કર્યો. ગરીબમાં ગરીબ અને હલકામાં હલકા લોકો પણ તેની પાસે જતાં ગભરાતાં નહિ. બાળકો પણ તેની તરફ આકર્ષાતા અને તેનાં ખોળામાં બેસી તેના પ્રેમાળ

તથા વિચારમગ્ન મુખ તરફ જોઈ રહેવા આતુર રહેતાં.

**(૮) ખ્રિસ્તે કઇ રીતે પોતાને અને સુવાર્તાના સંદેશને પ્રસ્તુત કર્યો?**

***શબ્દ સદેહ થઈને આપણામાં વસ્યો (અને પિતાના એકાકીજનિત દીકરાના મહિમા જેવો તેનો મહિમા અમે જોયો). તે કૃપા તથા સત્યતાથી ભરપૂર હતો. (યોહાન ૧:૧૪)***

ઈસુએ જરા પણ સત્ય છુપાવ્યું નથી. પરંતુ તેણે હંમેશા પ્રેમપૂર્વક સત્ય પ્રગટ કર્યું છે, લોકો સાથે વાતચીત કરતાં તે હંમેશાં કુશળ, વિચારવંત અને માયાળું રહેતો. તે કદી અસભ્યતા વાપરતો નહિ. કોઈને નકમો સખત શબ્દ સંભળાવતો નહિ અને જરૂર વગર કોઈને જરા પણ દૂ:ખ થાય એવું કંઈ કરતો નહિ. તે મનુષ્યની સ્વભાવિક નબળાઈને ધિક્કારાતો નહિ. તે હમેશાં સાચું જ બોલતો અને તે પણ પ્રેમપૂર્વક બોલતો. તે ઢોંગ, અવિશ્વાસ અને અધર્મને ધિક્કારતો, પરંતુ લોકોને તેમના દોષો માટે ઠપકો આપતાં તેની આંખમાં પાણી ભરાઈ આવતાં. યરૂશાલેમના લોકોએ- રસ્તા, સત્ય અને જીવનનો — ઈસુનો ત્યાગ કર્યો, છતાં તેણે પોતાના

પ્રિય શહેર માટે આંસુ વહેવડાવ્યાં. લોકોએ પોતાના ત્રાતાને ન સ્વીકાર્યો, છતાં તેણે (ત્રાતાએ) તેઓના પર પ્રીતિ રાખી. તેની આખી જીંદગી આત્મસંયમ અને પરોપકારમય હતી; તેની દૃષ્ટિએ દરેક મનુષ્ય અમૂલ્ય હતું. તે હમેશાં પોતાને ઈશ્વરી ગણતો, છતાં ઈશ્વરના કુટુંબના દરેક માણસ તરફ તે નમ્રતાથી નમતો. તે દરેક જણને પાપમાં પડેલા જોતો અને તેને બચાવવું એ પોતાનું કામ છે એવું, તે જાણતો હતો.

આ ઈસુનો સ્વભાવ છે, એવું આપણે તેના જીવન પરથી જોઈએ છીએ. ઈશ્વરનો એવો જ સ્વભાવ છે. પિતાના હ્રદયમાંથી આ ઈશ્વરી કરૂણાનો પ્રવાહ ઈસુના હ્રદયમાં પ્રગટ થાય છે, અને વહેતો વહેતો મનુષ્યના હ્રદયમાં પહોંચે છે. ઈસુ નમ્ર અને દયાળુ ત્રાતા હતો તે “મનુષ્યના સ્વરૂપમાં પ્રગટ થએલ” ઈશ્વર હતો. ૧ તીમોથી ૩:૧૬.

**(૯) આપણાં લીધે ઈસુ સાથે આ પૃથ્વી પર કેવો વ્યવહાર કરવામાં આવ્યો હતો?**

***તે માણસોથી ધિક્કારાયેલો તથા તજાયેલો હતો; દુ:ખી પુરુષ ને દરદનો અનુભવી, ને જેને જોઈને આપણે મુખ અવળું ફેરવીએ, એવો તે ધિક્કાર પામેલો હતો, ને આપણે તેની કદર બૂજી નહિ.***

*ખચીત તેણે આપણાં દરદ માથે લીધાં છે, ને આપણાં દુ:ખ વેઠયાં છે; પણ આપણે તો તેને હણાયેલો, ઈશ્વરથી માર પામેલો, તથા પીડિત થયેલો માન્યો. પણ આપણા અપરાધોને લીધે તે વીંધાયો, આપણાં પાપોને લીધે તે કચડાયો, આપણને શાંતિ પ્રાપ્ત કરાવવાને માટે તેને શિક્ષા થઈ, ને તેના સોળથી આપણને સાજાપણું મળ્યું છે. (યશાયા ૫૩:૩-૫)*

આપણા ઉદ્ધારા માટે જ ઈસુ જન્મયો, જીવ્યો અને દુ:ખ સહીને મુઓ. આપણને અનંત આનંદના ભાગીઆ બનાવવા તે "દુખી પુરૂષ થયો." ઈશ્વરે અવર્ણનીય મહીમાવાળા જગતમાંથી પોતાના મહીમાવાન અને સત્યનિષ્ઠ પ્િરય પુત્રને આ પાપ, મરણ તથા શ્રાપથી કલંકીત થએલ જગતમાં આવવા દીધો. તેણે પોતાના પ્િરય પુત્રને પોતાનો પ્રેમ અને દૂતોની સેવા છોડી શરમ, અપમાન, ફજેતી, તિરસ્કાર અને મૃત્યુ સહન કરવા દીધાં. તેને રાનમાં, ગેથસેમાની વાડીમાં અને વધસ્તંભ પર જુઓ! ઈશ્વરનાં નિષ્કલંક પુત્રે પોતાના માથે પાપનો બોજો લીધો. તે ઈશ્વર સાથે જોડાયેલો હોવા છતાં માણસ પાપને લીધે ઈશ્વરથી

જુદો રહે, તે ભયંકર છે, એમ તેને લાગી આવ્યું.

**(૧૦) વેદનામાં પિતાની પાસે ઈસુ એ ક્યા શબ્દો બોલ્યા?**

***અને આશરે નવમા કલાકે ઈસુએ મોટે અવાજે બૂમ પાડી કે, "એલી, એલી, લામા સાબાખ્થાની," એટલે, ઓ મારા, ઈશ્વર, મારા ઈશ્વર, તમે મને કેમ મૂકી દીધો છે?" (માથ્થી ૨૭:૪૬)***

આ પાપના ભયંકર બોજા તથા તેની અતિ દુષ્ટતાને લીધે ઈશ્વર અને માણસ વચ્ચેનાં અંતરને માટે જ પ્રભુપુત્રનું હ્રદય ચીરાઈ જતું હતું.

**(૧૧) ઈશ્વરે પોતાના દીકરાને આ પૃથ્વી ઉપર મોકલ્યો તેના બે મૂળભૂત કારણો કયા છે?**

***કેમ કે ઈશ્વરે જગત પર એટલો પ્રેમ કર્યો કે તેમણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો, એ માટે કે જે કોઈ તેમના પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય, પણ તે અનંતજીવન પામે. (યોહાન ૩:૧૬)***

***એટલે, ઈશ્વર ખ્રિસ્તમાં પોતાની સાથે જગતનું સમાધાન કરાવીને તેઓના અપરાધ તેઓને લેખે ગણતા નથી, અને***

*તેમણે અમને સમાધાનનો સંદેશો સોંપેલો છે. (૨ કરિંથી ૫:૧૯)*

આ મહાન ભોગ માણસ માટે ઈશ્વરના હ્રદયમાં પ્રેમ ઉત્પન્ન કરવા અથવા તેને નાશમાંથી બચાવવા ઈચ્છા જગાડવા માટે આપવામાં આપ્યો ન હતો. ના, ના. “દેવે જગત પર એટલી પ્રીતિ કીધી કે તેણે પોતાનો એકાકી જનીત દીકરો આપ્યો.” યોહાન ૩:૧૬ આપણા આકાશમાંના પિતાએ આપણને આ શાંત્વન આપ્યું છે, માટે તે આપણને ચાહે છે એમ સમજવાનું નથી. પણ તે આપણને ચાહે છે એટલા માટે આ શાંત્વન આપ્યું છે. ખ્રીસ્ત ઈશ્વર અને માપસ વચ્ચે મધ્યસ્થ હોવાથી તેની માર્ફત ઈશ્વર જગત પર પોતાનો પ્રેમ રેડી શકયો. “દેવ ખ્રીસ્તમાં પોતાની સાથે જગતનું સમાધાન કરાવે છે.” ૨ કરીંથી ૫:૧૯. ઈશ્વરે પોતાના પુત્ર સાથે દુ:ખ સહ્યું. ગેથસેમાનની વાડીના દુ:ખ અને કાલ્વરીના મરણથી અનંત પ્રેમાળ હ્રદયે આપણા ઉદ્ધારાની કીંમત ભરી આપી.

**(૧૨) પાપમાં પડેલી મનુષ્યજાતિને બચાવવા માટે પોતાની સહભાગીતાને ઈસુએ કઈરીતે દર્શાવી અને પિતાનો પ્રતિભાવ શું હતો?**

*એટલે, ઈશ્વર ખ્રિસ્તમાં પોતાની સાથે જગતનું સમાધાન કરાવીને તેઓના અપરાધ તેઓને લેખે ગણતા નથી, અને તેમણે અમને સમાધાનનો સંદેશો સોંપેલો છે. (૨ કરિંથી ૫:૧૯)*

ઈસુએ કહ્યું; "બાપ મારા પર પ્રેમ કરે છે, કારણકે, હું મારો જીવ આપું છું કે હું તે પાછો લઉં." યોહાન ૧૦:૧૭. એટલે 'મારો બાપ તમારા પર એટલો પ્રેમ રાખે છે કે તમારા તારણને માટે જીવ આપવા માટે તે મને પણ અગાઉનાં કરતાં વધારે ચાહે છે. કારણ કે મારા બળીદાનનીથી તે ન્યાયી છે એવું ઠરે છે. એટલું જ નહિ પણ ઈસુ પર વિશ્વાસ રાખનારને પણ તે ન્યાયી ગણી શકે છે'.

ઈશ્વરના પુત્ર વિના કોઈ માણસના પાપની માફી આપી શકે નહિ; કારણ કે પિતાનું હૃદય તે જ સમજતો હતો, તેથી તે જ તેને પ્રગટ કરી શકે. ઈશ્વરના પ્રેમનું ઊંડાણ સમજનારજ માણસો આગળ તે પ્રગટ કરી શકે. પતિત માણસોને માટે ખ્રિસ્ત કરેલ અર્પણ સિવાય બીજું કંઈ ઈશ્વર પિતાનો ખોવાએલ માણસ જાત ઉપરનો પ્રેમ દર્શાવી શકતું નથી.

"દેવે જગત પર એટલી પ્રીતિ કીધી કે પોતાનો એકાકીજનીત દીકરો આપ્યો." તેણે પોતાનો દીકરો માણસો સાથે રહેવા,

તેઓનાં પાપ ભોગવવા અને તેઓના માટે પોતાની જાતનો ભોગ આપવા આપ્યો એટલું જ નહિ પણ તેણે પોતાનો દીકરો પાપી માણસજાત માટે આપ્યો. ખ્રીસ્તે માણસ જાતનાં લાભો અને જરૂરીઆતો પોતાનાં ગણ્યો.

**(૧૩) ઈસુ આપણને શું કહેતાં શરમાતો નથી?**

***કેમ કે જે પવિત્ર કરે છે, ને જેઓને પવિત્ર કરવામાં આવે છે તેઓ સર્વ એકથી જ છે. એ માટે તે તેઓને ભાઈઓ કહેવાને શરમાતા નથી. (હિબ્રૂ ૨:૧૧)***

તે ઈશ્વરપુત્ર હતો છતાં તેણે કદી ન તૂટે તેવી સાંકળોથી પોતાને માણસજાત સાથે જોડી દીધો છે. ખ્રીસ્ત "તેઓને ભાઈઓ કહેવામાં શરમાતો નથી." હેબ્રી. ૨:૧૧. આ મનુષ્યપુત્ર ખ્રીસ્ત આપણા માટે ભોગ આપનાર, મધ્યસ્થી કરનાર, આપણો ભાઈ પિતાના આસનની આગળ આપણા રૂપમાં હાજર થનાર, અને પોતે પાપથી બચાવેલ મનુષ્ય જાત સાથે અનંતકાળ રહેનાર છે. એ બધાનો હેતુ એટલો જ હતો, કે માણસ પાપથી થતા નાશ અને પતનમાંથી બચે, ઈશ્વરનો પ્રેમ સમજે અને પવિત્રતાનો આનંદ ભોગવે.

**(૧૪) પોતાના અદભૂત પ્રેમમાં, પિતાએ આપણને કયો મહાન આદર આપ્યો છે?**

***જુઓ, પિતાએ આપણા પર કેટલો બધો પ્રેમ રાખ્યો છે કે આપણે ઈશ્વરનાં છોકરાં કહેવાઈએ! અને ખરેખર આપણે તેમનાં છોકરાં છીએ. તેથી જગત આપણને ઓળખતું નથી, કેમ કે તેણે તેમને ઓળખ્યા નહિ. (૧ યોહાન 3:૧)***

આપણા ઉદ્ધાર માટે જે ભોગ અપાયો છે તથા આપણે ખાતર આપણા સ્વરગીય પિતાએ પોતાના પુત્રને મરવા મોકલી જે અપાર ભોગ આપ્યો છે, તે પરથી ખ્રીસ્ત દ્વારા આપણી સ્થિતી કેવી હશે, તે વિષે આપણને ઉંચો ખ્યાલ બંધાવો જોઈએ. જયારે ઈશ્વરપ્રેરીત યોહાને નાશવંત માણસ જાત માટે ઈશ્વરનો અમાપ પ્રેમ જોયો, ત્યારે તેનું હ્રદય સ્તુતિ અને ભકિતથી ભરાઈ ગયું. આ પ્રેમ કેટલો મોટો અને કેટલો કૃપા ભરેલો હતો તે બતાવવા તેને ભાષામાં શબ્દો પણ જડતા નથી, તેથી તે જગતને ઈશ્વરનો પ્રેમ જોવા કહે છે. "જુઓ, પિતાએ આપણા પર કેટલો બધો પ્રેમ રાખ્યો છે કે આપણે દેવનાં છોકરાં કહેવાઈએ."

**(૧૫) આપણે ઈશ્વરના બાળકો કઈરીતે બની શકીએ?**

*પણ જેટલાંએ તેનો અંગીકાર કર્યો, એટલે જેટલાં તેના નામ પર વિશ્વાસ કરે છે, તેટલાંને તેણે ઈશ્વરના છોકરાં થવાનો અધિકાર આપ્યો. (યોહાન ૧:૧૨)*

આ પરથી માણસની કીંમતો તો જુઓ ! દેવના હુકમ તોડવાથી માણસ શેતાનનાં સેવક બને છે. ખ્રીસ્તે માણસનું ઈશ્વર સાથે સમાધાન કરાવવા જે ભોગ આપ્યો તેના પર વિશ્વાસ રાખવાથી આદમપુત્ર ઈશ્વરપુત્ર બને છે. માણસનો સ્વભાવ ગ્રહણ કરીને ખ્રીસ્તે માણસ જાતને ઉંચી-ઉન્નત-કરી. ખ્રીસ્ત દ્વારા પાપી માણસ 'ઈશ્વર પુત્ર' એવા માનવંતા ઈલ્કાબને લાયક બને છે.

આ પ્રેમ અનુપમ છે. સ્વરગીય રાજાનાં સંતાન ! કેવું કીંમતી વચન ! ઉંડો વિચાર કરવા માટે કેવું સરસ સાધન ! ઈશ્વરને નહિ ચાહનાર જગત માટે તેનો કેવો અનુપમેય પ્રેમ ! આ વિચારજ માણસનો આત્મા ઈશ્વરને આધીન થઈ જાય એવી તેના પર અસર કરે છે, અને મનને ઈશ્વરની ઈચ્છાનું ગુલામ બનાવી દે છે.

*કુદરતની સુંદરતા માટે અને મારી જરૂરીયાત પૂરી પાડવા માટે અને દરેક જીવિત સુષ્ટિની જરૂરીયાત પૂરી પાડવા માટે હું આપણા પિતાનો આભારી છું.*

વર્તુળ:   હા   અનિર્ણિત

જયારે મને ભાન થયું કે દયા, સહન કરવું અને કરુણા તેમને મને પોતાના દીકરાની ભેંટમાં મને બતાવ્યા ત્યારે હું પ્રેમથી ભરાઈ ગયો.

વર્તુળ:   હા   અનિર્ણિત

ઈસુ આ પૃથ્વી પર આવ્યા અને બીમારો ને સાજા કરીને, આંધળાઓને દેખતાં કરીને, તૂટેલાં હૃદયોને દિલાસો આપીને અને પાપમાં પડેલી મનુષ્યજાતિને છોડાવવા માટે પોતાનું જીવન આપવા દ્વારા પ્રેમ બતાવે છે તે જોઇને હું ખુબજ આશ્ચર્યમાં છું.

વર્તુળ:   હા   અનિર્ણિત

મારી ઈચ્છા છે કે હું ઈશ્વરના વચનોમાં વધારે સમય વિતાવું કે જેથી હું તેના પ્રેમને અને હું તેનો બાળક કઈરીતે બની શકું તે વધારે સારી રીતે સમજુ.

વર્તુળ:   હા   અનિર્ણિત

_______________________________________

_______________________________________

_______________________________________

_______________________________________

_______________________________________

_______________________________________

_______________________________________



## પાઠ ૨
## પાપીઓને ખ્રિસ્તની જરૂરિયાત

**(૧) જો આપણે ઈશ્વરનો આદર કરીએ અને તેમના પ્રત્યે આજ્ઞાંકિત રહીએ તો આપણે શું પ્રાપ્ત કરી શકીએ?**

***યહોવાનું ભય તે બુદ્ધિનો આરંભ છે; જેઓ તેમની આજ્ઞા પાળે છે તે બધાની બુદ્ધિ સારી છે. તેમની સ્તુતિ સર્વકાળ થશે. (ગીતશાસ્ત્ર ૧૧૧:૧૦)***

શરૂઆતમાં માણસને ઉત્તમશકિત અને વિવેકશકિતવાળું મન આપ્યાં હતાં. તે રૂપમાં સંપૂર્ણ હતો અને ઈશ્વર સાથે તેને ઐકય હતું. તેના વિચારો શુદ્ધ હતા : તેના હેતુ પવિત્ર હતા. પરંતુ આજ્ઞાભંગથી તેની શકિત બદલાઈ ગઈ અને પ્રેમની

જગ્યાએ સ્વાર્થ આવી બેઠો. આજ્ઞાભંગથી તેનો સ્વભાવ એટલો નબળો પડી ગયો કે પોતાની શકિતથી જ ભુંડાઈ-શેતાન-સામે થવા તે અશકત થઈ ગયો. શેતાને તેને પોતાનો ગુલામ બનાવ્યો અને જો ઈશ્વર ખાસ વચ્ચે ના પડત, તો તે હંમેશાં ગુલામી અવસ્થા જ ભોગવતઈ શેતાનનો વિચાર એવો હતો કે ઈશ્વરી યોજના નિષ્ફળ કરી દુ:ખ અને પાયમાલીથી આખી પૃથ્વી ભરી દેવી, અને આ માઠું પરિણામ ઈશ્વરે માણસને ઉત્પન્ન કર્યો તેથી જ આવ્યું એવું બતાવવું.

**(૨) શા માટે આદમ અને હવા ઈશ્વરથી સંતાઈ ગયા?**

***અને તેણે કહ્યું, "મેં વાડીમાં તમારો અવાજ સાંભળ્યો, ને હું નગ્ન હતો તે માટે બીધો; અને હું સંતાઈ ગયો." (ઉત્પત્તિ 3:૧૦)***

"જેનામાં જ્ઞાન તથા બુદ્ધિનો સર્વ સંગ્રહ ગુપ્ત રહેલો છે." (કલોસી. ૨:૩ ) તેની સાથે માપસ પોતાની નિષ્પાપી સ્થિતીમાં આનંદજનક સત્સંગ અનુભવતો. પરંતુ પાપ કર્યા પછી તેને પવિત્રતામાં આનંદ પડતો બંધ થયો અને તે ઈશ્વરની આગળથી સંતાવા લાગ્યો. નવો જન્મ નહિ પામેલા હ્રદય ની આજે પણ એજ

સ્થિતી છે. તેને ઈશ્વર સાથે એકતા નથી અને તેના સમાગમમાં તેને આનંદ પડતો નથી.

**(૩) જ્યારે ખ્રિસ્ત પાછો આવશે ત્યારે તેની ઉપસ્થિતિ માટે જેઓનું બદલાણ નથી થયું તેઓનો શો પ્રતિભાવ હશે?**

***તેઓ પહાડોને તથા ખડકોને કહે છે, "અમારા પર પડો, અને રાજ્યાસન પર બેઠેલાની નજર આગળથી તથા હલવાનના કોપથી અમને સંતાડો. (પ્રકટીકરણ ૬:૧૬)***

પાપીને ઈશ્વરની હાજરીમાં આનંદ મળતો નથી, ઉલટો તે તો પવિત્રપ્રાણીઓ પાસેથી તે દૂર ખસી જાય છે. એવા માણસને કદાચ સ્વર્ગમાં પેસવા દે. તો એ તેનો તો ત્યાં આનંદ ન જ મળે. સ્વર્ગમાં નિ:સ્વાર્થી પ્રેમનું વાતાવરણ વ્યાપી રહ્યું હોય અને દરેક હૃદય અપાર પ્રેમાળ પિતાના પ્રેમનું અનુકરણ કરતું હોય, ત્યાં આનંદ ન જ મળે. સ્વર્ગમાં નિ:સ્વાર્થીપ્રેમનું વાતાવરણ વ્યાપી રહ્યું હોય અને દરેક હૃદય અપાર પ્રેમાળ પિતાનાં પ્રેમનું અનુકરણ કરતું હોય, ત્યાં આવા સ્વાર્થી હૃદયને કયાંથી આનંદ મળે ? તેના વિચાર, લાભાલાભ, અને હેતુથી તદ્દન જુદાજ કારણે ઉત્પન્ન થયા હશે.

સ્વરગીય સંગીતમાં તેનો સૂર જુદો પડી જશે સ્વર્ગ તેને મન દુ:ખનું સ્થાન લઈ પડશે અને ઈશ્વર કે જે પ્રકાશ અને આનંદનું મધ્યબિંદુ છે તેનાથી તે સંતાવા પ્રયત્ન કરશે. પાપીઓને સ્વર્ગમાં પેસવા ન દેવા એવો ઈશ્વરે સ્વછંદી હુકમ કર્યો છે, એમ માનવું એ ભૂલ છે. પાપીઓ જ પોતાની નાલાયકીને લીધે તેમાં પેસી શકતાં નથી. ઈશ્વરનો મહિમા તેમને માટે તો નાશકારક અગ્નિ જેવો થઈ પડશે. પોતાને પાપની માફી અપાવવા મરનાર આગળથી સંતાવા માટે જો મરણનું શરણ લેવું પડતું હોય, તો તેમ કરવાને પણ તેઓ ખુશી બતાવશે.

**(૪) શા માટે પાપી વ્યક્તિ પાસે પોતાના હૃદયને શુદ્ધ કરવાની યોગ્યતા નથી?**

***જો અશુદ્ધતામાંથી શુદ્ધ ઉત્પન્ન થાય તો કેવું સારૂ! પણ એવું બનવું અશક્ય છે. (અયૂબ ૧૪:૪)***

જે પાપના ખાડામાં આપણે પડેલા છીએ તેમાંથી આપણે પોતાની શકિતના બળે બચવું અશકય છે. આપણાં હ્રદય દુષ્ટ છે અને આપણામાં તે બદલવાની શકિત નથી: “જો અશુદ્ધમાંથી શુદ્ધ ઉત્પન્ન થાય, તો કેવું સારૂ ! પણ એવું બનવું અશકય છે.” અયૂબ ૧૪:૪. “દૈહિક મન તે

દેવ પર વેર છે, કેમકે તે દેવના નિયમને આધની નથી અને થઈ શકતું પણ નથી." રૂમી ૮:૭. કેળવણી , વિકાસ, ઈચ્છાશકિત તથા મનુષ્ય પ્રયત્ન, એ દરેક પોતાને યોગ્ય કામ કરી શકે છે, પરંતુ આ બાબતમાં તે કાંઈ કરી શકતાં નથી. ઉપર કહેલ ગુણોથી બહારની રીતભાત સુધારી શકાય છે, પરંતુ તેનાથી કાંઈ હ્રદય બદલાતું નથી: જીવનના ઝરા પવિત્ર અને શુદ્ધ થતા નથી. જો માણસને પાપી મટી પવિત્ર બનવું હોય, તો એક શકિતએ અંદરથી - તેના હ્રદયમાંથી અને બીજીએ ઉપરથી -કામ શરૂ કરવું જોઈએ. તે શકિત એજ ખ્રીસ્ત. ફકત તેની કૃપા જ સ્વભાવની નિર્જીવ શકિતઓને સજીવ કરી શકે છે અને તેને ઈશ્વર તથા પવિત્રતા તરફ ખેંચી શકે છે.

**(૫) ઈશ્વરના રાજ્યમાં પ્રવેશ કરવા માટે આપણને તૈયાર કરવા આપણા જીવનોમાં શું થવું જોઈએ?**

***ઈસુએ તેને ઉત્તર આપ્યો, "હું તને ખચીત ખચીત કહું છું, "જો કોઈ માણસ નવો જન્મ પામ્યું ન હોય, તો તે ઈશ્વરનું રાજ્ય જોઈ શકતું નથી' (યોહાન 3:3)***

આપણો તારનાર કહે છે કે "જો કોઈ માણસ નવો જન્મ પામ્યું ન હોય, તો તે

દેવુનું રાજય જોઈ શકતું નથી.” યોહાન ૩:૩ એટલે દેવનું રાજય જોવા માટે નવા હૃદય, નવી ઈચ્છા, નવા હેતુ અને નવા ઉદ્દેશની જરૂર છે. માણસમાં કુદરતી સારાપણું હોય તેને જ ક્રમે ક્રમે ખીલવવાની જરૂર છે એવો વિચાર ઘણો ભયંકર છે.

**(૬) કેવીરીતે ફક્ત આત્મિક બાબતોને સમજી શકાય છે?**

***તે તો ઈશ્વરે આત્માથી આપણને પ્રગટ કર્યાં છે.” કેમ કે આત્મા સર્વને, હા ઈશ્વરના ઊંડા [વિચારો] ને પણ શોધે છે. (૧ કરિંથી ૨:૧૦)***

“સાંસરિક માણસ દેવના આત્માની વાતોને સ્વિકાર કરતું નથી; કેમકે તે વાતો તેને મૂર્ખતા જેવી લાગે છે; અને તેઓ આધ્યાત્મિક રીતે સમજાય છે, માટે તેમને સમજી શકતું નથી.” ૧ કરીંથી ૨:૧૪. “મેં તને કહ્યું કે, તમારે નવો જન્મ પામવો જોઈએ, એથી આશ્ચર્ય પામતો ના.” યોહાન ૩:૭. ખ્રીસ્ત વિષે એવું લખ્યું છે કે, “તેનામાં જીવન હતું, તે જીવન માણસોનું અજવાળુ હતું.” વળી ખ્રીસ્તના નામ સિવાય “જેથી આપણું તારણ થાય એવું બીજું કોઈ નામ આકાશ તળે

માણસોમાં અપાએલું નથી.” યોહાન ૧:૪; પ્રેરીતોનાં કૃત્યો ૪:૧૨.

**(૭) ધાર્મિકતાનો અર્થ સમજ્યા પછી પણ શા માટે આપણે પાપ સાથે મથામણ કરીએ છીએ?**

***કેમ કે આપણે જાણીએ છીએ કે નિયમ આધ્યાત્મિક છે; પણ હું દૈહિક છું, અને પાપને વેચાયેલો છું. (રોમન ૭:૧૪)***

આપણે ઈશ્વરની પ્રેમાળ મમતા ઉપરાંત તેની ઉદારતા અને પિતા જેવી મૃદુતા જોવી જોઈએ. તેના નિયમમાં ડહાપણ અને ન્યાયભર્યો છે, એટલું જ નહિ પણ તેનો પાયો પ્રેમના અમર સિદ્ધાંત પર નંખાયો છે. આ બધું જોઈ પાઉલ પ્રેરીત બોલી ઉઠયો, “હું નિયમ વિશે કબુલ કરું છું કુ તે સારો છે.” નિયમશાસ્ત્ર તો પવિત્ર છે. આજ્ઞા પવિત્ર, ન્યાયી અને હિતકારક છે.” પરંતુ પોતામાં દુ:ખ અને નિરાશાની કડવાશમાં તે કહે છે કે, “હું દૈહિક છું અને પાપને વેચાએલો છું. ”

પવિત્રતા અને ન્યાયીપણા માટે તે ઘણો આતુર હતો અને તે પ્રાપ્ત કરવા પોતાનામાં શકિત ન હોવાથી તે કહે છે કે, “હું કેવો દુર્ભાગ્ય માણસ છું, મને આ મરણના શરીરથી કોણ મુકત કરશે.” રૂમીઓ ૭:૨૪. દરેક જમાનામાં આખા

જગતમાં ભારથી લદાએલા હજારો હૃદયનું આવંજ રૂદન સંભળાય છે. અને તે બધાંને માટે એક જ જવાબ છે કે, “જુઓ, દેવનું હલવાન, કે જે જગતનું પાપ હરણ કરે છે.” યોહાન ૧:૨૯.

**(૮) કોણ એકમાત્ર મધ્યસ્થ છે જે પાપીઓ અને ઈશ્વર વચ્ચેના સંબંધને પુન:સ્થાપિત કરે છે.**

***કેમ કે ઈશ્વર એક જ છે, અને ઈશ્વર તથા માણસોની વચ્ચે એક જ મધ્યસ્થ પણ છે, એટલે ખ્રિસ્ત ઈસુ પોતે માણસ, (૧ તિમોથી ૨:૫)***

અપરાધનાં ભારથી મુકત થવા તલસતા મનુષ્યોને આ સત્ય સમજાવવા દેવના આત્માએ ઘણી જુદી જુદી રીતે પ્રયત્નો કર્યા છે. એસાવને છેતર્યાનું પાપ કરીને યાકુબ પોતાના બાપને ત્યાંથી નાસી ગયો, તો પણ પાપના - અપરાધના વિચાર તેના હૃદયને ડંખ્યા કરતા હતા. તે તે પોતાનાં વહાલાંથી વિખુટો પડી એકલો ત્યજાએલા જેવો રહેતો હતો. પણ તેના મનને એક જ વિચાર દુ:ખી કરતો હતો. તે એ કે આ પાપને લીધે ઈશ્વર સાથેનો મારો સંબંધ તુટી ગયો છે -સ્વર્ગમાં મારે માટે સ્થાન નથી. આમ નિર્જન ટેકરીઓ વચ્ચે અને

તારાથી શણગારાએલા આકાશ નીચે આરામ લેવા ઉદાસ અવસ્થામાં જમીન પર પડયો હતો.

એટલામાં તેને ઉંઘ આવી ગઈ અને સ્વપનમાં વિચિત્ર અજવાળું થયું અને તેણે તે વિશાળ મેદાનમાં સ્વર્ગના દરવોજે પહોંચે એટલી ઉંચી નીસરણી માંડેલી જોઈ. તેના પગથીઆ પર દેવદૂતો ચઢતા ઉતરતાં દેખાયાં અને ઉપરથી આશા અને દિલાસભર્યો અવાજ સંભળાયો. આ રીતે યાકુબનાં આત્માને જેને જરૂર અને તૃષા હતી તેવા તારનાર વિષે તેને ખબર પડી. પોતાના જેવો પાપી ઈશ્વર સાથે કેવી રીતે ફરી સમાગમ કરી શકે તેનો માર્ગ યાકુબે આનંદ અને આભારની લાગણીથી જોયો. સ્વપનમાં જોએલ નીસરણીમાં તેને સંકેત લાગ્યો, અને તે સમજયો કે આ નીસરણી એ ખ્રીસ્ત છે. તેની મારફતે જ ઈશ્વર અને મનુષ્ય વચ્ચે સંબંધ થઈ શકશે.

**(૯) આપણે કઈરીતે પિતા પાસે આવી શકીએ?**

***ઈસુ તેને કહે છે, "માર્ગ તથા સત્ય તથા જીવન હું છું. મારા આશ્રય વિના પિતાની પાસે કોઈ આવતું નથી. (યોહાન ૧૪:૬)***

સ્વધર્મનો ત્યાગ કરી માણસ ઈશ્વરથી જુદો પડી ગયો અને પૃથ્વીનો સ્વર્ગ સાથે સંબંધ હતો તે તુટી ગયો. આમ પૃથ્વી અને સ્વર્ગ વચ્ચે વ્યવહારનું કંઈ પણ સાધન રહ્યું નહિ. પરંતુ ખ્રીસ્ત દ્વારા ફરી પૃથ્વી પર સ્વર્ગ સાથે જોડાઈ. પૃથ્વી અને સ્વર્ગ વચ્ચે જે પાપની ઉંડી ખીણ આવી રહી હતી તેના પર ખ્રીસ્તે પોતાના સુકૃતથી પુલ બાંધી દીધો કે દેવાના દૂતો માણસ સાથે સંબંધ ચાલુ રાખી શકે. ખ્રીસ્ત નિર્બળ અને નિસ્સહાય થઈ ગયેલ પતિત માણસને આ રીતે અનંત શકિતના ઝરા સાથે જોડી દે છે.

**(૧૦) શા માટે પાપમાં પડેલી મનુષ્યજાતિને બચાવવાના આપણા સઘળા પ્રયાશો વ્યર્થ નીવડે છે?**

***કેમ કે તમે કૃપાથી વિશ્વાસદ્વારા તારણ પામેલા છો. અને એ તમારાથી નથી, એ તો ઈશ્વરનું દાન છે. કરણીઓથી નહિ, રખેને કોઈ અભિમાન કરે. (એફેસી ૨:૮-૯)***

પાપી મનુષ્ય જાત માટે આશા અને સહાયનું એક જ સાધન છે. તેની અવગણના કરી આગળ વધવાને કે માણસ જાતની ઉન્નતિ કરવાનાં પ્રયત્નો કરનારનાં ફાંફા નકામામ છે. “દરેક ઉત્તમ

દાન તથા દરેક સંપૂર્ણદાન" (યાકુબ ૧:૧૭) ઈશ્વર તરફથી મળે છે. ઈશ્વર વિના ઉત્તમ ચારિત્ર્ય કદી મળી શકતું નથી અને તેની પાસે જવા માટે-એક જ માર્ગ છે. એ માર્ગને તે ખ્રીસ્ત.

**(૧૧) આપણા છૂટકારા માટે સ્વર્ગમાંથી કરવામાં આવેલો મહાન પ્રયાસ કયો છે?**

***કેમ કે જો એમ હોત, તો જગતના આરંભથી ઘણી વાર તેમને [દુ:ખ] સહન કરવાની અગત્ય પડત. પણ હવે છેલ્લા સમયમાં પોતાના બલિદાનથી પાપને દૂર કરવા માટે તે એક જ વખત પ્રગટ થયા. (હિબ્રૂ ૯:૨૬)***

ઈશ્વરનું હ્રદય પૃથ્વી પરનાં પોતાનાં બાળકો માટે મરણ કરતાં પણ વધારે પ્રેમથી તલસે છે. પોતાનો પુત્ર આપણને આપ્યો છે, તે એક જ દાનમાં તેની બધી સંપત્તિ આવી જાય છે. આપણા તારનાર ઈસુનું જીવન, મરણ અને મધ્યસ્થી, દૂતોની સેવા, પવિત્ર આત્માની દલીલો, પિતાનું બધામાં કામ અને બધી સ્વરગીય વ્યકિતઓ રસ છે છે, તે બધું માણસને પાપમાંથી મુકત કરવા માટે જ છે.

વિચાર તો કરો, આપણા માટે કેવો અદ્ભૂત ભોગા આપવામાં આવ્યો છે! પાપમાં ડુબી ગએલ ને ખોવાએલા

માણસોને તારવા તથા તેઓને ઈશ્વરની પાસે લઈ જવા કેવા કેવા ઈશ્વરી પ્રયત્નો થયા છે તેની આપણે કદર બુજવી જોઈએ. આથી વધારે સારા હેતુ અને બળવાન શકિતઓનો કદી ઉપયોગ થયો જ નથી. સુકૃતનો ઉત્તમ બદલો, સ્વર્ગનો આનંદ , દૂતોની સોબત, ઈશ્વર તથા તેના પુત્રનો સમાગમ અને પ્રેમ, તથા હંમેશને માટે આપણી સર્વ શકિતઓની ઉચ્ચતા અને વિશાળતા- શું આ બધી વસ્તુઓ આપણા કર્તા અને ત્રાતાનાં ચરણે આપણાં હ્રદયની ભકિતભરી સેવા ધરવા ઓછું પ્રોત્સાહન આપે છે?

વળી બીજી બાજુએ ઈશ્વરના શબ્દોમાં (એટલે બાઈબલ) આપણને સ્પષ્ટ કહે છે કે શેતાનનો સંગ તથા સેવા કરનાર માટે ઈશ્વરી ન્યાય, અનિવાર્ય શિક્ષા, ચારિત્ર ભ્રષ્ટતા અને અંતે નાશ છે. શું આપણે ઈશ્વરની દયાનો વિચાર નહિ કરીએ ? તે આપણા માટે શું વધારે કરી શકે ? તેણે આપણા માટે અદ્ભૂત પ્રેમ બતાવ્યો છે, તે માટે આપણે તેની સાથે યોગ્ય સંબંધ જોડવો જોઈએ. ચાલો, ત્યારે આપણે તેણે આપેલાં સાધનોનો લાભ લઈએ કે આપણે તેના જેવા થઈ શકીએ, સેવા કરનાર દૂતોનો સાથ કરી શકીએ અને પિતા તથા પુત્ર સાથે ઐકય અને સત્સંગ સાધી શકીએ.

હું હવે સમજુ છું કે ઈશ્વરે માણસ ને ઉત્તમ સામર્થ સાથે અને પોતાની સમાનતામાં બનાવ્યો છે. પછી આપણે, અનાજ્ઞાકારીતા દ્વારા સ્વભાવમાં નબળાં બન્યા અને ઈશ્વરના હસ્તક્ષેપ વગર શેતાનની જાળમાં ફસાયા અને તેનો સામનો કરવા અસમર્થ બન્યા.

વર્તુળ: હા અનિર્ણિત

મને સમજાયું કે, ધર્મત્યાગના કારણે, માણસ ઈશ્વરથી અલગ થઇ ગયો અને ફક્ત ઈસુ ખ્રિસ્ત દ્વારા જ ઈશ્વર પાસે પાછાં ફરી શકાય છે.

વર્તુળ: હા અનિર્ણિત

મેં મારી લાચારી જોઈ અને ઈસુ ખ્રિસ્ત ઉદ્ધારક તરીકેની મારી જરૂરીયાત સમજાઈ.

વર્તુળ: હા અનિર્ણિત

હું ઈશ્વરના પ્રેમ અને તેમની છૂટકારાની યોજના માટે આભારી છું. તેણે ઉદારતાથી આપેલી ભેંટ સ્વીકાર કરવાની મારી ઈચ્છા છે.

વર્તુળ: હા અનિર્ણિત



## પાઠ ૩
## આપણી પરિસ્થિતિનું ભાન થવું

**(૧) કેવીરીતે આપણે પાપીઓ પાપથી શુદ્ધ થઈ શકીએ?**

*ત્યારે પિતરે તેઓને [કહ્યું,] "પસ્તાવો કરો, અને ઈસુ ખ્રિસ્તને નામે તમારામાંનો દરેક બાપ્તિસ્મા પામો કે, તમારાં પાપનું નિવારણ થાય, અને તમને પવિત્ર આત્માનું દાન મળશે. (પ્રે.કૃ ૨:૩૮)*

માણસ ઈશ્વર સાથે ન્યાયી કેવી રીતે થાય? પાપીને કેવી રીતે ધર્મી બનાવી શકાય? એકલા ખ્રીસ્ત દ્વારા જ ઈશ્વરની - પવિત્રતાની-સાથે આપણું ઐકય થઈ શકે

છે. પણ આપણે ખ્રીસ્ત પાસે જ કેવી રીતે જવું ? જે પ્રશ્ન ઘણા માણસો આજે પુછે છે તે જ પ્રશ્ન પાસ્ખા પર્વને દિવસે પોતાના પાપની ખાતરી થવાથી લોકોએ પૂછયો હતો. લોકોએ પૂછયું કે, "અમે શું કરીએ?" ત્યારે પીતરે ઉત્તર આપતાં કહ્યું " પસ્તાવો" પ્રેરિતોનાં કૃત્યો ૨:૩૮. આ વાત બન્યા પછી થોડા વખત બીજે પ્રસંગે પણ તેણે કહ્યું કે, "પસ્તાવો કરો, અને ફરો,જેથી તમારાં પાપ ભૂંસી નાખવામાં આવે." પ્રે.કૃ. ૩:૧૯,

પસ્તાવો એટલે પાપ માટે દીલગીરી અને તેનો ત્યાગ. જયાં સુધી આપણે પાપ, એ હલકી, ભૂંડી -પાપી- તિરસ્કારપાત્ર ચીજ છે એવું નહિ સમજીએ ત્યાં સુધી હ્રદયથી પાપનો ત્યાગ કરીશું નહિ, ત્યાં સુધી જીવનમાં ખરો ફેરફાર થશે નહિ.

ઘણાં માણસ પસ્તાવાનો ખરો અર્થ જ સમજતાં નથી. અનેક માણસો પાપ કરવા માટે દીલગીરી બતાવે છે અને બહારથી સુધારો પણ કરે છે. આનું કારણ એ છે કે, ખોટાં કામ કરવાથી આપણા પર દુ:ખ આવી પડશે એવો તેઓને ભય રહે છે. પરંતુ શાસ્ત્ર આને પસ્તાવો નથી કહેતું. પાપને બદલે દુ:ખને લીધે તેઓ વિલાપ કરે છે.

જયારે એસાવને લાગ્યું કે મારો જન્મહક નાશ પામ્યો, ત્યારે તેને પણ એવું જ દુ:ખ થયું હતું. પોતાના માર્ગમાં દૂતને ઉઘાડી તરવાર સાથે ઉભેલો જોઈ બઆલ થથરી ગયો અને મરવાની બીકે તેણે પોતાનો અપરાધ કબૂલ કર્યો પરંતુ તેમાં પાપનો ખરો પસ્તાવો ન હતો, આશયનું બદલાણ ન હતું કે પાપનો ધિક્કાર ન હતો. યહુદા ઈસ્કારીયોત ઈસુને પરસ્વાધીન કર્યા પછી બોલી ઊઠયો, "નિરપરાધી લોહી પરસ્વાધીન કર્યાથી મેં પાપ કીધું છે. " માત્થી ૨૭:૪.

દોષોની ભયંકરણ લાગણી તથા તેના પરિણામે થવાની ભયંકર શિક્ષાના વિચારથી તેના પાપી આત્માને પસ્તાવો કરવો પડયો. જે પરિણામ નીપજવાનાં હતાં તેને લીધે તે ભયભીત થઈ ગયો, પરંતે મે નિષ્પાપી ઈશ્વરપુત્રને દગો દીધો અને ઈસાએલીઓના પવિત્રનો નકાર કર્યો તે માટે તેના અંત:કરણમાં ઉંડો, હૃદયભેદક શોક નહિ હતો.

જયારે ઈશ્વરી દંડ પોતાના માથે આવી પડયો, ત્યારે તેમાંથી બચવા ફારુને પોતાનું પાપ કબુલ કર્યું, પરંતુ આફત દૂર થઈ કે તરત પાછી ઈશ્વરની અવગણના કરવા લાગ્યો. આ બધા પાપના પરિણામ માટે રડતાં હતાં. પરંતુ પાપ માટે તેમને જરાએ દીલગીરી ન હતી.

**(૨) આ વચન ખ્રિસ્ત વિષે શું વર્ણન કરે છે જેણે, પવિત્ર આત્મા દ્વારા, અંધકારને દૂર કર્યો અને આત્માઓની ગુપ્ત જગ્યાને ખુલ્લી પાડી.**

***ખરું અજવાળું તે હતું કે, જે જગતમાં આવીને દરેક માણસને પ્રકાશ આપે છે. (યોહન ૧:૯)***

પરંતુ , જયારે માણસનુ હ્રદય ઈશ્વરી અસર અને પવિત્ર આત્માને તાબે થાય છે, ત્યારે અંત:કરણ જાગે છે અને પાપીને ઈશ્વરી કાયદાની પવિત્રતાનો ખ્યાલ આવે છે. તેમજ પૃથ્વી પર તથા સ્વર્ગમાં તે કાયદાનો પાયો ઈશ્વરનાં રાજમાં છે એમ તેણે જણાય છે. “જે અજવાળું જગતમાં આવીને દરેક માણસને પ્રકાશ આપે છે.”(યોહાન ૧:૯) તે આત્માનાં ઉંડામાં ઉંડા ભાગને પ્રકાશીત કરે છે અને અંધકારમાં રહેલી વસ્તુઓ પ્રગટ કરે છે. આ રીતે આ પ્રકાશની મદદથી મન અને હ્રદયને પાપની ખાતરી થાય છે. પાપીને યહોવાહના ન્યાયીપણાનું ભાન હોય છે, તેથી એ હ્રદય શોધનાર યહોવાહ આગળ પોતાની પાપી અને અપવિત્ર અવસ્થામાં જતાં ગભરાય છે-બીએ છે. તે ઈશ્વરનો પ્રેમ, પવિત્રતાની સુંદરતા, અને સુદ્ધતાનો આનંદ જુએ છે ; તે પાપમુકત થવા તથા

ઈશ્વર સાથેનો સંબંધ શરૂ કરવા આતુર હોય છે.

(૩) જયારે આપણે પાપ માટે દિલગીર હોઈએ ત્યારે દાઉદ રાજાની જેમ આપણી પ્રાર્થના શું હોવી જોઈએ?

*હે ઈશ્વર, તમારી કૃપા પ્રમાણે મારા પર દયા કરો; તમારી પુષ્કળ રહેમ પ્રમાણે મારાં ઉલ્લંઘન ભૂંસી નાખો. મારા અન્યાયથી મને પૂરો ધૂઓ, અને મારા પાપથી મને શુદ્ધ કરો. કેમ કે મારાં ઉલ્લંઘન હું જાણું છું, અને મારું પાપ નિત્ય મારી આગળ છે. તમારી, હા, તમારી જ વિરુદ્ધ મેં પાપ કર્યું છે, અને જે તમારી દષ્ટિમાં ભૂંડું છે તે મેં કર્યું છે; તેથી જ્યારે તમે બોલો ત્યારે તમે ન્યાયી ઠરો, અને તમે ન્યાય કરો ત્યારે તમે નિર્દોષ ઠરો. (ગીતશાસ્ત્ર ૫૧:૧-૪)*

*હે ઈશ્વર, મારામાં શુદ્ધ હ્રદય ઉત્પન્ન કરો; ને મારા આત્માને નવો અને દઢ કરો. (ગીતશાસ્ત્ર ૫૧:૧૦)*

દાઉદે પાપમાં પડયા પછી કરેલી પ્રાર્થનામાં પાપ માટે ખરી દીલગીરી કેવી હોવી જોઈએ, તેનુ દૅષ્ટાંત જણાવે છે. તેનો પસ્તાવો સાચા દિલનો અને ઉંડો હતો. તેની પ્રાર્થનામાં પોતાનો દોષો

ઘટાડવા જરાએ પ્રયત્ન જણાતો નથી તેમ ન્યાય કે શિક્ષામાંથી છટકી જવાની ઈચ્છાઓ માલૂમ પડતી નથી. દાઉદે પોતાના અપરાધનું ભયંકરણપણું અને પોતાના આત્મનું પતન જોયું; તેને પોતાના પાપ પર તીરસ્કાર છૂટયો. તેણે ફકત માફી કે હૃદયની શુદ્ધતા મેળવવા માટે જે એ પ્રાર્થના કરી ન હતી તે તો પવિત્રતાનાં આંનદ માટે - ઈશ્વર સાથે સંબંધ અને એકતા ફરી શરૂ કરવા માટે- આતુર હતો.

આવો પસ્તાવો પ્રાપ્ત કરવો એ આપણી શકિતની બહારની વાત છે; ખ્રીસ્ત જે સ્વર્ગમાં ગયો છે અને જેણે માણસોને દાન આપ્યાં છે, તેની તરફથી જ આવો શુધ્ધ પસ્તાવો પ્રાપ્ત થાય છે.

**(૪) સાચો પસ્તાવો કરવાની કબુલાતનું શું પરિણામ આવે છે?**

*જેનું ઉલ્લંઘન માફ થયું છે, તથા જેનું પાપ ઢંકાઈ ગયું છે તેને ધન્ય છે. (ગીતશાસ્ત્ર ૩૨:૧)*

**(5) તાર્કિક રીતે કયુ પગલું પૂર્વ કબુલાત છે?**

*ઓ વૈતરું કરનારાઓ તથા ભારથી લદાયેલાઓ, તમે સર્વ મારી પાસે આવો,*

*ને હું તમને વિસામો આપીશ. મારી ઝૂંસરી તમે પોતા પર લો, ને મારી પાસે શીખો. કેમ કે હું મનમાં નમ્ર તથા રાંકડો છું, ને તમે તમારા જીવમાં વિસામો પામશો. (માથ્થી ૧૧:૨૮-૨૯)*

ઘણાં માણસો આજ વાતમાં ભુલ કરે છે અને તેથી ખ્રીસ્ત જે મદદ આપવા ઈચ્છે છે, તેનો સ્વિકાર કરી શકતા નથી. તેઓ એમ ધારે છે કે પસ્તાવો કર્યા સિવાય ખ્રીસ્ત પાસે આવી શકાતું નથી અને પસ્તાવો પાપની માફીનો માર્ગ તૈયાર કરે છે. પાપની માફી પહેલાં પસ્તાવો થવો જોઈએ, છે વાત ખરી છે, કારણ કે અતિદીન તથા પાપને લીધે અતિ શોકાતુર હ્રદયનેજ તારનારની ખરી જરૂર સમજાય છે. પરંતુ શું પાપીએ ઈસુ ખ્રીસ્ત પાસે આવતાં પહેલાં પસ્તાવો થવાની રાહ જોવી ? શું પસ્તાવો, એ પાપી અને તારનારની વચ્ચે વિઘ્નરૂપ-આડખીલી-છે?

"ઓ વૈતરૂં કરનારાઓ તથા ભારથી લદાયેલાઓ, તમે સઘળા મારી પાસે આવો અને હું તમને વિસામો આપીશ." માત્થી ૧૧:૨૮. બાઈબલ એવું શિક્ષાણ નથી આપતું કે ખ્રીસ્તનું આ આમંત્રણ સ્વિકારતાં પહેલાં પાપીઓ એ પસ્તાવો કરવો જ જોઈએ.

**(૬) કયા સ્ત્રોત દ્વારા પાપનું સાચું દુ:ખ આવે છે?**

***જે ઈસુને તમે વધસ્તંભ પર જડીને મારી નાખ્યા, તેમને આપણા પૂર્વજોના ઈશ્વરે ઉઠાડ્યા છે. 31તેમને ઈશ્વરે પોતાને જમણે હાથે રાજા તથા તારનાર થવાને ઊંચા કર્યા છે કે, તે ઇઝરાયલના મનમાં પશ્ચાતાપ [કરાવે] તથા તેઓને પાપની માફી આપે. (પ્રે.કૃ. ૫:30-3૧)***

આ ગુણ ખ્રીસ્ત તરફથી જ આવે છે અને તેને પરિણામે સાચો પસ્તાવો પ્રાપ્ત થાય છે. "આ વાત ઈસ્ત્રાએલીઓને સ્પષ્ટ થવાને ઉંચો કર્યો છે, કે તે ઈસ્ત્રાએલના મનમાં પશ્ચાતાપ(કરાવે) તથા તેઓને પાપની માફી આપે." પ્રેરિતોનાં કૃત્યો ૫:૩૧. જેમ ખ્રીસ્ત વિના પાપની માફી મળી શકતી નથી, તેમ ખ્રીસ્તનો આત્મા હૃદયને જગાડી-હલાવી -ન નાખે, તે વિના પસ્તાવો થઈ શકતો નથી.

દરેક શુભ પ્રેરણાનું મૂળ ખ્રીસ્ત છે. ફકત તે જ માણસના હૃદયમાં પાપ તરફ શત્રુભાવનાં બી રોપી શકે છે. સત્ય અને પવિત્રતા માટેની દરેક ઈચ્છા તથા આપણી પોતાની પાપબુધ્ધિનું ભાન, એ આપણા હૃદયમાં ખ્રીસ્તનો આત્મા અસર કરે છે, એવું સાબિત કરે છે.

**(૭) ઈશ્વર કોને પોતાની નજીક બોલાવે છે અને પસ્તાવા અને ઉદ્ધારની ભેંટ આપે છે?**

***જો મને પૃથ્વી પરથી ઊંચો કરવામાં આવશે, તો હું સર્વને મારી તરફ ખેંચીશ." (યોહાન ૧૨"૩૨)***

પાપીની આગળ ખ્રીસ્તને જગતના પાપ માટે આત્માર્પણ કરનાર તારણહાર તરીકે પ્રગટ કરવો જોઈએ. આપણે દેવના હલવાનને કાલ્વરીનાં સ્તંભ પર જોઈએ છીએ કે તરત પાપની માફીનો ભેદ આપણી આગળ સ્પષ્ટ થવા માંડે છે અને ઈશ્વરની કૃપા જોવાથી આપણે પસ્તાવો કરવા માંડીએ છીએ. પાપીઓને માટે પોતાનાં પ્રાણ અર્પણ કરી ઈસુએ નહિ સમજાય એવો પ્રેમ બતાવ્યો છે; અને આ પ્રેમ જોતાં જોતાં પાપીનું હ્રદય ગરીબ થઈ જાય છે, તેના મન પર ઉંડી છાપ પડે છે અને આત્મામાં પશ્ચાતાપ જાગૃત થાય છે.

ઘણી વખત માણસો પોતે ખ્રીસ્ત તરફ આકર્ષાતા જાય છે, એ વાતા જાણ્યાં પહેલાં પણ પોતાના પાપી કૃત્યોને લીધે શરમાઈને પોતાની કેટલીક કુટેવોનોત્યાગ કરે, ત્યારે જરૂર જાણવું કે ખ્રીસ્તની શકિત એને ખેંચી રહી છે. તેના આત્માને એક

અજ્ઞાત સત્તા ચલાવે છે -અને તેના અંતરને જાગૃત કરી બહારનું જીવન સુધારે છે. વળી જેમ જેમ ખ્રીસ્ત તેને વધસ્તંભ તરફ તેમજ તેના પાપે વિંધાએલ પોતાના શરીર તરફ જોવા પ્રેરે છે, તેમ તેમ ખ્રીસ્તની આજ્ઞા
તેના અંતરમાં સ્થાન લેવા માંડે છે. મારૂં જીવન પાપી-દુષ્ટ છે, અને પાપ મારા આત્મામાં-અંતર-ઘર કરી બેઠું છે, એ વાત તે સમજી જાય છે. ખ્રીસ્તનું ન્યાયીપણું તેના હ્રદયમાં ઠસવા માંડતાં ત બોલી ઉઠે છે કે “અરે, પાપ શું છે કે તેમાંથી મુકિત મેળવવા માટે આવા ભોગની જરૂર પડે ? શું આપણને નાશમાંથી બચાવવા અને અનંત જીવન અપાવવા આટલા બધા પ્રેમ, આટલા બધા દુ:ખ અને આટલી બધી નામોશીની જરૂર હશે ?”

પાપી આ પ્રેમની સામો થશે; ખ્રીસ્ત તરફ ખેંચાવા ના પાડશે ; પણ જો તે સામો નહિ થાય તો ખ્રીસ્ત તરફ જરૂર ખેંચાશે. ઈશ્વરે માણસનાં ઉદ્ધાર માટે કરેલી યોજના જાણવાથી તે પોતાના પાપને લીધે ઈશ્વરનાં વહાલા પુત્રને દુ:ખ થયું તે માટે પશ્ચાતાપ કરતો કરતો કરતો વધસ્તંભ પાસે જશે.

**(૮) જે લોકોની અંદર વધારે તરસ હોય છે તેઓને ઈશ્વર શેનું અદભુત આમંત્રણ આપે છે?**

***આત્મા તથા કન્યા બન્ને કહે છે, "આવો." જે સાંભળે છે તે એમ કહે કે, "આવો." અને જે તરસ્યો હોય તે આવે; જે ચાહે તે જીવનનું પાણી મફત લે. (પ્રકટીકરણ ૨૨:૧૭)***

જે દૈવી મન કૂદરતની બીજી વસ્તુઓ પર કામ કરે છે. તે જ મન માણસનું હ્રદય જાગૃત કરી તેમાં જે વસ્તુ તેઓની પાસે નથી તે જે માટે અવર્ણનીય ભૂખ પેદા કરે છે. અને આ ભુખ જગતની ચીજોથી ભાંગતી નથી. ઈશ્વરનો આત્મા જે વસ્તુથી જ શાંતિ અને આરામ મળે તે વસ્તુ જ શોધવા આજીજી કરે છે. તે વસ્તુઓ કઈ ? ઈસુની કૃપા અને પવિત્રતાનો આનંદ, દૃષ્ટ અને અદૃષ્ટ શકિતઓ પોતાનામાં તેઓને મળી શકે તે અનંત આશિર્વાદો તરફ ખેંચ્યા જ કરે છે. જગતનાં કાણાં ઘડામાંથી પીવા માટે ફોકટ ફાંફાં મારતા માણસોને તે ઈશ્વરી સંદેશો મોકલે છે કે, "જે તરસ્યયો હોય, તે આવે; જે ચાહે, તે જીવનનું પાણી મફત લે." પ્રકટી ૨૨:૧૭.

તમારૂં હ્રદય આ જગત આપી શકે તે કરતાં કાંઈક વધારે ઉત્તમ વસ્તુ માટે તલસે છે માટે તમારે જાણવું જોઈએ કે આ તૃષા એ તમારાં આત્મામાં ઈશ્વરી અવાજ છે. તેની પાસે પસ્તાવો માંગો,

અને તેની સંપૂર્ણ પવિત્રતા નમને
આપવામાં આવે એવી વિનંતી કરો.

**(૯) જ્યારે આપણે ખ્રિસ્તનો સ્વભાવ
જોઈએ છીએ ત્યારે, આપણે પાપીઓ
તરીકે શું સમજીએ છીએ?**

***અમે સર્વ અશુદ્ધ જેવા થયા છીએ, અમારાં
સર્વ સારાં કાર્યો મેલા લૂગડાના જેવાં છે,
અમે સર્વ પાંદડાની જેમ સુકાઈ જઈએ
છીએ, અને અમારા અપરાધો વાયુની જેમ
અમને ઉડાવી દે છે. (યશાયા ૬૪:૬)***

આપણાં ત્રાતાનાં જીવનમાં ઈશ્વરી
કાયદાનાં સિદ્ધાંતો-ઈશ્વર તથા મનુષ્ય
પ્રત્યે પ્રેમ-સંપૂર્ણ રીતે જણાઈ આવે છે
પરોપરકારમય પ્રેમ એ એના આત્માનું
જીવન હતું. જેમ જેમ આપણે તેને જોતા
જઈએ ને આપણાં ત્રાતાનો પ્રકાશ
આપણાં પર પડતો જાય છે, તેમ તેમ
આપણે આપણાં હૃદયનું પાપીપણું જોઈ
શકીએ છીએ.

નીકોદીમસની માફક આપણે બડાઈ
મારીએ કે આપણું જીવન સરળ છે,
આપણુંનૈતિક ચારિત્ર શુદ્ધ છે અને ઈશ્વર
આગળ હૃદય નમ્ર કરવાની આપણને
કાંઈ જરૂર નથી, શું આપણે સામાન્ય
પાપી મનુષ્યો છીએ ? પરંતુ જયારે
ખ્રીસ્તનો પ્રકાશ આપણા આત્મા પર

પડશે, ત્યારે આપણે કેટલાં અપવિત્ર છીએ, તે સમજીશું અને આપણાં જીવનને દૃષીત કરનાર સ્વાર્થી ભાવના તથા ઈશ્વર પ્રત્યે વેરની લાગણી આપણામાં કેટલી છે તે સમજી શકીશું ત્યારે આપણને સમજણ પડશે કે બેશક આપણા સર્વ પુણ્ય કામ મેલાં લુગડાં જેવા છે, અને પાપથી થએલી અશુદ્ધતાને ખ્રીસ્તનું લોહી જ શુદ્ધ કરી શકે અને ખ્રીસ્તની પ્રતિમામાં આપણાં અંતઃકરણ નવાં કરી શકે.

ઈશ્વરનાં મહિમાનું એક જ કીરણ, ખ્રીસ્તની પવિત્રતાના પ્રકાશનો એક જ અંશ આપણા આત્માને ભેદી નાખીને આપણાં બધાં કલંકો સ્પષ્ટ બતાવે છે અને મનુષ્ય જીવનનાં ચારિત્ર્ય દૂષણો અને ખામીઓ ખુલ્લાં કરી નાખે છે. તે અપવિત્ર વાસના, અવિશ્વાસુ હૃદય અન અશુદ્ધ વાણી જણાવે છે. ઈશ્વરી કાયદા તોડવાથી પાપી મનુષ્યે કરેલાં અવિશ્વાસુ કૃત્યો તેની નજર આગળ ખુલ્લાં થાય છે અને ઈશ્વરનાં આત્માની તીવ્ર અસરથી તેનું અંતઃકરણ અપરાધી અને ઘણું દુ:ખી થાય છે. તે ખ્રીસ્તનું પવિત્ર અને નિષ્કલંક ચારિત્ર જોઈ પોતાની જાતથી કંટાળી જાય છે.

**(૧૦) જયારે દાનિયેલને પોતાના ચરિત્રમાં દોષ જણાયો ત્યારે તેના ઉપર તેની શું અસર થઈ?**

*એવી રીતે હું એકલો પડ્યો, ને મેં એ મોટું સંદર્શન જોયું, ને મારામાં કંઈ શક્તિ રહી નહિ. (દાનિયેલ ૧૦:૮)*

દાનીએલ ભવિષ્યવાદીએ પોતાની પસો આવેલ સ્વરગીય દૂતને મહીમાથી વીંટળાએલો જોયો ત્યારે તેના મનમાં પોતાની નબળાઈ અને અપૂર્ણતા માટે અજબ લાગણી ભરાઈ આવી. આ અદ્ભૂત દૃશ્યનું વર્ણન કરતાં તે કહે છે કે, “મારામાં કંઈ શકિત રહી નહિ ; કેમકે મારૂં સૌદર્ય બદલાઈને નિસ્તેજ થઈ ગયું, ને મારામાં કાંઈ પણ શકિત રહી નહિ.” દાનીયેલ ૧૦:૮. આવી લાગણીથી પીગળેલો આત્મા પોતાના સ્વાર્થીપણાને ધિક્કારે છે, સ્વપ્રેમને તિરસ્કારે છે અને ખ્રીસ્તના ન્યાયિપણા દ્વારા - ઈશ્વરના કાયદા અને ખ્રીસ્તના ચારિત્ર સાથે સામ્ય હોય એવી -હૃદયની પવિત્રતા શોધે છે.

**(૧૧) જયારે આપણે ખ્રિસ્તની પવિત્રતા જોઈએ અને ઈશ્વરના નિયમના પવિત્ર સિદ્ધાંતનો સાચો અર્થ સમજાશે ત્યારે આપણે પાઉલની જેમ શું કહીશું?**

*હું તો અગાઉ નિયમ વિના જીવતો હતો, પણ આજ્ઞા આવી એટલે પાપ સજીવન થયું, અને હું મરી ગયો. (રોમન ૭:૯)*

પાઉલ કહે છે કે બહારથી જોતાં હું "નિયમશાસ્ત્રના ન્યાયિપણા સંબંધી નિર્દોષ" તો. ફિલિપી. ૩:૬. પરંતુ જયારે તેણે નિયમશાસ્ત્રની આત્મીક બાજુ જોઈ ત્યારે તેને ખાત્રી થઈ કે હું તો પાપી છું, નિયમશાસ્ત્રની આત્મીક બાજુ જોઈ ત્યારે તેને ખાત્રી થઈ કે હું તો પાપી છું, નિયમશાસ્ત્રના શબ્દો તરફ નજર કરતાં માણસોની દૃષ્ટિએ તે પાપથી દૂર રહ્યો હતો. પરંતુ તેણે શાસ્ત્રની પવિત્ર આજ્ઞાનાં ઉંડાણમાં નજર કરી અને પોતાની જાતને ઈશ્વરની દૃષ્ટિએ તપાસી, ત્યારે તેની આંખ ઉઘડી ગઈ; તેણે નામોશીથી નમીને પોતાનાં પાપ કબૂલ કર્યાં. તે કહે છે કે "હું તો અગાઉ નિયમ વિના જીવતો હતો, પણ આજ્ઞા આવી એટલે પાપ સજીવન થયું અને હું મુઓ." રૂમીઓ. ૭:૯. નિયમશાસ્ત્રનું આત્મિક સ્વરૂપ જોતાં જ તેને પાપનું ખરેખરૂં ભયંકર સ્વરૂપ દેખાયું એટલે તેનું સ્વાભિમાન ગળી ગયું.

*હું આભારી છું કે મેં ઈસુ પાસે આવીને શીખવાના આમંત્રણને સ્વીકાર્યું કે જેથી હું મારી આત્મામાં આરામ મેળવું.*

વર્તુળ: હા અનિર્ણિત

જેમ તેણે મને આકૃષ્ટ કર્યો, અને હું તેમની સાથે તેમના વચનમાં વધારે સમય ગાળી રહ્યો છું, ત્યારે મેં તેમની ધાર્મિકતા જોઈ અને સમજાયું કે મારું જીવન અને ચરિત્ર અશુદ્ધ અને અપવિત્ર છે.

વર્તુળ: હા અનિર્ણિત

હવે તેણે મારી અંદર તેના સમાન બનવાની ઈચ્છા મૂકી છે પણ હું જાણું છું કે હું મારી જાતે બદલાવા માટે અશક્ત છું.

વર્તુળ: હા અનિર્ણિત

હું આભારી છું કે હું પાપી, લાચાર, અને આશ્રિત હોવા છતાં તેમની પાસે આવી શકું છું અને મારા જીવનમાં બદલાવ લાવવા માટે તેમના વાયાદાઓનો દાવો કરું છું જે તેમને મહિમા આપશે.

વર્તુળ: હા અનિર્ણિત



## પાઠ ૪
## પસ્તાવો

(૧) આ વચન માં દર્શાવવામાં આવેલું પહેલું પાપ કયુ છે જે ખાસ કરીને ઈશ્વર માટે અપમાનજનક છે?

*દુષ્ટતાનો ધિક્કાર કરવો એ જ યહોવાનું ભય છે; અભિમાન, ઉદ્ધતાઈ, કુમાર્ગ, તથા આડું મુખ, એમનો હું ધિક્કાર કરું છું. (નીતિવચન ૮:૧૩)*

ઈશ્વર બધા પાપને સરખાં નથી ગણતો ; જેમ માણસની નજરમાં અમુક પાપ

નાનાં અને અમુક મોટાં ગણાય છે, તેમ ઈશ્વરની નજરમાં અમુક પાપ નાનાં અને અમુક મોટાં ગણાય છે. પરંતુ અમુક પાપ માણસની દૃષ્ટિએ ગમે તેટલું નજીવું દેખાય છતાં ઈશ્વરની દૃષ્ટિએ તો તે પા છે માટે જ ઘણું ભયંકર છે. તે કોઈ પણ પાપને નાનું ગણતો નથી. માણસની દૃષ્ટિ પક્ષાપાતી અને અપૂર્ણ છે : ઈશ્વર દરેક ચીજને તેના ખરા સ્વરૂપમાં જુએ છે. માણસો દારૂ પીનારનો તિરસ્કાર કરી કહે છે કે, 'તુ સ્વર્ગમાં જઈ શકશે નહિ.' પણ ઘણુંખરૂં અભિમાની, સ્વાર્થી કે લોભીનું કોઈ નામ પણ નથી દેતું. પરંતુ ખાસ કરીને આ પાપ ઈશ્વરને કંટાળો આપે છે કારણ કે, તે તેના પરોપકારી સ્વભાવથી તેમજ નિસ્વાર્થી પ્રેમ-જે પાપમાં નહિ પડેલ સૃષ્ટિ ના વાતાવરણનું સ્વરૂપ છે, - તેની વિરૂદ્ધ છે. ભયંકર પાપમાં ફસાઈ ગએલ માણસને કદાચ શરમ અને કંગાલીઅત લાગે અને ખ્રીસ્તની કૃપાની જરૂર જણાય; પરંતુ જેના હ્રદયમાં અભિમાન દાખલ થયું તેનેં કાંઈ પણ જરૂર લાગતી નથી તેથી તે ખ્રીસ્ત અને તેના અનંત આશિર્વાદો સામે પોતાના હ્રદયના દરવાજા બંધ કરી દે છે.

**(૨) પસ્તાવો કરનાર દાણીની જેમ જે પાપનો દોષી ઠરે છે, આપણી નિષ્ઠાપૂર્વક પ્રાર્થના શું હોવી જોઈએ?**

***પણ જકાતદરે દૂર ઊભા રહીને પોતાની નજર આકાશ તરફ ઊંચી કરવા ન ચાહતાં છાતી કૂટીને કહ્યું, 'ઓ ઈશ્વર, હું પાપી છું, મારા પર દયા કરો.' (લૂક ૧૮:૧૩)***

પેલા દાણીએ પ્રાર્થના કરી કે "ઓ દેવ, હું પાપી છું, મારા પર દયા કર." (લુક ૧૮:૧૩). તે બિચારો પોતાની જાતને ઘણી દુષ્ટ માનતો હતો અને બીજાઓ પણ તેને એ જ નજરે જોતા હતા. પરંતુ તેને પોતાને જરૂર લાગી અને પોતાના અપરાધ તથા શરમનાં બોજા સાથે તે દયા માગતો ઈશ્વર પાસે આવ્યો. ઈશ્વરનો આત્મા તેને પાપની સત્તામાંથી છોડાવી શકે એ માટે તેણે પોતાનું હૃદય ઈશ્વરનાં આત્મા આગળ ખુલ્લું મૂકી દીધુ. હવે પેલા ફરોશીની પ્રાર્થના તરફ નજર કરો. તે પોતાની પ્રાર્થનામાં મિથ્યાભિમાનને લીધે પોતાના ન્યાયિપણાનાં બણગાં ફૂંકે છે. તે પરથી આપણે જોઈ શકીએ છીએ કે તેનું હૃદય પવિત્ર આત્માની કૃપા માટે ખુલ્લું ન હતું. તે ઈશ્વરથી ઘણો દૂર હતો, તેથી તેને પોતાના પાપ, પોતાની જાત તથા

ઈશ્વરની પવિત્રતા વચ્ચે કેટલું અંતર છે, તેનો જરાએ ખ્યાલ ન હતો. તેને કંઈ જરૂર ન લાગી, એટલે તેને કંઈ મળ્યું પણ નહિ.

**(૩) પાપની ખાતરી ને અનુસરતા, આપણે શા માટે આપણા પોતાના પ્રયાસો થી પવિત્રતાના ફળી નથી આપી શકતા?**

***હું તો દ્રાક્ષાવેલો છું, ને તમે ડાળીઓ છો. જે મારામાં રહે છે, અને હું તેનામાં, તે જ ઘણાં ફળ આપે છે; કેમ કે મારાથી નિરાળા રહીને તમે કંઈ કરી શકતા નથી. (યોહાન ૧૫:૫)***

જો તમને જણાય કે હું પાપી છું, તો પછી જાતે સુધરાશે એમ કહી બેસી ન રહેશો. આપણે ખ્રીસ્ત પાસે જવાને લાયક નથી એવું ધારનારાં કેટલાંક હશે ? શું તમે પોતાના પ્રયત્નથી સુધરવા માંગો છો ? "હબશી પોતાની ચામડી કે ચિત્તો પોતાનાં ટપકાં બદલી શકે શું ? તો તમે ભૂંડુ કરવાને ટેવાએલા પણ ભલું કરી શકશો ? યિર્મેયાહ. ૧૩:૨૩. ફકત ઈશ્વરજ આપણને મદદ કરી શકશે. આપણે વધારે સારી સમજાતી, તક કે સ્વભાવની પવિત્રતનાની રાહ જોઈ બેસી ન રહેતાં, જેવા હોઈએ તેવા

જ ખ્રીસ્ત આગળ આવવું જોઈએ. આપણે જાતે કંઈજ કરી શકીએ તેમ નથી.

**(૪) જે પસ્તાવા દ્વારા ધાર્મિકતા મેળવે છે પણ પછી ઈશ્વરથી દૂર થઇ જાય છે આવા માણસ પર પાપની શું અસર થાય છે?**

*પણ જો નેક માણસ પોતાની નેકી છોડી દઈને દુષ્ટ કામ કરે, ને જે ધિક્કારપાત્ર કૃત્યો પુષ્ટ માણસ કરે છે તેઓનું અનુકરણ કરે, તો શું તે જીવવા પામશે? તેણે કરેલા નેક કામોમાંનું કોઇ પણ યાદ કરવામાં આવશે નહિ. તેણે જે જે અપરાધ તથા પાપ કર્યાં, તે જ અપરાધ તથા પાપને લીધે તે માર્યો જશે. (હઝકિયેલ ૧૮:૨૪)*

પરંતુ ઈશ્વર પોતાનાં અનંત પ્રેમ અને દયાને લીધે તેની કૃપાનો નકાર કરનારને પણ આખરે માફી અને તારણ આપશે, એવો વિચાર કરી કોઈએ પોતાની જાતને છેતરવી નહિ. પાપનાં અત્યંત ભયંકરપણાની કીંમત વધસ્તંભને નજરમાં રાખીનેજ કરી શકાયે કોઈ તમને કહે કે ઈશ્વર ઘણો જ ભલો છ, તે પાપીને કાઢી નહિ મૂકે, ત્યારે તેને કાલ્વરી તરફ નજર કરવા કહે જો. માણસનાં તારણ માટે બીજો કોઈ રસ્તો ન હોવાથી તેમજ

પાપના અભડાવનાર પંજામાંથી છૂટી પવિત્ર પ્રાણીઓ સાથે ફરી સંબંધ જોડવાનું ખ્રીસ્તનો ભોગ આપ્યા સિવાય અશકય હોવાથી તેમજ ફરીથી આત્મીક જીવનનાં ભાગીદાર થવાનો કંઈ પણ સંબંધ ન હોવાથી ખ્રીસ્તે આજ્ઞા ભંગ કરનારના અપરાધ પોતાના માથે લીધા અને પાપીઓને બદલે પોતે દુ:ખ ભોગવ્યું. ઈશ્વરપુત્રના પ્રેમ, દુખ અને મરણ પાપના ભયંકરપણાની સાક્ષી પૂરે છે અને જાહેર કરે છે કે માણસ ખ્રીસ્તને આધીન થાય નહિ, ત્યાં સુધી પાપનાં પંજામાંથી તેનો છુટકારો નથી: તેને માટે ઉચ્ચ જીવનની આશા નથી.

**(૫) આપણને કોનું ઉદાહરણ અનુસરવાનું કહેવામાં આવ્યું છે?**

***કારણ કે એને માટે તમને તેડવામાં આવ્યા છે; કેમ કે ખ્રિસ્તે પણ તમારે માટે સહન કર્યું, અને તમે તેમને પગલે ચાલો, માટે તેમણે તમોને નમૂનો આપ્યો છે. (૧ પિતર ૨:૨૧)***

કેટલીક વખત પશ્ચાતાપ નહિ કરનાર માણસો ખ્રીસ્તી હોવાનો દાવો કરનાર- નામના ખ્રીસ્તીઓ- તરફ જોઈને કહે છે કે, “તે મારા કરતાં સારાં નથી. હું તેમના જેટલો જ ત્યાગી, શાંત અને સ્વસ્થ છું.

તેઓ પણ મારા જેટલો જ આનંદ અને વિલાસ ભોગવે છે.” આ રીતે બહાનું કાઢી પોતે પોતાની ફરજમાંથી ચૂકે છે. પણ બીજાનાં પાપ અને દોષને લીધે આપણે આપણાં પાપમાંથી છટકી શકતાં નથી. કેમકે ઈશ્વરે આપણા માટે જે નમુનો આપ્યો છે, તે ભૂલ કરનાર માણસનો નથી. આપણને જે નમૂનો આપવામાં આવ્યો, તે તો નિષ્કલંક પ્રભુપુત્રનો હતો. માટે પોતાને ખ્રીસ્તી કહેવડાવાનાર જીવન વ્યવહારમાં ખામી બતાવતા હોય, તેઓની ફરજ છે કે પોતે ઉત્તમ જીવન ગાળી બીજાની આગળ સરસ દાખલો મુકવો.ખ્રીસ્તી કેવા હોવા જોઈએ તે સંબંધી તેઓને ઘણોજ ઉંચો ખ્યાલહોય, તો શું તેટલા પરથી તેમના પાપ વધારે મોટાં છે એમ નથી લાગતું? ખરૂં શું છે, તે વાત તેઓ જાણે છે, છતાં તે પ્રમાણે વર્તવા તેઓ ના પાડે છે.

**(૬) પવિત્ર આત્માનો અવાજ અને પાપનો ત્યાગ કરવાનું મુલતવી રાખવાનું ભયાનક પરિણામ શું છે?**

*પ્રામાણિક માણસોની નેકી તેઓને દોરશે; પણ ધુતારાઓ પોતાના કપટથી નાશ પામશે. યથાર્થીની નેકી તેનો માર્ગ સીધો કરે છે; પણ દુષ્ટ પોતાની જ દુષ્ટતાથી પાયમાલ થશે. (નીતિવચન ૧૧:3,૫)*

મુલતવી રાખવાની ટેવથી સાવચેત રહેજો. ઈસુ દ્વારા પાપ ત્યાગ કરવાનું અને હ્રદયની પવિત્રતા શોધવાનું કામ મુલતવી રાખતા નહિ. આજ દોષને લીધે લાખો માણસોએ ભૂલ કરી છે, તેથી હંમેશને માટે તેમને નુકશાન થયું છે. માણસની જીંદગી ટુંકી અને અસ્થિર છે તે વિષય હું અહીં નહિ ચર્ચું ; પરંતુ ઈશ્વરનાં પવિત્ર આત્માનાં વિનંતી ભર્યા અવાજને આધીન થવામાં ઢીલ કરવામાં એટલે પાપમાં પડી રહેવાનું પસંદ કરે છે, તેમાં ઘણો જ ભય છે; ખરેખર આ ભય એટલો ભયંકર છે કે આપણે તેને પુરેપુરો સમજતાં નથી. પાપ ગમે તેટલું નાનું - ગમે તેટલું નજીવું- લાગતું હોય પણ તેમાં પડી રહેવામાં હંમેશને માટે નાશમાં જવાનો ભય રહેલો છે. જે આપણે નહિ જીતીએ તે આપણને જીતી આપણો નાશ કરશે.

પેલું ઈશ્વરે ના કહેલં ફળ ખાતી વખતે આદમ અને હવાએ પોતાના મનથી માનેલું કે આવી નજીવી બાબતમાં પણ ઈશ્વરના સાશ્વત અને પવિત્ર નિયમનો ભંગ હતો. તેને લીધે જ મનુષ્ય અને ઈશ્વર જુદા પડી ગયા. મોતના દ્વારઉઘાડી નાંખ્યાં અને જગત પર અવર્ણનીય સંકટ પડવા દીધાં.

જમાના થયાં પૃથ્વીમાંથી આર્તનાદ નીકળ્યા જ કરે છે, અને માણસે

આજ્ઞાભંગ કયર્ો તેને પરિણામે આખું વિશ્વ દુ:ખથી પીડાતું પ્રસવ વેદના સમી વેદના ભોગવે છે. સ્વર્ગને પણ ઈશ્વર સામે કરેલ બળવાની અસર લાગી છે. ઈશ્વરી કાયદાના ભંગ માટે સમાધાન કરવા સારૂ જે કરવું પડયું તેનો સ્મરણ સ્તંભ, એ કાલ્વરી. આપણે પાપને નજીવી વાત ન સમજવી જોઈએ.

**(૭) આપણા જીવનમાં જાણીતા પાપને વળગી રહેવાની પસંદગી કરવાથી શું પરિણામ આવે છે?**

***દુષ્ટ તેની પોતાની દુષ્ટતામાં સપડાઈ જશે, અને તેના પાપરૂપી પાશથી પકડાઈ રહેશે. (નીતિવચન ૫:૨૨)***

દરેક આજ્ઞાભંગ, ખ્રીસ્તની કૃપાની કરેલ દરેક અવણના કે નકાર આપણને પાછાં ધકેલે છે. એ ઉપરાંત તેનાથી હ્રદય વધારે કઠોર બને છ, બુદ્ધિ ભ્રષ્ટ થાય છે, સમજ શકિત મંદ પડી જાય છે અને પવિત્ર આત્માનાં માયાળુ આમંત્રણ સ્વિકારવાની વૃતિ ઓછી થાય છે. એટલું જ નહિ પરંતુ શકિત પણ ઘટી જાય છે.

‘મરજીમાં આવશે ત્યારે આપણે આપણી દુષ્ટ રીતભાત-ચાલ ચલગત - બદલી શકીશું’ એમ વિચારી ઘણાં માણસો પોતનાં દુ:ખી અંતરને દિલાસો આપે છે.

વળી તેઓ એવું પણ ધારે છે, કે કૃપાના આમંત્રણની ગમે તેટલી વાર અવગણના કરીશું, તો એ આપણને ફરી આમંત્રણ આવશે; કૃપાનાં આત્માનો તિરસ્કાર કરીશું અને આપણે શેતાન તરફ વલણ રાખીશું તો પણ ખરેખરા ભયંકર વખતે આપણું વર્તન બદલી શકીશું. પણ આ બદલાણ એટલી બધી સહેલાઈથી કરી શકાતું નથી. આખી જીંદગીના અનુભવન અને કેળવણીથી ઘડાએલ માણસનું ચારિત્ર્ય એવું ઘડે છે કે પાછળથી ઈસુની પ્રતિમાનો સ્વિકાર કરવાની ઘણા જ ઓછાને ઈચ્છા થાય છે.

ચારિત્રની એક જ ખામી, એક જ પાપી ઈચ્છા જો જીદ્દી થઈને ઉછેરશો તો છેવટે તે સુવાર્તાની શકિતને નિર્બળ કરી નાખશે. દરેક પાપમય કામથી ઈશ્વર તરફ આત્માનો અણગમો વધતો જાય છે. જે માણસ દૈવી સત્ય તરફ કઠોર નાસ્તીકપણુ કે સુસ્ત બેદરકારી બતાવે છે, તે પોતે વાવેલાનાં ફળ ભોગવે છે. શાસ્ત્રમાં પાપ તરફ બેદરકારી રાખનાર માટે ભયંકરમાં ભયંકરણ ચેતવણી આપેલી તે એ છે કે, “દુષ્ટ તેના પાપરૂપી પાશથી પકડાઈ રહેશે.” નિતિવચન ૫:૨૨.

**(૮) ખ્રિસ્તના ઉદ્ધારના આમંત્રણને આપણે ક્યારે ઉત્તર આપવો જોઈએ?**

*કેમ કે તે કહે છે, મેં માન્યકાળે તારું સાંભળ્યું, અને તારણને દિવસે મેં તને સહાય કરી: જુઓ, હમણાં જ માન્યકાળ છે. જુઓ, હમણાં જ તારણનો દિવસ છે." (૨ કરિંથી ૬:૨)*

ખ્રીસ્ત આપણને પાપમાંથી મુકત કરવાને તૈયાર છે, પણ તે આપણા પર આપણી ઈચ્છા વિરુદ્ધ બળાત્કાર નહિ કરે; અને જો આપણી ઈચ્છા જ વારંવાર આજ્ઞાભંગ કરી પાપમાં પડી રહેવાની હોય, જો પાપ મુકત થવા આપણી મરજી જ નહોય અને આપણે તેની
કૃપા સ્વીકારવાજ ના પાડતા હોઈએ, તો પછી ઈસુ બીજુ શું કરી શકે ? તેના પ્રેમનો મજબુત તિરસ્કાર કરી આપણે આપણી જાતનો નાશ કર્યો છે. "જુઓ , હમણાંજ માન્ય કાળ છે! જુઓ, હમણાંજ તારણનો દિવસ છે !" "જો તમે આજ તેની વાણી સાંભળોં તો તમારાં હ્રદય કઠણ કર્યા કરો મા." ૨ કોરીંથી ૬:૨; હેબ્રી ૩:૭,૮.

**(૯) ઉદ્દેશ્યો, હેતુઓ, અને ઈરાદાઓથી કપટી હ્રદયના છૂટકારા માટેની એકમાત્ર સુરક્ષિત પ્રાર્થના કઈ છે?**

*હે ઈશ્વર, મારી પરીક્ષા કરો, અને મારું અંત:કરણ ઓળખો; મને પારખો, અને મારા વિચારો જાણી લો;*

*મારામાં કંઈ દુરાચાર હોય, તો તે તમે જોજો, અને મને સનાતન માર્ગમાં ચલાવજો. (ગીતશાસ્ત્ર ૧૩૯:૨૩-૨૪)*

"માણસ બહારના દેખાવ તરફ જુએ છે, પણ યહોવાહ(ઈશ્વર) હૃદય તરફ જુએ છે." રૂ શમૂએલ ૧૬:૭. મનુષ્ય હૃદય આનંદ અને શોકની લાગણીઓથી ભરપૂર છે; પરંતુ ઈશ્વર તે હૃદયના હેતુ, ઈચ્છા અને ઈરાદા જાણે છે તમારો આત્મા પાપથી ખરાડએલ છે, તેવો જ લઈને તેની પાસે જજો અને ગીતશાસ્ત્રીકારની માફક એ સર્વ દ્રષ્ટા આગળ હૃદયના દ્વાર ખુલ્લાં મૂકી કહે જો કે "હે ઈશ્વર, મારી પરીક્ષા કર, અને મારૂં અંતઃકરણ ઓળખ; મને પારખ, અને મારા વિચારો જાણી લે ; મારામાં કંઈ દુરાચરણ હોય તો તે તું જોજે, અને મને સનાતન માર્ગમાં ચલાવજે." ગીતશાસ્ત્ર ૧૩૯:૨૩, ૨૪.

ઘણાં માણસો પોતાની બુદ્ધિનો કે મનનો ધર્મ એટલે બહારથી ધર્મ સ્વિકારે છે. પરંતુ તે વખતે તેઓનાં હૃદય શુદ્ધ થએલ નથી હોતાં. તમે હંમેશાં પ્રાર્થના કરજો કે, "હે દેવ, મારામાં શુદ્ધ હૃદય ઉત્પન્ન કર અને મારા આત્માને નવો અને 1ઢ કર." ગીતશાસ્ત્ર ૫૧:૧૦. તમારા આત્મા સાથે સત્યતાથી વર્તજો. તમારી જીંદગી જોખમમાં હોય, ત્યારે તેને

બચાવવા જેટલા ખરા ભાવથી અને ઉત્સાહથી કામ કરો, તેટલાં જ ખરા ભાવથી અને ઉત્સાહથી કામ કરજો. આ એવી બાબત છેકે જેનો તમારા આત્મા અને ઈશ્વર વચ્ચે નીકાલ થવાનો છે અને તે નીકાલ અનંત કાળ માટે થવાનો છે: કલ્પીત આશા રાખી તે પર બેસી રહેશો, તો તમારો નાશ થશે.

**(૧૦) ઈશ્વરના વચનોના પ્રાર્થનામય અધ્યયન થી કયા પાંચ ખાસ ફાયદાઓ થાય છે જે આપણને પસ્તાવો કરવા તરફ દોરે છે?**

***અને વળી તું બાળપણથી પવિત્ર શાસ્ત્ર જાણે છે, તે [પવિત્ર શાસ્ત્ર] ઈસુ ખ્રિસ્ત પરના વિશ્વાસ દ્વારા તારણને માટે તને જ્ઞાન આપી શકે છે, તે પણ તું જાણે છે. 16દરેક શાસ્ત્ર ઈશ્વરપ્રેરિત છે, તે બોધ, નિષેધ, સુધારા અને ન્યાયીપણાના શિક્ષણને અર્થે ઉપયોગી છે. 17જેથી ઈશ્વરનો ભક્ત સંપૂર્ણ તથા સર્વ સારાં કામ કરવાને માટે તૈયાર થાય. (૨ તિમોથી ૩:૧૫-૧૭)***

પ્રાર્થનાપૂર્વક બાઈબલનો અભ્યાસ કરો. એ બાઈબલ તમારા જીવન માટે ઈશ્વરનાં નિયમમાં અને ખ્રીસ્તના જીવનમાં પવિત્રતાનાં સિદ્ધાંત બતાવશે.

તે સિદ્ધાંત પ્રમાણે ચાલ્યા વિના "કોઈ માણસ પ્રભુને દેખશે નહિ" હેબ્રી ૧૨:૧૪. એ સિદ્ધાંત આપણને પાપની ખાતરી કરી આપે છે અને મુકિતનો માર્ગ સ્પષ્ટ રીતે બતાવી દે છે. ઈશ્વરનો અવાજ એટલે બાઈબલ તમારા અંતરમાં બોલે છે એમ સમજીને લક્ષા લગાડો.

**(૧૧) ખ્રિસ્ત દ્વારા પસ્તાવાની ભેંટ થી ઈશ્વર શું કરી રહ્યા છે?**

***એટલે, ઈશ્વર ખ્રિસ્તમાં પોતાની સાથે જગતનું સમાધાન કરાવીને તેઓના અપરાધ તેઓને લેખે ગણતા નથી, અને તેમણે અમને સમાધાનનો સંદેશો સોંપેલો છે. (૨ કરિંથી ૫:૧૯)***

તમારાં પાપનું ભયંકરપણું તથા તમારૂં પોતાનું ખરૂં સ્વરૂપ જોઈ આશા છોડતા નહિ. ખ્રીસ્ત પાપીઓને જ બચાવવા માટે આવ્યો હતો. આપણે દેવ સાથે સમાધાન કરતા નથી, પણ "દેવ ખ્રીસ્તમાં જગતનું સમાધાન પોતાની સાથે કરાવે છે" ૨ કોરીંથી ૫:૧૯ કેવી અદ્ભૂત પ્રીતિ! તે પોતાના શાંત, કરૂણામય પ્રેમ વડે પોતાનાં ભૂલેલાં બાળકોનાં હૃદય મેળવી લે છે. ઈશ્વર પોતાનાં બાળકોનાં દોષો અને ભૂલો તરફ જેટલી ધીરજ રાખે છે તેટલી ધીરજ દુનીઆનાં મા બાપ કદી

નથી રાખી શકતાં. ગુન્હેગારોને તેના કરતાં વધારે મમતાથી કોઈ નથી સમજાવી શકતું. રસ્તો ભુલેલા રખડતાને બચાવવા માટે તેના કરતા વધારે માયાળુ આજીજી કોઈ પણ માણસની જીભે કદી પણ થઈ નથી. તે જે જે વચનો , જે જે ચેતવણી આપી છે, તે બધાંમાં તેનો અવર્ણનીય પ્રેમ જ જણાય છે.

**(૧૨) ઈસુ કોને બચાવવા આવ્યો હતો?**

***આ વાત વિશ્વસનીય તથા સંપૂર્ણ અંગીકાર કરવા યોગ્ય છે કે, ખ્રિસ્ત ઈસુ પાપીઓને તારવાને માટે જગતમાં આવ્યા; એવા [પાપીઓ] માં હું મુખ્ય છું. (૧ તિમોથી ૧:૧૫)***

જયારે શેતાન તમારી પાસે આવીને કહે કે, 'તું બહું પાપી છે' ત્યારે તમારા તારનાર તરફ નજર કરી તેના ગુણગાન કરજો. તેના પ્રકાશ તરફ નજર કરવાથી તમને મદદ મળશે. તમારાં પાપ કબુલ કરજો, પણ શત્રુને તો કહી દેજો કે, "ખ્રીસ્તુ ઈસુ પાપીઓને તારવા માટે જગતમાં આવ્યો " હતો. ૧તીમોથી ૧:૧૫ અને તેની અનુપમય પ્રેમથી મારૂ તારણ થશે.

**(૧૩) તે કોણ છે જે ઈશ્વર ને સૌથી વધારે પ્રેમ કરે છે?**

ઈસુએ સીમોનને પ્રશ્ન પૂછયો કે બે દેવાદાર હતા. એકને વધારે દેવું હતું અને બીજાને ઓછું હતું. હવે તેમના લેણદારે બેઉનું દેવું માફ કર્યું, આ બેમાંથી કયો દેવાદાર પોતાના લેણદાર પર વધારે પ્રેમ રાખશે? સીમોને જવાબ આપ્યો, "જેને તેણે વિશેષ માફ કીધું તે." લુક ૭:૪૩.

આપણે મહા પાપી હતા, પરંતુ આપણાં પાપની માફી અપાવવા માટે ખ્રીસ્ત મરણ પામ્યો. આપણી ખાતર તેણે આપેલ ભોગનું પુણ્ય ઈશ્વરની નજરમાં પુરતું છે. જેને તેણે વિશેષ માફ કીધું છે, તેઓ તેના પર સૌથી વધારે પ્રેમ રાખશે અને વધારે પાસે ઉભા રહીને તેના મહાન પ્રેમ અને અમાપ ભોગ માટે વિશેષ ગુણગાન કરશે. આપણે જેમ જેમ ઈશ્વરનો પ્રેમ સંપૂર્ણ સમજતા જઈશું, તેમ તેમ આપણું પાપ કેટલું ભયંકર છે તેનો ખ્યાલ આપણને આવશે. જયારે આપણે આપણને ઉંચકવા મૂકેલી સાંકળની લંબાઈ જોઈશું અને આપણે ખાતર ઈસુએ આપેલ અવર્ણનીય ભોગનો આપણને જરા ખ્યાલ આવશે ત્યારે આપણાં હ્રદય માયાળુપણાથી અને પશ્ચાતાપથી પીગળી જશે.

*જેમ હું મારા ઉદ્ધારકની નજીક જતો ગયો તેમ મેં તેમની ધાર્મિકતા જોઈ. મને ભાન થયું કે મારું જીવન અને ચરિત્ર અશુદ્ધ*

અને અપવિત્ર છે. મારા હૃદયની ઈચ્છા છે કે હું વધારેને વધારે તેમના જેવો બનું.

વર્તુળ: હા અનિર્ણિત

મને સમજાયું કે પસ્તાવો પાપનું સાચું દુ:ખ છે તે કેવો દંડ લઈને આવશે તેની બીક નથી.

વર્તુળ: હા અનિર્ણિત

મારા હૃદયમાં પસ્તાવાની ભેંટ મુકવા બદલ હું ઈસુનો આભારી છું, અને મેં તે અનુસાર કાર્ય કરવાનો નિર્ણય કર્યો છે.

વર્તુળ: હા અનિર્ણિત



## પાઠ ૫
## કબૂલાત

(૧) દયા પ્રાપ્ત કરવા માટે, આપણ પાપીઓ માટે કઈ શરતો છે?

*જે માણસ પોતાનાં ઉલ્લંઘનો છુપાવે છે તેની આબાદી થશે નહિ; પણ જે કોઈ તેમને કબૂલ કરીને તેનો ત્યાગ કરે છે, તેઓ પર દયા કરવામાં આવશે. (નીતિવચન ૨૮:૧૩)*

ઈશ્વરની દયા પ્રાપ્ત કરવા માટે જે શરતો છે, તે સાદી, ન્યાયી અને વ્યાજબી

છે. પાપની માફી પ્રાપ્ત કરવા ઈશ્વર આપણને કંઈ મહા ભારત કામ કરવાનું નથી કહેતો. આપણને ઈશ્વર પસંદ કરે તથા આપણાં પાપની માફી મળે તે માટે લાંબી અને કંટાળા ભરેલી જાત્રાઓ કે આકરાં તપ કરવાની જરૂર નથી. પરંતુ જે કોઈ પોતાનાં પાપ કબુલ કરી તેનો ત્યાગ કરે છે, તે જરૂર દયા પામે છે.

**(૨) આપણા દોષ આપણે કોની સામે કબૂલ કરવા જોઈએ?**

*તમે નીરોગી થાઓ માટે તમારાં પાપ એકબીજાની આગળ કબૂલ કરો, અને એકબીજાને માટે પ્રાર્થના કરો. ન્યાયી માણસની પ્રાર્થના પરિણામે બહુ સાર્થક થાય છે. (યાકૂબ ૫:૧૬)*

*મેં મારાં પાપ તમારી આગળ કબૂલ કર્યાં છે, અને મારો અન્યાય મેં સંતાડયો નથી. મેં કહ્યું, "યહોવાની આગળ હું મારાં ઉલ્લંઘન કબૂલ કરીશ;" અને તમે મારાં પાપ માફ કર્યાં. (સેલાહ) (ગીતશાસ્ત્ર ૩૨:૫)*

તમારી ભૂલો એક બીજા આગળ કબુલ કરો અને તમારાં પાપ ઈશ્વર આગળ કબુલ કરો. કારણ કે એકલો ઈશ્વર જ પાપ માફ કરી શકે છે. તેમ કોઈ મિત્ર કે પાડોશીને માઠું લગાડયું હોય, તો તમારે

પોતાની ભૂલ તેની આગળ કબુલ કરવી જોઈએ અને તેણે માફી આપવી જોઈએ. ત્યાર પછી તમારે ઈશ્વર પાસે ક્ષામા માંગવી જોઈએ. કારણ કે જે ભાઈને તમે ઈજા કરી છે, તે ઈશ્વરની મીલકત છે અને તેને નુકસાન કરવાથી તમે તેના ઉત્પન્નકર્તા તથા તારનારની આગળ પાપ કીધું છે. આ વાત આપણા મુખ્ય યાજક અને એકજ તથા ખરા મધ્યસ્થ આગળ મૂકીએ છીએ. કારણ કે "તે સર્વ વાતે આપણી પેઠે પરીક્ષાણ પામેલો છતાં નિષ્પાપ રહ્યો" હેબ્રી ૧૫:૧૬. વળી તેને આપણી નીર્બળતા પર દયા આવે છે. અને તે આપણાં પાપનું દરે કલંક ભૂંસી નાખવા સમર્થ છે.

**(૩) સાચી શાંતિ અને ઈશ્વરની નિકટતાનો અનુભવ કરવા માટે આપણું હૃદય અને આત્મા કઈ સ્થિતિમાં હોવા જોઈએ?**

***આશાભંગ થએલાઓની પાસે યહોવા છે, અને નમ્ર આત્માવાળાને તે તારે છે. (ગીતશાસ્ત્ર ૩૪:૧૮)***

જેઓએ ઈશ્વર આગળ નમ્ર ભાવે પોતાનો દોષ કબુલ કર્યા નથી. તેઓએ તેના સ્વિકારની પહેલી શરત હજી પુરી કરી નથી. પાપનો પસ્તાવો કરવા માટે કદી પસ્તાવો થતો નથી. જયાં સુધી

આપણે એવો પસ્તાવો અનુભવ્યો નથી, અને જયાં સુધી આપણે પાપથી કંટાળી જઈ ખરેખરા નમ્ર તથા ભગ્ન હૃદયે આપણાં પાપ કબુલ કર્યાં નથી, ત્યાં સુધી આપણે ખરૂં જોતાં પાપની માફી માટે ખરો પ્રયત્ન કર્યો જ નથી; અને જયાં સુધી આપણે પાપની માફી મેળવવા પ્રયત્ન ન કરીએ, ત્યાં સુધી આપણને ઈશ્વરી શાંતિ પણ કયાંથી મળે ? આપણાં આગળનાં પાપની માફી નહિ મળવાનું ફકત એટલું જ કારણ છે કે આપણે નમ્ર હૃદયે શાસ્ત્રમાં બતાવેલી શરતો પાળવા તૈયાર થતાં નથી.

**(૪) આપણી પાપની કબૂલાત કેટલી ચોક્કસ હોવી જોઈએ?**

***અને જ્યારે તે તેઓમાંથી એક વિષે તેણે પાપ કર્યું હોય તે તે કબૂલ કરે, (લેવીય ૫:૫)***

આ બાબત વિષે આપણને સ્પષ્ટ રીતે સમજાવવામાં આવેલ છે.પાપનો પસ્તાવો ખાનગીમાં કરો કે જાહેરમાં કરો, પણ તે ખરા હૃદયથી અને સંપૂર્ણ રીતે થવો જોઈએ. પાપ કરનાર પર દબાણ કરી કરાવેલ પસ્તાવો પસ્તાવો જ ન કહેવાય. વગર વિચારે, ને બેદરકારીથી જીભે કરેલો પસ્તાવો તે પસ્તાવો નથી તેમ પાપ

કરનાર પાપનું ભયંકરપણું સમજયા વિના દબાણથી પસ્તાવો કરે, તે પણ પસ્તાવો ન કહેવાય. ખરો પસ્તાવો તો આત્માનાં ઉંડાણમાંથી નીકળી અનંત દયાના સાગર ઈશ્વર તરફ વહી જાય છે. ગીતશાસ્ત્રકાર કહે છે કે, "આશા-ભંગ થએલાઓની પાસે યહોવાહ છે, અને નમ્ર આત્માવાળાને તે તારે છે." ગીતશાસ્ત્ર ૩૪:૧૮.

ખરા પસ્તાવાનાં અમુક લક્ષાણો હોય છે: તે અમુક પાપ કબુલ કરે છે તે ફકત ઈશ્વર આગળ જ કહી શકાય તેવા હોય, અથવા કોઈને વ્યકિતગત થએલ અન્યાય માટે જેને અન્યાય થયો હોય, તે વ્યકિત આગળ પ્રગટ કરવાનો હોય કે કોઈ જાહેર દોષ માટે જાહેરની માફી માંગવાં જાહેરમાં જ પ્રગટ કરવાનો પણ હોય. પરંતુ તેમાં એક ખાસ મુદો એ છે કે દરેક પસ્તાવો ચોકસ અને મુદાસર હોવો જોઈએ અને તેમાં જે ખાસ પાપ આપણે કર્યું હોય તેની જ કબુલાત જોઈએ.

**(૫) ઇસ્રાએલના બાળકોએ કયા ચોક્કસ પાપની કબૂલાત કરી?**

*અને બધા લોકોએ શમુએલને કહ્યું, " [આ] તમારા સેવકોને માટે તમારા ઈશ્વર યહોવાને વિનંતી કરો કે અમે માર્યાં ન જઈએ; કેમ કે અમારાં બધાં પાપમાં અમે [આ] ભૂંડાઈનો ઉમેરો કર્યો છે, કે અમે*

*અમારે માટે રાજા માગ્યો." (૧ શમુએલ ૧૨:૧૯)*

શમૂએલના વખતમાં ઈસ્રાએલીઓ ઈશ્વરને છોડી દઈ ભટકવા લાગ્યાં, તે વખતે તેઓ પાપનાં પરિણામ ભોગવતા હતા, કારણ કે, તેઓને ઈશ્વરમાં વિશ્વાસ રહ્યો ન હતો ; તેઓ પ્રજા પર રાજય કરવાને ઈશ્વરનાં ડહાપણ અને શકિત વિષે પોતાની વિવેકબુદ્ધિ ગુમાવી બેઠા હતા ; અને ઈશ્વરમાં પોતાની યોજનોનો બચાવ કરવાની તથા તેને ખરી સાબિત કરવાની શકિત છે, એવી શ્રદ્ધા તેઓમાં રહી ન હતી. તેઓ જગતનાં મહાન રાજાને છોડી બીજી પ્રજાઓની માફક માણસને પોતાનો રાજા બનાવવા તૈયાર થયા. શાંતિ મળતાં પહેલાં તેઓએ આ ખાસ પાપની કબુલાત કરી છે: "અમે અમારા સારૂ રાજા માગ્યો તેથી અમારાં" "સઘળાં પાપોમાં ભુંડાઈથી ઉમેરો થયો છે" ૧ શમૂએલ ૧૨:૧૯. જે પાપ તેઓનાં પર સાબીત થયુ, તે જ પાપ તેઓને કબુલ કરવું પડયું. તેઓનાં કૃતધ્નીપણાથી તેઓના આત્માને દુ:ખ થયું અને તેઓ ઈશ્વરથી છુટા પડી ગયા.

**(૬) ઈશ્વર આગળ આપણી કબૂલાત ગ્રહણ થાય તે માટે માફી માટેની આપણી**

## નિષ્ઠાપૂર્વકની ઈચ્છા દર્શાવવા માટે આપણો શું કરવું જોઈએ?

*સ્નાન કરો, શુદ્ધ થાઓ, તમારા ભૂંડાં કર્મો મારી આંખ આગળથી દૂર કરો, ભૂંડું કરવું મૂકી દો; (યશાયા ૧:૧૬)*

જયાં સુધી માણસ ખરા દીલથી પસ્તાવો ન કરે અને સુધરે નહિ, ત્યાં સુધી ઈશ્વર તેની પાપની કબુલાત સ્વીકારતો નથી. જીવનમાં ખાસ ફેરફાર થવા જોઈએ; જે કંઈ ઈશ્વરની વિરૂદ્ધ હોય, તેનો ત્યાગ કરવો જોઈએ. જો પાપ માટે ખરેખરી દીલીગીરી થઈ હશે, તો આજ પરિણામ આવશે. આપણે પોતે જે કામ કરવાનું છે, તે આપણી આગળ સ્પષ્ટ રીતે રજુ કરવામાં આવ્યું છે : “સ્નાન કરો, શુદ્ધ થાઓ, તમારાં ભુંડાં કર્મો મારી આંખ આગળથી દૂર કરો ; ભુંડું કરવું મૂકી દો ; સારૂં કરતાં શીખો; ન્યાય શોધો, જુલમથી દુ:ખી થતાં માણસોનું રક્ષાણ કરો, અનાથને ઈન્સાફ આપો, વિધવાની હિમાયત કરો” યશાયાહ ૧:૧૬,૧૭. “જો તે દુષ્ટ માણસ ગીરો મુકેલી વસ્તુ , પાછી આપે, પોતે જે લૂંટી લીધું હોય તે પાછું આપે, ને કંઈ પાપ ન કરતાં જીવનના વિધિઓ પ્રમાણે ચાલે; તો તે નક્કી જીવતો રહેશે, તે માર્યો જશે નહિ.” હઝકીએલ ૩૩:૧૫. પસ્તાવા પર બોલતા

પાઉલ કહે છે કે, “તમને દેવની ઈચ્છા પ્રમાણેનો ખેદ થયો, તેથી જ તમારા મનમાં કેવી આતુરતા ઉત્પન્ન થઈ, વળી પોતાને નિર્દોષ ઠરાવવાની (તમારી) કેવી ઉત્કંઠા, વળી કેવો ક્રોધ, વળી કેવો ભય, વળી કેવી આતુર આકાંક્ષા, વળી બદલો લેવાની કેવી તત્પરતા તમે તે કામમાં સર્વ પ્રકારે પોતાને નિર્દોષ સાબિત કર્યા.” ૨ કોરીંથી ૭:૧૧.

(૭) જ્યારે શક્ય હોય ત્યારે, આપણે જેઓને નારાજ કર્યા હોય, છેતર્યા હોય, કે ઈજા પહોંચાડી હોય તેઓ માટે શું કરવું કરવું જોઈએ?

*જો તે દુષ્ટ માણસ ગીરો મૂકેલી વસ્તુ પાછી આપે, પોતે જે લૂંટી લીધું હોય તે પાછું આપે, ને કંઈ પાપ ન કરતાં જીવનના વિધિઓ પ્રમાણે ચાલે, તો તે નક્કી જીવતો રહેશે, તે માર્યો જશે નહિ. (હઝકિયેલ ૩૩:૧૫)*

(૮) આદમ અને હવાએ પોતાના કાર્ય માટે કોના ઉપર દોષ મૂક્યો, જેનાથી ઈશ્વર આગળ તેઓની કબૂલાત સ્વીકારવામાં ન આવી?

*અને આદમે કહ્યું, “મારી સાથે રહેવા માટે જે સ્ત્રી તમે મને આપી છે તેણે મને તે*

*વૃક્ષનું ફળ આપ્યું, ને મેં ખાધું. (ઉત્પત્તિ 3:૧૨)*

*અને યહોવા ઈશ્વરે સ્ત્રીને કહ્યું, "આ તેં શું કર્યું છે?" અને સ્ત્રીએ કહ્યું, "સર્પે મને ભુલાવી, ને મેં ખાધું." (ઉત્પત્તિ 3:૧૩)*

જયારે પાપને લીધે માણસની નૈતિક સમજણ શકિત ગુમ થઈ જાય છે, ત્યારે પાપ કરનાર પોતાના ચારિત્ર્યની ખામી જોઈ શકતો નથી - પોતાના પાપનું ભયંકરપણું સમજી શકતો નથી ¦ અને જયાં સુધી તે પવિત્ર આત્માની શકિતને આધિન થતો નથી, ત્યાં સુધી તે પોતાનાં પાપ પુરેપુરાં જોઈ શકતો નથી. તેની પાપની કબુલાત ખરા દીલની અને સાચી હોતી નથી. દરેક પાપની માફી માગતાં - દરેક પાપ કબુલ કરતાં તે બાનારૂપે કંઈનુ કંઈ ઉમેરે છે. તે કહે છે કે જો આમનું ન થયું હોયત તો હું આ ન કરત.

આદમ અને હવા પેલું ઈશ્વરે ખાવા ના કહેલ ફળ ખાધા પછી બહુ જ શરમાયાં અને ભયભીત થયાં. પ્રથમ તો તેમને પોતે કરેલ પાપ અને ભયંકર મોતમાંથી બચી જવા કાંઈક બાનું કાઢવાનો જ વિચાર આવ્યો. જયારે ઈશ્વરે આદમને આ પાપ વિશે પૂછયું, ત્યારે તેણે ઈશ્વર તથા હવાને દોષ દેતાં કહૂં, "મારી સાથે રહેવા સારૂ જે સ્ત્રી તેં મને આપી છે તેણે મને તે

વૃક્ષાનું ફળ આપ્યું ને મેં ખાધું." અને સ્ત્રીને પૂછતાં તેણે શો જવાબ આપ્યો? તેણે સાપને માથે દોષ મૂકી કહ્યું "સર્પે મને ભૂલાવી, ને મેં ખાધું." ઉત્પત્તિ ૩:૧૨, ૧૩. તમે સાપને શા માટે બનાવ્યો? તેને એદન વાડીમાં કેમ આવવા દીધો? આ સવાલો હવાના ઉપરના બાનામાં આવી જાય છે. આ રીતે તે પોતાના પાપની જવાબદારી ઈશ્વરને માથે ઢોળવાનો પ્રયત્ન કરે છે. પોતાને ખરા બતાવવાની વૃત્તિ આ રીતે જુઠના પિતા તરફથી જન્મી હતી, તે આજે પણ આદમનાં પુત્રપુત્રીઓમાં જોવામાં આવે છ. આ જાતની કબુલાતો ઈશ્વરી પ્રેરણાથી થતી નથી અને ઈશ્વર તે સ્વિકારતો પણ નથી.

**(૯) દાણી પોતાની જાતને કેવીરીતે જોતો હતો?**

***પણ જકાતદરે દૂર ઊભા રહીને પોતાની નજર આકાશ તરફ ઊંચી કરવા ન ચાહતાં છાતી કૂટીને કહ્યું, 'ઓ ઈશ્વર, હું પાપી છું, મારા પર દયા કરો.' (લૂક ૧૮:૧૩)***

ખરો પશ્ચાતાપ થાય, ત્યારે માણસ પોતે જ પોતાના દોષ પોતાના માથા પર લે. અને કોઈ પણ જાતના કપટ કે ઢોંગ સિવાય પોતાના દોષ કબુલ કરે છે. તે તો

પેલા બીચારા દાણીની માફક નીચું જોઈને બૂમ પાડે છે કે, "ઓ પ્રભુ, મુજ પાપી પર દયા કર." અને જેઓ પોતાનાં પાપ કબુલ કરે, તેઓનો બચાવ થઈ શકે છે. કેમકે ઈસુ પોતે જ પસ્તાવો કરનાર માણસ માટે પોતાનું લોહી રજુ કરશે.

**(૧૦) પાઉલ અને દાઉદ બન્નેએ કયા ચોક્કસ શબ્દોનો ઉપયોગ કર્યો છે જે તેઓના પાપ માટેના સાચાં દુ:ખને દર્શાવે છે?**

*અને મેં યરુશાલેમમાં તેમ કર્યું પણ ખરું:મુખ્ય યાજકો પાસેથી સત્તા મેળવીને સંતોમાંના ઘણાને મેં બંદીખાનામાં નંખાવ્યા, અને તેઓને મારી નાખવામાં આવતા હતા ત્યારે મેં તેઓની વિરુદ્ધમાં મત આપ્યો. મેં સર્વ સભાસ્થાનોમાં ઘણી વાર તેઓને શિક્ષા કરીને તેઓની પાસે દુર્ભાષણ કરાવવાને પ્રયત્ન કર્યા. અને તેઓ પર અત્યંત ક્રોધાયમાન થઈને પરરાજ્યનાં શહેરો સુધી પણ મેં તેઓને સતાવ્યા. (પ્રે.કૃ. ૨૬:૧૦-૧૧)*

*કેમ કે મારાં ઉલ્લંઘન હું જાણું છું, અને મારું પાપ નિત્ય મારી આગળ છે. તમારી, હા, તમારી જ વિરુદ્ધ મેં પાપ કર્યું છે, અને જે તમારી દૃષ્ટિમાં ભૂંડું છે તે મેં કર્યું છે;*

*તેથી જ્યારે તમે બોલો ત્યારે તમે ન્યાયી ઠરો, અને તમે ન્યાય કરો ત્યારે તમે નિર્દોષ ઠરો. (ગીતશાસ્ત્ર ૫૧:૩-૪)*

**ખરી કબૂલાતના ઉદાહરણો: લૂક ૧૮:૧૩; ૧૪; ૧૫:૧૮-૨૧; ગીતશાસ્ત્ર ૫૧:૩; ૪; ૨ શમૂએલ ૧૨:૧૩; દાનિયેલ ૯:૩-૧૨, ૧૮; યાર્મિયા ૩:૨૧**

**યોગ્ય કબૂલાતના ઉદાહરણો: ઉત્પત્તિ ૩:૧૨, ૧૩; ૧ શમૂએલ ૧૫:૨૨-૨૬; યહોશુઆ ૭:૧૯-૨૧**

ઈશ્વરીશાસ્ત્રમાં ખરા પસ્તાવાના અને નમ્રતાના દાખલો છે, તે પરથી આપણે જોઈ શકીએ છીએ કે તેમાં પાપ છુપાવવા કે પોતાનો ખોટો બચાવ કરવા કાંઈ પણ બાનાં બતાવવા પ્રયત્ન કરવામાં આવ્યો નથી. પાઉલ પોતાનો બચાવ કરવા પ્રયત્ન કરતો નથી; તે તો પોતાનાં પાપનું કાળામાં કાળું ચિત્ર આપે છે અને પોતાનો અપરાધ ઓછો બતાવવા પ્રયત્ન કરતો નથી. જુઓ, તે શું કહે છે. “મુખ્ય યાજકો પાસેથી સત્તા મેળવીને સંતોમાંનાં ઘણાને મેં બંદિખાનામાં નંખાવ્યા, અને તેઓને મારી નાખવામાં આવતા હતો ત્યારે મેં તેઓની વિરૂદ્ધમાં મત આપ્યો. મેં સર્વ સભાસ્થાનોમાં ઘણી વાર તેઓને શિક્ષા કરીને તેઓની પાસે દુર્ભાષણ

કરાવવાને પ્રયત્ન કર્યા: અને તેઓ પર અત્યંત ક્રોધાયમાન થઈને પરરાજયના શહેરો સુધી પણ મેં તેઓને સતાવ્યા.” પ્રેરિતોનાં કૃત્યો ૨૬:૧૦-૧૧. વળી તે જરાએ આનાકાની કર્યા વિના જાહેર કરે છે કે “ખ્રીસ્ત ઈસુ પાપીઓને તારવા સારૂ જગતમાં આવ્યો, એવા(પાપીઓ)માં હું મુખ્ય છું.” ૧ તીમોથી ૧:૧૫.

**(૧૧) જો આપણે આપણા પાપ માટે ખરેખર દિલગીર હોઈએ અને ઈશ્વર આગળ તેને કબૂલ કરીએ તો આપણે કયા અદભુત વાયદાનો દાવો કરી શકીએ છીએ?**

***જો આપણે આપણાં પાપ કબૂલ કરીએ, તો આપણાં પાપ માફ કરવાને તથા આપણને સર્વ અન્યાયથી શુદ્ધ કરવાને તે વિશ્વાસુ તથા ન્યાયી છે. (૧ યોહન ૧:૯)***

ખરા પશ્ચાતાપથી શાંત થએલ નમ્ર અને ભગ્ન હૃદય ઈશ્વરના પ્રેમ અને કાલ્વરીના ભોગની થોડી ઘણી કિંમત આંકી જેમ પુત્ર પ્રેમાળ પિતા આગળ પોતાના દોષ કબુલ કરે, તેમ ખરો પસ્તાવો કરનાર ઈશ્વર આગળ પોતાનાં પાપ કબુલ કરશે. તે માટે શાસ્ત્ર પણ કહે છે કે, “જો આપણે આપણાં પાપ કબુલ કરીએ, તો આપણાં પાપ માફ કરવાને

તથા આપણને સર્વ અન્યાયથી શુદ્ધ કરવાને વિશ્વાસુ તથા ન્યાયી છે.” ૧ યોહાન ૧:૯.

*મને પસ્તાવાની ભેંટ આપવા બદલ હું પ્રભુનો આભારી છું અને હું તેમને અનુસરવાનો અને કબૂલાત કરવાનો અને મારા પાપોને છોડી દેવાનો નિર્ણય કરું છું.*

વર્તુળ: હા અનિર્ણિત

*મને સમજાયું કે જેની હું ઈચ્છા રાખું છું તે કૃપા અને શાંતિને મારા હ્રદયમાં સ્થાપિત કરવા માટે મારે મારા નિશ્ચિત પાપોને ઈશ્વર આગળ કબૂલ કરવા પડશે અને જ્યારે શક્ય હોત ત્યારે જેમને મેં હેરાન કાર્ય હોય તેમની સામે પણ.*

વર્તુળ: હા અનિર્ણિત

*જેમ હું અભ્યાસ કરું છું અને ખ્રિસ્ત\ની વધારે નજીક આવું છું ત્યારે મને ભાન થયું કે મેં મારા ભૂતકાળમાં ઘણાં લોકોને હેરાન કર્યા, છેતર્યા, અને ઘાયલ કર્યા હતાં. ઈશ્વરની કૃપાથી જેટલું શક્ય હોય તેટલું વ્યવસ્થિત કરવાનો મેં નિર્ણય કર્યો છે.*

વર્તુળ: હા અનિર્ણિત

*મેં તેમની અને તેમની સૃષ્ટિ વિરુદ્ધ જે અપરાધો કર્યા છે તે ઢાંકવા માટે હું તેમનું કિંમતી રક્ત માંગું છું.*

વર્તુળ: હા અનિર્ણિત

મારી પ્રાર્થના છે કે જો હું તેમના માર્ગ પરથી ભટકી જાઉં ત્યારે ઈશ્વર મને નિરંતર પસ્તાવાનું અજવાળું આપે અને મારા પાપોની કબૂલાત કરવા તરફ મને દોરે જેથી હું તેમના નામ ખાતર ધાર્મિકતાના માર્ગ ઉપર ચાલી શકું.

વર્તુળ: હા અનિર્ણિત



## પાઠ ૬
## શુદ્ધિકરણ

(૧) ઈશ્વરને મેળવવા અને તેમની સમાનતામાં પુન:સ્થાપિત થવા માટે આપણે ઈશ્વરને કઈરીતે શોધવા જોઈએ?

*તમે મને શોધશો, ને તમે તમારા ખરા હ્રદયથી મને ઢૂંઢશો ત્યારે હું તમને મળીશ. (યાર્મિયા ૨૯:૧૩)*

આખું હ્રદય ઈશ્વરને આધિન ન થાય, ત્યાં સુધી જે ફેરફારથી માણસને ઈશ્વર જેવો બનાવવામાં આવે છે તે ફેરફાર આપણામાં થતો નથી. સ્વભાવથી આપણે ઈશ્વરથી વેગળા છીએ. પવિત્ર આત્મા આપણી સ્થિતી કેવા શબ્દોમાં બતાવે છે?

**(૨) ઈશ્વરના હસ્તક્ષેપ વગર આપણી હાલત કેવી છે?**

*વળી તમે અપરાધોમાં તથા પાપોમાં મૂએલા હતાં, ત્યારે [તેમણે તમને સજીવન કર્યાં] (એફેસી ૨:૧)*

"અપરાધોમાં તથા પાપોમાં મુએલા;" "આખું માથું રોગિષ્ટ અને આખું શરીર નિર્ગત છે;" કોઈ પણ ભોગે સાજો નથી. ; શેતાનના ફાંદામાં ફસાયા છે; એફેશી ૨:૧. યશા. ૧:૫, ૬:૨; ૨ તીમોથી ૨:૨૬. ઈશ્વર આપણને સારા કરવા-મુકત કરવા ઈચ્છે છે. પરંતુ આપણે સંપૂર્ણ રીતે તેને આધિન થવું જોઈએ, કારણ કે તે માટે સંપૂર્ણ રૂપાંતર - સ્વભાવનું સંપૂર્ણ બદલાણ થવું જોઈએ.

જગતમાં થએલા સર્વ યુદ્ધોમાં મોટામાં મોટું યુદ્ધ માણસને પોતાની જાત સામે કરવું પડે છે. પોતાની જાતને અર્પણ કરવા માટે તથા તેને ઈશ્વરને આધિન કરવા માટે અતિશય પ્રયત્ન કરવા પડે છે, પણ પવિત્રતામાં નવું રૂપ લેતાં પહેલા આત્માને ઈશ્વરને આધિન થવું પડે છે.

**(૩) ઈશ્વરે આપેલું કયુ આમંત્રણ આપણને બતાવે છે કે તેણે આપણને પસંદગીની સ્વતંત્રતા આપેલી છે?**

*યહોવા કહે છે, "આવો, આપણે વિવાદ કરીએ:તમારાં પાપ જો કે લાલ [વસ્ત્રના] જેવાં હોય, તોપણ તેઓ હિમ સરખાં શ્વેત થશે; જો તે કીરમજના જેવાં રાતાં હોય, તોપણ તેઓ ઊન સરખાં થશે. (યશાયા ૧:૧૮)*

શેતાન બતાવે છે તેમ ઈશ્વરના રાજયમાં આંખ મીચીને આજ્ઞા પાળવાનું કે યોગ્ય દબાણ નથી. તે તો બુદ્ધિ અને અંત:કરણ બંને ગ્રહણ કરી શકે તેવું છે. જગતકર્તા પોતે ઉત્પન્ન કરેલ પ્રાણીઓને બોલાવીને કહે છે કે, "આવો , આપણે વિવાદ કરીએ." યશાયાહ ૧:૧૮. ઈશ્વર મનુષ્યોને તેમની ઈચ્છા વિરૂદ્ધ કાર્ય કરવા ફરજ નથી પાડતો; ઈચ્છા કે વિચાર વગર કરેલ ઉપાસનાને તે નથી સ્વિકારતો. તાબે થવાની ફરજ પાડવાથી મન અને ચારિત્ર્યનો ખરો વિકાસ થઈ ન શકે અને માણસ યંત્ર જેવું થઈ જાય એવો ઈશ્વરનો ઈરાદો નથી. તેની ઈચ્છા તો એવી છે કે પોતે સર્જેલ સર્વ પ્રાણીઓમાં મનુષ્ય શ્રેષ્ઠ હોવાથી , તે સાધી શકાય તેટલો ઉંચો વિકાસ સાધે. પોતાની કૃપા દ્વારા જે આશિર્વાદોની ઉંચાઈએ તે આપણને લઈ જવા ઈચ્છે છે, તે આશિર્વાદો આપણી આગળ મુકે છે. પોતાની ઈચ્છા આપણામાં પૂરી કરવા

માટે તે આપણને આપણી જાત અર્પણ કરવા નોતરૂં આપે છે. પ્રભુપુત્રની ઉદાર મુકિત-સ્વતંત્રતા-નો આનંદ ભોગવવાને પાપનાં બંધનનો ત્યાગ કરવો કે કેમ એ આપણી મરજીની વાત છે.

**(૪) જ્યારે આપણે આપણે જાતને ઈશ્વરના હાથમાં સોંપીએ અને ખ્રિસ્તના શિષ્ય બનીએ ત્યારે આપણે શું કરવા માટે તૈયાર રહેવું જોઈએ?**

***તે પ્રમાણે તમારામાંનો જે કોઈ પોતાની સર્વ વસ્તુઓનો ત્યાગ કરતો નથી, તે મારો શિષ્ય થઈ શકતો નથી. (લૂક ૧૪:૩૩)***

આપણી જાતને ઈશ્વરને અર્પણ કરતાં જે વસ્તુઓ આપણને તેનાથી ખાસ જુદા રાખતી હોય, તેનો ત્યાગ કરવો જોઈએ. એટલાં જ માટે આપણાં ત્રાતાં કહે છે કે, " જે કોઈ પોતાની સવર્ગ વસ્તુઓનો ત્યાગ કરતો નથી, તે મારો શિષ્ય થઈ શકતો નથી." લુક ૧૪:૩૩. જે જે વસ્તુ આપણું હ્રદય ઈશ્વર તરફ પાછું ખેંચતી હોય, તેનો ત્યાગ કરવો જોઈએ. દ્રવ્ય, એ ઘણાનો દેવ છે. પૈસા પર પ્રેમ, લક્ષમીની લાલચ-રૂપી સોનાની સાંકળ માણસને શેતાન સાથે બાંધી રાખે છે વળી કેટલાક આબરૂ અને જગતનાં માનપાનની માળા ભજે છે

તો કેટલાક સ્વાર્થમય એશઆરામ અને બીનજવાબદારીમાં જ જીંદગીનું સાર્થક સમજે છે. પરંતુ એ બધાં ગુલામી બંધનો છે; તે તોડી જ નાખવા જોઈએ. અર્ધા ઈશ્વરના અને અર્ધા જગતનાં એમ આપણની નહિ રહેવાય. જયાં સુધી આપણે સંપૂર્ણ રીતે ઈશ્વરના બાળક ન થઈએ ત્યાં સુધી આપણે તેનાં બાળક (બીલકૂલ) ન ગણાઈએ.

**(૫) શા માટે આપણે આપણો ઉદ્ધાર ખરીદવા માટે સક્ષમ નથી?**

***કેમ કે તમે કૃપાથી વિશ્વાસદ્વારા તારણ પામેલા છો. અને એ તમારાથી નથી, એ તો ઈશ્વરનું દાન છે. (એફેસી ૨:૮)***

ઘણા ઈશ્વરની સેવા કરવાનો દાવો કરે છે, પરંતુ ઈશ્વરના નિયમો પાળવા, પોતાનું ચારિત્ર્ય ઘડવા અને ઉદ્ધાર મેળવવા પોતાના જ પ્રયત્નો પર આધાર રાખે છે. ખ્રીસ્તના પ્રેમનાં ઉંડા ભાવની લાગણીથી તેઓના હ્રદય પર અસર થતીં નથી, પરંતુ તેઓ ધારે છે કે, ઈશ્વર એવું માંગે છે કે ખ્રીસ્તી જીવનની ફરજો બજાવવાથી આપણને સ્વર્ગ મળશે અને તેથી તેઓ તે માટે પ્રયત્ન કરે છે. આવા ધર્મની કંઈ જ કીંમત નથી. જયારે ખ્રીસ્ત હ્રદયમાં વાસ કરે છે, ત્યારે માણસના

આત્મામાં તેના પ્રેમ અને તેની સાથેનાં સંબંધને લીધે આનંદ એટલો ઉભરાઈ જશે, કે માણસ તેને વળગી પડશે, અને તેના ધ્યાનમાં પોતાની જાતને ભૂલી જશે. ખ્રીસ્ત પરનો પ્રેમ કર્તવ્યનો ઝરો થઈ પડશે. જેઓ ઈશ્વરનો પ્રેરક પ્રેમ જા◌ુએ છે, તેઓ ઈશ્વરની માંગણી પુરી પાડવા માટે કેટલું થોડું આપવું પડશે તે પૂછતા નથી; તેઓ હલકામાં હલકું ધોરણ માંગતા નથી. પણ પોતાનો તારણ કરનારની ઈચ્છા સાથે સંપૂર્ણ અનુરોધ મેળવવા ઈચ્છે છે. વળી આતુરતા પૂર્વક સર્વ વસ્તુઓ તેને સ્વાધિન કરી પોતે જ વસ્તુ શોધે છે, તેની કિંમતને શોભે એવો રસ બતાવે છે. આવા ઉંડા પ્રેમ વિના ખ્રીસ્તનો દાવો કરવો, એ નકામો લવરો, ખોટો શિષ્ટાચાર અને એક જાતની ગદ્ધામજુરી છે.

**(૬) કઈરીતે આ વચન આપણા માટે ખ્રિસ્તે સહન કરેલી યાતના અને અપમાન ને દર્શાવે છે?**

***જો, જે પ્રજાને તું જાણતો નથી તેને તું બોલાવીશ, ને જે પ્રજા તને જાણતી નહોતી તે તારા ઈશ્વર યહોવાને લીધે તારી પાસે દોડી આવશે, તે ઇઝરાયલના પવિત્ર [ઈશ્વર] ને લીધે [આવશે]; કારણ કે***

*તેણે તને પ્રતાપી કર્યો છે. દુષ્ટ માણસ પોતાનો માર્ગ છોડે, ને આધર્મી માણસ પોતાના વિચારો તજી દે; અને યહોવા પાસે તે પાછો આવે, તો તે તેના પર કૃપા કરશે; અને આપણા ઈશ્વરની પાસે [આવે], કેમ કે તે સંપૂર્ણ ક્ષમા કરશે. (યશાયા ૫૫:૫,૭)*

ખ્રીસ્તને સર્વસ્વ અર્પણ કરવું, એ તમને અત્યંત મોટો ભાગ લાગે છે ? તમારી જાતને એક સવાલ પૂછો કે, "ખ્રીસ્તે મારા માટે શું આપ્યું છે?" આપણા ઉદ્ધાર માટે ઈશ્વરપુત્રે પોતાનું સર્વસ્વ- પોતાની જીંદગી, પ્રેમ માટે નાલાયક હોવા છતાં આપણાં હૃદય તેને અર્પણ નહિ કરીએ ? આપણી જીંદગીની દરેક ક્ષાણે આપણે તેની કૃપાના આશિર્વાદો ભોગવી રહ્યા છીએ અને એ જ કારણથી અજ્ઞાન અને દુ:ખના જે કુવામાંથી આપણો ઉદ્ધાર કરવામાં આવ્યો છે તેની પુરી ઉંડાઈ આપણે સમજી શકતા નથી. શું આપણે જે આપણા પાપે વિંધાયો તેની તરફ જોવા છતાં તેના પ્રેમ અને ભોગની અગવણના કરીશુ ? મહિમાના પ્રભુએ આટલું બધું માનભંગ સહન કર્યું એ જાણવા છતાં આત્મવિગ્રહ અને પોતાની અવજ્ઞા સિવાય જીવનમાં દાખલ થવાતું નથી એટલાથી જ બબડીને બેસ રહીશું ?

(૭) આપણી જગ્યાએ ખ્રિસ્તે કયા મહાન બોજાને ઉઠાવી લીધો જે આપણા પાપો માટે આપણાં પસ્તાવાનું કારણ બનવું જોઈએ?

*તે માટે હું મહાન પુરુષોની સાથે તેને હિસ્સો વહેંચી આપીશ, અને પરાક્રમીઓની સાથે તે લૂંટ વહેંચશે; કારણ કે તેણે પોતાનો આત્મા મરણ પામતાં સુધી રેડી દીધો, અને તે અપરાધીઓમાં ગણાયો! પરંતુ તેણે તો ઘણાઓનાં પાપ માથે લીધાં, અને અપરાધીઓને માટે મધ્યસ્થી કરી. (યશાયા ૫૩:૧૨)*

ઘણાંએ અભિમાની મનુષ્યો પૂછે છે કે, "ઈશ્વર તરફથી મને સ્વિકાર્યાની ખાતરી ન મળે, ત્યાં સુધી મારે પશ્ચાતાપ કરવાની કે દીન થવાની શું જરૂર છે?"એવાઓને હું કહુ છું કે, "ખ્રીસ્ત તરફ જુઓ." તે નિષ્પાપી હતો એટલું જ નહિ પણ તે સ્વર્ગનો રાજકુમાર હતો. પરંતુ માણસ જાત માટે તેણે પાપની સજા ભોગી.

પરંતુ આપણે સર્વસ્વ અર્પણ કરીએ છીએ, ત્યારે આપણને શેનો તયાગ કરવો પડે છે ? આપણા પાપથી દુષીત થએલ હ્રદય તેના લોહીથી શુદ્ધ કરવા અને તેના અનુપમ પ્રેમથી ઉદ્ધારી પવિત્ર કરવા આપણે ઈસુને સોંપવું પડે છે. આટલું

છતાં આ બધુ છોડી દેવું એ ઘણાંને બહુ મુશ્કેલ લાગે છે ¦ આવું સાંભળતાં હું શરમાઉં છુ ; લખતાં લજાઉં છું.

**(૮) દરેક બાબતમાં આપણો હેતુ શું હોવો જોઈએ અને, જ્યારે આપણે આ કરીએ આપણે કયા વાયદાનો દાવો કરી શકીએ છીએ?**

*પણ તમે પહેલા તેમના રાજ્યને તથા તેમના ન્યાયીપણાને શોધો, એટલે એ બધાં વાનાં પણ તમને અપાશે. (માથ્થી ૬:૩૩)*

જે વસ્તુ રાખવાથી આપણને લાભ હોય, તે છોડી દેવા ઈશ્વર આપણને નથી કહેતો. જે જે તે કરે છે તેમાં પોતાનાં બાળકોનું ભલું કેમ થાય એ જ એની દૃષ્ટિ હોય છે. જેઓએ ખ્રીસ્તનો સ્વિકાર નથી કર્યો, તે બધા સમજી જાય કે આપણા પોતાને માટે આપણે જે શોધીએ છીએ, તેના કરતા કંઈક ઘણું જ વધારે સરસ તેની પાસે આપણને આપવા સારૂ છે, તો કેવું સારૂં. માણસ ઈશ્વરની ઈચ્છા વિરૂદ્ધ ચાલી તથા વિચરી પોતાની જાતને મોટામાં મોટી ઈજા અને અન્યાય કરે છે. આપણા માટે સર્વોત્તમ શું છે તે જાણ્યાં પછી ઈશ્વર આપણાં ભલા માટે યોજનાઓ ઘડે છે, એટલે જે રસ્તે જવાની તેણે મના કરી હોય તે રસ્તેથી જવાથી ખરો આનંદ

મળી શકે જ નહિ. આજ્ઞાભંગનો માર્ગ એ દુ:ખ અને નાશનો માર્ગ છે.

**(૯) જ્યારે આપણે દેવના રાજ્યને શોધીએ ત્યારે તેના બાળકો તરીકે આપણે કયા વાયદાનો દાવો કરી શકીએ છીએ?**

*જેથી તું યહોવામાં આનંદ કરીશ; અને તે તારા હ્રદયની ઇચ્છાઓ પૂરી પાડશે. તારા માર્ગો યહોવાને સોંપ; તેમના પર ભરોસો રાખ, અને તે તને ફળીભૂત કરશે. (ગીતશાસ્ત્ર ૩૭:૪-૫)*

પોતાના બાળકોને દુ:ખી થતાં જોઈને ઈશ્વર ખુશી થાય છે એવો વિચાર કરવો, એ ભૂલ છે. માણસ જાતના સુખમાં આખું સ્વર્ગ રસ લે છે. આપણો સ્વર્ગીય પિતા કોઈ પણ પ્રાણીને અટકાવવા પોતાના આનંદના દ્વાર બંધ કરતો નથી. ઈશ્વર આપણી પાસે માંગે છે કે જે સ્વછંદથી સુખ અને સ્વર્ગનાં દ્વાર બંધ થાય છે. જગતનો ત્રાતા મનુષ્ય ગમે તેવો અપૂર્ણ, નબળો અને ત્રુટીવાળો હોય છતાં તેને તેવી જ સ્થિતિમાં સ્વિકારે છે; અને જે તેની ઝુંસરી પોતા પર લેવા અને તેનો બોજો વહેવા તૈયાર થાય છે તેનાં પાપ ખ્રીસ્ત પોતાના લોહીથી ધોઈ નાખી તેનો ઉદ્ધાર કરે છે ,એટલું જ નહિ પણ તેના હ્રદયની ભૂખ ભાંગે છે. જે તેની પાસે

જીવનની રોટલી માંગાવા ઓ તેને શાંતિ અને આરામ આપવાં , એ તેનો હેતુ છે. તે આપણી પાસે એવી ફરજો પળાવવા માંગે છે કે જેથી આપણે આજ્ઞાભંગ કરનાર કદી ન પહોંચી શકે એટલી આર્શિવાદની ઉંચાઈએ પહોંચી શકીએ. માણસના હ્રદયમાં ખ્રીસ્ત વસે એ તેના આત્માનું ખરૂં તથા આનંદી જીવન છે અને તે જ મહીમાની આશા છે.

**(૧૦) હું સંપૂર્ણ રીતે મારી જાતને ઈશ્વરના હાથમાં કઈરીતે સોંપી શકું?**

***અને જો યહોવાની સેવા કરવી એ તમને માઠું લાગતુમ હોય, તો કોની સેવા તમે કરશો તે આજે જ પસંદ કરો; એટલે નદીની પેલી બાજુ તમારા પિતૃઓ જે દેવોની સેવા કરતા હતા તેઓની, અથવા જે અમોરીઓના દેશમાં તમે વસો છો તેઓના દેવોની? પણ હું ને મારા ઘરનાં તો યહોવાની જ સેવા કરીશું." (યહોશુઆ ૨૪:૧૫)***

ઘણા પૂછે છે કે "હું મારી જાતને ઈસુને કેવી રીતે આપું?" તમે તેને પોતાની જાતને અર્પવા ઈચ્છો છો, પરંતુ તમારામાં નૈતિક નિર્બળતા છે, તમે શંકાના ગુલામ છો અને પાપની જીંદગીમાં પડી રહેવાની ટેવ હોવાથી તે જેમ નચાવે તેમ નાચો

છો. તમારાં વચનો અને નિશ્ચયો હવાઈ કીલ્લાની માફક ઉડી જાય છે. તમારા વિચારો, લાગણીઓ અને વિકારો પર તમારો કાબુ નથી. તમારાં વચનોનો ભંગ થયો છે અને તમારી અનામતો જપ્ત થએલી છે એ લાગે છે કે ઈશ્વર આપણો સ્વિકર કરી શકે નહિ. પરંતુ આમ નિરાશ થવાની જરૂર નથી. તમારે તો ઈચ્છાશકિતની ખરી શકિતજ સમજાવની છે. નિશ્ચય અથવા પસંદગી કરવાની શકિત મનુષ્યસ્વભાવ પર રાજય કરે છે. એટલે એ શકિતનો સદૃપયોગ કરવા પરજ દરેક વાતનો આધાર છે. પસંદગી કરવાની શકિત ઈશ્વરે આપણને આપેલી છે, તેનો ઉપયગ કરવો એ આપણું કામ છે તમે તમારૂં હ્રદય બદલી શકશો નહિ, પોતાની જ શકિતથી તમે એ હ્રદયનો પ્રેમ ઈશ્વરને અર્પી શકશો નહિ. પરંતુ તેની સેવા કરવી કે કેમ તે પસંદગી કરવી, એ તમારાં હાથમાં છે. તમે તેને પોતાની ઈચ્છાશકિત અર્પી શકો છો. તમે એટલું કરો પછી પોતાની પ્રસન્નતા પ્રમાણે ઈચ્છા ઉત્પન્ન કરાવી તે તમારી પાસે કામ કરાવી શકશે. આમ તમારો સંપૂર્ણ સ્વભાવ ખ્રીસ્તના આત્માની સત્તા નીચે આવી જશે; તમારો પ્રેમ તેના પર આવીને ઠરશે અને તમારા વિચારો ખ્રીસ્તમય બની જશે.

સારા અને પવિત્ર થવાની ઈચ્છા જેટલી થાય તેટલી સારી જ છે; પરંતુ જો એટલે જ અટકી જાય તો તેથી કાંઈ લાભ થઈ શકતો નથી. ખ્રીસ્તી થવાની આશા અને ઈચ્છાં કરતાં કરતાં જ ઘણાં તો નાશ પામશે. તેઓ પોતાની ઈચ્છા ઈશ્વર આધિન કરવાનાં નિશ્ચય પર આવતાં નથી. તેઓ હમણાંજ ખ્રીસ્તી થવાનું પસંદ કરતાં નથી.

**(૧૧) જ્યારે આપણે આપણી ઈચ્છા અને આપણું જીવન ખ્રિસ્તને સોંપીએ છીએ ત્યારે તેનું શું પરિણામ આવે છે?**

***તું બીશ નહિ, કેમ કે હું તારી સાથે છું; આમ તેમ જોઈશ નહિ, કેમ કે હું તારો ઈશ્વર છું; મેં તને બળવાન કર્યો છે; વળી મેં તને સહાય કરી છે; વળી મેં મારા પોતાના ન્યાયના જમણા હાથથી તને પકડી રાખ્યો છે. (યશાયા ૪૧:૧૦)***

ઈચ્છાનો ખરો ઉપયોગ કરવાથી તમારી આખી જીંદગી બદલાઈ જઈ શકશે. ખ્રીસ્તને પોતાની ઈચ્છા આધિન કરવા દો, તો સર્વોપરી સત્તા અને અધિકાર સાથે તમારે સંધી થશે. તમને સ્થિર કરવાને ઉપરથી શકિત આવશે અને આ પ્રમાણે હંમેશાં ઈશ્વરને આધિન રહેવાથી તમે નવું

જીવન, - અરે. વિશ્વાસનું જીવન પણ જીવી શકશો.

*મને ભાન થયું કે ઈશ્વરનું શાસન શેતાન બતાવે છે તેવું નથી જે આંધળી આધિનતા અને તર્ક વગરના નિયંત્રણ વાળું હોય.*

વર્તુળ: હા અનિર્ણિત

*હું આશ્ચર્યચકિત છું કે મારા સૃષ્ટિકર્તાએ મારા છૂટકારા માટે પોતાનું આખું જીવન, પ્રેમ અને પીડા સહન કરી અને મારા જીવનમાં પાપ ઉપર જીત મેળવવા મારામાં વળગી રહેવાની ઈચ્છા રાખી.*

વર્તુળ: હા અનિર્ણિત

*મને ભાન થયું કે જ્યારે મારી ઈચ્છા શેતાનના નિયંત્રણમાં હોય છે ત્યારે હું મારા વિચારોને, આવેગને, કે ભાવને નિયંત્રિત નથી કરી શકતો; અને ભલાઈ માટેના મારા વાયદાઓ અને ઠરાવો અસ્થાયી જેવા છે.*

વર્તુળ: હા અનિર્ણિત


*હું આભારી છું કે ઈશ્વર પોતાના માણસોની ઈચ્છા પર ભાર નથી મૂકતા. હું આનંદિત છું કે તેમને મારી ઈચ્છા તેમને સોંપવા*

મને આમંત્રિત કર્યો જેથી તે આપણને મન, શરીર, અને ચરિત્રનો ઉચ્ચ વિકાસ પામવા આપણી મદદ કરી શકે.

વર્તુળ: હા અનિર્ણિત

હવે મને ઈચ્છાના આગ્રહ વિષેની સ્પષ્ટ સમાજ છે, અને સમજાયું કે પસંદગીનું સામર્થ્ય મારું છે, હું પવિત્ર આત્મા દ્વારા મારી ઈચ્છાનું નિયંત્રણ પસંદ કરું છું.

વર્તુળ: હા અનિર્ણિત



## પાઠ ૭
## વિશ્વાસ અને સ્વીકૃતિ

(૧) ઈશ્વર સાથેની શાંતિ અને એકતા માટેની અપની ઈચ્છા વૃદ્ધિ પામતી જાય છે ત્યારે આપણા પાપની દુષ્ટતા માટે ઈશ્વર તરફથી આપણને આપવામાં આવેલી પ્રતિક્રિયા શું હોવી જોઈએ?

*ત્યારે તમને તમારાં દુરાચરણ તથા તમારાં અશુભ કૃત્યો યાદ આવશે; અને તમારાં દુષ્કર્મોને લીધે તથા તમારાં ધિક્કારપાત્ર કૃત્યોને લીધે તમે તમારા પોતાના મનમાં પોતાને ધિક્કારશો. (હઝકિયેલ ૩૬:૩૧)*

તમારો અંતરાત્મા પવિત્ર આત્માની મદદથી જાગૃત થયો છે એટલે તમે

પાપની દુષ્ટતા, શકિત, ભુંડાઈ અને તેથી ઉપજતાં દુ:ખ વગેરે જોયું છે અને હવે તમે તેની તરફ કંટાળાની-તિરસ્કારની નજરે જુઓ છો. તમને લાગે છે કે પાપે મને ઈશ્વરથી જુદો પાડયો છે અને હું ભુંડાઈના પાશમાં બંધાઈ ગયો છું. જેમ તમે તેમાંથી સટકી જવા વધારે પ્રયત્નો કરો છો તેમ તમને પોતાની નિરાધાર સ્થિતિનું વધારે ભાન થાય છે. તમારા હેતુઓ અપવિત્ર અને હ્રદય અશુદ્ધ છે. તમારૂં જીવન સ્વાર્થી અને પાપમય થઈ ગયું છે, તે તમે જાણો છો. તમે તેમાંથી માફી, પવિત્રતા અને છુટકા માટે તલસો છો. આ બધા માટે ઈશ્વર સાથે ઐકય કરવાની, તેની સાથે સામ્ય સાધવાની જરૂર છે. તે મળવા માટે તમે શું કરી શકો તેમ છે?

**(૨) માફીનું જીવંત પાણી અને શાંતિ પ્રભુ કોને આપે છે?**

*"હે તૃષિત જનો, તમે સર્વ પાણીની પાસે આવો, જેની પાસે કંઈ પણ નાણું નથી તે તમે આવો; વેચાતું લો, અને ખાઓ. વળી આવીને નાણાં વિના તથા મૂલ્ય વિના દ્રાક્ષારસ તથા દૂધ વેચાતાં લો. (યશાયા ૫૫:૧)*

તમને શાંતિની જરૂર છે- આતમ માટે સ્વર્ગીય માફી, શાંતિ અને પ્રેમની અગત્ય છે. તે પૈસાથી ખરીદી શકાતી નથી; બુદ્ધિથી મેળવી શકાતી નથી; ડહાપણથી પ્રાપ્ત કરી શકાતી નથી. પરંતુ ઈશ્વર તો તેનુ “નાણાં વિના તથા મૂલ્ય વિના” દાન આપે છે. યશાયાહ ૫૫:૧. તમારે જોઈએ તો એ તમારા માટેજ છે, પણ હાથ લાંબો કરીને લઈ લો, પ્રભુ કહે છે કે, “તમારાં પાપ જોકે લાલ (વસ્ત્રનાં) જેવાં હોય, તો પણ તેઓ હિમ સરખા શ્વેત થશે; જો તે કીરમજના જેવા રાતાં હોય, તો પણ તેઓ ઊન સરખાં થશે.” યશાયાહ ૧:૧૮. “હું તમને નવું હ્રદય પણ આપીશ, ને હું તમારી અંદર નવો આત્મા મૂકીશ.” હઝકીએલ ૩૬:૨૬.

**(૩) શાંતિની શોધ માટે પ્રભુએ આપણને કયો અદભુત વાયદો આપ્યો છે?**

***હું તમને નવું હ્રદય પણ આપીશ, ને હું તમારી અંદર નવો આત્મા પણ મૂકીશ. અને હું તમારા દેહમાંથી પાષાણમય હ્રદય દૂર કરીશ, ને હું તમને માંસનું હ્રદય આપીશ. (હઝકિયેલ ૩૬:૨૬)***

તમે પોતાનાં પાપ કબુલ કરીને હ્રદયની તેનો ત્યાગ કરેલો છે. તમે પોતાની જાતને ઈશ્વરને અર્પવા નિશ્ચય

કર્યો છે. હવે તેની પાસે જઈને માંગો કે તે તમારાં પાપને ધોઈ નાખે અને તમને નવું હ્રદય આપે. પછી વિશ્વાસ રાખજો કે તેણે વચન આપ્યું છે માટે જ તે આ બધું કરે છે. ઈસુ જગતમાં હતો, ત્યારે તેણે આપણને એજ પાઠ શીખવ્યો છે કે જે દાન આપવાનું ઈશ્વરે વચન આપેલું છે, તે આપણને મળશે જ એવું આપણે માનીએ, તો તે આપણું થાય છે.

**(૪) શા માટે પવિત્રશાસ્ત્રમાં ખ્રિસ્તના ચિહ્ન અને ચમત્કારોને નોંધવામાં આવ્યા છે?**

***પણ, 'ઈસુ તે જ ખ્રિસ્ત, ઈશ્વરના દીકરા છે, એવો તમે વિશ્વાસ કરો; અને વિશ્વાસ કરીને તેમના નામથી જીવન પામો માટે આટલી વાતો લખેલી છે. (યોહાન ૨૦:૩૧)***

જયારે લોકોને ઈસુની શકિતમાં વિશ્વાસ હતો, ત્યારે તેણે તેઓને રોગમુકત કર્યા; ઈસુએ તેઓ જોઈ શકે એવી બાબતમાં મદદ કરી અને આ રીતે તેઓ જોઈ ન શકે એવી વાતો સંબંધી પણ વિશ્વાસ ઉત્પન્ન કર્યો-છેવટે તેઓને એટલે સુધી વિશ્વાસ આવ્યો કે ઈસુમાં પાપ માફ કરવાની શકિત છે. આ બાબપ પક્ષાઘાતીને સાજો કરતી વખતે સ્પષ્ટ જણાવેલી છે

**(૫) પાપની માફી પ્રાપ્ત કરવા માટે આપણો શો ભાગ છે?**

***એ માટે હું તમને કહું છું કે, પ્રાર્થના કરતાં જે સર્વ તમે માગો છો, તે અમે પામ્યા છીએ, એવો વિશ્વાસ રાખો, તો તે તમને મળશે. (માર્ક ૧૧:૨૪)***

શાસ્ત્રમાં ખ્રીસ્તે માંદાને કેવી રીતે સાજાં કર્યાં એનું વૃતાંત આપેલું છે. એટલાં જ પરથી તે પાપની માફી આપી શકે છે, એ વિષે શ્રદ્ધા રાખતાં શીખી શકીશું. હવે આપણે બાથસેદાના પક્ષીઘાતી વિષેની વાત તરફ જરા નજર કરીએ: એ બિચારો તદ્દન નિરાધાર હતો; તેણે પોતાનાં અંગનો આડત્રીસ વરસ થયાં ઉપયોગ કર્યો ન હતો. પરંતુ ઈસુએ હુકમ કર્યો કે, “ઉઠ, તારો ખાટલો ઉંચકીને ચાલ.” આ વખતે કદાચ તે પક્ષાઘાતીને કહેત કે, “પ્રભુ જો તુ મને સાજો કરે, તો તારો હુંકમ માનું.” પણ તેણે એવુ કંઈ ન કહ્યું કારણ કે તેને ખ્રીસ્તના વચનમાં વિશ્વાસમાં હતો. તે પોતે સાજો થઈ ગયો છે એમ માની લઈને તેણે એકદમ પ્રયત્ન કર્યો. તેણે ચાલવાની ઈચ્છા કરી અને ચાલ્યો પણ ખરો. તેણે ઈસુના વચન પર વિશ્વાસ રાખીને પ્રયત્ન કર્યો અને ઈશ્વરે તેને શકિત આપી તે સાજો થયો.

**(૬) આપણે આપણા પોતાના પ્રયાસો દ્વારા હૃદયમાં પવિત્રતા શા માટે નથી લાવી શકતા?**

***હૃદય સહુથી કપટી છે, તે અતિશય ભૂંડું છે! તેને કોણ જાણી શકે? (યાર્મિયા ૧૭:૯)***

એ જ રીતે તમે પણ પાપી છો. તમે પોતાનાં આગળનાં પાપો માટે પ્રાયશ્ચિત કરી શકતા નથી, પોતાનું હૃદય બદલી શકતા નથી અને તમારી જાતને પવિત્ર કરી શકતા નથી. પરંતુ ખ્રીસ્ત દ્વારા તમારે માટે આ બધું કરવાનું ઈશ્વર વચન આપે છે. તમને વચન પર વિશ્વાસ છે. તમે પોતાનાં પાપ કબુલ કરીને પોતાની જાતને ઈશ્વરને અર્પણ કરો છો. ઈશ્વરની સેવા કરવા તમે ઈચ્છો છો. આ બધું તમે કરશો તો ખાતરીથી માનજો કે ઈશ્વર પોતાનુ વચન પાળશે. જો તમને ઈશ્વરના વચનમાં વિશ્વાસ હશે - જો મારાં પાપ માફ થયાં છે અને હું શુદ્ધ થયો છું, એવું તમને માનશો - તો ઈશ્વર તમારા વિશ્વાસનું ફળ આપશે. તમારી માન્યતા સાચી પાડશે. જયારે પેલા પક્ષાઘાતીએ માન્યું કે હું સાજો થયો છું, ત્યારે ઈસુએ તેને ચાલવાની શકિત આપી, તેવી જ રીતે તમને પણ(પાપનાર રોગથી) સાજા કરવામાં આવ્યાછે. જો તમે માનો, તો આ સત્ય જ છે.

સાજાય થયાની લાગણી મનમાં આવે ત્યાં સુધી બેસી ન રહેતાં કહેજો કે , “મને વિશ્વાસ છે - હું માનું છું - કુ હું સાજો થઈ ગયો છું, મને લાગે છે કે હું સાજો થયો છું તે પરથી નહિ, પરંતુ ઈશ્વરે વચન આપ્યું છે તે પરથી હું સાજો થઈ ગયો છું.”

**(૭) જો વિશ્વાસમાં આપણે ઈશ્વર તરફથી માફી શોધીએ તો શા માટે આપણને ખાતરી થાય છે કે આપણે તે મેળવી લીધી છે?**

***તે માટે જો તમે ભૂંડા છતાં તમારાં છોકરાંઓને સારાં વાનાં આપી જાણો છો, તો તમારા આકાશમાંના પિતાની પાસે જેઓ માગે છે તેઓને કેટલાં વિશેષે કરીને તે સારાં વાનાં આપશે? (માથ્થી ૭:૧૧)***

ઈસુ કહે છે કે “પ્રાર્થના કકતાં જે સર્વ તમે માંગો છો, તે અમે પામ્યા છીએ, એવો વિશ્વાસ રાખો, તો તે તમને મળશે.” માર્ક ૧૧:૨૪. ઈશ્વરના આ વચન માટે એક શરત છે, તે એ કે આપણે તેની ઈચ્છા પ્રમાણે પ્રાર્થના કરવી. પરંતુ આપણને પાપથી શુદ્ધ કરવા, પોતાનાં બાળકો બનાવવાં અને પવિત્ર જીવન જીવવાની શકિત આપવી એવી એની ઈચ્છા છે. માટે આપણે આ આશિર્વાદો માંગવા જોઈએ અને આપણે તે પામ્યા

છીએ એમ ધારીને ઈશ્વરનો ઉપકાર માનવો જોઈએ. ઈસુ પાસે જઈને શુદ્ધ થવાનો તેમજ નિયમ આગળ શરમ કે દીલગીરી વિના ઉભા રહેવાનો આપણને હક છે. કારણ કે "જે ખ્રીસ્ત ઈસુમાં છે અને દેહ પ્રમાણે નહિ પણ આત્મા પ્રમાણે ચાલે છે, તેઓને હવે દંડાજ્ઞા નથી." રૂમી ૮:૧.

**(૮) આપણે ઈશ્વર સાથે આપણો સંબંધ કઈરીતે જાળવી શકીએ?**

***તેથી જેમ તમે ખ્રિસ્ત ઈસુ પ્રભુને સ્વીકાર્યા છે તેમ તમે તેમનામાં ચાલો, (કલોસી ૨:૬)***

"હવે થી તમે તમારી જાતના માલીક નથી : તમે તો ખરીદાએલા છો: વિનાશી વસ્તુઓ વડે, એટલે રૂપા અથવા સોના વડે નહિ, પણ ખ્રીસ્ત, જે નિષ્કલંક તથા નિર્દોષ હલવાન જેવો છે, તેના મુલ્યવાન રકતથી, તમારો ઉદ્ધાર કરવામાં આવ્યો છે." ૧ પીતર ૧:૧૮, ૧૯. ઈશ્વર પર વિશ્વાસ રાખવાનાં સાદા કાર્યથી જ પવિત્ર આત્માએ તમારા હ્રદયમાં નવા જીવનો જન્મ આપ્યો છે. તમે ઈશ્વરના કુટુંબમાં જન્મેલ બાળક જેવા છો અને તે તમને પોતાના દીકારની માફક ચાહે છે.

હવે તમે પોતાની જાતને ઈશ્વરને અર્પણ કરી છે માટે પાછા હઠી જતાં નહિ,

તેનાથી વિમુખ થતા નહિ, પરંતુ દિન પ્રતિ દિન કહેજો કે, "હું ખ્રીસ્તનો છું ; મેં મારી જાત ખ્રીસ્તને અર્પણ કરેલી છે;" અને તેની પાસે માગજો કે, "તારો આત્મા મને આપ, તારી કૃપાથી મારૂં જતન કર." પોતાની જાતને ઈશ્વરને અર્પણ કરવાથી અને તેનામાં વિશ્વાસ રાખવાથી તમે તેના બાળક થાઓ છો તેથી તમારે તેનામાં જીવવું જોઈએ. પ્રેરિત કહે છે કે, "તેથી જેમ તેમ ખ્રીસ્ત ઈસુ પ્રભુને સ્વીકાર્યો છે તેમ તેનામાં ચાલો." કલોસી ૨:૬.

**(૯) જેઓ આવે છે તે સર્વને ખ્રિસ્ત શું આપે છે?**

***ઓ વૈતરું કરનારાઓ તથા ભારથી લદાયેલાઓ, તમે સર્વ મારી પાસે આવો, ને હું તમને વિસામો આપીશ. (માથ્થી ૧૧:૨૮)***

કેટલાંક એવુ માનતા જણાય છે કે પોતે ઈશ્વરનાં આશિર્વાદ માગી શકે ત્યાર પહેલાં પોતે ઉમેદવારની સ્થિતીમાં રહી સુધરવું જોઈએ અને પોતાની લાયકી સાબિત કરવી જોઈએ. પરંતુ તેમણે હમણાંથી જ ઈશ્વરના આશિર્વાદ માનવા જોઈએ. પોતાની ખામીઓ દૂર કરવા માટે તેઓએ તેની કૃપા, ખ્રીસ્તના આત્માની મદદ મેળવવી જોઈએ. એવી મદદ

સિવાય પાપ સામે થઈ શકાશે નહિ. આપણે પાપી, નિરાધાર, પરતંત્ર ગમે તેવા હોઈએ, પરંતુ આપણે જેવી સ્થિતિમાં હોઈએ તેવી જ સ્થિતીમાં ઈસુ પાસે જઈએ, તો ઈસુને આનંદ થાય છે. આપણે નિર્બળ, દોષીત અને પાપી, નિરાધાર, પરતંત્ર ગમે તેવા હોઈએ, પરંતુ આપણે જેવી સ્થિતીમાં હોઈએ તેવીજ સ્થિતીમાં ઈસુ પાસે જઈએ, તો ઈસુને આનંદ થાય છે. આપણે નિર્બળ, દોષીત અને પાપી જેવા હોઈએ તેવા પશ્ચાતાપ કરીને ખ્રીસ્તને શરણે જઈ શકીએ છીએ. તેનો મહિમા એવો છે કે, તે આપણને તેના પ્રેમાળ હાથમાં લપેટી લેશે, આપણા ઘા પર પાટા બાંધશે અને આપણી સર્વ અશુદ્ધતામાંથી શુદ્ધ કરશે.

**(૧૦) પસ્તાવો કરનાર દરેક પાપીને ઈશ્વર શું ખાતરી આપી છે?**

***મેં તારા અપરાધ મેઘની જેમ, તથા તારાં પાપ વાદળની જેમ ભૂંસી નાખ્યાં છે; મારી તરફ પાછો ફર; કેમ કે મેં તારો ઉદ્ધાર કર્યો છે. (યશાયા ૪૪:૨૨)***

આ બાબતમાં હજારો માણસો નાસીપાસ થાય છે; કેમકે ઈસુ દરેક જણને અંગત અને વ્યકિતગત માફી બક્ષો છે, એ વાત તેઓ માનતાં નથી. તેઓ ઈશ્વરનું

વચન સ્વીકારતાં નથી. જેઓ ઈશ્વરનુ શરતો પાળે છે, તે બધાંને દરેક પાપની માફી મફત મળે છે એ વાત જાણવાનો અધિકાર છે. ઈશ્વરનાં વચનો મારે માટે નથી એવી શંકા તમારા મનમાં આવે, તો કાઢી નાંખજો, તેનાં વચનો તો પશ્ચાતાપ કરનાર કોઈ પણ અપરાધી માટે છે. દરેક શ્રદ્ધાળુ મનુષ્યને ખ્રીસ્ત દ્વારા શકિત અને કૃપા પુરાં પાડવામાં અવો છે, તે શકિત અને કૃપા સેવા કરનાર દૂતો લાવે છે. કોઈ પણ એવું પાપી મનુષ્ય નથી કે જેને તેના માટે મરણ પામનાર ખ્રીસ્તમાં શકિત, પવિત્રતા અને ન્યાયિપણું ન મળી શકે. પાપથી ખરાડએલાં અને બગડેલાં વસ્ત્રો કાઢી નંખાવી ન્યાયીપણાનાં શ્વેત વસ્ત્રો પહેરવા ખ્રીસ્ત તૈયાર છે; તે આજ્ઞા કરે છે કે જીવજો , મરશો નહિ.

**(૧૧) જો આપણે પસ્તાવા માટે ઈશ્વરને અનુસરીએ તો આપણી પાપની સમસ્યા સાતે તે કઈરીતે વર્તશે?**

*તે આપણાં પાપ પ્રમાણે આપણી સાથે વર્ત્યા નથી. આપણા અન્યાયના પ્રમાણમાં તેમણે આપણને બદલો વાળ્યો નથી. કેમ કે જેમ પૃથ્વીથી આકાશ ઊંચું છે, તેમ તેમના ભક્તો પર તેમની કૃપા વિશાળ છે. પૂર્વ જેટલું પશ્ચિમથી દૂર છે, તેટલાં તેમણે આપણાં ઉલ્લંઘન*

*આપણાંથી દૂર કર્યાં છે. (ગીતશાસ્ત્ર ૧૦૩:૧૦-૧૨)*

જેમ નાશવંત મનુષ્યો એક બીજા તરફ વર્તે, તેમ ઈશ્વર આપણી સાથે વર્તતો નથી. તેના વિચારો દયા, પ્રેમ અને અત્યંત કરૂણામય છે. તે કહે છે કે, "દુષ્ટ માણસ પોતાનો (માર્ગ) છોડે, અને અધર્મી માણસ પોતાના વિચારો તજી દે, ને યહોવાહ પાસે પાછો આવે; તો તે તેના પર કૃપા કરશે ; ને આપણા દેવની પાસે(આવે), કેમકે તે સંપૂર્ણ ક્ષામા કરશે." " મેં તારા અપરાધ મેઘની પેઠે, તથા તારાં પાપ વાદળની પેઠે ભૂંસી નાખ્યાં છે." યશાયાહ ૫૫:૭; ૪૪:૨૨.

"પ્રભુ યહોવાહ કહે છે કે, મરનારના મોતથી મને કંઈ પણ આનંદ થતો નથી ; એ માટે ફરો અને જીવતો રહો." હઝકીએલ ૧૮:૩૨. શેતાન આવાં ખાતરીભર્યાં ઈશ્વરનાં મુબારક વચનો ચોરી જવા તૈયાર જ રહે છે. આશાનું દરેક કિરણ, પ્રકાશની દરેક નિશાની મનુષ્ય પાસેથી લઈ લેવી એવી તેને ઈચ્છા છે. પરંતુ તમે તેને તેમ કરવા દેતા નહિ. એ લલચાવનારની વાતો પર ધ્યાન નહિ આપતાં કહેજો કે, "હું જીવુ એટલા માટે ઈસુ મરણ પામ્યો, તે મને ચાહે છે અને મારો નાશ ન થાય એવું ઈચ્છે છે.

**(૧૨) ઈશ્વર પોતાના હઠીલા બાળકો સાથે જેઓ તેમની પાસે પાછા ફર્યા છે, કેવો વ્યવહાર કરશે?**

***પછી તે ઊઠીને પોતાના પિતાની પાસે ગયો. અને તે હજી ઘણે દૂર હતો એટલામાં તેના પિતાએ તેને જોયો, અને તેને દયા આવી, અને દોડીને તેને ભેટ્યો, અને તેને ચૂમીઓ કરી. (લૂક ૧૫:૨૦)***

વળી મારે કૃપાળુ સ્વર્ગીય પિતા છે. જો કે મેં તેના પ્રેમનો દુરૂપયોગ કર્યો છે અને તેના આશિર્વાદો વેડફી નાખ્યા છે, છતાં હું ઉઠીને મારા પિતા પાસે જઈશ અને કહીશ કે , 'મેં આકાશ સામે તથા તારી આગળ પાપ કીધું છે; હવે હું તારો દીકરો કહેવાવાને યોગ્ય નથી રહ્યો; તારા મજુઓમાંના એક જેવો મને ગણ.'" ભટકનારનો કેવો સ્વીકાર થાય છે-તેને કેવો આદર મળે છે તે આપણને દૃષ્ટાંતમાં કહેલુ છે.

જો કે આ દૃષ્ટાંત ઘણું કરૂણ અને અસરકારક છે, છતાં તેમાં સ્વર્ગીય પિતાની દયા પૂરેપુરી સમજાવી શકાઈલ નથી. પ્રભુ પોતાના પ્રબોધક દ્વારા જાહેર કરે છે કે, "મેં તારા પર અખંડ પ્રીતિ રાખી છે, તે માટે મેં ( તારા પર ) કૃપા રાખીને તને (મારી તરફ) ખેંચેલ છે." યિર્મેયાહ ૩૧:૩. પાપી પોતાના પિતાનાં ઘરથી

ઘણે દૂરના પ્રદેશમાં પોતાની જીંદગીનો દુરૂપયોગ કરી રહ્યો હોય છે, ત્યારે પણ પિતાનું હ્રદય તેના માટે તલસે છે; અને તેના હ્રદયમાં ઈશ્વર તરફ ફરવા માટે જે ઈચ્છા જાગૃત થાય છે, તે દરેક ખ્રીસ્તના આત્માની નમ્ર આજીજી છે. એ પવિત્ર આત્મા પાપમાં ભટકી ગએલ મનુષ્યને સમજાવે છે, તેની આગળ પ્રેમથી કાલાવાલાં કરે છે અને તેને પિતાના પ્રેમાળ હ્રદય તરફ ખેંચે છે.

**(૧૩) પ્રભુની શોધ કરનારા દરેકને કયો વાયદો આપવામાં આવ્યો છે?**

***પિતા મને જે આપે છે તે સર્વ મારી પાસે આવશે, અને જે મારી પાસે આવે છે તેને હું કાઢી નહિ જ મૂકીશ. (યોહાન ૬:૩૭)***

શાસ્ત્રમાં તમને આવાં ઉદાર વચનો આપવામાં આવ્યાં છે, છતાં તમે શંકાને સ્થાન આપી શકો છો ? શું તમે એવું માની શકો છો કે, બિચારો પાપી મનુષ્ય પાછો ફરવા તલસતો હોય અને પોતાનાં પાપનો ત્યાગ કરવા આતુર હોય. છતાં તેને પ્રભુ કઠોર થઈને પોતાના પાપનો પશ્ચાતાપ કરતો અટકાવે ! આવા વિચારો કદી ન કરતા ! આપણા સ્વર્ગીય પિતા વિષે આવો ખ્યાલ બાંધવા કરતાં બીજી કોઈ વસ્તુથી આપણા આત્માને વધારે

નુકશાન થઈ શકતું નથી. તે પાપને ધિક્કારે છે, પરંતુ પાપીને ચાહે છે. તેણે ખ્રીસ્તના વ્યકિતત્વ દ્વારા પોતાની જાતને આપી કે જે ઈચ્છે તે બધાં તારણ પામી શકે અને મહિમાનાં રાજયમાં સર્વકાલીન આર્શિવાદ ભોગવી શકે. તેણે આપણી તરફ પોતાનો પ્રેમ બતાવવા જે ભાષા પસંદ કરી છે, તેનાં કરતાં વધારે મધુર અને અર્થયુકત ભાષા કોણ વાપરી શકે તેમ છે ? તે કહે છે કે, “શું સ્ત્રી પોતાના પેટના દીકરા પર દયા ન કરે, એવી રીતે કે તે પોતાના ધાવણા બાળકને વિસરી જાય ? હા, કદાચ તેઓ વિસરે, પરંતુ હું તને વિસરીશ નહિ.” યશાયાહ ૪૯:૧૫.

જો મનમાં શંકા અને ભય હોય, તો ઉંચે જુઓ, ઈસુ આપણા માટે મધ્યસ્થી કરવા સારૂ જીવે છે. ઈશ્વરે પોતાનો પ્રિય પુત્ર દાનમાં આપ્યો તે માટે તેનો ઉપકાર માનો અને પ્રાર્થના કરો કે તમારા માટે મુઓ, એ નકામું ન જાય. આત્મા આજે તમને આમંત્રણ આપે છે. સંપૂર્ણ હ્રદયપૂર્વક ઈસુ પાસે આવો, એટલે તમને તેના આશિર્વાદ માંગાવનો હક પ્રાપ્ત થશે.

વચનો વાંચતી વખતે ધ્યાનમાં રાખજો કે, તે અવર્ણીય પ્રેમ અને દયાના વાકયો છે અનંત પ્રેમાળ હ્રદય અપાર કરૂણાથી પાપી તરફ ખેંચાએલ છે. “એના

લોહી દ્વારા આપણને ઉદ્ધાર એટલે પાપની માફી મળી છે." એફેસી ૧:૭ હા, ઈશ્વર મને મદદ કરનાર છે. એવો વિશ્વાસ રાખજો. તે પોતાનુ નૈતિક સ્વરૂપ માણસમાં ફરી મૂકવા માંગે છે. જેમે તમે પાપની કબુલાત અને પશ્ચાતાપ સાથે તેની પાસે જશો, તેમ તે દયા અને ક્ષામા સાથે તમારી પાસે ખેંચાશે.

(૧૪) ઈશ્વરના સઘળા બાળકો કયા આશીર્વાદિત વાયદાનો દાવો કરી શકે છે?

*[પ્રભુ કહે છે] "શું સ્ત્રીઓ પોતાના પેટના દીકરા પર દયા ન કરે, એવી રીતે કે તે પોતાના ધાવણા બાળકને વીસરી જાય? હા, કદાચ તેઓ વીસરે, પરંતુ હું તને વીસરીશ નહિ. (યશાયા ૪૯:૧૫)*

*તમારો સ્વભાવ નિર્લોભી થાય; પોતાની પાસે જે હોય તેથી સંતોષી રહો, કેમ કે તેમણે કહ્યું છે. "હું તને કદી મૂકી દઈશ નહિ, અને તને તજીશ પણ નહિ." (હિબ્રૂ ૧૩:૫)*

*જેમ મેં ઈશ્વરના વચનનો અભ્યાસ કર્યો, મને એવો અનુભવ થયો કે તેનો આત્મા મારા હૃદયના બારણાંને ખટાખટાવે છે (પ્રકટીકરણ ૩:૨૦).*

વર્તુળ: હા અનિર્ણિત

*મને ભાન થયું કે હું ભટકેલો પાપી છું જેણે ઉદ્ધારકની જરૂર છે (રોમન ૩:૨૩).*

વર્તુળ: હા અનિર્ણિત

*હું ચકિત છું કે ઈશ્વરે મને નાશમાંથી બચાવવા માટે પોતાના દીકરાને મોકલીને પોતાનો પ્રેમ વ્યક્ત કર્યો (યોહાન ૩:૧૬,૧૭) અને હું જાણું છું કે ઉદ્ધાર માટેનો તે એક જ દ્વાર છે (યોહાન ૧૦:૯).*

વર્તુળ: હા અનિર્ણિત

*મને સમજાયું કે જો હું સાફ હૃદયે મારા પાપોની કબૂલાત કરીશ તો ઈસુનું મૂલ્યવાન રક્ત મને સઘળી અધાર્મિકતાથી સાફ કરશે (૧ યોહાન ૧:૯).*

વર્તુળ: હા અનિર્ણિત

જો તમે ઉપરોક્ત પ્રશ્નોના ઉત્તર “હા” માં આપ્યો છે, તો હું તમને તમારા જીવન માટે મહત્વનો નિર્ણય કરવા આમંત્રિત કરું છું. વિશ્વાસથી, તમે ઈસુને તમારા વ્યક્તિગત ઉદ્ધારકના રૂપમાં સ્વીકારી શકો છો અને તમારા જીવનમાં તેમની મહાન શાંતિ, સામર્થ્ય, અને અચળ પ્રેમનો અનુભવ કરી શકો છો. સાફ હૃદયથી નિમ્નલિખિત પ્રાર્થના કરો (યોહાન ૧:૧૨):

*“સ્વર્ગમાંના વહાલાં પિતા, હું જાણું છું કે હું પાપી છું અને વિશ્વાસ કરું છું કે મારા મારવા તમે તમારા દીકરાને મોકલ્યો. વિશ્વાસથી હું ઈસુને મારા ઉદ્ધારક તરીકે સ્વીકારું છું, અને મારા ઘણાં પાપોને ઢાંકવા માટે તેમનું કિંમતી રક્ત માંગી લઉં છું (જેટલા થઈ શકો તેટલા ચોક્કસ બનો). હું મારા પાપમય માર્ગથી ફરવાનો નિર્ણય કરું છું અને તમને મારા જીવનના પ્રભુ બનવા કહું છું. ઈસુના નામમાં, આમીન.”*

અભિનંદન! તમને અલગ લાગતું હશે અથવા તો નહિ લાગતું હોય પણ, તમારા વિશ્વાસને કારણે, તમે ઈશ્વરના છૂટકારા પામેલા બાળક અને ખ્રિસ્તમાં નવી સૃષ્ટિ છો (પ્રેરિત ૧૬:૩૧)! હવે, જેમ ડાળી દ્રાક્ષાવેલાને વળગી રહે છે તેમ તમે દરેક ક્ષણે તેમને વળગી રહો (યોહાન ૧૫:૧-૮) અને એક દિવસ તે તમને સ્વર્ગમાં તેમની સાથે નવાં ઘરમાં રહેવા લેવા માટે આવશે (યોહાન ૧૪:૧-૩).



## પાઠ ૮
## શિષ્યપણાનું પરીક્ષણ

**(૧) આ વચન પવિત્ર આત્માના કાર્ય સાથે શું સરખાવે છે?**

***વા જ્યાં ચાહે છે ત્યાં વાય છે, અને તું તેનો અવાજ સાંભળે છે, પણ તે ક્યાંથી આવે છે અને ક્યાં જાય છે, એ તું નથી જાણતો. દરેક જે આત્માથી જન્મેલું છે તે તેના જેવું જ છે." (યોહાન ૩:૮)***

માણસ કદાચ પોતાનું બદલાણ કયાં, કયારે અને કેવા સંજોગોમાં થયું એ

બરાબર નહિ કહી શકે; પરંતુ તેથી કંઈ તેનું બદલાણ નથી થયું એવું ન કહેવાય. ખ્રીસ્તને નીકોદેમસને કહ્યું કે, “વા જયાં ચાહે ત્યા વાય છે અને તું તેનો આવજ સાંભળે છે, પણ કયાંથી આવે છે, અને કયાં જાય છે, એ તું નથી જાણતો; હરેક જે આત્માથી જન્મેલું છે તે તેના જેવુ જ છે.” યોહાન ૩:૮. જેમ પવન અર્દશ્ર્ય હોવાં છતાં તેની અસર સ્પષ્ટ રીતે લાગે છે અને દેખાય છે, તેવી જ રીતે ઈશ્વરનો આત્મા મનુષ્યના હ્રદયમાં પોતાનું કામ કરે છે. એ ફરીથી સજીવન કરવાની શકિત મનુષ્યની આંખે દેખાતી નથી છતાં તે મનુષ્યમાં નવું જીવન ઉત્પન્ન કરે છે અને ઈશ્વરની પ્રતિકૃતિ સમું નવું પ્રાણી બનાવે છે. પવિત્ર આત્માનું કામ શાંત અને અર્દશ્ર્ય હોવા છતાં તેની અસર દેખાય છે. જો ઈશ્વરના આત્માથી હ્રદય પુનર્જન્મ પામ્યું હશે, તો જીવન તેની સાક્ષી પુરશે.

(૨) જીવન કેવી રીતે બદલે છે અને હ્રદય કઈ રીતે નવું બને છે?

*માટે, જો કોઈ માણસ ખ્રિસ્તમાં છે તો તે નવી ઉત્પત્તિ [છે] :જે જૂનું હતું તે સર્વ જતું રહ્યું છે; જુઓ તે નવું થયું છે. (૨ કરિંથી ૫:૧૭)*

આપણે આપણું હ્રદય બદલવા તેનું ઈશ્વર સાથે ઐકય કરાવવા કંઈ કરી શકતા નથી, છતાં આપણી જાત અથવા આપણાં સત્કર્મો પર વિશ્વાસ રાખી શકતા નથી, છતાં આપણામાં ચારિત્ર્ય, ટેવો અને રોજના કામકાજમાં ફેરફાર જણાઈ આવે છે. આગળના અને હાલના જીવનમાં તફાવત સ્પષ્ટ જણાઈ આવે છે. માણસ કોઈક વખત સારાં નબળાં કામ કરે તેથી કંઈ તેનું ચારિત્ર્ય જણાતું નથી પરંતુ તે તો તેની વાણી અને વર્તનના વલણ પરથી દેખાઈ આવે છે.

ખ્રીસ્ત તરફથી નવજીવનની શકિત મળ્યા સિવાય પણ માણસ પોતાની વર્તણુક બહારથી સુધારી શકે છે, એ વાત ખરી છે. લાગવગ વધારવાની ઈચ્છા અને બીજાની દ્રષ્ટિમાં ઉંચા ગણાઈ માન મેળવવાની અભિલષાથી માણસ નિયમિત જીવન ગાળે છે. સ્વમાનને લીધે માણસ બીજા આગળ પોતાનું ખરાબ દેખાવા દેતો નથી. સ્વાર્થી હ્રદયનાં માણસો(કોઈક વાર) પરોપકારનાં કામો કરે છે. ત્યારે હવે આપણે કઈ બાજુએ છીએ તેનો નિર્ણય કેવી રીતે કરવો?

આપણું હ્રદય કોની પાસે છે ? આપણાં વિચારો કોની સાથે છે ? કોના વિષે આપણે રસથી વાત કરીએ છીએ ? આપણે આપણો ખરો પ્રેમ અને સર્વોતમ

શકિતઓ કોના માટે ખર્ચી નાખવા તૈયાર છીએ ? જો આપણે ખ્રીસ્તના પક્ષામાં હોઈશુ , તો આપણા વિચારો તેની સાથે હશે : આપણાં મધુર ચિંતન તેના વિષે જ હશે. આપણી જાત તેમજ આપણી પાસે જે કંઈ હોય તે બધું તેને અર્પણ કરીશું. આપણે તેની પ્રતિકૃતિ થવા, તેના આત્માનો શ્વાસ લેવા, તેની ઈચ્છા પ્રમાણે વર્તવા અને બધી બાબતમાં તેને પ્રસન્ન કરવા આતુર રહીશું.

**(3) જો આપણે સાચી રીતે નવો જન્મ પામેલાં છીએ તો કયો સ્વભાવ આપણાં જીવનમાં પ્રગટ થશે?**

***પણ [પવિત્ર] આત્માનું ફળ પ્રેમ, આનંદ, શાંતિ, સહનશીલતા, માયાળુપણું, ભલાઈ, વિશ્વાસુપણું, નમ્રતા તથા સંયમ છે. એવાની વિરુદ્ધ કોઈ નિયમ નથી. (ગલાતી ૫:૨૨)***

જેઓ ઈસુ ખ્રીસ્તમાં નવો જન્મ પામે છે, તેઓ “પ્રેમ, આનંદ, શાંતિ, સહનશીલતા, માયાળુપણુ, ભલાઈ, વિશ્વાસપણુ, નમ્રતા તથા સંયમ” એવાં એવાં આત્માનાં ફળો આપશે.(ગલાતી ૫:૨૨, ૨૩ ). તેઓ આગળની માફક કુવાસના નહિ ફસાય, પરંતુ ઈશ્વરપુત્રના વિશ્વાસથી તેઓ તેને પગલે ચાલશે, તેનું

ચારિત્ર્ય પોતાનામાં ઉતારશે. અને જેમ તે પવિત્ર છે તેમ પોતાની જાતને પણ પવિત્ર કરશે. આગળ જે વસ્તુઓને તેઓ ધિક્કારતાં હતા, તે વસ્તુઓને ચાહશે અને આગળ જેને ચાહતા હતા, તે વસ્તુઓને ધિક્કારશે. અભિમાની અને આપમતીઆ હ્રદયમાં નમ્ર અને રાંકડા થઈ જશે. મિથ્યાભિમાની અને મગરૂર માણસ ગંભીર અને શરમાળ બની જશે. પીધેલો શુદ્ધિમાં આવી જશે અને દુરાચરણી શુદ્ધ થઈ જશે. જગતનાં મિથ્યા રીતરીવાજ માણસો છોડી દેશે. અને ખ્રીસ્તીઓ "બહારનો" શણગાર નહિ ",પણ અંત:કરણમાં રહેલા ગુપ્ત મનુષ્યત્વનો , એટલે દીન તથા નમ્ર આત્માનો" શણગાર શોધશે. ૧ પીતર ૩:૩, ૪.

**(૪) આપણે નવો જન્મ પામ્યાં પછી જે લોકો સાથે ખરાબ કર્યું છે તેઓની સાથે શું કરવાની ઈચ્છા રાખવી જોઈએ?**

*જાખ્ખીએ ઊભા રહીને પ્રભુને કહ્યું, "પ્રભુ, હું મારી સંપત્તિનો અર્ધો ભાગ દરિદ્રીઓને આપું છું; જો અન્યાયથી મેં કોઈનું કંઈ પડાવી લીધું હોય, તો હું તેને ચોગણું પાછું આપીશ." (લૂક ૧૯:૮)*

જયાં સુધી પસ્તાવાને લીધે માણસ પોતાના જીવનમાં સુધારો ન કરે, ત્યાં

સુધી ખરા પસ્તાવાની સાબીતી મળતી નથી. જો પાપી પોતાનાં વચન પાળે, બીજા પાસેથી લુંટી લીધેલું હોય, તે પાછું આપી દે, ઈશ્વર તથા પોતાનાં માનવ બંધુઓને ચાહે, તો ખાતરીપૂર્વક માનવું કે તે મૃત્યુને પાછળ મૂકી દઈ જીવનમાં પેસી ગયો છે.

આપણે ભૂલકણાં અને પાપી મનુષ્યો છીએ, છતાં જયારે આપણે ખ્રીસ્તના શરણે આવી તેની ક્ષામા અને કૃપાના ભાગીઆ થઈએ છીએ, ત્યારે આપણા હ્રદયમાં પ્રેમ ઉત્પન્ન થાય છે, આપણને બધો બોજો હોલકો લાગે છે, કારણ કે, ખ્રીસ્તની ઝુંસરી સહેલ છે. ફરજ આનંદરૂપ લાગે છે અને ભોગ આપવામાં એક જાતની મઝા પડે છે. પહેલો જે રસ્તો અંધકારથી ભયંકર દેખાતો, તે હવે ન્યાયિપણાના સૂર્યના કિરણથી પ્રકાશિત થઈ ગયો લાગે છે.

**(૫) ખ્રિસ્તની કૃપાથી આપણા હ્રદયને જે ભારે છે, બદલે છે, અને હ્રદયમાંથી વહે છે તેવા પ્રેમનો સ્ત્રોત કોણ છે?**

*અને જેમ અમારો પ્રેમ તમારા પર [પુષ્કળ છે] , તેમ પ્રભુ એકબીજા પરના તથા સર્વ માણસો પરના તમારા પ્રેમમાં પુષ્કળ વધારો કરો. (૧ થેસ્સાલોનિકી 3:૧૨)*

ખ્રીસ્તના ચારિત્ર્યની સુંદરતા તેના અનુયાયીઓમાં નજરે પડશે. ઈશ્વરની ઈચ્છા પ્રમાણે કરવામાં તેને આનંદ પડતો. આપણા ત્રાતાનાં જીવનમાં ઈશ્વર પ્રત્યે પ્રેમ અને તેના મહિમા માટે ઉત્સાહ અને શકિતરૂપ હતાં. પ્રેમે તેના સર્વ કાર્યો સુંદર અને ઉદાર બનાવ્યાં. પ્રિ્રતિ ઈશ્વરની છે. જે હ્રદય ઈશ્વરને અર્પણ કરવામાં આવ્યું ન હોય તેમાં ઉત્પન્ન થઈ શકતી નથી. જયાં ઈસુ રાજય કરતો હોય, એવા જ હ્રદયમાં તે જોવામાં આવે છે. "આપણે પ્રેમ રાખીએ છીએ, કેમકે પ્રથમ તેણે આપણા પર પ્રેમ રાખ્યો." ૧ યોહાન ૪:૧૯. ઈશ્વરીકૃપાથી પુનર્જન્મ પામેલ હ્રદયમાં પ્રેમ મુખ્ય ભાગ ભજવે છે. એ પ્રેમ ચારિત્ર્યને સુધારે છે, લાગણીઓને કાબુમાં રાખે છે, કુવાસનાઓને રોકે છે, વેર ને દાબી દે છે અને સ્નેહની લાગણીઓને ઉન્નત બનાવે છે. આત્મામાં ઉછરેલો આવો પ્રેમ જીવન મધુર બનાવે છે અને પોતાની આજુબાજુ બધે નિર્મળ વાતાવરણ ઉભું કરે છે.

**(૬) ઈશ્વરને આપણો પ્રેમ બતાવવા માટે આપણે શું કરવાની ઈચ્છા રાખવી જોઈએ?**

***જો તમે મારા પર પ્રેમ રાખો છો, તો મારી આજ્ઞાઓ પાળશો. (યોહન ૧૪:૧૫)***

**(૭) ખ્રિસ્ત સાથેના આપણાં સંબંધમાં ખ્રિસ્તના સામર્થ્ય દ્વારા આજ્ઞાકારીતા શા માટે જરૂરી છે?**

***જે કહે છે, "હું તેમને ઓળખું છું," પણ તેમની આજ્ઞા પાળતો નથી, તે જૂઠો છે, અને તેનામાં સત્ય નથી. (૧ યોહાન ૨:૪)***

ઈશ્વરનાં બાળકોએ અને ખાસ કરીને તેની કૃપામાં વિશ્વાસ રાખવાની શરૂઆત કરનારાઓએ બે ભૂલો ન થાય તે ખાસ જોવાનું છે. આ બે માંની પહેલી ભૂલ વિશે આપણે વિચાર કરી ગયા છીએ, તે એ કે માણસે પોતાના કામ પર વિશ્વાસ રાખવો ન જોઈએ- પોતે પોતાના જ કામથી નિયમ પાળીને - પવિત્ર થવા પ્રયત્ન કરે છે, તે અશકય કામ કરવા તૈયાર થાય છે, એમ જાણવુ. માણસ જે ખ્રીસ્ત વિના કરી શકે તે બધું સ્વાર્થ તથા પાપથી બગડેલું હોય છે. વિશ્વાસ દ્વારા ખ્રીસ્તની કૃપાજ આપણને પવિત્ર કરી શકે છે.

તેથી ઉલટી છતાં એટલી જ ધાસ્તિ ભરેલી ભૂલ એ છે કે ખ્રીસ્ત પર વિશ્વાસ રાખારને ઈશ્વરના નિયમ-કાયદા- પાળવાની જરૂર નથી; અને એકલા વિશ્વાસથી જ આપણે ખ્રિસ્તની કૃપાના

ભાગીઆ થઈએ છીએ માટે આપણા જીવન-કામકાજ-ને આપણાં ઉદ્ધાર સાથે કાંઈ લેવાદેવા નથી.

**(૮) આપણે જ્યારે નવો જન્મ પામીએ ત્યારે ખ્રિસ્તે આપણી અંદર શું કરવાનો વાયદો કર્યો છે?**

***"તે દિવસો પછી જે કરાર હું તેઓની સાથે કરીશ તે આ છે કે, હું મારા નિયમ તેઓના મનમાં મૂકીશ, અને તેઓના હૃદયપટ પર તેઓને લખીશ, એમ પ્રભુ કહે છે." (હિબ્રૂ ૧૦":૧૬)***

અહીં એક વાત ધ્યાનમાં રાખવાની છે કે આંજ્ઞાકિતપણું એ બહારથી તાબેદારી બતાવવામાં જ પુરૂં નથી થતું, એ તો પ્રેમથી કરેલી સેવા છે. ઈશ્વરનો કાયદો તેનો સ્વભાવ જ બતાવે છે; તે પ્રેમના મહાન સિદ્ધાંતનું શરીર(સ્થુલ રૂપ) છે. તેથી જ તે સ્વર્ગ તેમજ પૃથ્વી પર તેના રાજયનો પાયો છે. જો આપણું હૃદય ઈશ્વરના હૃદય જેવું નવું થાય, અને જો આપણાં આત્મામાં ઈશ્વરી પ્રેમ રોપવામાં આવે, તો શું ઈશ્વરનો કાયદો આપણે જીવનમાં નહિ પાળીએ ? જયારે પ્રેમનું તત્વ હૃદયમાં સ્થાપવામાં આવે અને માણસ પોતાને પેદા કરનારની મૂર્તિરૂપ બને ત્યારે "હું મારો નિયમ તેઓનાં

મનમાં મૂકીશ, અને તેઓના હ્રદયપટ પર તેઓને લખીશ એ નવા કરારનું વચન પુ૧ થાય છે.” હેબ્રી ૧૦:૧૬. શું હ્રદયપટ પર લખેલ નિયમ મનુષ્યનું જીવન નહિ ઘડી શકે? આજ્ઞાંકિતપણું, - પ્રેમ અને એક નિષ્ઠાથી કરેલી સેવા - એ શિષ્ય હોવાની ખરી નિશાની છે. શાસ્ત્ર કહે છે કે, “આપણે દેવની આજ્ઞાઓ પાળીએ, એ જ દેવ પરનો પ્રેમ છે.” “જે કહે છે કે, હું તેને ઓળખું છું, પણ તેની આજ્ઞા પાળતો નથી, તે જુઠો છે , અને તેનામાં સત્ય નથી.” ૧ યોહાન ૫:૩; ૨:૪. વિશ્વાસ માણસને આજ્ઞાંકિતપણામાંથી મુકત કરવાને બદલે તેને ખ્રીસ્તની કૃપાનો ભાગીઓ બનાવે છે અને તેની કૃપાથી માણસ આજ્ઞાંકિત રહી શકે છે.

## (૯) આપણે જેની સેવા કરીએ છીએ તે સ્વામીનું સૂચક શું છે?

*તેઓનાં ફળથી તમે તેઓને ઓળખશો. શું લોકો કાંટાનાં ઝાડ પરથી દ્રાક્ષા, અથવા ઊંટકટા પરથી અંજીર તોડે છે? (માથ્થી ૭:૧૬)*

*તે માટે તેઓનાં ફળથી તમે તેઓને ઓળખશો. (માથ્થી ૭:૨૦)*

આજ્ઞાંકિતપણાથી જ ઉદ્ધાર મળતો નથી, કારણ કે ઉદ્ધાર ઈશ્વરનું કૃપાદાન છે, અને તે વિશ્વાસથી જ મળે છે; પણ આજ્ઞાંકિતપણું, એ તો વિશ્વાસનું ફળ છે. "તે પાપનું હરણ કરવાને પ્રગટ થયો, એ તમે જાણો છો ; અને તેનામાં પાપ નથી. જે કોઈ તેનામાં રહે છે , તે પાપ કરતો નથી, જે કોઈ પાપ કરે છે તેણે તેને જોયો નથી, અને તેને ઓળખતો પણ નથી." ૧ યોહાન ૩:૫, ૬. આ ખરી કસોટી છે. જો આપણે ખ્રીસ્તમાં જીવતા હોઈશું. જો આપણાં હ્રદયમાં ઈશ્વરનાં પ્રેમનો વાસ હશે, તો તેના પવિત્ર નિયમશાસ્ત્રમાં કહ્નું છે તે પ્રમાણે આપણી લાગણીઓ , વિચારો અને વર્તન ઈશ્વરની ઈચ્છાને અનુસરીને જ ચાલશે. "બાળકો, કોઈ તમને ન ભમાવે; જેમ તે ન્યાયી છે, તેમ જે ન્યાયીપણું કરે છે તે પણ ન્યાયી છે." ૧ યોહાન ૩:૭. ન્યાયીપણાની વ્યાખ્યા સીનાઈ પહાડ પર આપેલ ઈશ્વરના પવિત્ર નિયમની દશ આજ્ઞામાં જણાવી છે.

**(૧૦) પ્રભુને આપણું હ્રદય આપ્યા પછી આપણા જીવનમાં કયા બે તત્વો સરખા પ્રમાણમાં હોવા જોઈએ?**

***તેમ જ વિશ્વાસ પણ, જો તેની સાથે કરણીઓ ન હોય, તો તે એકલો [હોવાથી] નિર્જીવ છે. (યાકૂબ ૨:૧૭)***

કેટલાક ઈસુમાં વિશ્વાસ રાખવાનો દાવો કરી કહે છે કે ઈસુમાં વિશ્વાસ રાખનારને ઈશ્વરની આજ્ઞાને આધિન રહેવાની જરૂર નથી, આ ખરો વિશ્વાસ નથી. એ તો ફકત માની લીધેલ વાત છે. "તમે કૃપાથી વિશ્વાસ દ્વારા તારણ પામેલા છો." પરંતુ "વિશ્વાસ પણ, જો તેની સાથે કરણીઓ ન હોય, તો તે એકલો(હોવાથી) નિર્જીવ છે." એફેસી ૨:૮, યાકુબ ૨:૧૭. ઈસુએ પૃથ્વી પર આવતાં પહેલા પોતા વિશે કહ્યું હતું કે, "હે મારા દેવ, તારી ઈચ્છા પ્રમાણે કરવાને હું રાજી છું. ; તારો નિયમ મારા હૃદયમાં છે." ગીતશાસ્ત્ર ૪૦:૮. વળી સ્વર્ગગમન પહેલાંજ તેણે જાહેર કર્યુ હતું કે," હું મરા બાપની આજ્ઞાઓને પાળીને તેના પ્રેમમાં રહું છુ." યોહાન ૧૫:૧૦. શાસ્ત્ર કહે છે કે, "જો આપણે તેની આજ્ઞાઓ પાળીએ, તો તે ઉપરથી આપણને માલુમ પડે છે કે આપણે તેને ઓળખીએ છીએ...... હું તેનામાં રહું છું, એમ જે કહે છે, તેણે જેમ તે ચાલ્યો તેમજ ચાલવું જોઈએ." ૧ યોહન ૨:૩-૬.

**(૧૧) આપણો વિશ્વાસ અને સેવાનું જીવન કોના ઉદાહરણનું આદર્શ હોવું જોઈએ?**

***કારણ કે એને માટે તમને તેડવામાં આવ્યા છે; કેમ કે ખ્રિસ્તે પણ તમારે માટે***

*સહન કર્યું, અને તમે તેમને પગલે ચાલો, માટે તેમણે તમોને નમૂનો આપ્યો છે. (૧ પિતર ૨:૨૧)*

**(૧૨) આપણે કયા ગુણોની આશા રાખવી જોઈએ અને જેની અંદર ભૂખ અને તરસ છે તેઓને આપવા માટે ખ્રિસ્તે વાયદો કર્યો છે?**

***જેઓને ન્યાયીપણાની ભૂખ તથા તરસ છે તેઓને ધન્ય છે, કેમ કે તેઓ ધરાશે. (માથ્થી ૫:૬)***

અનંત જીવન માટે જે શરત હંમશો ચાલતી આવી છે તે આજે પણ છે- આપણાં પ્રથમ માતપિતાના પતન પહેલાં પણ એમના સ્વર્ગીય વાસમાં એ જ શરત હતી. એ શરત કઈ ? ઈશ્વરનાં કાયદાને સંપૂર્ણ આંજ્ઞાકિતપણું ; સંપૂર્ણ ન્યાયીપણું. જો આથી ઉતરતી કોઈ પણ શરતે અનંત જીવન આપવામાં આવે તો આજ્ઞા વિશ્વનું સુખ ભયમાં આવી પડે, પાપને તેમાંથી જન્મતું દુ:ખ અને કષ્ટ અમર દુ:ખ તથા કષ્ટ ભર્યા પાપનાં દરવાજા ખુલ્લા થવાનો રસ્તો ખુલ્લો થઈ જઈ શકે.

**(૧૩) આપણને દરેકને ઈશ્વરે કયો અધિકાર આપેલો છે?**

*તેનાથી તેમણે આપણને મૂલ્યવાન તથા અતિશય મોટાં વચનો આપ્યાં છે. જેથી તેઓ દ્વારા જગતમાંની જે દુર્વાસનાથી દુષ્ટતા થાય છે, તેથી છૂટીને ઈશ્વરી સ્વભાવના ભાગીદાર તમે થાઓ. (૨ પિતર ૧:૪)*

**(૧૪) ખ્રિસ્તના રક્ત દ્વારા આપણને કઈ બે ભાગની ભેંટ આપવામાં આવી છે, જે તેની કૃપા દ્વારા આપણને ધાર્મિકતા આપે છે?**

*એમનામાં, એમના લોહીદ્વારા, તેમની કૃપાની સંપત પ્રમાણે આપણને ઉદ્ધાર એટલે પાપની માફી મળી છે. (એફેસી ૧:૭)*

આદમના પતન પહેલાં તેન માટે ફકત ઈશ્વરના નિયમને તાબે રહીને જ ન્યાયી ચારિત્ર્ય ઘડવું શકય હતું. પરંતુ એમ કરવામાં તે નિષ્ફળ નીવડયો અને તેના પાપને લીધે આપણા સ્વભાવ પાપી થઈ ગયા એટલે હવે આપણે (પોતાના પ્રયત્નથી જ ) ન્યાયી થઈ શકતા નથી. આપણે પાપી અને અપવિત્ર છીએ તેથી આપણે પવિત્ર નિયમ સંપૂર્ણ રીતે પાળીશ શકતા નથી. ઈશ્વરના નિયમ મુજબ શરત પુરી કરવા માટે આપણામાં પોતાનું ન્યાયીપણુ નથી. પરંતુ ખ્રીસ્તે આપણા માટે બચવાનો રસ્તો કરી આપ્યો છે. તેણે

આપણી માફક દુ:ખ અને લાલચોમાં આ પૃથ્વી પર જીવન ગુજાર્યું. તેણે નિષ્પાપી જીંદગી ગાળી, તે આપણા માટે મુઓ અને હવે આપણા પાપ લઈને તેના બદલે પોતાનું ન્યાયીપણું આપવા કહે છે. માટે જો તમે તમારી જાતને તેને અર્પણ કરો અને તેને તમારા ત્રાતા તરીકે સ્વીકારશો, તો તમે ગમે તેવી પાપી જીંદગી ગાળી હશે છતાં તેને ખાતર તમને ન્યાયી ગણવામાં આવશે. તમારા ચારિત્ર્યની ખ્રીસ્તનું ચારિત્ર્ય જગ્યા લેશે અને જાણે તમે પાપ ન કર્યું હોય, તેમ ઈશ્વર તમારો સ્વિકાર કરશે.

**(૧૫) ખ્રિસ્તમાં આપણા નવા જન્મના અનુભવ પછી, આપણે કેવીરીતે તેનામાં વળગી રહીને નિરંતર વૃદ્ધિ પામી શકીએ છીએ?**

*હું ખ્રિસ્તની સાથે વધસ્તંભે જડાયો, પરંતુ હું જીવું છું, તોપણ હવેથી હું નહિ, પણ મારામાં ખ્રિસ્ત જીવે છે; અને હવે દેહમાં જે મારું જીવન તે ઈશ્વરના દીકરા પરના વિશ્વાસથી જ છે. તેમણે મારા પર પ્રેમ રાખ્યો, અને મારે માટે પોતાનું અર્પણ કર્યું. (ગલાતી ૨:૨૦)*

આ ઉપરાંત ખ્રીસ્ત માણસનું હ્રદય બદલી નાખે છે, ને તમારા હ્રદયમાં

વિશ્વાસથી રહે છે. ખ્રીસ્ત સાથેનો આ સંબંધ તમારે વિશ્વાસથી અને હંમેશાં તમારી ઈચ્છા તેને આધીન રાખીને જાળવાવનો છે; જયાં સુધી તમે એ પ્રમાણે ચાલશો, ત્યાં સુધી તે પોતાની પ્રસન્નતા પ્રમાણે તમારામાં વિચાર અને કામ કરવાની ઈચ્છા ઉત્પન્ન કરશે. એટલે તમે કહેશો કે, “હવે દેહમાં જે મારૂં જીવન તે દેવના દીકરા પરના વિશ્વાસથી જ છે; તેણે મારા પર પ્રેમ રાખ્યો અને મારે સારૂ પોતાનું અર્પણ કર્યું.” ગલાતી ૨:૨૦. તેથી ઈસુએ શિષ્યોને કહ્નું કે, “જે બોલે છે તો તો તમે નથી. પણ તમારા બાપનો જે આત્મા તમારામાં બોલે છે.” માત્થી ૧૦:૨૦. એટછે જયારે ઈસુ તમારામાં કામ કરતો હશે, ત્યારે તમે તેના જેવો જ સ્વભાવ બતાવશો અને તેના જેવા જ ન્યાયીપણ અને આજ્ઞાંકિતપણાનાં કામ કરશો.

બડાઈ મારવા જેવુ આપણામાં કંઈ જ નથી, તેમ આપણાં પોતાનાં વખાણ કરવાનું પણ આપણને કંઈ કારણ નથી. આપણી આશાનું ફકત એક જ કારણ છે કે, તે એ કે આપણામાં ખ્રીસ્તનું ન્યાયીપણું આરોપેલું છે અને આપણામાં તથા આપણી મારફતે કામ કરતા પવિત્ર આત્માએ તે ન્યાયીપણું આપેલું છે.

**(૧૬) આ વચનનું કયું વાક્ય પ્રગટ કરે છે કે વિશ્વાસ એ માન્યતાથી અલગ છે?**

*તું વિશ્વાસ કરે છે કે, ઈશ્વર એક છે; તો તું સારૂં કરે છે; દુષ્ટાત્માઓ પણ વિશ્વાસ કરે છે, અને કાંપે છે. (યાકૂબ ૨:૧૯)*

વિશ્વાસની વાત કરતી વખતે આપણે એક તફાવત ધ્યાનમાં રાખવાનો છે. વિશ્વાસથી તદ્દન જુદી જ એક જાતની માન્યતા છે. ઈશ્વરની હસ્તી અને શકિત તેમજ તેના શબ્દનું ખરાપણું એ એવાં સત્યો છે કે જે શેતાન અને તેના દૂતો પણ સાચાં છે એનો મનથી નકાર કરી શકતા નથી. શાસ્ત્ર કહે છે કે, “ભૂતો પણ વિશ્વાસ કરે છે અને કાંપે છે.” (યાકૂબ ૨:૧૯) પરંતુ એ વિશ્વાસ નથી. જયાં ઈશ્વરના શબ્દમાં વિશ્વાસ છે એટલું જ નહિ પરંતુ તેને આધીન રહેવાની ઈચ્છા હોય છે; જયાં હ્રદય તેને સોંપી દેવામાં આવ્યું હોય છે અને પ્રેમની લાગણીઓ તેના પર સ્થિર થઈ હોય છે, ત્યાં વિશ્વાસ - ખરો વિશ્વાસ છે એમ માનવું. એવો વિશ્વાસ પ્રેમથી કામ કરે છે અને આત્માને પવિત્ર કરે છે. આ વિશ્વાસ મારફતે ઈશ્વરની પ્રતિમામાં હ્રદય પુનર્જન્મ પામે છે. પોતાની અસલ સ્થિતીમાં હ્રદય ઈશ્વરનાં નિયમને આધિન રહેતું નથી હોતું - હોઈ શકે પણ નહિ - તે જ હ્રદય નવી સ્થિતીમાં શાસ્ત્રની પવિત્ર આજ્ઞાઓમાં આનંદ અનુભવે છે અને ગીતશાસ્ત્રકારની

સાથે કહે છે કે, “હું તારા નિયમ પર કેટલો બધો પ્રેમ રાખું છું. ; આખો દિવસ તેનું જ મનન કરૂં છું.” ગીતશાસ્ત્ર ૧૧૯:૯૭. “આપણામાં એટલે દેહ પ્રમાણે નહિ પણ આત્મા પ્રમાણે ચાલનારાઓમાં” નિયમનું ન્યાયીપણુ પૂર્ણ થાય છે.(રૂમી ૮:૪)

**(૧૭) ખ્રિસ્ત ધીરજથી ક્યા સુધી આપણા ચરિત્રને શુદ્ધ કરશે?**

***જેમણે તમારામાં સારા કામનો આરંભ કર્યો તે, ઈસુ ખ્રિસ્તના દિવસ સુધી, તેને સંપૂર્ણ કરતા જશે, એવો મને ભરોસો છે. (ફિલિપી ૧:૬)***

એવાં પણ માણસો છે કે જે ખ્રીસ્તની ક્ષામાવાન પ્રીતિ જાણે છે એન ઈશ્વરનાં બાળકો થવાની તેમની ખરેખરી ઈચ્છા છે, છતાં તેઓને પોતાનું ચારિત્ર્ય અપૂર્ણ અને પોતાનું જીવન દોષયુકત જણાય છે; વળી પોતાનું હ્રદય પવિત્ર આત્માથી નવો જન્મ પામેલું છે કે નહિ તે શંકા કરવા માંડે છે. આવાંઓને હું કહીશ કે નિરાશ થઈને પાછા ન હઠો. આપણાં દોષો અને ભૂલો માટે ઘણીએ વાર આપણે ખ્રીસ્તને ચરણે પડીને રડવું પડશે; પરંતુ તેથી આપણે નિરાશ થવુ નહિ. આપણે શત્રુથી પરાજય પામ્યા હોઈએ, તો પણ ઈશ્વર આપણનેં ફેંકી દેતો નથી - આપણો ત્યાગ કરતો નથી. - આપણને નકારતો નથી.

(૧૮) જો આપણે આજીવન ચરિત્ર બનાવવાની પ્રક્રિયા દરમિયાન પાપમાં પડીએ, તો આપણે કયા અદભુત વાયદાનો દાવો કરી શકીએ છીએ?

*મારાં બાળકો, તમે પાપ ન કરો, માટે હું તમને આ વાતો લખું છું. જો કોઈ પાપ કરે તો પિતાની પાસે આપણો મધ્યસ્થ છે, એટલે ઈસુ ખ્રિસ્ત જે ન્યાયી છે તે. (૧ યોહાન ૨:૧)*

ઈશ્વરને જમણે હાથે ખ્રીસ્ત બેઠો છે, તે પણ આપણા માટે મધ્યસ્થી કરે છે. અને ઈસુના શબ્દો પણ ભૂલશો નહિ કે “બાપ પોતે તમારા પર પ્રેમ રાખે છે.” યોહાન ૧૬:૨૭. તે તમને પોતાના કરવા તેમજ પોતાની શુદ્ધતા અને પવિત્રતા તમારામાં જોવા ઈચ્છે છે. તમે ફકત જો તેને આધીન થશો, તો તેણે તમારામાં પોતાનું કામ શરૂ કર્યું છે એટલે તે ઈસુ ખ્રીસ્તનાં દિવસ સુધી ચાલુ રાખશે. વધારે આતુરતાથી પ્રાર્થના કરો ; વધારે સંપૂર્ણ રીતે માનો. જેમ જેમ આપણી પોતાની શકિત પર અવિશ્વાસ આવતો જાય, તેમ તેમ ઉદ્ધારકની શકિત પર વિશ્વાસ વધારો અને આપણે તેની -આપણા મુખનું તારણ છે તેની સ્તુતિ કરીશું.

**(૧૯) નવો જન્મ પામ્યા પછી વૃદ્ધિની પ્રક્રિયામાં આપણને શેનું ભાન થાય છે?**

***અમે સર્વ અશુદ્ધ જેવા થયા છીએ, અમારાં સર્વ સારાં કાર્યો મેલા લૂગડાના જેવાં છે, અમે સર્વ પાંદડાની જેમ સુકાઈ જઈએ છીએ, અને અમારા અપરાધો વાયુની જેમ અમને ઉડાવી દે છે. (યશાયા ૬૪:૬)***

તમે વધારે ઈસુ પાસે આવશો, તેમ તેમ પોતામાં વધારે દોષો જણાશે; કારણ કે, તમારી દૃષ્ટિ વધારે સ્પષ્ટ થશે અને તમારી અપૂર્ણતાઓ તમને ખ્રીસ્તના સંપૂર્ણ સ્વભાવ વચ્ચે રહેલો તફાવત તમને સ્પષ્ટ રીતે દેખાશે. શેતાનની માયાની જાળ નબળી પડી ગઈ છે, અને ઈશ્વરના આત્માની જીવંત અસર તમને જાગૃત કરી રહી છે, તેની સાક્ષી છે.

જે માણસ પોતાનું પાપીપણું સમજતો નથી તેના હ્રદયમાં ઈસુ માટે ઉંડો પ્રેમ વાસ કરી શકતો નથી. જે મનુષ્ય ખ્રીસ્તની કૃપાથી બદલાઈ થયો હોય છે, તે તેના દૈવી ચારિત્ર્યના ગુણગાન કરે છે; પરંતુ આપણે આપણી પોતાની નૈતિક ખામીઓને ન જોઈએ, એ આપણે ખ્રીસ્તની સુંદરતા અને ઉત્તમતા નથી નીહાળી તેની સાબિતી છે.

જેમ જેમ આપણે પોતામાં વખાણવાનું વધારે જોઈશું આપણી પોતાની પાપી

સ્થિતીનું જ્ઞાન આપણને (પાપ) માફ કરી શકે તેવા ખ્રીસ્ત તરફ ધકેલે છે ; અને જયારે માણસ પોતાની નિરાધાર દશા સમજીને ખ્રીસ્ત તરફ વળશે, ત્યારે તે પોતાની શકિતમાં પોતાને પ્રગટ કરશે. જેમ જેમ આપણી જરૂરીઆત - ગરજ- આપણને તેની અને ઈશ્વરના શાસ્ત્રની તરફ વધારે ધકેલે છે, તેમ તેમ તેના ચારિત્ર્ય વિશે આપણે વધારે ઉંચો ખ્યાલ બાંધીશું અને તેની પ્રતિમાનું વધારે પૂર્ણ સ્વરૂપ બતાવી શકીશુ.

***તેમની કૃપાથી હું ખ્રિસ્તના પગલે ચાલવાનો, અને મારા જીવનના પ્રભુ અને સ્વામી તરીકે તેમને અનુસરવાનો નિર્ણય કરૂં છું..***

**વર્તુળ: હા અનિર્ણિત**

***મારી પ્રાર્થના એ છે કે આત્માના ફળો મારામાં દેખાય જેથી હું તેમના ન્યાયી અને પવિત્ર ચરિત્રનું પ્રતિબિંબ બની શકી.***

**વર્તુળ: હા અનિર્ણિત**

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________



## પાઠ ૯
## આત્મિક વૃદ્ધિ

**(૧) ખ્રિસ્તમાં નવા બાળક તરીકે, આપણી ઈચ્છા શું હોવી જોઈએ, જેથી ખ્રિસ્ત સાથેનો આપણો સંબંધ વિકસિત થાય?**

*નવાં જન્મેલાં બાળકોની જેમ નિષ્કપટ આત્મિક દૂધની ઇચ્છા રાખો. (૧ પિતર ૨:૨)*

હૃદયનાં જે ફેરફારથી આપણે ઈશ્વરનાં બાળક બનીએ છીએ તેને શાસ્ત્રમાં જન્મ કહેલ છે. વળી તેને ખેડુતે વાવેલ સારાં બી ઉગે છે, તેની સાથે સરખાવેલ છે. તે જ પ્રમાણે જેઓનું ખ્રીસ્તમાં બદલાણ થાય છે તેઓ “નવાં જન્મેલાં બાળકો” ની માફક

"વૃદ્ધિ પામીને" ખ્રિસ્તમાં સ્ત્રી પુરૂષો થાય. (૧ પીતર ૨:૨, એફેસી ૪:૧૫). અથવા ખેતરમાં વાવેલ સારાં બીની માફક તેઓએ ઉગવું અને ફળ આપવાં જોઈએ. યશાયાશ કહે છે કે, "તેના મહિમાનાં અર્થે તેઓ ધાર્મિકતાના વૃક્ષા, યહોવાહની રોપણી કહેવાશે." યશાયાહ ૬૧:૩. તેથી આત્મિક જીવનના ભેદભર્યાં સત્યો સારી રીતે સમજાવવા કુદરતી જીવનમાંથી દાખલા લીધેલા છે.

માણસનું બધુ ડહાપણ અને કળા ભેગાં કર્યાં હોય તો એ નાનામાં નાના કુદરતી પદાર્થમાં જીવ મૂકી શકાતો નથી. ફકત ઈશ્વરે આપેલા જીવનની જ કોઈ પણ છોડ અથવા પ્રાણી જીવતું રહી શકે છે. તેવી જ રીતે ઈશ્વર તરફથી મળેલ જીવનની જ માણસોનાં અંતઃકરણમાં આત્મિક જીવનનો જન્મ થાય છે.જયાં સુધી માણસ "નવો જન્મ" પામે નહિ, ત્યાં સુધી જે જીવન આપવા ઈસુ આવ્યો હતો, તેના ભાગીઆ થઈ શકતા નથી. (યોહાન ૩:૩)

**(૨) શા માટે આપણે પોતાની આત્મિક વૃદ્ધિનું કારણ નથી બની શકતા?**

***સાંસારિક માનસ ઈશ્વરના આત્માની વાતોનો સ્વીકાર કરતું નથી, કેમ કે તે વાતો તેને મૂર્ખતા જેવી લાગે છે; અને તેઓ આધ્યાત્મિક રીતે સમજાય છે, માટે***

*તે તેમને સમજી શકતું નથી. (૧ કરિંથી ૨:૧૪)*

જે વાત જીવન વિષે કહી, તે જ વૃદ્ધિને -વિકાસને લાગુ પડે છે. કળીમાંથી મહોર અન ફૂલમાંથી ફળ બનાવનાર ઈશ્વર જ છે. તેની શકિતથી જ બી વૃદ્ધિ પામે છે. "પહેલાં અંકુર, પછી કણસલુ, પછી કણસલાંમાં પુરા દાણાં." માર્ક ૪:૨૮. પ્રબોધક હોશીઆ ઈસ્ત્રાએલ વિશે કહે છે કે, "તે કમળની પેઠે ખીલશે." "તેઓ ધાન્યની પેઠે સજીવન થશે, અને દ્રાક્ષાવેલાની પેઠે ખીલશે." હોશીઆ. ૧૪:૫, ૭. વળી ઈસુ આપણને આજ્ઞા કરે છે કે, "ફૂલઝાડોનો વિચાર કરો, તેઓ કેવાં વધે છે." લુક ૧૨:૨૭. છોડ અને ફૂલ પોતાની કાળજી, ફીકર અથવા પ્રયત્નથી ઉગતાં નથી, પરંતુ તેમને જીવન આપવા માટે ઈશ્વરે જે પુરૂં પાડયું છે તેનાથી જીવે છે.બાળક પોતાની ચિંતા કે શકિતથી પોતાના કદમાં જરાએ વધારો કરી શકતું નથી. તેવી જ રીતે ચિંતા કે સ્વપ્રયત્નથી તમે આત્મિક વિકાસ મેળવી શકશો નહિ.

**(3) છોડની વૃદ્ધિ માટે પોષણના બે સ્ત્રોતો કયા છે જેનો પ્રતીકાત્મક ઉપયોગ આપણી આત્મિક વૃદ્ધિ માટે પ્રભુનો પ્રભાવ દર્શાવવા માટે આ વચનોમાં થયો છે?**

*કેમ કે યહોવા ઈશ્વર સૂર્ય તથા ઢાલ છે; યહોવા કૃપા તથા ગૌરવ આપશે; ન્યાયથી વર્તનારને માટે તે કંઈ પણ સારું વાનું રોકી રાખશે નહિ. (ગીતશાસ્ત્ર ૮૪:૧૧)*

*હું ઇઝરાયલના હકમાં ઝાકળરૂપ થઈશ; તે કમળની જેમ ખીલશે, ને લબાનોનની જેમ પોતાનાં મૂળ ઊંડાં નાખશે. (હોશિયા ૧૪:૫)*

છોડ અને બાળક પોતાની આજુબાજુના સંજોગો-હવા, પ્રકાશ અને ખોરાક-માંથી જીવન મેળવી વિકાસ પામે છે. જેમ આ કુદરતી બક્ષીસો પ્રાણી અને વનસ્પતિને જીવન તથા વિકાસ આપે છે તેમ જેઓ ખ્રીસ્તમાં વિશ્વાસ રાખે છે, તેઓને ખ્રીસ્ત (આત્મીક) જીવન તથા વિકાસ આપે છે. તે તેઓનું “સર્વકાળનું અજવાળું” અને “સુર્ય” “તથા ઢાલ છે.” યશાયાહ ૬૦:૧૯ ગીતશાસ્ત્ર ૮૪:૧૧. તે તેઓના “હકમાં ઝાકળ રૂપ” થશે, અને “જેમ કાપેલા ઘાસ પર વરસાદ પડે છે, .... તેમ તેની ઉન્નતિ થતી રહેશે.” હોશિઆ. ૧૪:૫; ગીતશાસ્ત્ર ૭૨:૬. તે જીવતું પાણી, તેમજ “આકાશમાંથી જે ઉતરીને જગતને જીવન આપે છે, તે દેવની રોટલી છે.” યોહાન ૬:૩૩.

પોતાના પુત્રનું અનુપમ દાન આપીને ઈશ્વરે કૃપાના વાતાવરણથી આખા જગતને ઘેરી લીધું છે, અને તે પૃથ્વીના ગોળાને હવાએ ઘેરી લીધે છે એટલું જ સત્ય છે. જેઓ આ હવાનો શ્વાસ લેવાનું પસંદ કરશે તે જીવશે અને ઈસુ ખ્રીસ્તમાં નર નારીએ રૂપે કદમાં વૃદ્ધિ-વિકાસ પામશે.

જેમ પુષ્પ સૂર્ય તરફ ફરે છે અને તેનો પ્રકાશ તેની સુંદરતા અને આકાર પૂર્ણ કરવામાં મદદ કરે છે તેમ આપણે ન્યાયીપણાના સૂર્ય તરફ જોઈએ કે જેથી સ્વર્ગનો પ્રકાશ આપણા પર પડે અને આપણું ચારિત્ર્ય વિકાસ પામીને ખ્રીસ્તના ચારિત્ર્ય જેવું થાય.

**(૪) આપણે કઈરીતે ઈસુમાં નિરંતર વૃદ્ધિ પામી શકીએ છીએ અને સારા ફાળો આપનાર બની શકીએ છીએ?**

*હું તો દ્રાક્ષાવેલો છું, ને તમે ડાળીઓ છો. જે મારામાં રહે છે, અને હું તેનામાં, તે જ ઘણાં ફળ આપે છે; કેમ કે મારાથી નિરાળા રહીને તમે કંઈ કરી શકતા નથી. (યોહાન ૧૫:૫)*

એજ શિક્ષાણ આપતાં ઈસુ કહે છે કે, જેમ ડાળી વિકાસ તથા ફળ માટે થડ પર આધાર રાખે છે, તેમ પવિત્ર જીવન

જીવવા માટે તમે ખ્રીસ્ત પર આધાર રાખો છો. તેનથી નિરાળું તમને જીવન નથી. પરીક્ષાણ સામે થવા માટે અથવા કૃપા અને પવિત્રતામાં વૃદ્ધિ-વિકાસ પામવાં માટે તમારામાં શકિત નથી. તેનામાં રહેવાથી તમે વૃદ્ધિ પામશો. તેનામાંથી જીવનરસ મેળવશો, તો તમે સુકાશો નહિ, તેમ નિષ્ફળ પણ નહિ થશો. તમે નદીના પાણી પાસે વાવેલ ઝાડની માફક વૃદ્ધિ પામશો.

**(૫) આપણાં વિશ્વાસનો સ્રોત કોણ છે અને આપણા ખ્રિસ્તી અનુભવ દરમિયાન તે કઈરીતે વૃદ્ધિ પામી શકે?**

***આપણે આપણા વિશ્વાસના અગ્રેસર તથા તેને સંપૂર્ણ કરનાર ઈસુની તરફ લક્ષ રાખીએ કે, જેમણે પોતાની આગળ મૂકેલા આનંદને લીધે શરમને તુચ્છ ગણીને મરણસ્તંભનું [દુ:ખ] સહન કર્યું, અને જે ઈશ્વરના રાજયાસનની જમણી તરફ બેઠેલા છે. (હિબ્રૂ ૧૨:૨)***

કેટલાકને એવો ખ્યાલ હોય છે કે, કેટલુંક કામ પોતે એકલાએજ કરવું જોઈએ. તેઓ પાપની માફી માટે ખ્રીસ્તમાં વિશ્વાસ રાખતાં હતાં. પરંતુ પોતાના પ્રયત્નથી ખરૂં જીવન જીવવા પ્રયત્ન જરૂર કરે છે. પરંતુ આવો દરેક

પ્રયત્ન જરૂર નિષ્ફળ જાય છે. ખ્રીસ્ત કહે છે કે, “મારાથી નિરાળા રહીને તમે કંઈ પણ કરી શકતા નથી.” કૃપામાં આપણો વિકાસ, આપણો આનંદ અને આપણી ઉપયોગીતા એ બધું આપણા ખ્રીસ્ત સાથેના ઐકય પર આધાર રાખે છે. તેની સાથે સંબંધ રાખવાથી -હંમેશ, હર ઘડી તેનામાં જ રહેવાથી જ આપણે કૃપામાં વૃદ્ધિ પામીએ છીએ. તે આપણા વિશ્વાસનો ઉત્પન્ન કર્તા છે એટલું જ નહિ, તે તો સંપૂણકર્તા છે. તે પહેલો, છેલ્લો અને હંમેશાં છે. તે શરૂઆતમાં અથવા અંતમાં આપણી સાથે રહે છે એટલું જ નહિ પણ તેને તો દરેક ને પગલે આપણી સાથે રહેવાનું છે. દાઉદ કહે છે કે, “મે મારી સન્મુખ યહોવાહને નિત્ય રાખ્યો છે; તે મારે જમણે હાથે છે, તેથી મને ખસેડનાર કોઈ નથી.” ગીતશાસ્ત્ર ૧૬:૮.

## (૬) આપણે કઈરીતે નિરંતર ખ્રિસ્તમાં વળગેલા રહી શકીએ?

*તેથી જેમ તમે ખ્રિસ્ત ઈસુ પ્રભુને સ્વીકાર્યા છે તેમ તમે તેમનામાં ચાલો, અને તેમનામાં જડ નાખેલા તથા સ્થપાયેલા થઈને, તથા મળેલી શિખામણ પ્રમાણે વિશ્વાસમાં દઢ રહીને તેમની વધારે ને વધારે આભારસ્તુતિ કરો. (કલોસી ૨:૬-૭)*

શું તમે એમ પુછો છો કે, “હું ખ્રીસ્તમાં કેવી રીતે રહુ?” - પ્રથમ તમે તેને સ્વીકાર્યો હતો તેવી જ રીતે. - “જેમ તમે ખ્રીસ્ત ઈસુ પ્રભુને સ્વીકાર્યો છે તેમ તેનામાં ચાલો.” “ન્યાયી(સેવક) વિશ્વાસથી જીવશે.” કલોસી ૨:૬; હેબ્રી ૧૦:૩૮. તમે સંપૂર્ણ ઈશ્વરના થવા માટે અને તેની સેવા કરવા તેમજ તેને આધીન રહેવા માટે પોતાની જાતને ઈશ્વરને અર્પણ કરી છે, અને પોતાના ત્રાતા તરીકે ખ્રીસ્તને સ્વીકાર્યો છે. તમે પોતાના જ પ્રયત્નથી જ પ્રાયશ્ચિત તમે તેનામાં વૃદ્ધિ પામવાના છો . -વિશ્વાસ આપો અને વિકાસ લ્યો. તમારે હ્રદય , ઈચ્છા અને સેવા બધું તેને આપવાનું છે; તેની બધી જરૂરીઆતોને તાબે રહેવા પોતાની જાતને અર્પણ કરવાની છે; અને તમારે આધીન રહેવાની શકિત મેળવવા માટે સર્વ આશિર્વાદોની સંપૂર્ણતા સમા ખ્રીસ્તને - તમારા હ્રદયમાં વાસ કરવા માટે તેમજ શકિતવાન તથા ન્યાયી બનાવવા માટે અને સદાનો સહાયક થવા માટે -સ્વીકારવાનો છે.

**(૭) પ્રત્યેક દિવસની શુરુઆતમાં પ્રભુને અને આપણાં જીવન માટે તેમની બુદ્ધિને શોધવી શા માટે જરૂરી છે?**

***મારા પર પ્રેમ કરનારાઓ પર હું પ્રેમ રાખું છું; જેઓ ખંતથી મને શોધે છે***

*તેઓને હું પ્રાપ્ત થઈશ. (નીતિવચન ૮:૧૭)*

પ્રભાતમાં પ્રથમ કામ તમારી જાતને ઈશ્વરને અર્પણ કરવાનું કરજો, અને પ્રાર્થના કરજો કે, "ઓ પ્રભુ, મને સંપૂણ રીતે પોતાનો કર, હું મારી બધી યોજનાઓ તારા ચરણે ધરૂં છું. મારો આજે તારી સેવામાં ઉપયોગ કરજે. મારામાં રહેજે અને મારૂં બધું કામ તારામાં થવા દેજે." આ રોજનું કામ છે. દરરોજ સવારે તે દિવસને માટે પોતાની જાતને ઈશ્વરને અર્પણ કરજો. તમારી બધી યોજનાઓ તેની આગળ મૂકજો અને તેની ઈચ્છા પ્રમાણે પાર ઉતારજો અથવા છોડી દેજો. આ રીતે દીવસે દીવસે તમે પોતાના જાતને ઈશ્વરના હાથમાં વધારે ને વધારે આપી શકશો, તેમ તેમ તમારૂં જીવન ખ્રીસ્તના જીવન જેવું વધારે ને વધારે બનશે.

(૮) આપણાં હૃદયમાં શાંતિ સ્થાપિત કરવા માટેનો માર્ગ કયો છે?

*દઢ મનવાળાને તમે શાંત જ રાખશો; કેમ કે તેનો ભરોસો તમારા પર છે. યહોવા પર સદા ભરોસો રાખો;*
*કેમ કે યહોવા ઈશ્વર સનાતન ખડક છે. (યશાયા ૨૬:૩-૪)*

***પણ આપણે સર્વ ઉઘાડે મુખે જાણે કે આરસીમાં પ્રભુનો મહિમા નિહાળીને પ્રભુના આત્માથી અધિકાધિક મહિમા ધારણ કરતાં તે જ રૂપમાં રૂપાંતર પામીએ છીએ. (૨ કરિંથી ૩:૧૮)***

ખ્રીસ્તમાં જીવવું એટલે આરામમાં જીવવું. લાગણીઓનો આવેશ નહિ હોય તો ચાલશે, પણ નિરંતર શાંત વિશ્વાસની તો જરૂર છે જ. તમારી આશા પોતાનમાં નહિ, પણ ખ્રીસ્તમાં છે. તમારી અશકિત તેની શકિત સાથે, અજ્ઞાન તેના ડહાપણ સાથે, અને દુર્બળતા તેની સબળતા સાથે જોડાઈ ગઈ છે. માટે હવે તમારી પોતાની જાત તરફ જોવાનું નથી - પોતાનો વિચાર કરવાનો નથી. પણ ખ્રીસ્ત તરફ જોવાનું છે. તમારા માનને ખ્રીસ્તની પ્રીતિ અને તેના ખ્રીસ્તની શરમ, ખ્રીસ્તની શુદ્ધતા અને પવિત્રતા ખ્રીસ્તનો અનુપમેય પ્રેમ- આ આત્મા માટે ચિંતનના વિષ્ય છે. તેને ચાહવાથી, તેની નકલ કરવાથી અને તેના પર સંપૂર્ણ આધાર રાખવાથી. તમે બદલાઈ તેના જેવા થવાનાં છો.

**(૯) દરેક મનુષ્યોને ખ્રિસ્તે શેનું આમંત્રણ આપ્યું છે?**

***ઓ વૈતરું કરનારાઓ તથા ભારથી લદાયેલાઓ, તમે સર્વ મારી પાસે આવો, ને હું તમને વિસામો આપીશ. (માથ્થી ૧૧:૨૮)***

ઈસુ કહે છે કે, “મારામાં રહો.” આ શબ્દોમાં આરામ, દૃઢતા તથા ભરોસાનો અર્થ સમાએલો છે. વળી તે તમને આમંત્રણ આપે છે કે, “મારા પાસે આવો, ને હું તમને ..... વિસામો આપીશ.” માત્થી ૧૧:૨૮,૨૯. ગીતશાસ્ત્રકારનાં વચનોમાં પણ એજ વિચાર રહેલો છેઃ “યહોવાહની આગળ શાંત થા, અને તેની વાટ જો..” અને યશાયાહ તો ખાતરી આપે છે કે, “શાંત રહેવાથી તથા શ્રદ્ધા રાખવાથી તને સામથ્ર્ય મળશે.” ગીતશાસ્ત્ર ૩૭:૭; યશાયાહ ૩૦:૧૫, આ આરામ નિવૃત્તિમાં મળતો નથી. કારણ કે ત્રાતાનાં આમંત્રણમાં આરામનાં વચન સાથે વૈતરા માટે બોલાવે છે. “મારી ઝુંસરી તમે પોતા પર લો, ..... ને તમે.... વિસામો પામશો.” માત્થી ૧૧:૨૯. જે હ્રદયમાં ખ્રીસ્ત સૌથી વધારે આરમ લે છે, તે તેના માટે વૈતરૂં કરવામાં ઘણી મહેનતા તથા ઉત્સાહ બતાવશે.

**(૧૦) ખ્રિસ્ત સાથેના જોડાણ અને પ્રભુભોજન માંથી આપણને દૂર કરવા**

**માટે શેતાન કયા ત્રણ માર્ગોનો ઉપયોગ કરે છે?**

***પણ આ કાળની ચિંતાઓ તથા દોલતનો આનંદ તથા બીજી વસ્તુઓનો લોભ તેઓમાં પ્રવેશ પામીને વાતને દાબી નાખે છે, ને તે નિષ્ફળ થાય છે. (માર્ક ૪:૧૯)***

જયારે મન પોતાનો જ વિચાર કરવા બેસે છે, ત્યારે તે શકિત અને જીવનદાતા ખ્રીસ્ત તરફથી ફરી જાય છે. તેથી શેતાન હંમેશાં માણસનું ધાયન તેના ત્રાતા તરફ જતું હોય, તો તેને બીજી તરફ દોરવાં પ્રયત્ન કરે છે, અને માણસનો ખ્રીસ્ત સાથે મેળવા તથા સંબંધ થતો હોય, તે અટકાવવા પ્રયત્ન કરે છે. જગતની મોઝમઝા, જીવનની જંજાળો, ગુંચવણો અને દીલગીરીઓ, બીજાની ભૂલો અથવા પોતાની ભૂલો અને ખામીઓ- આમાંની કોઈ અથવા બધી બાબતો તરફ તે માણસનું લક્ષા ખેંચવા પ્રયત્ન કરે છે. તેની યુકિતઓથી ખોટે રસ્તે દોરવાતા નહિ.

**(૧૧) આપણને અનંત જીવન મળી ગયું છે તેની ખાતરી આપણે કેવી રીતે મેળવી શકીએ?**

***જેને [ઈશ્વરનો] પુત્ર છે તેને જીવન છે. જેને ઈશ્વરનો પુત્ર નથી, તેને જીવન નથી.***

*તમને અનંતજીવન છે એ તમે જાણો, માટે તમારા ઉપર, એટલે ઈશ્વરના પુત્રના નામ પર વિશ્વાસ રાખનારા ઉપર, મેં આ વાતો લખી છે. (૧ યોહાન ૫:૧૨-૧૩)*

ઘણાં માણસો ખરેખર એક નિષ્ઠાવાળા હોય છે અને તેઓ ઈશ્વરના માર્ગે જીવન ગાળવા ઈચ્છે છે, તેઓને તેમની ભૂલો અને નબળાઈઓનો વિચાર કરાવે છે અને આ રીતે તેમને ખ્રીસ્તથી જુદા પાડી તેમના પર જય મેળવવાની આશા રાખે છે. આપણે પોતાની જાતને જ મધ્યબિંદુ ધારી લઈ આપણો ઉદ્ધાર થશે કે નહિ એવી ફીકર કર્યા કરવી નહિ. આ બધું આપણા આત્માને શકિતના મૂળથી જુદો પાડે છે. તમે પોતાની જાતને ઈશ્વરને સોંપી દો અને તેના પર શ્રદ્ધા રાખો, વાત અને વિચાર બધું ઈસુ વિષે જ કરો. તેનામાં પોતાની જાતને ખોવાઈ જવા દો. તમારી શંકાઓ દૂર કરો; ભયને કાઢી મૂકો. અને પાઉલ પ્રેરિત સાથે બોલો કે, “હું જીવું છુ, તો પણ હવેથી હું નહિ, પણ મારામાં ખ્રીસ્ત જીવે છે; અને હવે દેહામં જે મારૂં જીવન તે દેવના દીકરા પરના વિશ્વાસથી જ છે; તેણે મારા પર પ્રેમ રાખ્યો, અને મારે સારૂ પોતાનું અર્પણ કર્યું” ગલાતી ૨:૨૦. પ્રભુમાં આરામ લો. તમે જે તેને સોંપ્યું છે, તે સાચવવાને તે

શકિતવાન છે. જો તમે પોતાની જાતને તેના હાથમાં છોડી દેશો, તો તમને ચાહનાર(ઈસુ) દ્વારા તે તમને વિજયવંત બનાવશે.

**(૧૨) એક વાર ન્યાયી બનેલો વ્યક્તિ જ્યારે પાછો પાપમય માર્ગમાં જાય છે ત્યારે તેની સાથે શું થાય છે?**

***પણ જો નેક માણસ પોતાની નેકી છોડી દઈને દુષ્ટ કામ કરે, ને જે ધિક્કારપાત્ર કૃત્યો પુષ્ટ માણસ કરે છે તેઓનું અનુકરણ કરે, તો શું તે જીવવા પામશે? તેણે કરેલા નેક કામોમાંનું કોઇ પણ યાદ કરવામાં આવશે નહિ. તેણે જે જે અપરાધ તથા પાપ કર્યાં, તે જ અપરાધ તથા પાપને લીધે તે માર્યો જશે. (હઝકિયેલ ૧૮:૨૪)***

ખ્રીસ્તે મનુષ્ય સ્વભાવનો અંગીકાર કર્યો, ત્યારથી તેણે મનુષ્ય જાતને પોતાની સાથે પ્રેમની એવી સાંકળથી બાંધી લીધેલ છે, કે માણસની પોતાની ઈચ્છા સિવાય કોઈ પણ એ સાંકળ તોડી શકતું નથી. શેતાન આ સાંકળ તોડવા માટે - ખ્રીસ્ત સાથેનો આપણો સંબંધ તોડવા માટે - લાલચો સતત આપ્યા કરે છે. આ વાતમાં આપણે સાવધાન રહેવાની, પ્રાર્થના કરવાની, અને પ્રયત્ન

કરવાની જરૂર છે કે બીજો ધણી પસંદ કરવાને આપણને કોઈ લલચાવી ન શકે; કારણ કે તેમ કરવાને આપણે હંમેશાં સ્વતંત્ર છીએ. પરંતુ આપણે આપણી નજર ખ્રીસ્ત પર સ્થિર રાખીશું, એટલે તે આપણને બચાવશે. ખ્રીસ્ત તરફ જોઈશું, તો આપણે સહીસાલમત છીએ, તેના હાથમાંથી આપણને કોઈ ઝુંટવી જાય તેમ નથી. તેની તરફ સતત જોયા કરવાથી આપણે "પ્રભુના આત્માથી અધિકીધક મહિમા ધારણ કરતાં તેજ રૂપમાં રૂપંતર ધારણ કરીએ છીએ." ૨ કોરીંથી ૩:૧૮.

**(૧૩) જ્યારે આપણે ખ્રિસ્તનો અવાજ સંભાળીએ છીએ, ત્યારે આપણે તેને કઈ રીતે શોધી શકીએ?**

***તમે મને શોધશો, ને તમે તમારા ખરા હ્રદયથી મને ઢૂંઢશો ત્યારે હું તમને મળીશ. (યાર્મિયા ૨૯:૧૩)***

આ રીતે આગળના -શરૂઆતના શિષ્યો પોતાના પિરય ત્રાતા જેવા થયા હતા. એ શિષ્યોએ જયારે ઈસુના શબ્દો સાંભળ્યા, ત્યારે તેઓને તેની જરૂર જણાઈ. તેઓએ શોધ્યો, તેઓને જડયયો અને તેઓ તેની પાછળ ગયા. તેઓ ઘરમાં જમવાના મેજ પર, ઓરડામાં અને ખેતરમાં પણ તેની સાથે જ રહ્યા જેમ શિષ્ય પોતાના ગુરૂ

સાથે રહે છે તેમ તેઓ તેની સાથે રહીને મોઢેથી પોતાના રોજના પવિત્ર સત્યના પાઠો ભણ્યા. પોતાની ફરજ જાણવા માટે જેમ ચાકર શેઠ પાસે જાય તેમ તેઓ તેની પાસે જતા. તે શિષ્યો આપણી માફક “સ્વભાવે આપણા જેવા” માણસ હતાં. યાકૂબ ૫:૧૭. તેમને પણ આપણાં જેવાં જ પાપની સામે યુદ્ધો લડવાનાં હતાં; પવિત્ર જીવન ગાળવા માટે આપણા જેવી જ કૃપાની જરૂર હતી.

**(૧૪) આ વિષયમાં કયુ વિધાન બતાવે છે કે ઈશ્વરનો માણસ પણ પ્રલોભન સાથે સંઘર્ષ કરે છે?**

***કેમ કે જે સારું હું ઇચ્છું છું તે હું કરતો નથી; પણ જે ભૂંડું હું ઇચ્છતો નથી તે હું કર્યા કરું છું, (રોમન ૭:૧૯)***

યોહાન સૌથી પ્રિય શિષ્ય હતો અને જે પોતાના ત્રાતાને સૌથી વધારે મળતો આવતો હતો. તેનામાં પણ સ્વભાવથી જ ચારિત્ર્યની એટલી સુંદરતા ન હતી. તે હંમેશાં પોતાને ખરો ધરાતો અને મહત્વાકાંક્ષી હતો એટલું જ નહિ પણ કોઈ તેને ઈજા કરે, તો તે અકાળઈ ચીડાતો, પરંતુ દૈવી ચારિત્ર્ય તેની આગળ પ્રગટ થયું એટલે તેણે પોતાની ખામીઓ જોઈ અને જાણીને નમ્ર બન્યો. તેણે પ્રભુ

પુત્રના દૈનિક જીવનમાં શકિત અને ધીરજ, બળ અને મૃદુતા તેમજ પ્રતાપ અને દીનતા, જોયાં તેથી તેનુ હ્રદય ખ્રીસ્ત તરફ ખેંચાતું ગયું, તે એટલે સુધી કે તે પોતાની જાતને પોતાના ગુરૂ પરના પ્રેમમાં ભૂલી જ ગયો. તેનો ચીઢીઓ અને લોભી સ્વભાવ ખ્રીસ્તની સર્જન શકિતને આધિન થઈ ગયો. પવિત્ર આત્માની નવું બનાવવાની અસરથી-(નવ સર્જન શકિતથી) - તેનું હ્રદય નવું બની ગયું. ખ્રીસ્તના પ્રેમની શકિતએ તેના ચારિત્ર્યનું રૂપાંતર કરી નાંખ્યું. ખ્રીસ્ત સાથે મેળાપ થવાથી જરૂર આવું જ પરિણામ આવે છે. જયારે ખ્રીસ્ત હ્રદયમાં વસે છે, ત્યારે બધો સ્વભાવ બદલાઈ જાય છે. ખ્રીસ્તનો આત્મા-ખ્રીસ્તનો પ્રેમ-હ્રદયને નમ્ર બનાવે છે, આત્માને આધીન કરે છે અને વિચાર તથા ઈચ્છાઓને ઈશ્વર તથા સ્વર્ગ તરફ વાળે છે.

(૧૫) જયારે ઈસુનું સ્વર્ગારોહણ થયું ત્યારે તેણે પોતાના અનુયાયીઓ માટે કયો દિલાસાનો વાયદો આપ્યો?

*મેં તમને જે જે આજ્ઞા કરી તે સર્વ પાળવાનું તેઓને શીખવતા જાઓ. અને જુઓ, જગતના અંત સુધી હું સર્વકાળ તમારી સાથે છું." (માથ્થી ૨૮:૨૦)*

ખ્રીસ્તનું સ્વાર્ગારોહણ થયું, ત્યારે પણ તેની હાજરીની લાગણી શિષ્યોમાં હતી. તે ખ્રીસ્તની પોતાની પ્રેમ અને પ્રકાશથી ભરપુર હાજરી હત. તારનાર ઈસુ જે તેઓની સાથે ફર્યો હતો, જેણે વાતચીત અને પ્રાર્થના કરી હતી, જેણે તેમનાં હૃદયને આશા અને દીલાસો આપ્યાં હતાં, જેને શાંતિન સંદેશો આપતાં આપતાં જ સ્વર્ગમાં લઈ જવામાં આવ્યો હતો, તેનો અવાજ તેઓ પાસે ફરી આવ્યો અને દૂતો તેને આદરમાન આપતા હતા ત્યારે તેઓએ સાંભળ્યું કે, "જુઓ ,જગતનાં અંત સુધી હું સર્વકાળ તમારી સાથે છું." માત્થી ૨૮:૨૦. તે માણસના રૂપે સ્વર્ગમાં ગયો હતો. તે ઈશ્વરના સિંહાસન આગળ ગયો હતો છતાં તે પોતાનો મિત્ર અને તારનાર છે અને તેની લાગણીઓ બદલાઈ નથી તથા તે હજી દુ:ખી મનુષ્યજાત સાથે જોડાએલ છે, તે વાત તેઓ જાણતા હતા. તે ઈશ્વરની આગળ પોતાના કીંમતી લોહીના ગુણ-લાભ જણાવતો હતો અને પોતે જેઓનો ઉદ્ધાર કર્યો હતો, તેઓને માટે પોતાને આપવી પડેલ કીંમતની યાદગીરી પોતાના ઘવાએલ (વિંધાએલ) હાથ પગ બતાવતો હતો. તે સ્વર્ગમાં આપણાં

માટે જગ્યા તૈયાર કરવા ગયો છે અને પાછો આવશે અને આપણને પોતાની સાથે લઈ જશે, એ વાત તેઓ જાણતાં હતાં.

**(૧૬) ઈસુ હંમેશા પોતાના અનુયાયીઓના હૃદયમાં રહેવા માટે કેવી રીતે સક્ષમ છે?**

***અને હું પિતાને વિનંતી કરીશ, ને તે તમને બીજો સંબોધક તમારી પાસે સદા રહેવા માટે આપશે, (યોહન ૧૪:૧૬)***

સ્વર્ગારોહણ પછી તેઓ મળ્યા, ત્યારે તેઓ ઈસુને નામે બાપને વિનંતી કરવા આતુર હતા. ભયયુકત ગંભીરતાથી તેઓએ નમીને પ્રાર્થના કરી અને ખાતરીની વાત ફરીથી બોલ્યા કે, "જો તમે બાપ પાસે કંઈ માંગ્યું નથી; તમાર આનંદ સંપૂર્ણ થાય માટે માગો, ને તમને મળશે." યોહાન ૧૬:૨૩, ૨૪. "તેઓ જબરજસ્ત દલીલ સાથે પોતાનો હાથ વધારે ને વધારે ઉંચો કરતા તેદેવને જમણે કાથે છે, તે આપણે સારૂ મધ્યસ્થી પણ કરેછે." રૂમી ૮:૩૪. પચાસમાં પર્વને દિવસે જે દિલાસો આપનાર વિષે ઈસુએ કહ્યું હતું કે, "તે તમારામાં વાસો કરશે" તે આવ્યો. વળી તેણે કહ્યું હતું કે, "મારૂ જવું તમને લાભકારક છે; કેમકે જો હું નહિ જાઉં, તો સંબોધક તમારી પાસે આવશે

નહિ. પણ જો હું જાઉં, તો હું તેને તમારી પાસે મોકલી દઈશ.” યોહાન ૧૬:૭. અત્યારથી પવિત્ર આત્મા દ્વારા ખ્રીસ્ત ; પોતાનાં બાળકોનાં હ્રદયમાં હંમેશાં રહેવાનો હતો. ઈસુ પોતે તેઓની સાથે રહેત હતો તે વખતના કરતાંએ હમણાં તેઓનો સંબંધ વધારે નજીક નો થયો. અંતરમાં વસતાં ખ્રીસ્તનાં પ્રકાશ, પ્રેમ અને શકિત તેઓની મારફત નીકળ્યા, તેથી માણસો “આશ્ચર્ય પામ્યા, અને તેઓને ઓળખ્યા કે તેઓ ઈસુની સાથે હતાં.” પ્રેરિતોના કૃત્યો ૪:૧૩.

**(૧૭) જેમ ખ્રિસ્ત પોતાના શિષ્યો માટે પ્રાર્થના કરે છે તેમ બીજા કોના માટે પ્રાર્થના કરે છે?**

***વળી હું એકલા તેઓને માટે નહિ, પણ તેઓનાં વચન દ્વારા જેઓ મારા પર વિશ્વાસ કરે છે તેઓને માટે પણ વિનંતી કરું છું કે, (યોહાન ૧૭:૨૦)***

ઈસુએ આપણા માટે પ્રાર્થના કરતાં માંગ્યું હતું કે જેમ તે પોતે બાપ સાથે જોડાએલ છે તેમ આપણે પણ તેની એટલે ખ્રીસ્તની સાથે જોડાઈએ. કેવું સરસ ઐકય ! આપણા તારનારે પોતા વિષે કહ્યું છે કે, “દીકરો.... પોતે કંઈ કરી નથી શકતો ;” ” પણ બાપ મારામાં રહીને

પોતાનાં કામ કરે છે ” યોહાન ૫:૧૯ ; ૧૪:૧૦.

**(૧૮) જો આપણે દરરોજ ખ્રિસ્તમાં વળગી રહીએ અને પ્રેમમાં સત્યની વહેંચણી કરવા દ્વારા તેની સાથે કાર્ય કરીએ તો તેનું શું પરિણામ આવશે?**

***પણ પ્રેમથી સત્યને અનુસરીને, ખ્રિસ્ત જે શિર છે, તેમાં સર્વ પ્રકારે વધીએ. (એફેસી ૪:૧૫)***

એટલે જો ખ્રીસ્ત તમારા હ્રદયમાં વસતો હશે, તો તે “પોતાની પ્રસન્નતા પ્રમાણે તમારામાં ઈચ્છવાની તથા કરવાની પ્રેરણા કરશે. ” ફિલિપી ૨:૧૩. જેમ તેણે કામ કર્યું તેમ આપણે કરીશું ; આપણે તેના જેવો જ ઉત્સાહ બતાવીશું. એ રીતે ચાહતા થઈશુ, અને તેનામાં રહેતા આપણે “ખ્રીસ્ત જે શીર છે, તેમાં સર્વ પ્રકારે વધીશું.” એફેસી ૪:૧૫.

***મને સમજાયું કે જ્યારે હું ખ્રિસ્તમાં આવ્યો, ત્યારે વૃદ્ધિની પ્રક્રિયા શરૂ થઈ જે મારા આખા જીવનભર તેમણે ચાલુ રાખી.***

વર્તુળ: હા અનિર્ણિત

***ખ્રિસ્ત સાથેના મારા સંબંધમાં હું કશું જ કરી શકતો નથી: ચિંતા પણ નહિ કે કાર્ય***

પણ નહિ, જે મારા આત્મિક વૃદ્ધિનું કારણ બને.

વર્તુળ: હા અનિર્ણિત

મેં તેમને શોધવાનો અને મારી જાતને તેમના જીવન આપનારા વાતાવરણમાં મૂકવાનો નિર્ણય કર્યો જેથી તે મારી વૃદ્ધિ માટે મને મદદ કરી શકે.

વર્તુળ: હા અનિર્ણિત



## પાઠ ૧૦
## કાર્ય અને જીવન

**(૧) ઈસુ આપણને કયો સ્વર્ગીય સિદ્ધાંત અનુસરવા માટે કહે છે?**

***હું તમને નવી આજ્ઞા આપું છું કે, તમે એકબીજા પર પ્રેમ રાખો. જેવો મેં તમારા પર પ્રેમ રાખ્યો તેવો તમે પણ એકબીજા પર પ્રેમ રાખો. (યોહાન ૧૩:૩૪)***

સૃષ્ટિના જીવન, પ્રકાશ અને આનંદનું ઉત્પતિ સ્થાન ઈશ્વર છે. જેમ સૂર્યમાંથી કિરણો નીકળે છે, અને જીવતા ઝરામાંથી પાણીના પ્રવાહ નીકળી છે, તેમ તેની તરફથી તેનાં સર્વ પ્રાણીઓ તરફ આશીર્વાદો આવે છે.

પતીત થએલ મનુષ્યનો ઉદ્ધાર કરવામાં આપણા તારનારનો આંનદ હતો. એ માટે તેણે પોતાની જીંદગીને પણ વહાલી ન ગણી, પરંતુ શરમની પણ દરકાર ન કરતા તે વધસ્તંભે જડાયો. એવી જ રીતે બીજાના સુખ માટે જ હંમેશાં દૂતો કામ કર્યા કરે છે. એમાં જ તેઓને આનંદ પડે છે. સ્વાર્થી હ્રદયનાં માણસો પોતાનાથી હલકા અને દરેક બાબતમાં ઉતરતાં ચારિત્ર્ય અને દરજજાનાં માણસની સેવા કરવામાં નામોશી ગણે છે, ત્યારે નિષ્પાપી દૂતોનું તો એ કામ જ છે. ખ્રીસ્તના આત્મત્યાગી પ્રેમનુ વાતાવરણ સ્વર્ગમાં પ્રસરેલું હોય છે, અને તેના આશીર્વાદનું એ જ તત્વ છે. ખ્રીસ્તના અનુયાયીઓ એવો જ ભાવ બતાવશે અને એવુંજ કામ કરશે.

ખ્રીસ્તનો પ્રેમ હ્રદયમાં પુરેલો હોય છે, તે સુગંધની માફક સંતાએલો રહી શકતો નથી. જેના જેના સંબંધમાં આપણે આવીશુ તે બધાને તેની પવિત્ર અસર લાગશે. હ્રદયમાં રહેલો ખ્રીસ્તનો ભાવ રણમાં આવેલાં ઝરાની માફક વહે છે. અને બધાને તાજા કરે છે, અને નાશ પામાવાની તૈયારી પર આવી ગએલ માણસોને જીવનનું પાણી પીવા માટે આતુર કરે છે.

## (૨) ઈસુ શા માટે પૃથ્વી પર આવ્યો?

***જેમ માણસનો દીકરો સેવા કરાવવાને નહિ, પણ સેવા કરવાને, તથા ઘણા લોકોની ખંડણીને માટે પોતાનો જીવ આપવાને આવ્યો છે તેમ." (માથ્થી ૨૦:૨૮)***

મનુષ્ય જાતના આશિર્વાંદો અને ઉન્નતતિ માટે ઈસુની માફક કામ કારવા-માંજ ઈસુ માટેનો ખરો પ્રેમ પ્રગટ થાય છે. તેનાથી આપણા સ્વર્ગીય પિતાની સંભાળ નીચે રહેતાં બધાં પ્રાણીઓ માટે પ્રેમ, મૃદૃતા, અને દીલસોજી ઉત્પન્ન થાય છે.

તારનારે પૃથ્વી પરંતુ જીવન પોતાના એશઆરામ કે આસકિત માટે ગાળ્યુ ન હતું , પરંતુ તેણે પાપમાં ખોવાઈ ગએલ મનુષ્ય જાતના ઉદ્ધાર માટે આગ્રહભર્યા, સાચા દીલના અને આશ્રાંત પ્રયત્નો કર્યા. ગભાણથી કાલ્વરી સુધી તે ત્યાગને રસ્તે ચાલ્યો અને વિકટ ફરજો, કંટાળાભરેલી મુસાફરીઓ, તથા થકવી નાખે એવી ચિંતાઓ અને મહેનતથી સટકી જવા તેણે પ્રયત્ન પણ ન કર્યો. તેણે કહ્યું કે, "માણસનો દીકરો સેવા કરાવવાને નહિ, પણ સેવા કરવાને તથા લોકોની ખંડણીને સારૂ પોતાનો જીવ આપવાને આવ્યો છે."

માત્થી ૨૦:૨૮. આ તેના જીવનનો મહાન હેતુ હતો. બીજી દરેક બાબત તેનાથી ઉતરતી અને તેના માટે ઉપયોગી હતી. ઈશ્વરની ઈચ્છા પ્રમાણે ચાલવુ અને તેનું કામ સંપૂર્ણ કરવું એ એના જીવન માટે અન્ન અને પાણી જેવું હતું. તેના કામકાજમાં પોતાની જાત કે સ્વાર્થને કંઈ સ્થાન ન હતું.

**(૩) જ્યારે આપણે યોહાનની જેમ કૃપાના સહભાગી બનીશું ત્યારે પવિત્ર આત્મા આપણને કઈ સાક્ષીની ઘોષણા માટે દોરવણી કરશે?**

***બીજે દિવસે યોહાન પોતાની પાસે ઈસુને આવતા જોઈને કહે છે, જુઓ, ઈશ્વરનું હલવાન, જે જગતનું પાપ દૂર કરે છે! (યોહાન ૧:૨૯)***

તેથી જેઓ ખ્રીસ્તની કૃપાના ભાગીઆ હશે, તેઓ જેને સ્વર્ગીય દાનોના ભાગીઆ બનાવવા ખ્રીસ્ત મરી ગયો તેઓને માટે ગમે તે ભોગ આપવા તૈયાર થશે. તેઓ પોતાના વસવાટ માટે જગતને વધારે સારૂં બનાવવા પોતાની બનશે, તે બધુ કરશે. જેનું ખરેખરૂં બદલાણ થયું હોય તેના હ્રદયમાં આ ભાવ જરૂર વિકાસ પામે છે. માણસ ખ્રીસ્તની પાસે આવે છે કે તરત જ ખ્રીસ્ત કેવો અમૂલ્ય મિત્ર છે, એ

વાત જાહેર કરવાનો ભાગ તેના હ્રદયમાં પ્રગટ થાય છે ; તારનાર અને પાપનો નાશ કરનારથી સત્ય છુપાવી શકાતું જ નથી. જો આપણે ખ્રીસ્તનું ન્યાયીપણું પહેરીએ, તો આપણે તેના અંતરમાં વસતા આત્માનાં આનંદથી એટલા ભરપૂર થઈશું કે આપણે શાંત રહી શકીશું નહિ.પ્રભુ સારો છે, એ વાત આપણે જોઈ અને અનુભવી હશે, તો આપણે કંઈક કહીશું. ફીલીપની માફક આપણને ત્રાતા મળશે એટલે આપણે બીજાઓને પણ તેની હજુરમાં આમંત્રીશું. આપણે તેમની આગળ ખ્રીસ્તનું આકર્ષણ અને બીજી દુનીઆની નહિ જોએલ એવી હકીકતો રજુ કરીશું. જે રસ્તે ઈસુ ગયો, તે રસ્તે જવાની આપણને ઉત્કટ ઈચ્છા થશે. આપણી આજુબાજુના લોકો “દેવનું હલવાન, જે જગતનાં પાપ દૂર કરે છે” તેને જુએ એવી આપણા હ્રદયમાં ઉત્કંઠા ઉત્પન્ન થશે.

**(૪) બીજાઓ માટે નિસ્વાર્થ પણે કરેલા કાર્યનું શું પરિણામ છે?**

*ઉદાર જીભ પુષ્ટ થશે; અને પાણી પાનાર પોતે પણ પીશે. (નીતિવચન ૧૧:૨૫)*

અને બીજાને આશિર્વાદ આપવાના પ્રયત્નોની પ્રતિક્રિયા થતાં આપણને

પોતાને આશિર્વાદ મળશે. પાપમાંથી છુટા કરવાની યોજનમાં આપણને ભાગ આપ્યો તેમાં ઈશ્વરનો એ જ હેતુ હતો. તેણે માણસને દૈવી સ્વભાવનાં ભાગીઆ થવાનો હક આપ્યો છે અને બદલામાં માણસે તે જ આશિર્વાદો પોતાના ભાઈઓમાં વેરવાના છે. ઈશ્વર માણસને આપી શકે તેવું ઉંચામાં ઉંચું માન અને મોટામાં મોટો આનંદ આમાં છે. આ રીતે જેઓ પ્રેમની મજુરીમાં ભાગ લે છે, તેઓ પોતાના ઉત્પન્ન કર્તાની નજીકમાં નજીક જાય છે.

સુવાર્તાનો સંદેશો અને પ્રેમાળ સેવાનું બધું કામ ઈશ્વર પોતાના સ્વર્ગીય દૂતોને સોંપી શકત; પોતાનો હેતું સાધવા માટે બીજાં સાધનોનો ઉપયોગ કરી શકત. પરંતુ પોતાના અપાર પ્રેમને લીધે તેણે આપણને પોતાની સાથે, ખ્રીસ્તની સાથે અને દૂતોની સાથે કામ કરનાર બનાવાવનું પસંદ કર્યું કે જેથી નિસ્વાર્થ સેવા કરવાથી જે આશિર્વાદ, આનંદ અને આધ્યાત્મિક ઉન્નતિ પ્રાપ્ત થાય છે, તે આપણને પણ પ્રાપ્ત થાય.

**(૫) આત્મબલિદાન માટે ખ્રિસ્તે કયુ ઉદાહરણ આપ્યું?**

*કેમ કે તમે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તની કૃપા જાણો છો કે, તે ધનવાન છતાં તમારે*

*લીધે દરિદ્રી થયા, એ માટે કે તમે તેમની દરિદ્રતાથી ધનવાન થાઓ. (૨ કરિંથી ૮:૯)*

ખ્રીસ્તે દુ:ખ સહન કર્યાં તેથી તેના માટે બતાવવામાં આવેલીસ દીલસોજી આપણાચ માટે બતાવાય છે, બીજાના ભલા માટે કરેલું આત્મભોગનું દરેક કાર્ય તે કરનારના હ્રદયમાં પરોપરકારનો ભાવ મજબુત કરે છે. અને તેને જગતનાં ઉદ્ધારકથી નજીક લઈ જાય છે. “તારનાર ધનવવાન છતાં તમારે લીધે દરિદ્રી થયો, એ માટે કે તમે તેની દરિદ્રતાથી ધનવાન થાઓ..” આ રીતે આપણે આપણી ઉત્પતિનો દૈવિ હેતુ પુરો કરીએ, તો જ આપણું જીવન આપણા માટે આશિર્વાદરૂપ નીવડે.

પોતાના શિષ્યોએ કેવી રીતે કામ કરવું તે વિષે ખ્રીસ્તે યોજના કરી છે, તે પ્રમાણે કરવા અને માણસોની તેની તરફ લાવવા જશો, તો તમને વધારે ઉંડા અનુભવ તથા જ્ઞાનની જરૂર જણાશે અને તમને ન્યાયીપણાની ભૂખ તથા તરસ લાગશે. તમે ઈશ્વર આગળ વિનંતી કરશો, તમારો વિશ્વાસ મજબુત થશે અને તમારો આત્મા મુકિતના કુવાનાં ઉંડા પાણી પીશે. વિરોધો અને સંકટો સામે ઝઝુમતાં તમારે બાઈબલ અને પ્રાર્થના તરફ વળવું પડશે.

તમે કૃપામાં તથા ખ્રીસ્ત વિષેના જ્ઞાનમાં વધશો અને અનુભવમાં સમૃદ્ધ થશો.

(૬) બીજાઓ સુધી પંહોચી વળવા માટેની ઈચ્છા આપણને કોણ આપે છે?

*કેમ કે જે પોતાની પ્રસન્નતા પ્રમાણે તમારામાં ઇચ્છવાની તથા કરવાની પ્રેરણા કરે છે, તે તો ઈશ્વર છે. (ફિલિપી ૨:૧૩)*

(૭) બીજાઓના ભલા માટે નિસ્વાર્થ કાર્ય કરવા જેઓ પોતાની જાતને સોંપે છે તેઓને કયો આશીર્વાદ મળશે?

*અને તારી ઈષ્ટ વસ્તુઓ જો ભૂખ્યાઓને આપી દે, અને દુ:ખી માણસના જીવને તૃપ્ત કરે, તો તારો પ્રકાશ અંધકારમાંથી ઝળકી ઊઠશે, ને તારો ગાઢ અંધખાર બપોરના જેવો થઈ જશે. યહોવા તને નિત્ય દોરશે, ને સુકવણાની વેળાએ તારો જીવ તૃપ્ત કરશે, ને તને નવું બળ આપશે. તું સારી રીતે પાણી પીવડાવેલી વાડીના જેવો, ને ઝરાના અખૂટ પાણીના જેવો થઈશ. (યશાયા ૫૮:૧૦-૧૧)*

બીજાઓની નિ:સ્વાર્થ સેવા કરવાથી મનુષ્યના ચારિત્ર્યામં ગૌરવ, દ્ઢતા અને ખ્રીસ્તના ચારિત્ર્ય જેવી સુંદરતા આવે છે

અને માણસ શાંત અને સુખી થાય છે. તેની અભિલાષાઓ ઉંચી થાય છે. આળસ કે સ્વાર્થને તેના જીવનમાં સ્થાન મળતું નથી. જેઓ આ રીતે ખ્રીસ્તની કૃપાઓનો ઉપયોગ કરશે, તેઓ વિકાસ પામશે અને ઈશ્વરનું કામ કરવા માટે બળવાન થશે, તેઓને શુદ્ધ આત્મિક વિચારો, દૃઢ અને વધતો જતો વિશ્વાસ તથા પ્રાર્થના કરવાની શકિત મળશે. ઈશ્વરનો આત્મા તેના પર અસર કરે છે અને તે ઈશ્વરી અસરનાં પરિણામે આત્માની સંપૂર્ણ ઐકયતા ઉત્પન્ન કરે છે. આ રીતે જેઓ બીજાના ભલાને માટે નિ:સ્વાર્થ પ્રયત્નો કરે છે, તેઓ બેશક પોતાને માટે મુકિતનો રસ્તો તૈયાર કરે છે.

**(૮) પવિત્ર આત્મા દ્વારા આશીર્વાદિત થયેલા કયા બે કાર્યો આપણી આત્મિક વૃદ્ધિનું પરિણામ બનશે?**

*પણ જે છૂટાપણાના સંપૂર્ણ નિયમમાં નિહાળીને જુએ છે, અને તેમાં રહે છે, જે સાંભળીને ભૂલી જનાર નહિ, પણ કામ કરનાર થાય છે, તે જ માણસ પોતાના વ્યવહારમાં ધન્ય થશે. (યાકૂબ ૧:૨૫)*

કૃપામાં વધવાનો એક જ રસ્તો છે, તે એ કે ખ્રીસ્તે જે કામ કરવાનું આપણને સોંપ્યું છે તે નિ:સ્વાર્થ બુદ્ધિથી કરવું એટલે

આપણે કરી શકીએ એવી મદદની જેને જરૂર હોય, તેને બની શકે તેટલી મદદ કરવી અને તેઓને આશિર્વાદ આપવા. કસરત કરવાથી શકિત આવે છે : પ્રવૃત્તિએ જીવનની પહેલી શરત છે.

જેઓ કૃપા દ્વારા મળતા આશિર્વાદો સ્વીકારી શાંત બેસી રહીને ખ્રીસ્તી જીવન ગાળવા પ્રયત્ન કરે છે અને ખ્રીસ્તને માટે કાંઈ જ કરતા નથી, તેઓ કામ કર્યા વિનાજ ખાઈને જીવવાનો પ્રયત્ન કરે છે. કુદરતી જગતની માફક આત્મીક જગતમા પણ આના પરિણામે નબળાઈ અને પડતી આવે છે. જે માણસ કસરત કરવાની ના કહે છે, તે પોતાનાં અવયવો વાપરવાની શકિત ગુમાવી બેસે છે. આ રીતે જે ખ્રીસ્તી ઈશ્વરે આપેલી શકિતઓનો ઉપયોગ કરતો નથ. તે ખ્રીસ્તમાં વધતો નથી, એટલું જ નહિ પણ તે પોતામાં હોય, તે શકિત પણ ગુમાવી બેસે છે.

**(૯) ખ્રિસ્તે પોતાની મંડળીને કયુ કાર્ય સોપ્યું છે?**

*એ માટે તમે જઈને સર્વ દેશનાઓને શિષ્ય કરો, પિતા તથા પુત્ર તથા પવિત્ર આત્માને નામે તેઓને બાપ્તિસ્મા આપતા જાઓ. મેં તમને જે જે આજ્ઞા કરી તે સર્વ પાળવાનું તેઓને શીખવતા જાઓ. અને*

*જુઓ, જગતના અંત સુધી હું સર્વકાળ તમારી સાથે છું.” (માથ્થી ૨૮:૧૯-૨૦)*

ખ્રીસ્તની મંડળી એ માણસના તારણ માટે ઈશ્વરે નીમેલ સંસ્થા છે. તેનું કામ જગતને સુવાર્તા પહોંચાડવાનું છે. અને તે ફરજ બધા ખ્રીસ્તીઓ પર છે. પોતાની બુદ્ધિ અને પોતાને મળતી તક પ્રમાણે દરેક જણે તારનારનું કામ પુરૂં કરવાનું છે. આપણી આગળ પ્રગટ થએલો ખ્રીસ્તનો પ્રેમ જેઓ તેને નથી જાણતાં તેના આપણને દેવાદાર બનાવે છે. ઈશ્વરે આપણને જે પ્રકાશ આપ્યો છે, તે આપણા એકલાના જ માટે નહિ, પણ તેમના પર પાડાવને આપેલો છે.

જો ખ્રીસ્તના અનુયાયીઓ પોતાની ફરજ સમજે- બજાવવા તૈયાર થાય,તો જે દેશો ખ્રીસ્તથી નથી તેવા દેશોમાં આજયે જયાં એક સુવાર્તા પ્રગટ કરનાર છે, ત્યા હજારો હોત . અને જે જાતે કામમાં જોડાઈ શકે તેવા સંજોગોમાં ન હોત, તેઓ પોતાનાં સાધનો ,દીલસોજી અને પ્રાર્થનાથી તે કામને ટેકો આપણ. અને ખ્રીસ્તી દેશોમાં ઘણી જ વધારે આતુરતાપૂર્વક સેવા થાત.

**(૧૦) ખ્રિસ્તી તરીકે, આપણને ખ્રિસ્ત માટે કાર્ય કરવા કઈ સ્થિતિમાં તેડવામાં આવ્યા છે?**

*ભાઈઓ, જે [સ્થિતિ] માં દરેકને તેડવામાં આવ્યા હોય તે સ્થિતિમાં તેણે ઈશ્વરની સાથે રહેવું. (૧ કરિંથી ૭:૨૪)*

ખ્રીસ્ત સારૂ કામ કરવા માટે આપણી ફરજ આપણા કૌટુંબીક વર્તુળમાં જ સમાઈ જતી હોય, તો તે છોડવાની કે વિદેશીઓનાં દેશોમાં જવાની પણ જરૂર નથી. આ કામ આપણે કુટુંબના માણસોમાં મંડળીમાં, આપણી સાથે સંબંધમાં આવતાં માણસોમાં અને આપણે જેની સાથે ધંધા કરતા હોઈએ તેવા લોકોમાં કરી શકીશું.

આપણા ત્રાતાના પૃથ્વી પર ના જીવનનો મોટો ભાગ નાઝારેથના સુથારની દુકાનમાં ધીરજથી કામ કરવામાં ગયો હતો. જયારે જીવનનો પ્રભુ ખેડુતો અને મજુર સાથે ફરતો હતો અને તેઓ તેને ઓળખતા કે માન આપતા ન હતા, ત્યારે પણ સેવા કરનાર દૂતો તેની પાસે હાજર હતાંફ માંદાને સાજાં કરતી વખતે અથવા ગાલીલના સમુદ્રના મોજાં પર ચાલતી વખતે ઈસુ પોતાને સોંપેલું કામ જેટલી સંપૂર્ણ રીતે કરતો હતો, તેટલી જ સંપૂર્ણ રીતે તે પોતાનો ગરીબ ધંધો ચલાવતાં પણ કરતો હતો. એવી રીતે આપણે પણ જીંદગીમાં નમ્રમમાં નમ્ર ફરજમાં અને હલકામાં હલકા

સ્થાનમાં ઈસુ સાથે ચાલી શકીએ અને કામ કરી શકીએ.

પ્રેરિત કહે છે કે, “જે સ્થિતીમાં દરેકને તેડવામાં આવ્યો હોય તે સ્થિતીમાં તેણે દેવની સાથે રહેવું.” ૧ કરીંથી ૭:૨૪. ધંધારાર પોતાના વિશ્વાસુપણાથી એવી રીતે ધંધો કરશે, તે દરેક કામમાં ધર્મ બતાવશે અને માણસોની આગળ ખ્રીસ્તનો ભાવ પ્રગટ કરશે. કારીગર જે ખ્રીસ્તે ગાલીલીની ટેકરીમાં નીચા ગણાતા કામ-ધંધા કર્યા છે, તે ખ્રીસ્તનો મહેનતુ અને વિશ્વાસુ પ્રતિનિધિ થશે, ખ્રીસ્તનું નામ લેતો હોય, તે દરેક જણે એવી રીતે કામ કરવું જોઈએ કે તેના સારાં કામો જોઈને બીજાઓ પોતાના ઉત્પન્ન કરનાર અને તારનારનો મહીમા ગાવા પ્રેરાય-દોરાય.

**(૧૧) ભલે આપણે તેઓને નમ્ર ગણાતા હોઈએ, પણ ખ્રિસ્ત માટે સેવા કરવાને આપણા તાલંતોનો ઉપયોગ કરવાને શા માટે ઘણું મહત્વ આપવામાં આપ્યું છે?**

***મારામાંની પ્રત્યેક ડાળી જેને ફળ આવતાં નથી, તેને તે કાપી નાખે છે; અને પ્રત્યેક [ડાળી] જેને ફળ આવે છે, તેને વધારે ફળ આવે માટે તે તેને શુદ્ધ કરે છે. (યોહાન ૧૫:૨)***

ઘણા માણસો ખ્રીસ્તની સેવામાં પોતાનાં દાનો ન આપતાં બહાના બતાવે છે કે બીજાઓને અમારા કરતાં વધારે સારાં દાન અને લાભો મળ્યા છે. એવો પણ મત ચાલે છે કે જેઓ ખાસ બુદ્ધિશાળી છે તેમને જ પોતાની શકિતઓ ઈશ્વરની સેવા માટે વાપરવાની છે. ઘણાં એવું સમજે છે કે અમુક માનીતા વર્ગને જ બુદ્ધિ આપવામાં આવી છે અને બીજાઓને તેનાથી દૂર રાખવામાં આવ્યા છે, એટલે તેમને કંઈ મજુરીમાં -સેવામાં કે તેના ફળમાં ભાગ લેવાનો નથી. પરંત દ્દષ્ટાંતમાં એવું બતાવવામાં આવ્યું નથી. જયારે ઘરધણીએ સેવકોને બોલાવ્યા, ત્યારે તેણે દરેક જણને તેની લાયકાત પ્રમાણે કામ સોંપ્યું.

**(૧૨) જ્યારે ઈશ્વર પ્રત્યેના પ્રેમથી આપણું હ્રદય ભરાઈ જાય, ત્યારે કઈ રીતે આપણે જીવનના નમ્ર કર્તવ્ય તરફ પહોંચી શકીએ?**

*માણસોને પ્રસન્ન કરનારાઓની જેમ દેખરેખ હોય ત્યાં સુધી જ ચાકરી કરનારાની રીતે નહિ, પણ ખ્રિસ્તના દાસોની જેમ, જીવથી ઈશ્વરની ઇચ્છા પૂરી કરો. 7માણસોની ચાકરી નહિ, પણ જાણે તે પ્રભુની હોય તેમ સમજીને ખુશીથી કરો. (એફેસી ૬:૬-૭)*

"જાણે પ્રભુને સારૂ છે , એમ સમજીને" "આપણે જીવનનું હલકામાં હલકું કામ કરવું જોઈએ." કોલોસી ૩:૨૩. જો હ્રદયમાં ઈશ્વરનો પ્રેમ હશે, તો તે જીવનમાં જણાઈ આવશે. ખ્રીસ્તની મધુર સુવાસ આપણી ચારે બાજુ ફેલાઈ રહેશે અને આપણી અસર બીજાને ઉંચા કરશે અને આશિર્વાદ આપશે.

**(૧૩) જો ઈશ્વર સાથે નો આપણો સંબંધ સાચો છે, તો દરેક બાબતમાં આપણો હેતુ શું હશે?**

***માણસોને માટે નહિ પણ જાણે પ્રભુને માટે છે, એમ સમજીને જે કંઈ તમે કરો, તે બધું ખરા દિલથી કરો, (કલોસી ૩:૨૩)***

ઈશ્વર માટે કામ કરવા જતાં પહેલાં તમારા મોટા પ્રસંગોની રાહ જોવાની કે અસાધારણ શકિતની આશા રાખી બેસી રહેવાની જરૂર નથી. જગત આપણા વિષે શું ધારશે, એવો વિચાર કરવાની પણ તમારે જરૂર નથી. જો તમારૂં હંમેશનું જીવન તમારા વિશ્વાસન શુદ્ધતા અને સત્યતાની સાક્ષી રૂપ હશે અને તમે બીજાઓને ફાયદો કરવા ઈચ્છો છો, એવી તેઓને ખાતરી થશે, તો તમારા પ્રયત્નો બધા તો નિષ્ફળ નહિ જાય.

**(૧૪) વિશ્વાસ અને વહેંચણીના જીવનમાંથી શું પરિણામ આવશે?**

*પણ આટલું [તો ખરું છે] કે, જે કૃપણતાથી વાવે છે તે લણશે પણ કૃપણતાથી; અને જે ઉદારતાથી વાવે છે, તે લણશે પણ ઉદારતાથી. (૨ કરિંથી ૯:૬)*

ઈસુના નમ્રમાં નમ્ર અને ગરીબમાં ગરીબ શિષ્ય પણ બીજાઓને આશિર્વાદરૂપ થઈ શકે છે. પોતે કંઈ ખાસ ભલું કરે છે એવું તેમને નહિ લાગે, પરંતુ પોતે અજાણતાં પાડેલી અસરથી થેઓ આશિર્વાદનાં મોજાં પેદા કરશે અને તે પહોળાં અને ઉંડા થતાં જશે; વળી તેઓ તો કદાચ તેનાં ધન્ય પરિણામ છેલ્લા બદલાના દિવસ સુધી જાણશે પણ નહિ. આપણે કંઈ મોટું કામ કરીએ છીએ એવુ તેઓ જોતા કે જાણતાં નથી. તેઓને ફતેહની ચિંતા કરવાની જરૂર નથી પડતી. તેઓને તો ફકત શાંતિથી ઈશ્વરની યોજનમાં પોતાના માટે નકકી કરેલું કામ કરતા ચાલ્યા જવાનું છે. તેમનાં જીવન વ્યર્થ જવાનાં નથી. તેમનાં આત્મા ખ્રીસ્તના આત્મા જેવા વધતા જશે; તેઓ આ જીંદગીમાં ઈશ્વરની સાથે કામ કરનારા છે અને આ રીતે વધારે ઉંચા કામ અને ભવિષ્યનાં જીવનનાં શુદ્ધ આનંદ માટે લાયક બને છે.

મનુષ્યજાતિની જરૂરીયાત પૂરી પાડવા માટે ઈસુએ સ્વર્ગનો મહિમા છોડયો માટે હું તેમનો આભારી છું.

વર્તુળ: હા અનિર્ણિત

હું પ્રાર્થના કરું છું સુવાર્તા પ્રચાર કરવા માટે પવિત્ર આત્મા મને ઈસુનું ઉદાહરણ અનુસરવા મારી દોરવણી કરે: પહેલું, માણસો સાથે ભળી જવું અને મિત્ર બનાવી; બીજું, તેઓની શારીરિક જરૂરીયાત માટે દયા બતાવવી અને તેઓનો ભરોષો જીતવો; અને પછી તેઓને સુવાર્તા આપવી.

વર્તુળ: હા અનિર્ણિત

મને સમજાય છે કે જેઓ બીજાની સેવા કરે છે તેઓને જ સમૃદ્ધ આત્મિક આશીર્વાદો અને વૃદ્ધિ મળે છે. હું મારા જીવનને ઈશ્વરની સેવા માટે સમર્પિત કરું છું અને પ્રાર્થના કરું છું કે બીજાઓની સેવા કરવા માટે તે મારું માર્ગદર્શન કરે.

વર્તુળ: હા અનિર્ણિત



## પાઠ ૧૧
## ઈશ્વરનું જ્ઞાન

**(૧) એવો કયો સ્ત્રોત છે જે પરીશ્વર અને તેમની અદભુત મહિમાને પ્રગટ કરે છે?**

***આકાશો ઈશ્વરનું ગૌરવ પ્રસિદ્ધ કરે છે; અને અંતરિક્ષ તેમના હાથનું કામ દર્શાવે છે. (ગીતશાસ્ત્ર ૧૯:૧)***

ઈશ્વર આપણી સાથે પોતાની દૈવી કૃતિ તથા તેના આત્માની આપણાં હૃદય પર થતી અસર દ્વારા આપણી સાથે વાત કરે છે. જો આપણે આપણું હૃદય જોવા માટે તૈયાર રાખીશું તો આપણા રોજના દૈનિક વ્યવહારમાં આપણી આજુબાજુના સંજોગો અને પ્રસંગો અને આપણી આજુબાજુ હંમેશાં થતા ફેરફારોમાં આપણને અમૂલ્ય

બોધ મળશે. ઈશ્વરની દૈવી કૃતિ શોધી કાઢતાં ગીતશાસ્ત્રકાર કહે છે કે, “પૃથ્વી યહોવાહની કૃપાથી ભરપુર છે.” ગીતશાસ્ત્ર ૩૩:૫. “‘જે કોઈ જ્ઞાની હશે, તે આ વાતો ધ્યાનમાં લેશે,&rlsquo; અને યહોવાહની કૃપા વિષે વિચાર કરશે” ગીતશાસ્ત્ર ૧૦૭:૪૩.

આપણા ઉધ્ધારકર્તાએ કુદરતની વસ્તુ સાથે પોતાનો અમૂલ્ય પાઠ પણ બાંધી રાખ્યો છે. વૃક્ષો, પક્ષીઓ, ફૂલોની ખીણો, પર્વતો, તળાવો, અને સુંદર સ્વર્ગ, સાથે સાથે થઇ રહેલી ઘટના અને આપણી આસપાસની ઘટના બધું જ સત્યના વચ્ગનો સાથે જોડાયેલું છે. આ પાઠ આપણા વ્યસ્ત જીવનની વચ્ચે પણ આપણા મનમાં યાદ કરી શકાય છે.

ઈશ્વર ઈચ્છે છે કે તેમના બાળકો તેમના કરેલા કાર્યમાં તેની કિંમત જુએ, અને તેમણે જે આપણાં પૃથ્વી પરના ઘરને શણગાર્યું છે તેનો આનંદ માણે. ઈશ્વર સુંદર વસ્તુને પ્રેમ કરે છે, પણ બાહ્ય સુંદરતા કરતા તે ચરિત્રની સુંદરતાને વધારે પ્રેમ કરે છે. આ તેમની ઈચ્છા છે કે આપણે ફૂલની સુંદરતા જેવા શુદ્ધ અને સરળ બનીએ.

**(૨) આપણા વ્યસ્ત જીવનમાં, ઈશ્વર આપણને જે કહે છે તે કઈ રીતે સાંભળી શકીએ?**

*[તેમનાથી] ભયભીત થાઓ, અને પાપ ન કરો; બિછાના પર પોતાના હ્રદયમાં વિચાર કરો, ને છાના રહો. (ગીતશાસ્ત્ર ૪:૪)*

જો આપણે ફક્ત સાંભળીશું, તો ઈશ્વરે સર્જેલી વસ્તુ આપણને કેવી રીતે આજ્ઞા પાલન અને વિશ્વાસ કરવો તે શીખવશે. આપણે તારાઓથી જોઈ શકીએ છીએ કે પ્રકૃતિની વસ્તુઓ ઈશ્વરની ઈચ્છાનું પાલન કરે છે, જે સમય સમય પર પોતાના નિયત માર્ગમાં મુસાફરી કરે છે, જે નાનાં અનુઓથી સ્પષ્ટ પણે જોઈ શકાય છે.

**(3) ઈશ્વરે પોતાની રચેલી સૃષ્ટિ માટે કઈ રીતે દયા પ્રગટ કરી?**

***પૈસાની બે ચકલી વેચાતી નથી શું? તોપણ તમારા પિતા [ની ઇચ્છા] વગર તેમાંથી એકેય ભોંય પર પડનાર નથી. અને તમારા માથાના વાળ પણ બધા ગણેલા છે. 31એટલે બીહો નહિ, ઘણી ચકલીઓ કરતાં તમે મૂલ્યવાન છો. (માથ્થી ૧૦:૨૯,30)***

ઈશ્વર સૃષ્ટિકર્તા છે જે દરેક વસ્તુઓની કાળજી લે છે. તે જે અવકાશમાં સંખ્યાબંધ વિશ્વને જાળવી રાખ્યું છે અને

તે જ સમયે તે નાની ભૂરી ચકલીની જરૂરીયાત પણ પૂરી પાડે છે જે નમ્ર ગીત ગાય છે. જ્યારે આપણે આપણું દરરોજનું કાર્ય કરવા માટે બહાર જઈએ છીએ, જયારે આપણે પ્રાર્થના કરીએ છીએ, જયારે આપણે રાતે ઊંઘી જઈએ છીએ, જયારે આપણે વહેલી સવારે ઉઠીએ છીએ, જયારે ધનવાન વ્યક્તિ પોતાના ઘરે મિજબાની કરે છે, કે જ્યારે ગરીબ વ્યક્તિ મેજની આજુ બાજુ પોતાના સંતાનોને એકઠાં કરે છે, આ દરેક બાબત આપણા સ્વર્ગીય પિતાની નજર હેઠળ થાય છે. એવું કોઈ પણ વહેતું આંસુ નથી જે તે જોતો નથી અને કોઈ પણ સ્મિત તેની જે તેમના ધ્યાનમાં ન હોય.

**(૪) જ્યારે આપણે પ્રભુમાં વિશ્વાસ કરીએ છીએ, અને તેમના હાથમાં આપણા જીબન પર ભરોસો કરીએ છીએ, ત્યારે આપણી પાસે કઈ સુરક્ષા છે?**

***વળી આપણે જાણીએ છીએ કે જેઓ ઈશ્વરના ઉપર પ્રેમ રાખે છે, જેઓ તેમના સંકલ્પ પ્રમાણે તેડાયેલા છે, તેઓને માટે ઈશ્વર એકંદરે બધું હિતકારક બનાવે છે. (રોમન ૮:૨૮)***

જો આપણે સંપૂર્ણ પણે વિશ્વાસ કરીએ, તો આપણે સર્વ ચિંતાઓથી મુક્ત થઈશું.

જો દરેક વસ્તુ ચાહે તે મોટી હોય કે નાની ઈશ્વરના હાથમાં સોંપવામાં આવ્યાં હોત, તો આપણા જીવન નિરાશાઓથી ભરાયા નહોત. તે આપણી ઘણી સમસ્યાઓથી ગભરાઈ જતો નથી કે તેમના બોજથી દબાઈ જતો નથી. જ્યારે આપણને આનું ભાન થાય છે ત્યારે આપણે આપણા હૃદયમાં શાંતિનો આનંદ માણી શકીએ છીએ જે ઘણાં બધા લોકો નથી જાણતા.

**(૫) ઈશ્વર છૂટકારો પામેલા પોતાના બાળકોના હિત માટે કઈ "દરેક બાબત" કરશે જ્નાથી તેઓ આપણી કલ્પના કરતા પણ વધારે મહિમાવાન બનશે?**

***રાજ્યાસન પર જે બેઠેલા છે તેમણે કહ્યું, "જુઓ, હું બધું નવું બનાવું છું." વળી તે કહે છે, "તું લખ; કેમ કે આ વાતો વિશ્વાસયોગ્ય તથા સત્ય છે." (પ્રકટીકરણ ૨૧:૫)***

જયારે તમારી ઈન્દ્રીઓ આ સંસારની સુંદર વસ્તુઓનો આનંદ માણે છે, ત્યારે આવનાર વિશ્વ વિષે વિચાર કરો. નવી દુનિયામાં પાપ અને મૃત્યુનું પરિણામ નહિ હોય, અને પ્રકૃતિ ફરી ક્યારેય શ્રાપ નહિ આપે. તમારાં વિચારોમાં જે વ્યક્તિનો ઉદ્ધાર થયો છે તેના ઘરની કલ્પના કરો અને યાદ રાખો કે તે તમારા

સ્વપ્ન કરતા પણ વધારે સુંદર હશે. ઈશ્વરે આપણને પ્રકૃતિમાં આપેલી ભિન્ન ભેંટોમાં આપણે ફક્ત તેમની મહિમાને જોઈ શકીએ છીએ. લખેલું છે કે, "જે વાનાં આંખે જોયા નથી, અને કાને સાંભળ્યાં નથી, જેઓ માણસના મનમાં પ્રવેશ્યાં નથી, જે વાનાં ઈશ્વરે પોતાના પર પ્રેમ કરનારાઓને માટે તૈયાર કર્યાં છે." ૧ કોરિન્થીઓ ૨:૯.

કવિ અને પ્રકૃતિવાદીઓ પાસે પ્રકૃતિ વિષે કહેવા માટે ઘણું બધું છે, પણ તે ખ્રિસ્તી છે જે પૃથ્વીની સુંદરતાનો મહત્તમ આનંદ માને છે. તેઓ પોતાના પિતાના હાથના કાર્યને જાણે છે અને ફૂલો અને વૃક્ષોમાં તેમનો પ્રેમ જુએ છે. જ્યાં સુધી ઈશ્વર માણસને પોતાનો પ્રેમ ન બતાવે ત્યાં સુધી કોઈ પણ વ્યક્તિ સંપૂર્ણ રીતે પર્વત કે ખીણ, નદી કે સમુદ્રની કદર કરી શકતું નથી.

**(૬) જ્યારે આપણે તેમની આત્મા સાથે એક થઈએ છીએ ત્યારે ઈશ્વર વિષે કઈ બાબત પ્રગટ થાય છે?**

*તે ન્યાય અને ન્યાયી વર્તન ચાહે છે; પૃથ્વી યહોવાની કૃપાથી ભરપૂર છે. (ગીતશાસ્ત્ર 33:5)*

ઈશ્વર આપણા જીવનમાં કાર્ય કરવાં દ્વારા અને આપણા હૃદય પર તેમનાં કાર્ય દ્વારા આપણી સાથે વાત કરે છે. આપણા કાર્યમાં અને આસપાસ, દરરોજ આપણી આસપાસ થતા બદલાવમાં, જો આપનું હૃદય ખુલ્લું છે તો આપણે ઘણાં બધા પાઠ શોધી શકીએ છીએ.

**(૭) શા માટે પૂર્વજોના અને પ્રબોધકોના અનુભવો પવિત્રશાસ્ત્રમાં નોંધેલા છે?**

***કેમ કે જેટલું અગાઉ લખવામાં આવ્યું હતું, તે આપણને શિખામણ [મળવા] ને માટે લખવામાં આવ્યું હતું કે, ધીરજથી તથા પવિત્ર શાસ્ત્રમાંના દિલાસાથી આપણે આશા રાખીએ. (રોમન ૧૫:૪)***

ઈશ્વર પોતાના શાસ્ત્રમાં આપણી સાથે વાત કરે છે. અહીં આપણે તેનું ચારિત્ર્ય, તેનો મનુષ્ય સાથેનો વ્યવહાર તથા માણસના ઉદ્ધાર માટેનું મહાન કાર્ય વધારે સ્પષ્ટ રીતે જોઈએ છીએ. અહીં આપણી આગળ પૂર્વજો અને ભવિષ્યવાદીઓ અને આગળના સંત પુરૂષોનો ઈતિહાસ ખુલ્લો છે. તેઓ “સ્વભાવે આપણા જેવા માણસ હતા.” યાકુબ ૫:૧૭. આપણી માફક નિરાશામાં તેઓએ કેવા પ્રયત્ન કર્યા, આપણી પેઠે તેઓ કેવા પરીક્ષાણમાં પડયા વળી પાછી હિંમત ભીડીને ઈશ્વરીન

કૃપાથી તેઓ ફતેહમંદ નીવડયા, એ બધું આપણે જોઈએ છીએ ; અને જોઈને આપણે આપણા ન્યાયીપણા માટેનાં પ્રયત્નમાં ઉત્તેજન પામીએ છીએ.

જે અમૂલ્ય અનુભવો તેઓને આપવામાં આવ્યા હતા, જે પ્રકાશ, પ્રેમ અને આર્શિવાદો તેઓને ભોગવવા દેવામાં આવ્યાં હતા, અને તેઓને આપવામાં આવેલી કૃપાની મદદથી તેઓએ જે કામ કર્યાં, તે બધું વાંચીને જે આત્માએ તેમનાંમાં પ્રેરણા મૂકી, તે જ આત્મા આપણા હ્રદયમાં પવિત્ર સ્પર્ધાનો અગ્ની પ્રકટાવે છે; ચારિત્ર્યમાં તેમનાં જેવા થવાની - તેમની માફક ઈશ્વરની સાથે ફરવાની -ઈચ્છા ઉત્પન્ન કરે છે.

**(૮) પવિત્રશાસ્ત્રનો અભ્યાસ કરવા દ્વારા કયા બે આશીર્વાદો પ્રગટ થાય છે?**

***તમે શાસ્ત્ર તપાસી જુઓ છો, કેમ કે તેઓથી તમને અનંતજીવન છે, એમ તમે ધારો છો. અને મારે વિષે સાક્ષી આપનાર તે એ જ છે. (યોહાન ૫:૯)***

ઈસુએ જુના કરાર વિષે કહ્યું કે, “મારે વિષે સાહેદી આપનાર પણ એ જ છે.” યોહાન ૫:૩૯. એટલે તે ત્રાતા છે, અનંત જીવનની આશા તેનામાં આવીને ઠરી છે. નવો કરાર પણ આ સત્યને પુષ્ટિ આપે છે

એટલું જ નહિ પણ તેના પર ખાસ ભાર મૂકે છે. હા, આખું શાસ્ત્ર-બાઈબલ-ઈસુ વિષે બોલે છે. ઉત્પત્તિના હેવાલથી - "જે કંઈ થયું છે, તે તેના વિના ઉત્પન્ન થયું નથી." (યોહાન ૧:૩) તેનાથી -માંડીને "જુઓ હું થોડી વારમાં
આવું છું."(પ્રગટીકરણ ૨૨:૧૨) એ છેલ્લા વચન સુધી આપણે તેનાં કામો વિષે વાંચીએ છીએ અને તેનો અવાજ સાંભળીએ છીએ. જો તમારે ત્રાતા સાથે ઓળખાણ કરવું હોય, તો પવિત્ર શાસ્ત્રનો અભ્યાસ કરો.

**(૯) શા માટે ઈશ્વરના વચનનું મનન કરવા દ્વારા તેમને ઓળખવા ખુબજ મહત્વનું છે?**

***જે જિવાડે છે તે આત્મા છે. માંસથી કંઈ લાભ થતો નથી. જે વાતો મેં તમને કહી છે, તે આત્મા તથા જીવન છે. (યોહાન ૬:૬૩)***

આખું હ્રદય ઈશ્વરના શબ્દથી ભરી દયો. તે જીવતું પાણછી છે; તે તમારી બળતી તૃષા મટાડશે. તે સ્વર્ગમાંથી આવેલ જીવતી રોટલી-જીવનનો ખોરાક છે. ઈસુ જાહેર કરે છે કે, "જો તમે માણસના દીકરાનું મૂો ન ખાઓ, અને તેનું લોહી ન પીઓ, તો તમારામાં જીવન

નથી.” વળી વધારે સમજાવતાં કહે છે કે, “જે વાતો મેં તમને કહી છે, તે આત્મા તથા જીવન છે.” યોહાન ૬:૫૩, ૬૩. આપણાં ખાનપાનથી આપણા શરીર બંધાય છે; અને જે વાત કુદરતી વ્યવહારને લાગુ પડે છે, તે જ વાત ધાર્મિક વ્યવહારને લાગુ પડે છે: જેનું આપણે ચિંતન કરીશું, તે જ આપણા ધાર્મિક સ્વભાવાને વલણ અને શકિત આપશે.

**(૧૦) પાઉલની જેમ, બાઈબલના કયા ઉત્તમ વિષયમાં આપણે રહેવાનું છે અને વહેંચણી કરવાની છે?**

***કેમ કે ઈસુ ખ્રિસ્ત, અને તે વધસ્તંભે જડાયેલા, તે સિવાય હું તમારી સાથે રહીને બીજું કંઈ જ ન જાણું, એવો મેં નિશ્ચય કર્યો. (૧ કરિંથી ૨:૨)***

ઉદ્ધારનો વિષય એવો છે કે જે દૂતો જોવા ઈચ્છે છે: તે અનંત યુગોમાં ઉદ્ધાર પામેલાઓનું શાસ્ત્ર અને સંગીત બનશે. શું તે હમણાં કાળજીપૂર્વક વિચાર અને અભ્યાસ કરાવને યોગ્ય વિષય નથી ? ખ્રીસ્તની અનંત દયા અને પ્રેમ તથા આપણા માટે આપેલો ભોગ, એ બધા પર ઉંડો અને ગંભીર વિચાર કરવાની જરૂર છે. આપણા વહાલાં ત્રાતાં અને

મધ્યસ્થનાં ચારિત્ર્ય પર આપણે વિચાર કરવો જોઈએ. પોતાનાં લોકોને પાપથી તારવા આવ્યો, તેના કાર્યના હેતુનું વિચાર કરવો જોઈએ. પોતાનાં લોકોને પાપથી તારવા આવ્યો, તેના કાર્યના હેતુનું આપણે ચિંતન કરવું જોઈએ. આ રીતે જેમ જેમ આપણે સ્વર્ગીય વિષયોનું ચિંતન કરવું જોઈએ. આ રીતે જેમ જેમ આપણે સ્વર્ગીય વિષયોનું ચિંતન કરીશું, તેમ તેમ આપણા વિશ્વાસ અને પ્રેમ મજબુત થશે અને આપણી પ્રાર્થનાઓ ઈશ્વર સ્વીકારી શકે તેવી થતી જશે કારણ કે, તેમાં વિશ્વાસ અને પ્રેમ ભળશે. વળી તે વધારે બુદ્ધિપૂર્વપક અને ઉત્સાહ ભરી બનશે. ઈસુમાં વધારે દ્દઢ વિશ્વાસ ઉત્પન્ન થશે અને તેની દ્વારા ઈશ્વર પાસે આવનાર બધાને સંપૂર્ણ રીતે બચાવાવની તેનામાં શકિત છે એવો જીવંત અનુભવ થશે.

**(૧૧) આપણા ચરિત્રને મજબૂત બનાવવા માટે પવિત્રશાસ્ત્ર આપણને કઈ શીખ આપે છે?**

*છેવટે, ભાઈઓ, જે કંઈ સત્ય, જે કંઈ સન્માનપાત્ર, જે કંઈ ન્યાયી, જે કંઈ શુદ્ધ, જે કંઈ પ્રેમપાત્ર, જે કંઈ સુકીર્તિમાન છે; જો કોઈ સદગુણ કે જો કોઈ પ્રશંસા હોય, તો આ બાબતોનો વિચાર કરો. (ફિલિપી ૪:૮)*

**(૧૨) જેમ આપણે ઈશ્વરના વચન અને તેની પવિત્રતાનું મનન કરવા દ્વારા ઈશ્વરના જ્ઞાનમાં વૃદ્ધિ પામીએ છીએ, ત્યારે તેની આપણા પર અને લોકો માટે આપણી સાક્ષી પર શું અસર થાય છે?**

***પણ આપણે સર્વ ઉઘાડે મુખે જાણે કે આરસીમાં પ્રભુનો મહિમા નિહાળીને પ્રભુના આત્માથી અધિકાધિક મહિમા ધારણ કરતાં તે જ રૂપમાં રૂપાંતર પામીએ છીએ. (૨ કરિંથી ૩:૧૮)***

આપણા ત્રાતાની સંપૂર્ણતાઓનો વિચાર કરતાં, આપણે તેની શુદ્ધતાની પ્રતિમા સમા રૂપાંતર પામીને નવા થઈ જવા ઈચ્છીશું. આપણે જેને પૂજીએ છીએ, તેના જેવા થવા માટે આપણા આત્મામાં ભૂખ અને તરસ ઉત્પન્ન થશે. જેમ જેમ આપણે ખ્રીસ્ત વિષે વધારે વિચાર કરીશું , તેમ તેમ આપણે તેના વિષે બીજા આગળ વધારે બોલીશું અને જગત આગળ તેને વધારે દેખાડીશું.

**(૧૩) ઈશ્વરનું વચન કોને શીખવે છે અને બુદ્ધિશાળી બનાવે છે?**

***યહોવાનો નિયમ સંપૂર્ણ છે, તે આત્માને તાજો કરે છે; યહોવાની સાક્ષી***

*વિશ્વાસપાત્ર છે, તે અબુદ્ધને બુદ્ધિમાન કરે છે. (ગીતશાસ્ત્ર ૧૯:૭)*

બાઈબલ એકલા વિદ્વાનો માટે લખાયું નથી, એ તો ઉલટું સાધારણ લોકો માટે રચાયું છે. તારણને માટે જરૂરનાં મોટા સત્યો દીવા જેવા સ્પષ્ટ જણાવ્યાં છે; અને ઈશ્વરે સ્પષ્ટ જણાવેલી ઈચ્છાને બાજુએ મૂકીએ પોતાની સમજ પ્રમાણે ચાલે છે , તે સિવાય કોઈ રસ્તો ભૂલશે નહિ.

**(૧૪) શા માટે ઈશ્વરના વચનનો વ્યક્તિગત અભ્યાસ ખુબજ જરૂરી છે?**

***જેને શરમાવાનું કંઈ કારણ ન હોય એવી રીતે કામ કરનાર, અને ઈશ્વરને પસંદ પડે એવો સેવક થવાને પ્રયત્ન કર. (૨ તિમોથી ૨:૧૫)***

બાઈબલ માણસને શું શીખવે છે- કયા સિદ્ધાંતનો ઉપદેશ આપે છે - તે વિષે કોઈની સાક્ષી ન લેતાં ઈશ્વરના શબ્દનો આપણી જાતે જ અભ્યાસ કરવો જોઈએ. જો આપણે આપણા માટે વિચાર કરવાનું બીજાઓને સોપીશું, તો આપણી શકિતઓ લુલી થઈ જશે -આપણું મન નિર્બળ થઈ જશે. મનને એકાગ્ર કરવા લાયક વિષયો પર વિચાર કરવાની કરસન ન મળવાથી ઉંચી માનસિક શકિતઓ એવી ટુંકી થઈ

જશે કે શાસ્ત્રનાં ઉંડા અર્થ સમજી શકાશે નહિ. પરંતુ જો શાસ્ત્રીય બાબતો વચ્ચેનો સંબંધ શોધી કાઢવામાં અથવા શાસ્ત્રો કે શાસ્ત્રીય બાબતોનો મુકાબલો કરવામાં મનને રોકવામાં આવશે, તો માનસિક શકિતઓ વિકાસ પામશે.

શાસ્ત્રના અભ્યાસ કરતાં કોઈ પણ વસ્તુથી બુદ્ધિ વધારે મજબુત થઈ શકતી હોય એવું મનાતું નથી. બાઈબલના વિશાળ અને ઉમદા સત્યોમાં વિચારોને ઉન્નત કરવાની અને શકિતઓને બળવાન બનાવવાની જે શકિત છે, તે બીજા કોઈ પુસ્તકમાં નથી. જો બાઈબલનો ખરી રીતે અભ્યાસ કરે, તો આ જમાનામાં વિરલ દેખાતી મનની વિશાળતા, ચારિત્ર્યની ઉદારતા અને પોતે ધારેલો હેતુ પાર પાડવામાં દ્રઢતા પ્રાપ્ત થાય.

**(૧૫) કેવા પ્રકારના અભ્યાસથી આપણને વધારે ફાયદો થશે?**

*હું તમારી વિરુદ્ધ પાપ ન કરું માટે મેં તમારું વચન મારા હ્રદયમાં રાખી મૂક્યું છે. (ગીતશાસ્ત્ર ૧૧૯:૧૧)*

પરંતુ શાસ્ત્ર ઉતાવળા ઉતાવળા વાંચી જવાથી તો ઘણો જ ઓછો ફાયદો થાય છે. માણસ આખું શાસ્ત્ર વાંચી જાય છતાં કદાચ તેનું સૌદર્ય તે નહિ જોઈ શકે,

અથવા તેનો ઉંડો અને ગુપ્ત અર્થ નહિ સમજી શકે. શાસ્ત્રની અમુક કલોમનો હેતુ મનમાં સ્પષ્ટ રીતે ઠસી જાય તથા તારણની યોજના સાથે તેનો શું સંબંધ છે તે સમજાય, ત્યાં સુધી અભ્યાસ કરવાથી, કોઈ પણ જાતનો ખાસ ઉદ્દેશ નજર આગળ રાખ્યા વિના વધારે લાભ થાય છે.

તમારૂં બાઈબલ હંમેશાં સાથે રાખવું અને વાંચવાની તક મળે ત્યારે વાંચવું. મનમાં અમુક કલમો ઠસાવવી. રસ્તામાં ચાલતાં પણ અમુક કલમો વાંચી તેના પર વિચાર કરજો અને તે તમારા મનમાં ઠસાવી દેજો.

**(૧૬) જો આપણે ઊંડાણ પૂર્વકના સત્યને ઓળખવા માગતા હોઈએ તો આપણે કઈ રીતે બાઈબલનો અભ્યાસ કરવો જોઈએ?**

***કેમ કે આજ્ઞા પર આજ્ઞા, આજ્ઞા પર આજ્ઞા; નિયમ પર નિયમ, નિયમ પર નિયમ; થોડું આમ, થોડું તેમ [એ પ્રમાણે તેઓ બોલે છે]. (યશાયા ૨૮:૧૦)***

હોંસીથી ધ્યાન આપ્યા વગર અને પ્રાર્થનાપૂર્વક અભ્યાસ કર્યા વગર આપણને ડહાપણ મળી શકશે નહિ. શાસ્ત્રના કેટલાક ભાગ એટલા સ્પષ્ટ છે કે જે વિષે ગેરસમજ થવાનો સંભવ નથી. પણ કેટલાંક ભાગ એવા પણ છે કે જેનો

અર્થ પ્રથમ દૃષ્ટિએ નજરે પડતો નથી. શાસ્ત્રના ભાગોને બીજા ભાગો સાથે જ સરખાવાવ જોઈએ. કાળજીપૂર્વક શોધ અને પ્રાર્થનાપૂર્વક વિચાર કરવાની જરૂર છે. આ રીતે અભ્યાસ કરવાથી ઘણો સારો બદલો મળશે. જેમ ખાણ ખોદનાર પૃથ્વીમાં સંતાડેલ ખજાનો શોધવા માટે ખૂબ ખોદે છે, ત્યારે જ તેને કીંમતી ધાતુ મળે છે, તે જ પ્રમાણે જે માણસ સંતાડેલ દ્રવ્યની શોધ કરતો હોય તેમ ઈશ્વરના શાસ્ત્રમાં ખંતથી શોધ કરે છે. તેને કીંમતીમાં કીંમતી સત્યો મળે છે, પરંતુ તે સત્યો મળે છે, પરંતુ તે સત્યયો બેદરકારીથી શોધનારની નજરે પડતાં નથી. હ્રદયમાં તોળેલા પ્રેરણાનાં શબ્દો જીવનના ઝરામાંથી વહેતાં ઝરણાં જેવાં છે.

**(૧૭) શા માટે પવિત્રશાસ્ત્રના અભ્યાસ પહેલા પવિત્ર આત્માના સ્પષ્ટીકરણ માટે પ્રાર્થના કરવી જરૂરી છે?**

***"મને હાંક માર, એટલે હું તને ઉત્તર આપીશ, ને જે મોટી તથા ગૂઢ વાતો તું જાણતો નથી તે હું તને પ્રગટ કરીશ. (યાર્મિયા 33:3)***

શાસ્ત્રનો અભ્યાસ પ્રાર્થના કર્યા વિના કદી શરૂ ન કરવો જોઈએ. તે ખોલતાં પહેલાં આપણે પવિત્ર આત્માનો પ્રકાશ

માંગવો જોઈએ; અને તે અપાશે. નાથાનએલ પોતાની પાસે આવ્યો ત્યારે ઈસુએ કહ્યું કે, "જુઓ, આ ખરેખરો ઈસ્રાએલી છે, એનામાં કંઈ કપટ નથ." નાથાનાએલ પૂછયું, "તું મને કયાંથી ઓળખે છે ?" ઈસુએ જવાબ આપ્યો કે, "ફીલીપે તને તેડયો ત્યાર પહેલાં , તું અજીરી તળે હતો, ત્યારે મેં તને જોયો." યોહાન ૧:૪૭, ૪૮ જો સત્ય શું છે તે જાણવા આપણે ખાનગી સ્થળોમાં મળશે. જેઓ દીન હૃદયે પોતાને દોરવા માટે ઈશ્વરી મદદ શોધશે, તેઓની સાથે પ્રકાશના જગતનાં દૂતો રહેશે.

**(૧૮) ઈશ્વરીય સત્ય કોના દ્વારા પ્રગટ કરવામાં આવ્યું?**

***તોપણ જે સત્યનો આત્મા, તે જ્યારે આવશે, ત્યારે તે તમને સર્વ સત્યમાં દોરી જશે; કેમ કે તે પોતાના તરફથી બોલશે નહિ, પણ જે કંઈ તે સાંભળશે તે જ તે બોલશે; અને જે જે થનાર છે તે તમને કહી બતાવશે. (યોહાન ૧૬:૧૩)***

પવિત્ર આત્મા ત્રાતાને ઉન્નત કરે છે અને તેનો મહિમા ગાય છે. ખ્રીસ્તને રજુ કરવો. અને તેના ન્યાયીપણાની શુદ્ધતા તથા આપણને તેની મારફત મળતા મોટા તારણને પ્રગટ કરવામાં એ પવિત્ર

આત્માનું કામ છે. ઈસુ કહે છે કે, "તે મને મહિમાવાન કરશે, કેમકે મારૂં જે છે તેમાનું લઈને તે તમને કહી દેખાડીશે." યોહાન ૧૬:૧૪. સત્યનો આત્મા એ જ દૈવી સત્યનો ખરો શિક્ષાક છે. ઈશ્વરે પોતાનો પુત્ર મનુષ્ય જાત માટે મરવા માટે આપ્યો, પોતાના આત્માને શિક્ષાક અને હંમેશનો દોરનાર નિમે છે. તે પરથી ઈશ્વર મનુષ્ય જાતને કેટલી ચાહતો હશે ?

*ઈશ્વરના વચનમાં મને શીખવાનું, ધીરજ, દિલાસો, અને આશા મળી. મેં વચન શીખવાની તીવ્ર ઈચ્છાની માંગ કરી જેથી હું તેમના સત્યને મારા હૃદયમાં સંગ્રહી શકું અને તેમના વિરુદ્ધ પાપ ન કરૂં.*

વર્તુળ: હા અનિર્ણિત

*હું પવિત્ર આત્માને મારા શિક્ષક બનવા અને મને નમ્ર હૃદય આપવા માટે પ્રાર્થના કરૂં છું. હું બુદ્ધિ માટે પ્રાર્થના કરૂં છું જેથી દરેક આજ્ઞાના સત્યને બરાબર સમજી શકું.*

વર્તુળ: હા અનિર્ણિત

*મારો ઉદ્દેશ્ય મારા પૂરા હૃદય, મન, અને આત્માથી પ્રભુને શોધવાનો છે. પવિત્ર આત્માની દોરવણીને સમજવું મારા*

*હૃદયની ઈચ્છા છે જેથી અનંત જીવનના માર્ગ પર પવિત્રશાસ્ત્રએ પાડેલા પ્રકાશને હું અનુસરી શકું,*

વર્તુળ: હા અનિર્ણિત



## પાઠ ૧૨
## પ્રાર્થનાનો અધિકાર

**(૧) પ્રાર્થના દ્વારા ઈશ્વરનો સંપર્ક શા માટે મહત્વનો છે?**

***તમે મને હાંક મારશો, ને તમે જઈને મારી પ્રાર્થના કરશો, એટલે હું તમારૂં સાંભળીશ. (યાર્મિયા ૨૯:૧૨)***

કુદરત અને પ્રગટીકરણ દ્વારા, તથા પોતાના દૈવીકામ અને તેના આત્માની અસ દ્વારા ઈશ્વર આપણી સાથે વાત કરેછે. પરંતુ આટલું પુરતું નથી; આપણે આપણાં આપણામાં હ્રદય તેની આગળ રેડવાની જરૂર છે. આત્મિક જીવન અને શકિત મેળવવા માટે આપણે આપણા સ્વર્ગીય પિતા સાથે સંબંધ રાખવો પડે

છે. આપણાં મન તેની તરફ ખેંચાશે; આપણે તેનાં કામ, તેની દયા અને આર્શિવાદોનું ચિંતન કરીશું, પરંતુ આ સંપૂર્ણ અર્થમાં ઈશ્વર સાથે સંબંધ નથી., ઈશ્વર સાથે સંબંધ રાખવા માટે તો આપણે આપણા ખરા જીવન વિષે તેની આગળ કંઈક કહેવું જોઈએ.

પ્રાર્થના એટલે જેમ આપણે મિત્ર આગળ હ્રદય ખોલીએ છીએ, તેમ ઈશ્વર આગળ હ્રદય ખોલવું . આ આપણે કેવા છીએ, એ વાત ઈશ્વરને જણાવવા માટે નથી. પરંતુ તેનો સ્વીકાર કરવા માટે શકિતવાન થવા સારૂ છે. પ્રાર્થના ઈશ્વરને આપણી આગળ નીચે નથી લાવતી પણ આપણને ઉંચે ઈશ્વર આગળ લઈ જાય છે. જયારે ઈસુ પૃથ્વી પર હતો, ત્યારે તેણે પોતાનાં શિષ્યોને પ્રાર્થના કરતાં શીખવ્યું તેણે તેઓને પોતાના રોજની જરૂરીઆતો ઈશ્વર આગળ રજુ કરતાવનું અને પોતાની ચિંતાઓ તેના પર નાખવાનું શીખવ્યું. વળી તેણે તેઓને ખાતરી આપી કે તમારી વિનંતી સંભળાશે, આપણાં માટે પણ તે જ ખાતરી છે.

**(૨) જ્યારે આપણે પ્રાર્થનામાં ઈસુ પાસે આવીએ છીએ ત્યારે તે આપણને શું કરવાનું આમંત્રણ આપે છે?**

*તમારી સર્વ ચિંતા તેમના પર નાખો, કેમ કે તે તમારી સંભાળ રાખે છે. (૧ પિતર ૫:૭)*

જયારે ખ્રીસ્ત પૃથ્વી પર માણસો સાથે વસતો હતો, ત્યારે તે પોતે ઘણીવાર પ્રાર્થના કરતો હતો. તેણે આપણી જરૂરીઆતો અને નબળાઈઓ અને પોતાની જરૂરીઆતો અને નબળાઈઓ એક જ છે.

**(3) જ્યારે ખ્રિસ્ત પૃથ્વી પર હતા, ત્યારે પ્રાર્થનામાં પિતા સાથે વાતચીતની કયુ ઉદાહરણ આપ્યું?**

***અને સવારે મળસ્કું થતાં પહેલાં ઘણા વહેલા ઊઠીને તે બહાર ગયા, ને ઉજ્જડ સ્થળે જઈને તેમણે ત્યાં પ્રાર્થના કરી. (માર્ક ૧:૩૫)***

એવું જણાવ્યું, અને તે માટે પોતે ભીખારી, વિનંતી કરનાર અને પોતાના પિતા પાસે પોતાની ફરજ બજાવવાં અને દુ:ખ સહન કરવાની તૈયારી માટે શકિતઓ માંગી. દરેક બાબતમાં તે આપણો નમૂનો છે. આપણી ત્રુટીઓમાં તે આપણો ભાઈ છે.અને “સર્વ વાતે જે આપણી પેઠે પરીક્ષાણ પામેલો” છે. તે નિર્દોષ હોવાથી, તેનો સ્વભાવ એગો

હતો કે તે ભુંડાઈથી પાછો હઠતો. પાપી જગતમાં તેણે આત્મિક યુદ્ધો કર્યા અન આત્મિક પીડાઓ ભોગવી. તેના મનુષ્યપણાને લીધે તેને પ્રાર્થનાની જરૂરીઆત અને હક હતાં. પોતાના પિતા સાથેના સંબંધમાં તેને સુખ-દિલાસો અને આનંદ મળ્યાં. જો માણસનાં તારનાર તથા ઈશ્વરપુત્રને પ્રાર્થનાની જરૂર જણાઈ, તો આપણાં જેવા નિર્બળ, પાપી, મરણાધીન, મનુષ્યો માટે ઉત્સાહપૂર્ણ અને ચાલુ પ્રાર્થનાની કેટલી વધારે જરૂર છે¦

**(૪) આપણે પ્રાર્થનામાં ઈશ્વર પાસે કઈ રીતે આવવું જોઈએ?**

***એ માટે દયા પામવાને તથા અગત્યને પ્રસંગે સહાયને માટે કૃપા પ્રાપ્ત કરવાને, આપણે હિંમતથી કૃપાસનની પાસે આવીએ. (હિબ્રૂ ૪:૧૬)***

આપણો સ્વર્ગીય પિતા આપણા પર પોતાના આશિર્વાદો વર્ષાસવા તૈયાર છે¦ તેના અનંત પ્રેમના ઝરાનું પાણી જોઈએ તેટલું પીવાનો આપણને અધિકાર છે. આપણે આટલી થોડી પ્રાર્થના કરીએ છીએ, એ કેટલું આશ્ચર્યજનક છે¦ ઈશ્વર પોતાના દીનમાં દીન બાળકની ખરા દીલની પ્રાર્થના સાંભળવા તૈયાર ને રાજી છો. છતાં આપણી સઘળી જરૂરીઆતો

ઈશ્વર આગળ કહેવામાં આપણે કેટલી નાખુશી બતાવીએ છીએ. ઈશ્વરનું અંત્યંત પ્રેમાળ હ્રદય મનુષ્ય જાત માટે તલસે છે અને તે માગીએ કે ઈચ્છી શકે તેના કરતાં પણ વધારે આપવા તૈયાર છે! છતાં માણસો કેટલી થોડી પ્રાર્થના કે છે એન કેટલી ઓછી શ્રદ્ધા રાખે છે, આવા સંજોગોમાં લાલાચને વશ થઈ ગએલ લાચાર અને નિરાધાર મનુષ્ય પ્રાણીઓ માટે સ્વર્ગીય દુતો શું વિચારી શકે ?

દુતો ઈશ્વરની આગળ નમવા -તેની પાસે રહેવા ચાહે છે. તેઓ ઈશ્વર સાથેના સંબંધને ઉંચામાં ઉંચો આનંદ ગણે છે ; પરંતુ પૃથ્વી પર વસતાં મનુષ્યો કે જેને ઈશ્વર જ આપી શકે એવી મદદની ઘણી જ જરૂર છે, તે તેના આત્માનાં પ્રકાશ વિના અને તેની હાજરી-સોબત વિના ફરવા હરવામાં - જીવવામાં તેઓ સંતોષ્ા પામતાં જણાય છે.

**(૫) પ્રલોભનો ઉપર જીત મેળવવા માટેની બે ચાવીઓ કઈ છે?**

***જાગતા રહો ને પ્રાર્થના કરો કે તમે પરીક્ષણમાં ન આવો! આત્મા તત્પર છે ખરો, પણ શરીર અબળ છે.” (માથ્થી ૨૬:૪૧)***

જેઓ પ્રાર્થના કરતા નથી, તેઓને દુષ્ટનો અંધકાર ઘેરી લે છે. વેરીની એટલે શેતાનની છુપી લાલચો, તેઓને પાપ કરવા લલચાવે છે; આ બધાનું કારણ એ જ છે કે તેઓ ઈશ્વરે નકકી કરી આપેલ પ્રાર્થનાના દૈવી હકન ઉપયોગ કરતા નથી. સર્વશકિતમાનના અપાર સાધનો ભરેલા સ્વર્ગીય ભંડાર ખોલવા માટે વિશ્વાસનાં હાથમાં પ્રાર્થનારૂપી ચાવી છે, તો પછી ઈશ્વરનાં બાળકો પ્રાથર્ના કરવામાં કેમ નાખુશી બતાવતાં હશે ?

ચાલુ પ્રાર્થના અને ખંતભરી જાગૃતિ નહિ રાખીએ, તો બેદરકાર થવાનો અને ખરો માર્ગ ચૂકી જવાનો ભય છે. આપણે દયાસાગર પ્રભુ પાસે જઈએ તેમાં શત્રુ હંમેશાં આડે આવે છે , કે જેથી આપણે ઉત્સાહ અને આજીજીભરી પ્રાર્થના તથા વિશ્વાસથી લાલચ સામે થવા કૃપા અને શકિત ન મેળવી શકીએ.

**(૬) દાઉદની જેમ, ઈશ્વર તરફથી આપણી પ્રાર્થનાનો ઉત્તર મેળવવા માટે આપણી આત્મિક સ્થિતિ કેવી હોવી જોઈએ?**

*હે ઈશ્વર, તમે મારા ઈશ્વર છો; હું તમને વહેલા શોધીશ; જ્યાં પાણી હોતું નથી, એવા સૂકા તથા ખેદજનક દેશમાં મારો આત્મા તમારે માટે તલસે છે, મારો દેહ તમારે માટે તલપે છે. (ગીતશાસ્ત્ર ૬૩:૧)*

અમુક શરતો છે જે પાળવાથી ઈશ્વર આપણી પ્રાર્થના સાંભળી તેનો જવાબ આપશે એવું આપણેધારી શકીએ. આ શરતોમાં પહેલી એ છે કે, તેની મદદની આપણને જરૂર જણાય. તેણે વચન આપ્યું છે કે, "હું તરસ્યા પર પાણી રેડીશ તથા સુકી ભૂમી પર ધારાઓ વરસાવીશ." યશાયાહ ૪૪:૩. જેઓને ન્યાયીપણાની ભુખ તથા તરસ છે અને જેઓ ઈશ્વર માટે તલસે છે, જરૂર તેઓની ઈચ્છા તૃપ્ત થશે. હ્રદય આત્માની અસર માટે ખુલ્લું રાખવું જોઈએ. નહિ તો ઈશ્વરના આશિર્વાદ મળી શકતા નથી.

**(૭) આપણી પ્રાર્થનાનો ઉત્તર પ્રાપ્ત કરવા માટે આપણે કયા ત્રણ પગલાં લેવા જોઈએ?**

***હું તમને કહું છે કે, માગો, તો તમને આપવામાં આવશે; શોધો, તો તમને જડશે; ખટખટાવો, તો તમારે માટે ઉઘાડવામાં આવશે, (લૂક ૧૧:૯)***

આપણી મહાન જરૂર જ દલીલ છે અને આપણા માટે ઘણી જ સારી રીતે અરજ કરે છે. પરંતુ આ બધું આપણા માટે કરવા પ્રભુને શોધવો જોઈએ. તે કહે છે કે, "માગો, તો તમને અપાશે." અને "જેણે પોતાના દીકરાને પાછો રાખ્યો નહિ, પણ

આપણ સવર્ગને માટે તેને સોંપી દીધો, તે કૃપા કરીને આપણને બધું એ કેમ નહિ આપશે ?" માત્થી ૭:૭; રૂમી ૮:૩ ૨.

**(૮) કઈ રીતે બળવો આપણી પ્રાર્થનાને અસર કરે છે?**

***જે માણસ નિયમનું શ્રવણ કરતાં પોતાનો કાન અવળો ફેરવી નાખે છે, તેની પ્રાર્થના પણ કંટાળારૂપ છે. (નીતિવચન ૨૮:૯)***

જો આપણે હ્રદયમાં દુષ્ટતાને ધરી રાખીએ, જો કોઈ પાપને જાણ્યા છતાં વળગી રહીએ, તો ઈશ્વર આપણું સાંભળશે નહિ; પરંતુ પશ્ચાતાપ અને શોક કરનાર માણસની વિનંતી તે હંમેશા સ્વિકારે છે. જયારે આપણે જાણતા હોઈએ તેવા બધા અન્યાયો-ખોટાં કામો દૂર થઈ જાય ત્યારે જાણવું કે ઈશ્વર આપણી વિનંતીન જવાબ આપશે.

આપણાં પોતાનાં પુણ્યોથી ઈશ્વરની કૃપા નહિ મળી શકે, ઈસુની લાયકાત જ આપણને બચાવશે, તેનું લોહી જ આપણને શુદ્ધ કરશે; આ બધું છતાં આપણે એક કામ કરવાનું છે. તે એકે તેની શરતો પાળવી.

**(૯) આપણી પ્રાર્થનાનો ઉત્તર મેળવવા માટે પછીનું નિર્ણાયક તત્વ કયુ છે?**

*એ માટે હું તમને કહું છું કે, પ્રાર્થના કરતાં જે સર્વ તમે માગો છો, તે અમે પામ્યા છીએ, એવો વિશ્વાસ રાખો, તો તે તમને મળશે. (માર્ક ૧૧:૨૪)*

જયવંત પ્રાર્થનાનું બીજું તત્ત્યવ વિશ્વાસ છે. "દેવની પાસે જે આવે, તેણે તે છે અને જેઓ ખંતથી તેને શોધે છે તેઓને તે ફળ આપે છે એવો વિશ્વાસ કરવો જોઈએ. " હેબ્રી ૧૧:૬. ઈસુ એ પોતાના શિષ્યોને કહ્યું કે, "જે સર્વ તમે માંગો છો, તે અમે પામ્યા છીએ, એવો વિશ્વાસ રાખો, તો તે તમને મળશે." માર્ક ૧૧:૨૪. આપણે તેના વચન પર વિશ્વાસ રાખીએ છીએ કે?

ખાતરી વિશાળ અને અમાપ છે અને વચન આપનાર વિશ્વાસુ છે. આપણે માગીએ ત્યારે ન મળે તો પણ આપણે માનવું જોઈએ કે ઈશ્વર આપણી પ્રાર્થના સાંભળે છે અને તે પ્રાર્થનાનો જવાબ આપશે. આપણે એવા ભુલકણાં અને ટુંકી દૃષ્ટિના છીએ કે આપણને જે આશિર્વાદરૂપ ન થઈ શકે તેવી વસ્તુઓ કોઈવાર માંગીએ છીએ, પરંતુ આપણો સ્વર્ગીય પિતા પ્રેમને લીધે પ્રાર્થનાના જવાબમાં આપણા ઉચામાં ઉંચા હિત માટે જરૂરી વસ્તુઓ આપે છે: તે એવી જ વસ્તુઓ આપે છે કે જો આપણને સ્વર્ગીય

દૃષ્ટિ હોય, અને આપણે વસ્તુઓનું ખરૂં સ્વરૂપ સમજી શકીએ, તો એ જ વસ્તુઓ માંગીએ.

આપણી પ્રાર્થનાનો જવાબન નથી મળતો એવું લાગે ત્યારે પણ આપણે તેના વચનને વળગી રહેવું જોઈએ; કેમકે જવાબ આપવાનો સમય જરૂર આવશે અને આપણને જે આશિર્વાદની વધારેમાં વધારે જરૂર હશે તે મળશે. હંમેશાં પ્રાર્થનાના જવાબમાં અમુક જ રીતે અને અમુક માંગેલી જ વસ્તુ મળશે, એવો દાવો કરવો, એ ધારણા છે. ઈશ્વર એટલે ડાહ્યો છે કે તે ભૂલ કરતો નથી અને એટલો ભલો છે કે જે ન્યાયને રસ્તે ચાલે તેને કોઈ પણ સારી વસ્તુ આપ્યા વિના રહેતો નથી. માટે તમારી પ્રાર્થનાનો જવાબ તરત ન મળે, તો પણ તેના પર વિશ્વાસ રાખતા ડરશો નહિ. તેના ચોક્કસ વચન પર શ્રદ્ધા રાખજો કે, “માગો, તો તમને અપાશે.” માત્થી ૭:૭.

**(૧૦) જો આપણે નમ્ર અને ભરોસાવાળા વિશ્વાસથી ઈશ્વરને અપની જરૂરીયાત જણાવીએ તો આપણે કયા મહાન વાયદાનો દાવો કરી શકીએ છીએ?**

*પછી મંદિરમાં તેને મળીને ઈસુએ કહ્યું, “જો, તું સાજો થયો છે; હવેથી પાપ ન કર, રખેને તારા પર વિશેષ [વિપત્તિ]*

*આવી પડે." તે માણસે જઈને યહૂદીઓને કહ્યું, જેમણે મને સાજો કર્યો તે ઈસુ છે." (યોહાન ૫:૧૪-૧૫)*

જો આપણે શંકા અને ભયની સલાહ લઈશું અથવા જે સ્પષ્ટ રીતે ન દેખાય તે દરેક વસ્તુ વિષે વિશ્વાસ આવતાં પહેલાં ખુલાસો કરવા પ્રયત્ન કરીશું, તો આપણી ગુંચવણો વધારે અને ગુઢ થતી જશે. પરંતુ આપણે લાચાર અને નિરાધાર છીએ એ - આપણી ખરી સ્થિતી -સમજીને જેનું જ્ઞાન અમાપ છે, જે સૃષ્ટિ અને તેમાંના સર્વ પદાર્થો જુએ છે, અને જે પોતાની ઈચ્છા તથા શબ્દથી દરેક વસ્તુ પર સત્તા ચલાવે છે એવા ઈશ્વરની પાસે નમ્ર અને શ્રદ્ધાયુકત વિશ્વાસથી આવી તેને આપણી જરૂરીઆતો જણાવીશું, તો તે આપણી બુમ સાંભળવા શકિતવાન છે અને સાંભળશે. વળી તે પોતાનો પ્રકાશ આપણાં હ્રદય પર પડવા દેશે.

ખરા દીલથી કરેલી પ્રાર્થનાથી આપણે અનંત ઈશ્વરનાં મન સાથે સંબંધમાં આવીએ છીએ. આપણાં પર આપણા તારનારનું મોં પ્રેમ અને કરૂણાથી નમે છે, તે વાતનો તે વખતે આપણી પાસે ખાસ પુરાવો નથી, પરંતુ તે ખરી વાત છે. કદાચ આપણને તેનો સ્પર્શ નહિ માલુમ પડે, પરંતુ પ્રેમ અને દયાયુકત કરૂણાથી તેનો હાથ આપણા પર રહેલો હોય છે.

**(૧૧) ઈશ્વર તરફથી આપણી માફી કઈ રીતે નિર્ધારિત છે?**

*કેમ કે જો તમે માણસોને તેઓના અપરાધ માફ કરો, તો તમારા આકાશમાંના પિતા તમને પણ માફ કરશે. પણ જો તમે માણસોને તેઓના અપરાધ માફ નહિ કરો, તો તમારા પિતા તમારા અપરાધ પણ તમને માફ નહિ કરશે. (માથ્થી ૬:૧૪-૧૫)*

જયારે આપણે ઈશ્વર પાસે દયા અને આશિર્વાદો માંગવા આવીએ ત્યારે આપણા પોતાના હ્રદયમાં પ્રેમ અને ક્ષામાનો ભાવ હોવો જોઈએ. જો આપણા વિચારો અક્ષામા તરફ હોય, તો “જેમ અમે અમારા ઋણીઓને માફ કર્યા છે તેમ તું અમારા ઋણો અમને માફ કર,” એવી પ્રાર્થના કેવી રીતે કરી શકીએ ? માત્થી ૬:૧૨. જો આપણી પ્રાર્થના સંભળાય એવી આપણી ઈચ્છા હોય, તો આપણે જેવી અને જેટલી માફીની આશા રાખતા હોઈએ, તેવી અને તેટલી માફી બીજાઓને આપવી જોઈએ.

**(૧૨) પ્રાર્થનાની આત્મામાં આપણું હ્રદય કેટલી વખત ઈશ્વરવ સાથે જોડાયેલું રહે છે?**

*પ્રાર્થનામાં ખંતથી મંડયા રહો, અને તેમાં આભારસ્તુતિ કરીને જાગૃત રહો. (કલોસી ૪:૨)*

પ્રાર્થનામાં ખંત અને પ્રાર્થનામાં સ્વીકારવાની એક શરત કરવામાં આવી છે. જો આપણે વિશ્વાસ અને અનુભવમાં વધવું હોય, તો આપણે હંમેશાં પ્રાર્થના કર્યા કરવી જોઈએ. શાસ્ત્ર કહે છે કે, “પ્રાર્થનામાં લાગુ રહો.” “પ્રાર્થનામાં ખંતથી મંડયા રહો અને તેમાં ઉપકાર સ્તુતિ કરીને જાગૃત રહો.” રૂમી ૧૨:૧૨. કોલોસી ૪:૨. પીતર માનનારોઓને વિનંતી કરે છે કે , “સંયમી થાઓ, ને સાવધ રહીને પ્રાર્થના કરો.” ૧ પીતર ૪:૭.પાઉલ કહે છે કે, “દરેક બાબતમાં પ્રાર્થના તથા વિનંતીઓ વડે ઉપકાર સ્તુતિ સહિત તમારી અરજો દેવને જણાવો. ” ફીલીપી ૪:૬. યહુદા કહે છે કે “પણ વહાલાઓ, પવિત્ર આત્મામાં પ્રાર્થના કરીને દેવની પ્રિ્રતિમાં પોતાને સ્થિર રાખો.” યહુદા ૨૦:૨૧. ચાલુ પ્રાર્થના એ આત્માનું ઈશ્વર સાથે નું અભેદ્ય ઐકય છે, તેથી ઈશ્વરથી વહેતું વહેતું જીવન આપણા જીવનમાં આવે છે અને આપણા જીવનમાંથી શુદ્ધતા અને પવિત્રતા વહીને પાછી ઈશ્વર પાસે જાય છે.

પ્રાર્થનામાંથી ઉદ્યમથી જરૂર છે ; તમે કોઈ પણ અડચણને લીધે પાછા હઠશો નહિ. ઈસુ અને તમારા પોતાના આત્મા વચ્ચેનો સબંધ ખુલ્લો રાખવા તમારાથી બને તેલા પ્રયત્ન કરજો. જયાં પ્રાર્થના કરવાનો રિવાજ હોય ત્યાં જવાને દરેક રીતે તક શોધજો. જેઓ ઈશ્વર સાથે ખરેખરો સંબંધ બાંધવા પ્રયત્ન કરતા હશે તે પ્રાર્થના સભામાં જોવામાં આવશે, તેઓ પોતાની ફરજ બજાવવામાં વિશ્વાસુ અને જે લાભ મળે તે ખરા દીલથી ઉઠાવવા આતુર હશે. સ્વર્ગમાંથી પડતાં કીરણોનો પ્રકાશ ઝીલી શકાય એવી જગ્યાએ પોતાની જાતને મૂકવા દરેક તકનો તેઓ સદુપયોગ કરશે.

*હું પ્રાર્થનામાં ખ્રિસ્ત દ્વારા ઈશ્વર પાસે ગમે ત્યારે આવી શકું એવો ઉત્તમ અધિકાર ઈશ્વરે મને આપ્યો માટે હું તેમનો આભારી છું.*

વર્તુળ: હા અનિર્ણિત

*મને ભાન થયું કે પ્રાર્થનામાં પ્રભુ સાથેનો સંપર્ક આપણી સ્વર્ગની જીવાદોરી છે. મારી ઈચ્છા છે કે હું તેમની સાથે સતત સંપર્કમાં રહું અને પ્રાર્થનાની ભેંટ દ્વારા તેમની શાંતિનો અનુભવ કરું.*


વર્તુળ: હા અનિર્ણિત

હું ભરોષો રાખું છું અને વિશ્વાસ કરું છું કે ઈશ્વર મારી પ્રાર્થના સાંભળે છે અને તે તેમના યથાર્થ સમયે અને યથાર્થ ઈચ્છા અનુસાર તેનો ઉત્તર પણ આપશે.

વર્તુળ: હા અનિર્ણિત

હું પ્રાર્થનામાં તેમના “કૃપાના સિંહાસન પાસે હિંમતભેર” આવવાના આમંત્રણને સ્વીકારું છું જેથી હું દરરોજ તેમની સાથે ચાલવા માટે જરૂરી મદદ, કૃપા, અને દયા મેળવી શકું.

વર્તુળ: હા અનિર્ણિત



## પાઠ ૧૩
## પ્રાર્થનાનું સામર્થ્ય

(૧) વ્યકતિગત પ્રાર્થનાનું શું પરિણામ છે?

*પણ જ્યારે તું પ્રાર્થના કરે, ત્યારે તારી ઓરડીમાં પેસ, ને તારું બારણું બંધ કરીને ગુપ્તમાંના તારા પિતાની પ્રાર્થના કર, ને ગુપ્તમાં જોનાર તારા પિતા તને બદલો આપશે. (માથ્થી ૬:૬)*

આપણે કુટુંબનાં માણસો એ ભેંગા થઈને પ્રાર્થના કરવી જોઈએ; એ ઉપરાંત ખાનગી પ્રાર્થનામાં આપણે બેદરકાર ન રહેવું જોઈએ, કારણકે એ જ આત્માનું જીવન છે. પ્રાર્થનાની દરકાર ન રાખીએ, તો આત્માની ઉન્નતિ અશયક છે. એકલી કૌટુબીંક કે જાહેર પ્રાર્થના બસ નથી.

એકાંતમાં તમારો આત્મા ઈશ્વરની શોધક આંખ નીચે ખુલ્લો મૂકી દો. ખાનગીમાં કરેલી પ્રાર્થનાઓ પ્રાર્થના સાંભળનાર ઈશ્વરને જ સંભળાવી જોઈએ. આવી વિનંતીનો ભાર કોઈ કૌતુક સાંભળવા ઈચ્છનાર કાને ન પહોંચાડવો જોઈએ.

એકાતમાં આત્મા-હ્રદય આજુબાજુનાં સંજોગોની અસરથી તેમજ ઉશ્કેરણીથી મુકત હોય છે; તે શાંતિ અને ઉત્સાહથી ઈશ્વર પાસે પહોંચી જવાને પ્રયત્ન કરશે. જે ગુપ્તમાં જુએ છે અને જેનો કાન હ્રદયમાં ઉત્પન્ન થએલી પ્રાર્થના સાંભળવા ખુલ્લો રહે છે તેના તરફથી ઉત્પન્ન થએલી અસર મધુર અને કાયમની હશે. શાંત અને સાદા વિશ્વાસથી માણસનો ઈશ્વર સાથે સંબંધ થાય છે અને બળવાન બનવા તથા શેતાન સાથેના યુદ્ધમાં ઉભા રહેવા માટે દૈવી પ્રકાશનાં કીરણો એકઠાં કરે છે. ઈશ્વર આપણી શકિતનો મીનારો છે.

તમારી એકાંત ઓરડીમાં પ્રાર્થના કરો; અને રોજના કામકાજે જતાં વારંવાર ઈશ્વર તરફ હ્રદય ઉંચું કરો. આ રીતે હનોખ ઈશ્વર સાથે ફરતો. આ મુંગી પ્રાર્થનાઓ મહિમાના સિંહાસન આગળ કરેલ અમૂલ્ય ધૂપની માફક ઉંચે ચઢે છે. આ રીતે જેનુ હ્રદય ઈશ્વર

પર સ્થિર થયું હોય, તેને શેતાન જીતી શકતો નથી.

**(૨) આ વચનમાં કઈ સૂચના પ્રાર્થનાના મહત્વને વધારે મજબૂત કરે છે?**

*નિત્ય પ્રાર્થના કરો. (૧ થેસ્સાલોનિકી ૫:૧૭)*

કોઈ પણ સ્થળ કે સમય એવો નથી કે જયાં અથવા જયારે પ્રાર્થના કરવી અયોગ્ય ગણાય. પ્રાર્થના કરવા આતુર થએલ હૃદયને અટકાવી શકે એવી કોઈ ચીજ નથી. જેમ નહેમ્યાહે આર્તાહશાસ્તા રાજાની આગળ વિનંતી કરતી વખતે ઈશ્વરને અરજી મોકલી તેની દૈવી સલાહ માંગી હતી, તેમ રસ્તામાં ફરતાં લોકોનાં ટોળામાં અને પોતાના ધંધાને લગતા કામકાજમાં તમે કરી શકો છો. આપણે ગમે ત્યાં હોઈશું, ત્યાં ઈશ્વર સાથે વાત કરવા જેટલી ખાનગી જગ્યા તો મળશે. આપણે હંમેશાં આપણાં હૃદયનાં દ્વાર ખુલ્લાં રાખવા જોઈએ અને ઈસુ સ્વર્ગીય પરોણા તરીકે આવીને આપણા હૃદયમાં વસે એવું નિમંત્રણ ઉપર મોકલ્યાં કરવું જોઈએ.

આપણી આજુ બાજુ મલીન અને દુષ્ટ વાતાવરણ હશે, છતાં આપણે તેની ઝેરી હવાનો શ્વાસ લેવાની જરૂર નથી; આપણે

તો સ્વર્ગની શુદ્ધ હવામાં રહી શકીશું. સાચા દીલની પ્રાર્થના દ્વારા આપણે આપણા આત્માને ઉન્નત કરી ઈશ્વરની હાજરીમાં લઈ જવાથી અશુદ્ધ કલ્પના અને અપવિત્ર વિચારોનાં દ્વાર બંધ કરી શકીશું. જેનાં હ્રદય ભરી દેવાની છે; એ સાધવા માટે આપણે સ્વર્ગીય વસ્તુઓ દૈવી રીતે ખુલ્લી થાય એવું કરવું જોઈએ.

**(૩) જ્યારે આપણે નિરંતર ખ્રિસ્ત સાથે વાતચીત કરીએ છે, તેનું શું પરિણામ આવે છે?**

*દઢ મનવાળાને તમે શાંત જ રાખશો; કેમ કે તેનો ભરોસો તમારા પર છે. (યશાયા ૨૬:3)*

તમારા આત્માને ઉંચે ખેંચાવા દો કે ઈશ્વર શ્વાસ લેવા માટે સ્વર્ગીય વાતાવરણ આપે. આપણે ઈશ્વરની નજીક રહી શકીએ કે દરેક અણધારી પરીક્ષા વખતે જેમ ફૂલ સૂર્ય તરફ ફરે છે તેમ આપણા વિચારો ઈશ્વર તરફ વળે.

**(૪) હૃદયભંગ થયેલાઓ માટે ઈશ્વરે કૃપાથી કયો વાયદો આપેલો છે?**

*હ્રદયભંગ થયેલાંને તે સાજાં કરે છે; તે તેઓના ઘાને રૂઝવે છે. (ગીતશાસ્ત્ર ૧૪૭:3)*

તમારી જરૂરીઆતો, આનંદ, શોક, ભય અને ફીકર બધું ઇશ્વર આગળ ધરો. તેને ભાર લાગશે નહિ; તેમ તમે તેને થકવી શકશો પણ નહિ. જે તમારા માથાનાં વાળની પણ ગણતરી રાખે છે, તે પોતાનાં બાળકોની જરૂરીઆત તરફ બેદરકારી નહિ બતાવે. "પ્રભુ ઘણો દયાળુ તથા કૃપાળુ છે." યાકૂબ ૫:૧૧. આપણી દીલગીરી અને તે વિષેની વાતોથી તેના પ્રેમાળ હૃદય પર અસર થઈ છે.

તમારા મનને જેથી ગુંચવણ ઉભી થતી હોય, એવી દરેક બાબત તેની આગળ લઈ જાઓ. તે ઉંચકી શકે નહિ, એવી કોઈ પણ વસ્તુ નથી. કારણ કે તે પૃથ્વીઓને -ગૃહો ઉપગૃહોને ધરી રાખે છે અને આખી સૃષ્ટિ પર રહે છે. આપણા અનુભવનું એકે એક પાનું તે વાંચે છે એન આપણી દરેક ગુંચવણ તે ઉકેલી શકે છે. આપણો સ્વર્ગીય પિતા ન જોતો હોય અથવા ખાસ રસ ન લેતો હોય એવું તેના નાનામાં નાના બાળક પર કંઈ સંકટ પડતું નથી; કોઈ ચિંતા માણસને દુ:ખી કરતી નથી. "હૃદયભંગ થએલાને તે સાજાં કરે છે, તે તેઓના ઘાને રૂઝવે છે." ગીતશાસ્ત્ર ૧૪૭:૩. ઈશ્વર અને દરેક માણસ વચ્ચે એવો ખાસ અને સંપૂર્ણ સંબંધ છે કે જાણે એકલાનજ માટે પોતાનો વહાલો દીકરો આપ્યો હોય ને.

**(૫) આપણે કોના નામમાં પ્રાર્થના કરવી જોઈએ?**

***જો કોઈ મારામાં રહેતો નથી, તો ડાળીની જેમ તેને બહાર ફેંકી દેવામાં આવે છે, અને તે સુકાઈ જાય છે. પછી લોકો તેઓને એકઠી કરીને અગ્નિમાં નાખે છે, ને તેઓ બળી જાય છે. (યોહાન ૧૫:૬)***

ઈસુએ કહ્યું કે "મારે નામે તમે માગશો; ને હું તમને એમ નથી કહેતો કે હું તમારે સારૂ બાપને વિનંતી કરીશ; કેમકે બાપ પોતે તમારા પર પ્રેમ રાખે છે." "મેં તમને પસંદ કર્યા છે, જેથી તમેમારે નામે જે કંઈ બાપની પાસે માગો, તે તમને તે આપે. " યોહાન ૧૬:૨૬, ૨૭, ૧૫:૧૬. પરંતુ ઈસુને નામે પ્રાર્થના કરવી તેનો અર્થ પ્રાર્થનાની શરૂઆતમાં અને અંતમાં ઈસુનું નામ લેવું એથી વધારે છે. તેનો અર્થ એવાં છે કે ઈસુના જેવા મન અને ભાવથી પ્રાર્થના કરવી, તેમજ તેના વચન પર વિશ્વાસ રાખવો, તેની કૃપા પર આધાર રાખવો અને તેના જેવાં કામ કરવાં.

**(૬) આપણી પ્રાર્થના અને આરાધના સાથે ખ્રિસ્તીપાણાના કયા વ્યવહારુ કાર્ય સંમિલિત હોવા જોઈએ?**

***વિધવાઓની અને અનાથોની તેઓનાં દુ:ખની વખતે મુલાકાત લેવી અને***

*જગતથી પોતાને નિષ્કલંક રાખવો એ જ ઈશ્વરની, એટલે પિતાની, આગળ શુદ્ધ તથા નિર્મળ ધાર્મિકતા છે. (યાકૂબ ૧:૨૭)*

*અને તમારામાંનો કોઈ તેઓને કહે કે, "શાંતિથી જાઓ, તાપો, અને તૃપ્ત થાઓ." તોપણ શરીરને જે જોઈએ તે જો તમે તેઓને ન આપો, તો તેથી શો લાભ થાય? (યાકૂબ ૨:૧૬)*

આપણે જગતનો ત્યાગ કરી સાધુ સન્યાસી થઈ જઈએ અને ભકિતનાજ કાર્યમાં જીવન ગાળીએ એવું ઈશ્વર નથી કહેતો. આપણે ખ્રીસ્તની માફક પહાડ અને લોકોનાં ટોળાં વચ્ચે જીવન ગાળવું જોઈએ. જે માણસ આખો દિવસ પ્રાર્થના જ કર્યા કરતો હશે ને તે સિવાય બીજું કંઈ કરતો નહિ હોય, તે પ્રાર્થના કરતો અટકી જશે અથવા તેની પ્રાર્થનામાં કંઈ જીવ જેવું નહિ રહે. જાયરે માણસ સામાજીક જીવનમાંથી દૂર ખસી જાય છે; જયારે ખ્રીસ્તી ફરજો અને જવાબદારીઓનાં વર્તુંળમાથી નીકળી જયા છે અને જયારે જે ગુરૂએ તેને માટે ઉત્સાહથી કામ કર્યું તે ગુરૂને માટે ઉત્સાહથી કામ કરવાનું છોડી દે છે, ત્યારે તે પ્રાર્થનાનું તત્વ ગુમાવી બેસે છે અને ભકિતની પ્રેરણા તેનામાં રહેતી નથી. તેની પ્રાર્થના અંગત અને સ્વાર્થી બની જાય છે. તેઓ મનુષ્ય

જાતની જરૂરીઆતો માટે કે ખ્રીસ્તનું રાજય સ્થાપના કરવા માટે કામ સ્થાપન કરવા સારૂ શકિત મેળવવા પ્રાર્થના કરી શકતા નથી.

**(૭) ખ્રિસ્તી સંગતિનો શો ઉદ્દેશ્ય છે?**

***જેમ કેટલાક કરે છે તેમ આપણે એકઠા મળવાનું પડતું ન મૂકીએ, પણ [આપણે એકબીજાને] ઉત્તેજન આપીએ, અને જેમ જેમ તમે તે દિવસ પાસે આવતો જુઓ, તેમ તેમ વિશેષ પ્રયત્ન કરો.** (હિબ્રૂ ૧૦:૨૫)*

ઈશ્વરની સેવામાં એક બીજાને શકિત અને ઉત્તેજન આપવા માટે ભેગા થવાના હક ભોગવાવમાં આપણે બેદરકારી કરીએ છીએ. ત્યારે આપણને નુકશાન થાય છે. આપણા મનમાં તેને શાસ્ત્રનાં સત્યો જેટલું આબેહુબ અને અગત્યનું લાગવું જ દઈએ તેટલું લાગતું નથી. તેની પવિત્ર કરનાર અસરથી આપણા હ્રદયને પ્રકાશ અને જાગૃતી મળતી બંધ થાય છે અને આપણું આત્મિક પતન થાય છે. ખ્રીસ્તી તરીકે આપણા સમાજમાં એક બીજા તરફ દાઝને અભાવે આપણે આપણું ઘણું ગુમાવીએ છીએ. જે માણસ સમાજથી જુદો પડી એકલોજ રહે છે, તે ઈશ્વરે તેને માટે નક્કી કરેલ સ્થાન પુરતો નથી.

મનુષ્ય સ્વભાવમાં રહેલા સામાજિક તત્ત્વવો બરોબર રીતે કેળવવાથી આપણે બીજા માટે દાઝ ધરાવતા થઈએ છીએ અને તે આપણા માટે ઈશ્વરની સેવામાં વિકાસ અને શકિતનું મૂળ થઈ પડે છે.

જો ખ્રીસ્તીઓ સાથે મળીને એકબીજા સાથે ઈશ્વરના પ્રેમ અને ઉદ્ધારના અમૂલ્ય સત્યો વિષે વાત કરે, તો તેમનાં પોતાનાં હ્રદયને તાજગી મળે અને તેઓ એક બીજાને પણ તાજગી આપે. આપણે આપણાં સ્વર્ગીય પિતા વિષે રોજ વધારે શીખતા જઈશું, તેમ તેની કૃપાનો તાજો અનુભવ મળશે; પછી આપણને તેના પ્રેમ વિષે વાત કરવા ઈચ્છા થશે; અને એમ કરતા આપણાં પોતાના હ્રદયને ગરમી અને ઉત્તેજન મળશે. જો આપણે પોતાની જાત બદલે ઈશ્વર વિષે વાત અને વિચાર વધારે કરીશું, તો આપણને તેની હાજરી ઘણી વધારે મળશે.

**(૮) શાંતિને વળગી રહેવા માટે આપણા વિચારો અને ભાવ ક્યાં કેન્દ્રિત હોવા જોઈએ?**

*દઢ મનવાળાને તમે શાંત જ રાખશો; કેમ કે તેનો ભરોસો તમારા પર છે. યહોવા પર સદા ભરોસો રાખો;*
*કેમ કે યહોવા ઈશ્વર સનાતન ખડક છે.*
*(યશાયા ૨૬:૩-૪)*

*ઉપરની વાતો પર ચિત્ત લગાડો, પૃથ્વી પરની વાતો પર નહિ. (કલોસી ૩:૨)*

જો આપણે ઈશ્વર આપણી સંભાળ લે છે એવો પુરાવો મળે એટલોજ વખત ઈશ્વરનો વિચાર કરીશું, તો તે સદા આપણા વિચારમાં જ હશે અને તેના વિષે વાત કરવામાં તેમજ તેનાં વખાણ કરવામાં આપણને આનંદ પડશે. આપણે દૂનિઆની ચીજોની વાતો કરીએ છીએ, કેમકે આપણને તેમાં રસ પડે છે. આપણે આપણા મિત્રો વિષે વાત કરીએ છીએ તેનું કારણ એ છે કે આપણે તેઓને ચાહીએ છીએ, તેમજ આપણા આનંદ અને શોક તેમની સાથે જડેલા હોય છે. છતાં આપણાં જગતનાં મિત્રોને ચાહવા કરતાં, ઈશ્વરને ચાહવાનું આપણને ઘણું મોટું કારણ છે; અને આપણા વિચારોમાં એને પ્રથમ સ્થાન આપવું તેમજ તેની ભલાઈ અને શકિતની વાત- વખાણ કરવાં એ જગતમાં સ્વભાવિકમાં સ્વભાવિક બાબત હોવી જોઈએ.

ઈશ્વરે આપણને ઉમદા દાનો આપ્યાં તેમાં તેનો એવો ઈરાદો ન હતો કે આપણે -એટલા બધા વિચારો અને પ્રેમ એ વસ્તુઓ માટે ખરી નાખીએ કે આપણી પાસે -ઈશ્વરને આપવા કંઈ જ ન રહે. એ દાનો તો આપણે હંમેશાં ઈશ્વરની યાદ

આપવા તથા આપણા સ્વર્ગીય દાતા સાથે પ્રેમ અને ઉપકારનાં બંધનથી બાંધી રાખવા માટે છે. આપણે જગતની નીચી ભૂમીની છેક પાસે વસીએ છીએ. ચાલો, આપણે ઉપર આવેલા સ્વર્ગીય મંદીરના પવિત્ર સ્થાનના ખુલ્લા દ્વા ભણી ઉંચે નજર કરીએ, ત્યાં ઈસુના ચહેરા પર ઈશ્વરના મહિમાનો પ્રકાશ ઝળકી રહ્યો છે. અને “જેઓ એની મારફતે દેવની પાસે આવે છે, તેઓને સંપૂર્ણ રીતે તારવાને એ સમર્થ છે.” હેબ્રી ૭:૨૫.

**(૯) આપણી પ્રાર્થનામાં કયા મહત્વના તત્વો સંમિલિત હોવા જોઈએ?**

***પ્રાર્થનામાં ખંતથી મંડયા રહો, અને તેમાં આભારસ્તુતિ કરીને જાગૃત રહો. (કલોસી ૪:૨)***

“તેની કૃપા તથા માણસ જાતને સારૂ તેનાં આશ્ચર્યકારક કૃત્યો” માટે ઈશ્વરની સ્તુતિ કરવાની જરૂર છે.(ગીતશાસ્ત્ર ૧૦૭:૮). આપણી ભકિત માંગવામાં અને મેળવવામાં જ આવી જવી જોઈએ નહિ, આપણે હંમેશાં આપણી જરૂરીઆતોનો વિચર કર્યા કરવો ન જોઈએ અને આપણને મળતા લાભો કદી ભૂલવા ન જોઈએ.

આપણે ઘણી પ્રાર્થના કરતાં નથી એટલું જ નહિ પણ ઉપકારસ્તુતિ કરવામાં પણ ઘણા મંદ છીએ. આપણે હંમેશાં ઈશ્વરની દયા મેળવ્યા કરીએ છીએ, છતાં આપણે કેટલો ઓછો આભાર પ્રદશીર્ત કરીએ છીએઃ આપણા માટે તેણે જે કંઈ કર્યુ છે તેને માટે કેટલી ઓછી સ્તુતિ કરીએ છીએ.

**(૧૦) જેઓ પોતાનું જીવન આનંદથી ખ્રિસ્તને સમર્પિત કરે છે તેઓના હૃદયમાંથી શું નીકળશે?**

***અને ત્યાં તમારે યહોવા તમારા ઈશ્વરની આગળ જમવું, ને તમારા હાથમાં જે સર્વ [કામો] માં યહોવા તારા ઈશ્વરે તને આશીર્વાદ આપ્યો છે તેમાં તમારે તથા તમારાં કુટુંબોએ ઉત્સવ કરવો. (પુનર્નિયમ ૧૨:૭)***

અસલના વખતમાં જયારે ઈસ્રાએલીઓ ઈશ્વરની સેવા માટે એકઠા થયા, ત્યારે તેણે ફરમાવ્યું હતું કે, "તમારે યહોવાહ તમારા દેવની આગળ જમવું, ને તમારા હાથમાં જે સર્વ(કામો)માં યહોવાહ તારા દેવે તને આશિર્વાદ દીધો છે, તેમાં તમારે તથા તમારાં કુટુંબોએ ઉત્સવ કરવો." પુનર્નિયમ ૧૨:૭. જે કંઈ ઈશ્વર માટે કરવામાં આવે તે શોક કે ઉદાસીમાં

નહિ પરંતુ આનંદથી અને ભજનો તથા ઉપકારસ્તુતિનાં ગીતો સાથે થવું જોઈએ.

આપણો ઈશ્વર માયાળુ અને દયાળુ પિતા છે. તેની સેવા હ્રદયને દુ:ખકર્તા અથાવ ભારરૂપ ન ગણાવી જોઈએ. ઈશ્વરની ભકિત કરાવમાં અને તેના કામમાં ભાગ લેવામાં આનંદ પડવો જોઈએ. જે ઈશ્વરે પોતાનાં બાળકો માટે આવી મોટા તારણની ગોઠવણ કરી છે, તેથી તે નિર્દયપણે સખ્ત કામ લેનાર ધણી જેવો કઠોર છે એમ તેનાં બાળકો વિચારે એવી તેની ઈચ્છા નથી. તે તો પોતાના બાળકોનો સર્વોત્તમ મિત્ર છે. અને જાયરે તેઓ તેની ભકિત કરે છે, ત્યારે ઈશ્વર તેઓની સાથે રહી આશિર્વાદ અને દીલાસો આપવા તેમજ તેઓનાં હ્રદય આનંદ અને પ્રેમથી ભરવા માગે છે. પોતાનાં બાળકો પોતાની સેવામાં દીલાસો લે અને પોતાના કામમાં (દુ:ખ કરનતાં) વધારે આનંદ મેળવે, એવું ઈશ્વર ઈચ્છે છે. વળી તે ઈચ્છે કે જેઓ મારી ભકિત કરવામાં આવે, તેઓ મારા સંભાળ અને પ્રેમ વિષે કીમતી વિચારો લઈ જાય; પોતાના રોજનાં કામકાજમાં આનંદ પામે; અને દરેક બાબતમાં પ્રમાણિક પણે અને વિશ્વાસથી ચાલવાને તેઓની કૃપા મળે.

**(૧૧) જ્યારે આપણા વિચારો, વાર્તાલાપ, અને પ્રાર્થનાઓ ઈશ્વરની પ્રશંસા અને મહિમા કરે છે, ત્યારે શું પ્રગટ થાય છે?**

***જે ઉપકારસ્તુતિનાં અપર્ણ ચઢાવે છે તે મારો મહિમા [પ્રગટ] કરે છે; અને જે પોતાની વર્તણૂક [નિયમસર] રાખે છે, તેને હું ઈશ્વરનું તારણ દેખાડીશ." (ગીતશાસ્ત ૫૦:૨૩)***

આપણે વધસ્તંભ પાસે ભેગા મળવું જોઈએ. આપણા વિચાર, વાતચીત અને આનંદમય લાગણીઓના વિષય ખ્રીસ્ત અને તેનો વધ હોવો જોઈએ. જે આશિર્વાદ આપણને ઈશ્વર તરફથી મળે છે, તે દરેક ધ્યાનમાં રાખવો જોઈએ; અને જયારે આપણે તેનો મહાન પ્રેમ સમજીએ, ત્યારે આપણા માટે જે હાથમાં ખીલા જડાયાં તેને બધું સોંપવાને તૈયાર થવું જોઈએ.

**(૧૨) આપણા માટેના ઈશ્વરના આશ્ચર્યજનક કાર્યો માટે આપણાં હોઠો ઉપર હંમેશા શું રહેવું જોઈએ?**

***આ તેમની કૃપા તથા માણસજાત માટેનાં તેમનાં આશ્ચર્યકારક કૃત્યો ધ્યાનમાં રાખીને માણસો યહોવાની સ્તુતિ કરે [તો કેવું સારૂં] ! વળી તેઓ સ્તુત્યાર્પણ ચઢાવે,***

*અને તેમનાં કામ ગાયનથી વર્ણવે. (ગીતશાસ્ત્ર ૧૦૭:૨૧-૨૨)*

સ્તુતિની પાંખો પર બેસીને આત્મા સ્વર્ગની નજીકને નજીક જતો જશે ઉપર સ્વર્ગીય ભવનોમાં ગીતો અને સંગીત સાથે ઈશ્વરરની ભકિત થાય છે, અને આપણે જયારે આપણી કૃતજ્ઞતા વ્યકત કરીએ છીએ ત્યારે આપણે પણ સ્વર્ગીય દૂતોની ભકિત જેવું જ કંઈક કરતા હોઈએ, એવું લાગે છે. “જે ઉપકાર સ્તુતિનાં અર્પણ ચઢાવે છે., તે (ઈશ્વરનો) મહીમા (પ્રગટ) કરે છે.” ગીતશાસ્ત્ર ૫૦:૨૩. ચાલો, આપણે પણ ભકિતયુકત આનંદથી “આનંદ અને ઉત્સવ” સહિત આપણા સરજનહારની આગળ જઈએ.(યશાયાહ ૫૧:૩ ).”

*તેમની સાથેના મારાં દરરોજના અનુભવમાં વ્યક્તિગત અને જાહેર પ્રાર્થના દ્વારા તેમની સાથેના સતત સંપર્કની જરૂરીયાત મને સમજાઈ.*

વર્તુળ: હા અનિર્ણિત

*મને સમજાયું કે ઈશ્વરની દયા અને ભલાઈ માટે પ્રાર્થનામાં તેમની સ્તુતિ અને આભાર વ્યક્ત કરવો કેટલું મહત્વનું છે.*

વર્તુળ: હા અનિર્ણિત

પ્રાર્થનાના આશીર્વાદ દ્વારા ઈશ્વરના સિંહાસન આગળ આવવાના અધિકાર માટે અને મારા જીવનમાં અને જેઓના માટે હું પ્રાર્થના કરું છું યેઓના જીવનમાં તેમના સામર્થ્યનો દાવો કરવાના અધિકાર માટે હું ઈશ્વરનો આભાર માનું છું.

વર્તુળ: હા અનિર્ણિત



## પાઠ ૧૪
## સંદેહ સાથે શું કરવું

**(૧) જે લોકોને ઈસુના ઈશ્વરત્વ પર સંદેહ હતો તેઓને ઈસુએ શો પ્રત્યુત્તર આપ્યો?**

*ત્યારે કેટલાક શાસ્ત્રીઓએ તથા ફરોશીઓએ તેમને ઉત્તર આપ્યો, “ઓ ઉપદેશક, અમારે કંઈ નિશાની જોવી છે.” પણ તેમણે તેઓને ઉત્તર આપ્યો, “દુષ્ટ તથા વ્યભિચારી પેઢી*

*નિશાની માગે છે, પણ યૂના પ્રબોધકની નિશાની સિવાય કોઈ નિશાની તેને અપાશે નહિ. (માથ્થી ૧૨:૩૮-૩૯)*

ઘણાં માણસોને અને ખાસ કરીને ખ્રીસ્તી જીવનની શરૂઆત કરનારને કોઈ કોઈ વખત સંદેહાત્મક સૂચનાઓ નડે છે, બાઈબલમાં એવી કેટલીએ બાબતો છે કે જે તેઓ સમજાવી શકતા નથી, અરે, કેટલીક તો સમજી પણ શકતા નથી. અને શેતાન આ વસ્તુઓ બાઈબલ ઈશ્વરે પ્રગટ કરેલ છે એવો વિશ્વાસ ઢીલો કરવા માટે ઉપયોગ કરે છે. તેઓ પૂછે છે કે, "હું ખરો રસ્તો કેવી રીતે જાણું ? જો બાઈબલ ખરેખર ઈશ્વરનો જ શબ્દ હોય મારે આ શંકાઓ અને ગુંચવણમાંથી કેવી રીતે મુકત થવું. "

આપણા વિશ્વાસનો પાયો નાખવા માટે પુરતો પુરાવો આપ્યા સિવાય ઈશ્વર આપણને કદી માનવાનું કહેતો નથી. તેનું અસ્તિત્વ, તેનું ચારિત્ર્ય, તેના શબ્દની સત્યતા એ બધી બાબતો બુદ્ધિગમ્ય પુરાવાથી સાબિત થએલી છે, અને તે પુરાવો જ પુષ્કળ છે. છતાં ઈશ્વરે શંકાની શકયતા કદી દૂર કરી નથી. આપણો વિશ્વાસ દેખાવ પર નહિ પણ પુરાવા વગર આધાર રાખતો હોવો જોઈએ. જેઓ શંકા રાખવા માંગતા હશે, તેઓને તક

મળશે; પણ જેઓએ સત્ય જાણવા ખરેખર ઈચ્છતા હશે તેઓને પોતાના વિશ્વાસ માટે પુષ્કળ પુરાવો મળશે.

**(૨) શા માટે માણસ ઈશ્વરના માર્ગોને સમજવા માટે સક્ષમ નથી?**

***કેમ કે મારા વિચારો તે તમારા વિચારો નથી, તેમ તમારા માર્ગો તે મારા માર્ગો નથી" એમ યહોવા કહે છે.***
***"જેમ આકાશો પૃથ્વીથી ઊંચાં છે, તેમ મારા માર્ગો તમારા માર્ગોથી, ને મારા વિચારો તમારા વિચારોથી ઊંચા છે.***
***(યશાયા ૫૫:૮-૯)***

પરિમિત મનમાં અપરિમિત ઈશ્વરનાં કામના લક્ષાણો સંપૂર્ણ વિચાર આવવો અશકય છે. તીવ્રમાં તીવ્ર બુદ્ધિવાળા અને ઉંચામાં ઉંચી કેળવણી પામેલા માણસને મન પણ પવિત્ર ઈશ્વર સદા ભેદમાં વીંટળાએલો જ રહેવાનો. " શું તું શોધ કરવાથી ઈશ્વરના મર્મોને પત્તો મેળવી શકે ? શું શોધી શોધીને સર્વ શકિતમાનનો પાર તું પામી શકે ? તે ગગન જેટલું ઉંચુ છે, તેમાં તારૂં શું વળે ? તે શેઓલ કરતા ઉંડુ છે, તુ શું જાણી શકે ? " અયૂબ ૧૧:૭, ૮.

પાઉલ પ્રેરિત કહે છે કે, " અહા ¦ દેવની બુદ્ધિની તથા જ્ઞાનની સંપત્તિ કેવી અગાધ છે¦ તેનો ઠરાવો કેવા ગૂઠ, ને તેના માર્ગો

કેવા અગમ્ય છે!" રૂમી ૧૧:૩૩ફ જો કે "મેઘો તથા અંધકાર તેની આસપાસ છે !" પણ "ન્યાયીપણું તથા ઈન્સાફ તેના રાજયસનો પાયો છે."ગીતશાસ્ત્ર ૯૭:૨. આપણે તેની આપણી સાથેની વર્તણુક અને જે હેતુથી તે પ્રેરાએલ છે, તે વિષે એટલું સમજી શકીએ છીએ, આ સિવાયની બાબતમાં હજી પણ આપણે તેના સર્વશકિતમાન હાથ અને પ્રેમથી ભરેલા હૃદય પર વિશ્વાસ રાખવો જોઈએ.

**(3) જ્યારે આપણે પવિત્રશાસ્ત્રને સમજવામાં નિષ્ફળ જઈએ છીએ, ત્યારે કઈ બાબત વિષે આપણે સાવધાની રાખવી જોઈએ?**

*તેના સર્વ પત્રોમાં પણ આ વાતો વિષે તેણે એમ જ કહ્યું છે. તે [પત્રો] માં કેટલીક વાતો સમજવાને અઘરી છે, અને જેમ બીજા લેખોનો તેમ એ વાતોનો પણ અજ્ઞાન તથા અસ્થિર માણસો પોતાના નાશને માટે મારીમચડીને અવળો અર્થ કરે છે. માટે, વહાલાંઓ, તમે અગાઉથી ચેતીને સાવધ થાઓ કે, અધર્મીઓની ભૂલથી ખેંચાઈ જઈને તમે તમારી સ્થિરતાથી ન ડગો. (૨ પિતર 3:૧૬-૧૭)*

બાઈબલ તેના દૈવી કર્તાના ચારિત્ર્યની માફક એવો મર્મો રજુ કરે છે કે જેનો

બરોબર ખ્યાલ પરિમીત બુદ્ધિવાળા મનુષ્યને કદી આવે જ નહિ. જગતમાં પાપનો પ્રવેશ, ખ્રીસ્તનો અવતાર, પુનર્જન્મ, પુનરુત્થાન અને બાઈબલમાં બતાવેલાં બીજા ઘણા વિષયો મનુષ્યનું મગજ સમજાવી શકે નહિ કે પુરા સમજી પણ શકે નહિ એટલા ઉંડા છે.

આપણે ઈશ્વરના કામકાજના મર્મ સમજી શકતાં નથી તેટલા પરથી જ બાઈબલમાં સંદેહ લાવવાનું કારણ નથી કુદરતી જગતમાં પણ આપણી આજુબાજુ એવા મર્મો આવી રહ્યા છે, જે આપણે સમજી શકતા નથી. સાદામાં સાદા જીવ વિષે એવા પ્રશ્નો ઉભા થાય છે કે ડાહ્યામાં ડાહ્યા તત્ત્યવજ્ઞાની તે સમજાવવાને અશુકત નીવડે છે, દરેક જગ્યાએ આપણી બુદ્ધિને અગમ્ય અજાયબીઓ ભરેલી છે ત્યારે શું આત્મિક જગતમાં પણ આપણે સમજી શકીએ નહિ એવા મર્મો છે તે જાણીને આપણે આશ્ચર્ય પામવું ? આ બધી મુશ્કેલી માણસના મનની નિર્બળતા અને સંકુચિતતામાં જ રહેલી છે. ઈશ્વરે બાઈબલમાં દૈવી લક્ષાણનો જોઈએ તેટલો પુરાવો આપ્યો છે, એટલે તેના કામકાજના બધા મર્મો આપણે ન સમજી શકીએ તે પરથી તેના શબ્દો પર શંકા લાવવાની નથી.

પ્રેરિત પીતર કહે છે કે, બાઈબલમાં "કેટલીક વાતો સમજવાને અઘરી છે, અને...... અજ્ઞાની તથા અસ્થિર માણસો પોતાના નાશને સારૂ મારી મચડીને અવળો અર્થ કરે છે. ૨ પીતર ૩:૧૬. બાઈબલની મુશ્કેલીઓને શંકાશીલ માણસો બાઈલલ વિરૂદ્ધ દલીલરૂપે રજુક કરે છે; પરંતુ આ તો બાઈબલ વિષેની દૈવી પ્રેરણાનો મજબુત પુરાવો છે. જો તેમાં સહેલાઈથી સમજી શકાય તે સિવાય ઈશ્વરનું વર્ણન હોત; જો તેની મોટાઈ અને મહિમા મર્યાદિત મન સમજી શકત, તો બાઈબલ માટે દૈવી અધિકાર સચોટ અને વિશ્વાસપાત્ર સાબીતી ન મળત. તેમાં બતાવેલા વિષયોની મણ્તા અને મર્મ પરથી જ તે ઈશ્વરની શબ્દ છે એવો વિશ્વાસ ઉત્પન્ન થવ જોઈએ.

**(૪) શા માટે આ જગતનું જ્ઞાન પવિત્રશાસ્ત્રની સમજણ આપવા માટે નિષ્ફળ નીવડ્યું છે?**

***સાંસારિક માનસ ઈશ્વરના આત્માની વાતોનો સ્વીકાર કરતું નથી, કેમ કે તે વાતો તેને મૂર્ખતા જેવી લાગે છે; અને તેઓ આધ્યાત્મિક રીતે સમજાય છે, માટે તે તેમને સમજી શકતું નથી. (૧ કરિંથી ૨:૧૪)***

બાઈબલ મનુષ્ય હ્રદયની જરૂરીઆત અને ઉત્કંઠાને સંપુર્ણ રીતે યોગ્ય અને સાદાઈથી સતય બતાવે છે, કે જેથી સૌથી કેળવાએલ માણસ આશ્ચર્ય અને મોહ આપે છે અને મોહ પામે છે અને નમ્ર તથા નહિ કેળવાએલાં માણસો પણ તારણનો માર્ગ જોઈ શકે છે. છતાં આ સાદા સત્યો એટલાં ઉંચા, વિશાળ અને મનુષ્યની બુદ્ધિ પાર ન પામી શકે એવા વિષયો ચર્ચે છે, કે જે ઈશ્વરે જાહેર કર્યા છે માટે જ આપણે સ્વીકારી શકીએ છીએ. ઈશ્વરે નક્કી કરેલ રસ્તે તારણ પામવા સારૂ ઈશ્વર પ્રત્યે પશ્ચાતાપ અને પ્રભુ ઈસુ ખ્રીસ્ત પરના વિશ્વાસમાં જે જે પગલાં લેવાં જોઈએ, તે માણસ જોઈ શકે, એવી રીતે ઉદ્ધારનો ઈલાજ આપણી આગળ ખુલ્લો મુકવામાં આવ્યો છે. પરંતુ જો કે સત્યો સહેલાઈથી સમજી શકાય એવાં છે, છતાં તેની નીચે રહેલા મર્મોમાં ઈશ્વરનો મહીમાં છુપાએલો છે - આ મર્મોની શોધ કરતાં માણસનું મન હારી જાય છે, તેમ છતાં ખરા દીલથી સત્ય શોધનારના હ્રદયમાં ભકિતભાવ અને વિશ્વાસ ઉત્પન્ન થાય છે. જેમ જેમ તે બાઈબલનો અભ્યાસ વધારે કરતો જાય છે, તેમ તેમ તેને વધારે ઉંડી ખાતરી થાય છે કે બાઈબલ જીવતા

ઈશ્વરનો શબ્દ છે, અને ઈશ્વરી પ્રકટીકરણના પ્રતાપ આગળ માણસની બુદ્ધિ નમે છે.

આપણે બાઈબલના મહાન સત્યો સંપૂર્ણરીતે સમજી શકતાં નથી એમ કબૂલ કરવું એટલી પરિમીત મન અપરિમીત ને બરાબર ગ્રહણ નથી કરી શકતું એવું કબુલ કરવું; માણસ પોતાના મર્યાદિત જ્ઞાનથી સર્વજ્ઞના હેતુઓ સમજી શકતો નથી એવું કબુલ કરવું.

**(૫) આપણા હૃદયમાં કઈ બાબતોને પ્રવેશ ન કરવા માટે આપણને ચેતવણી આપવામાં આવી છે?**

***હે ભાઈઓ, તમે સાવધ રહો, રખેને તમારામાંના કોઈનું હૃદય અવિશ્વાસના કારણથી ભૂંડું થાય, અને એમ તેમ તે જીવતા ઈશ્વરથી દૂર જાય. (હિબ્રૂ ૩:૧૨)***

શંકાશીલ માણસો અને નાસ્તિકો પોતે બાઈબલના મર્મો સમજી શકતા નથી તેથી બાઈબલનો નકાર કરે છે; અને જે માનવાનો દાવો કરે છે, તે પણ બધા આ વિષયમાં ભયમુકત નથી હોતા. પ્રેરિત કહે છે કે,“હું ભાઈઓ, તમે સાવધ રહો, રખેને તમારાંમાંના કોઈનું હૃદય અવિશ્વાસના કારણથી ભુંડું થાય,અને તેમ તે જીવતા દેવથી દૂર જાય” હેબ્રી ૩:૧૨.

બાઈબલના શિક્ષણનો ધ્યાન દઈને અભ્યાસ કરવો અને " દેવ ના ઉંડા વિચારોને " ૧ કોરીથીં ૨:૧૦ બાઈબલમાં પ્રગટ કર્યા હોય ત્યાં સુધી શોધવા એ વાજબી છે. "મર્મો યહોવહ આપણા દેવના છે, પણ પ્રગટ કરેલી વાતો સદા આપણી છે." પુનર્નિયમ ૨૯:૨૯.

પરંતુ મનની સંશોધન શકિતએ અટકાવવી એ શેતાનનું કામ છે. બાઈબલના સત્યો વિચારવામાં પણ અમુક અભિમાન ભળેલું હોય છે. જો શાસ્ત્રનો દરેક ભાગ પોતાની સમજણ પ્રમાણે સંતોષાકારક રીતે ન સમજાવી શકે, તો માણસ અધીરો થઈ જાય છે અને તેને પોતે હાર્યો હોય એવું લાગે છે. હું ઈશ્વરે પ્રેરેલ શબ્દ-શાસ્ત્ર સમજી શકતો નથી એમ કબુલ કરવામાં તેમને ઘણી નામોશી લાગે છે. ઈશ્વરે તેમની આગળ સત્ય પ્રગટ કરવાનું યોગ્ય ધારે ત્યાં સુધી ધીરજ રાખી બેસી રહેવા તેઓ નાખુશ હોય છે. તેઓને એવું લાગે છે કે આપણી પોતાની મનુષ્ય બુદ્ધિ બાઈબલ સમજવા માટે શકિતવાન છે અને જયારે એમ નથી થતું, ત્યારે ખરૂં જોતાં તેઓ તેનો અધિકાર ના કબુલ કરે છે.

ઘણા મતો અને સિદ્ધાંતો જે સાધારણ રીતે બાઈબલમાંથી લીધેલા માનવામાં આવે છે, તેનો બાઈબલના શિક્ષણ પર

પાયો નથી, અને પ્રેરણાના વલણની વિરૂદ્ધ છે, એ વાત ખરી છે. આ બાબતો ઘણાના મનને શંકા અને ગુંચવણનું કારણ થઈ પડી છે. પરંતુ તેમાં બાઈબલનો નહિ પણ માણસ બાઈબલનો ઉંધો અર્થ કરે છે, તેનો દોષ છે.

**(૬) શા માટે આપણે ઈશ્વરને સંપૂર્ણ રીતે નથી સમજી શકતા?**

***મર્મો યહોવા આપણા ઈશ્વરના છે. પણ પ્રગટ કરેલી વાતો સદા આપણી તથા આપણાં સંતાનોની છે કે, આપણે આ નિયમનાં સર્વ વચનો પાળીએ.***
***(પુનર્નિયમ ૨૯:૨૯)***

જો ઉત્પન્ન કરેલ પ્રાણીઓ ઈશ્વર અને તેના કામને સંપૂર્ણ રીતે સમજી શકે એ વાત શકય હોત, તો એટલે પહોંચ્યા પછી તેઓને માટે વધારે સત્ય શોધન, જ્ઞાનની વૃદ્ધિ અથવા મન કે હ્રદયના વિશેષ વિકાસ ન રહેત. પછી ઈશ્વર સર્વોપરી ન ગણાત; અને જ્ઞાન તથા પ્રાપ્તિની સીમોએ પહોંચેલ માણસ માટે આગળ વધવાનું ન રહેત. એવું નથી માટે ઈશ્વરનો ઉપકાર માનો. ઈશ્વર અપરિમીત છે; " તેનામાં તો જ્ઞાન તથા બુદ્ધિનો સર્વ સંગ્રહ ગુપ્ત રહેલો છે." કોલોસી ૨:૩. અને અનંતકાળ સુધી મનુષ્ય શોધ્યા કરશે,

શીખ્યા કરશે પરંતુ તેનાં ડહાપણ ભલાઈ અને શકિતના ભંડાર કદી ખુટશે નહિ.

**(૭) ફક્ત કઈ જગ્યાએ ઈશ્વરીય બુદ્ધિને પ્રાપ્ત કરી શકાય છે?**

***પણ અમે જગતનો આત્મા નહિ, પણ જે આત્મા ઈશ્વર તરફથી છે તે પામ્યા છીએ, જેથી ઈશ્વરે આપણને જે વાનાં આપેલાં છે તે અમે જાણીએ છીએ. (૧ કરિંથી ૨:૧૨)***

ઈશ્વરનો ઈરાદો એવો છે કે આ જીંદગીમાં પણ તેના શબ્દના સત્યો તેના ભકતો આગળ હંમેશાં ખુલ્લાં થયા કરશે. આ જ્ઞાન મેળવવા માટે ફકત એક જ રસ્તો છે. જે આત્મા દ્વારા શબ્દ આપવામાં આવ્યો હતો તેના પ્રકાશ દ્વારા જ આપણે ઈશ્વરનો શબ્દ સમજી શકીશું."દેવના આત્મા સિવાય દેવની વાતો બીજો કોઈ જાણતો નથી."; કેમકે, આત્મા સર્વને, હા દેવના ઉંડા વિચારોને પણ શોધે છે." ૧ કોરીથી ૨:૧૧, ૧૦. અને ત્રાતાનું પોતાના અનુયાયીઓને વચન હતું કે, " તો પણ જે સત્યનો આત્મા, તે જયારે આવશે, ત્યારે તે તમને સર્વ સત્યમાં દોરી જશે....... કેમ કે મારૂં જે છે તેમાનું લઈને તે તમને કહી દેખાડશે."યોહાન ૧૬:૧૩,૧૪.

**(૮) જ્યારે આપણે અભ્યાસ કરીએ ત્યારે જો આપણે પવિત્ર આત્માને આપણું માર્ગદર્શન કરવાની અનુમતિ આપીએ તો આપણે શું શોધીશું?**

***તોપણ જે સત્યનો આત્મા, તે જ્યારે આવશે, ત્યારે તે તમને સર્વ સત્યમાં દોરી જશે; કેમ કે તે પોતાના તરફથી બોલશે નહિ, પણ જે કંઈ તે સાંભળશે તે જ તે બોલશે; અને જે જે થનાર છે તે તમને કહી બતાવશે. (યોહાન ૧૬:૧૩)***

માણસ પોતાના તર્કશકિતનો ઉપયોગ કરે એવું ઈશ્વર ઈચ્છે છે ; કોઈ પણ વિષયનાં અભ્યાસથી ન થઈ શકે એટલું બાઈબલનો અભ્યાસ મનને મજબુત અને ઉચ્ચ બનાવશે. પરંતુ આપણે તર્કશકિતને દેવ ગણી ન બેસીએ, તેની કાળજી રાખવાની છે, કારણ કે તે મનુષ્યની નબળાઈ અને ખામીને વશ છે. જો આપણી સમજશકિત આગળ બાઈબલ વાદળાથી ઢંકાએલું રહે અને તેથી આપણે સ્પષ્ટમાં સ્પષ્ટ સત્ય ગ્રહણ ન કરી શકીએ, એવું આપણે ન ઈચ્છતા હોઈએ તો આપણે બાળકની માફક સાદા અને વિશ્વાસું થવું જોઈએ; શીખવા તૈયાર રહેવું જોઈએ; અને પવિત્ર આત્માની મદદ માટે આજીજી કરવી જોઈએ.

ઈશ્વરનાં શકિત અને ડહાપણ તથા તેની મહત્તા સમજી શકવાની આપણી અશકિતના ભાનથી આપણામાં દીનતા ઉત્પન્ન થવી જોઈએ; અને તેની હાજરીમાં દાખલ થતાં આદરયુકત (પવિત્ર) ભીતિથી બાઈબલ ઉઘાડવું જોઈએ. જયારે આપણે બાઈબલ પાસે આવીએ, ત્યારે તર્કશકિતએ પોતાના કરતાં મોટી સતા કબુલ રાખવી જોઈએ અને હૃદય તથા બુદ્ધિએ મહાન સ્વયંભૂ આગળ નમવું જોઈએ.

**(૯) આપણી બુદ્ધિનો સ્ત્રોત કોણ છે?**

***તમારામાંનો જો કોઈ જ્ઞાનમાં અપૂર્ણ હોય, તો ઈશ્વર જે સર્વને ઉદારતાથી આપે છે, ને ઠપકો આપતા નથી, તેમની પાસેથી તે માગે, એટલે તેને તે આપવામાં આવશે. (યાકૂબ ૧:૫)***

એવી ઘણી ચીજો છે કે જે ઉપરથી કઠણ અથવા અગમ્ય જણાય છે, પરંતુ જેઓ આ પ્રમાણે તે બાબત સમજણ શોધશે, તેઓની આગળ ઈશ્વર તે સ્પષ્ટ અને સહેલી બનાવી દેશે. પરંતુ પવિત્ર આત્માની મદદ વિના આપણે બાઈબલનો મારી મચડીને ખોટો અર્થ કરીએ એવો હંમેશા ભય રહે છે.

બાઈબલનું ઘણું એવું વચન થાય છે કે જેમાં લાભ થતો નથી અને ઘણી વખત તો નુકસાન થાય છે. જયારે બાઈબલ માન અને પ્રાર્થના વિના ખોલવામાં આવે છે, જયારે આપણા વિચાર અને પ્રેમ ઈશ્વર પર સ્થિર થએલ નથી હોતા અથવા તેની ઈચ્છાને મળતા નથી આવતા, ત્યારે મન શંકાનાં વાદળાંથી ઘેરાઈ જાય છે; અને બાઈબલના અભ્યાસમાં જ શંકા મજબૂત થાય છે શત્રુ આપણા વિચારો પર કાબુ મેળવે છે અને ખોટા અર્થ સુચવે છે.

માણસ પોતાનાં વાણી અને વર્તનમાં ઈશ્વર સાથેનું ઐકય શોધે છે એવું ન જણાય, તો તે ગમે તેવો વિદ્વાન હોવા છતાં શાસ્ત્ર સમજવામાં ભૂલ કરે એવો સંભવ છે અને તેના ખુલાસા પર વિશ્વાસ રાખવો એ સલામતીભર્યું નથી. જેઓ બાઈબલમાંથી ખામીઓ શોધવા માટે જ તેની તરફ જુએ છે, તેઓમાં આત્મિક સમજણ નથી હોત. વાંકા-ખોટા દ્દષ્ટિબિંદુથી જોવાથી જે વસ્તુ ખરેખરી સ્પષ્ટ અને સાદી હશે,તેમાં પણ શંકા અને અવિશ્વાસ માટે કારણ મળશે.

**(૧૦) જો આપણે શરમ વગર નિરંતર પાપ કરીએ, તો તેની ઈશ્વર સાથેના આપણા સંબંધમાં શી અસર થશે?**

*પણ તમારા અપરાધો તમારી ને તમારા ઈશ્વરની વચમાં ભિન્નતા કરતા આવ્યા છે, અને તમારાં પાપોએ તેમનું મુખ તમારી તરફથી એવું ફેરવી નાખ્યું છે કે, તે સાંભળે નહિ. (યશાયા ૫૯:૨)*

લોકો ગમે તે છુપાવે, પરંતુ શંકા અને સંદેહનું ખરૂં કારણ પાપ પરની પ્રીતિ છે. અભિમાની અને પાપ પર પ્રીતિ રાખનાર માણસો બાઈબલના શિક્ષાણ અને બંધનોને પસંદ કરતાં નથી અને જેઓ તેની જરૂરીઆતો માનવા નાખુશ હોય છે, તે તેનાં અધિકાર વિષે સંદેહ લાવવા તૈયાર હોય છે. સત્ય શોધી કાઢવા માટે આપણામાં સત્ય જાણવાની સાચી ઈચ્છા અને તે માનવા હ્રદયની ખુશી હોવી જોઈએ. જેઓ આ ભાવથી બાઈબલનો અભ્યાસ કરવા આવશે તેઓને તે ઈશ્વરનો શબ્દ છે તે વિષે પુષ્કળ પુરાવો મળશે. અને તેનું સત્ય સમજવા માટે એવી સમજણ મળશે કે જેથી તેઓમાં તારણ પામવાનું ડહાપણ આવશે.

**(૧૧) આપણા સામે નવા અજવાળાને પ્રકટ કરતા પહેલા ઈશ્વરને કઈ બાબતની જરૂર છે?**

***જો કોઈ તેમની ઇચ્છા પૂરી કરવા ચાહે, તો આ બોધ વિષે તે સમજશે કે, એ***

*ઈશ્વરથી છે કે હું પોતાથી બોલું છું. (યોહાન ૭:૧૭)*

ખ્રીસ્તે કહ્યું છે કે, "જો કોઈ તેની ઈચ્છા પુરી કરવા ચાહે, તો આ બોધ વિષે તે સમજશે." યોહાન ૭:૧૭. જો તમે ન સમજી શકાય એવી બાબતોનાં પ્રશ્ન ઉઠાવવા અગર ખોટા વાંધા કાઢવાને બદલે, જે પ્રકાશ તમને અપાઈ મૂકયો છે તેના પર ધ્યાન આપશો, તો તમને વધારે પ્રકાશ મળશે. ખ્રીસ્તની કૃપાથી જે ફરજ તમારી સમજશકિત આગળ સ્પષ્ટ થઈ ગઈ હોય, તે બજાવો એટલે હમણાં જે બાબતોમાં તમને શંકા છે તે ફરજો સમજવા અને બજાવવા શકિતવાન થશો.

સૌથી વધારે કેળવણી પામેલા અને સૌથી અજ્ઞાન, બધા માટે એક પુરાવો, ઈશ્વર તેના શબ્દનું ખરાપણું અને તેના વચનની સત્યતા સાબીત કરવા આપણને આમંત્રે છે. તે આપણને ફરમાવે છે કે " અનુભવ કરો અને જુઓ કે, યહોવાહ ઉત્તમ છે. "ગીતશાસ્ત્ર ૩૪:૮. બીજાના બોલ પર ભરોસો રાખવાને બદલે આપણે જાતે અનુભવ કરવાનો છે. તે જાહેર કરે છે કે. "માંગો, ને તમને મળશે." યોહાન ૧૬:૨૪. તેનાં વચનો પુરાં થશે. તે કદી ખોટાં થયાં નથી; કદી ખોટાં થઈ શકે જ નહિ. અને આપણે જેમ જેમ ઈસુ પાસે

જઈશું અને તેના પ્રેમની સંપૂર્ણતામાં આનંદ પામીશું, તેમ તેમ તેની હાજરીનાં પ્રકાશથી આપણાં સંદેહો અને અંધકાર દૂર થશે.

**(૧૨) જેમ ઈસુ સાથે આપણો સંબંધ વિકસે છે, ત્યારે આપણી સાક્ષી કેવી બનશે?**

***તેમણે અંધકારના અધિકારમાંથી આપણને છોડાવ્યા તથા પોતાના પ્રિય પુત્રના રાજ્યમાં લાવ્યા. (કલોસી ૧:૧૩)***

પાઉલ પ્રેરિત કહે છે કે, ઈશ્વરે "અંધકારના અધિકારમાંથી આપણને છોડાવ્યા તથા પોતાના પ્રિ્રય પુત્રના રાજયમાં આણ્યા." કોલોસી ૧:૧૩. જે આત્મિક મૃત્યુમાંથી જીવનમાં ગયો છે. " તેણે દેવ ખરો છે, એ વાત પર મોહોર કરી છે." યોહાન ૩:૩૩. તે જાહેર કરી શકે કે, "મને મદદની જરૂર હતી, તે મને ઈસુમાં મળી. દરેક જરૂરીઆત પુરી પાડવામાં આવી હતી; મારા આત્માની ભૂખ તૃપ્ત કરવામાં આવી હતી; અને હવે બાઈબલ મારા માટે ઈસુ ખ્રીસ્તનું પ્રગટીકરણ છે. શું હું ઈસુમાં શા માટે માનું છું, તે વિષે તમે પૂછો છો ? કેમકે તે મારા દૈવી ત્રાતા છે. હું બાઈબલ શા માટે માનું છું ? કેમકે મારા આત્માને ઈશ્વરનો

અવાજ માલુમ પડયો છે.” આપણને આપણી જાતમાં જ સાક્ષી મળી શકશે કે બાઈબલ સત્ય છે અને ઈસુ ઈશ્વર પુત્ર છે. આપણે જાણીએ છીએ કે આપણે ચાલીકીથી જોડી કાઢેલી કહાણીઓ પ્રમાણે ચાલતા નથી.

**(૧૩) જ્યારે આપણને આપવામાં આવેલાં અજવાળાને આપણે અનુસરીએ છીએ, ત્યારે તેની આપણી આત્મિક યાત્રા પર શું અસર થશે?**

*માટે, વહાલાંઓ, તમે અગાઉથી ચેતીને સાવધ થાઓ કે, અધર્મીઓની ભૂલથી ખેંચાઈ જઈને તમે તમારી સ્થિરતાથી ન ડગો. પણ આપણા પ્રભુ તથા તારનાર ઈસુ ખ્રિસ્તની કૃપામાં તથા જ્ઞાનમાં તમે વધતા જાઓ. તેમને હમણાં તથા સદાસર્વકાળ મહિમા હો. આમીન. (૨ પિતર ૩:૧૭-૧૮)*

પીતર પોતાના ભાઈઓને આગ્રહપૂર્વક કહે છે કે, “આપણા પ્રભુ તથા તારનાર ઈસુ ખ્રીસ્તની કૃપામાં તથા જ્ઞાનમાં તમે વધતા જાઓ.” ૨ પીતર ૩:૧૮. જેમ ઈશ્વરના ભકતો કૃપામાં વધતા જશે, તેમ તેઓ તેનો શબ્દ વધારે સ્પષ્ટ રીતે સમજતાં જશે. તેનાં પવિત્ર સત્યોમાં તેઓ નવો પ્રકાશ અને સૌદર્ય જોશે. બધા

જમાનાઓમાં મંડળીના ઈતિહાસમાં આ હકીકત સત્ય જણાઈ છે અને તે પ્રમાણે અંત સુધી ચાલુ રહેશે. “સદાચારીનો માર્ગ પ્રભાતના પ્રકાશ જેવો છે, જે મધ્યાન્હ થતાં સુધી વધતો ને વધતો જાય છે.” નીતિવચનો ૪:૧૮.

**(૧૪) કઈ રીતે આ વચન ઈશ્વરની જોગવાઈને સમજવા આપણી ભવિષ્યની ક્ષમતાને દર્શાવે છે?**

***કેમ કે હમણાં આપણે [જાણે કે] દર્પણમાં ઝાંખું ઝાંખું જોઈએ છીએ, પણ ત્યારે નજરોનજર જોઈશું. હમણાં હું અપૂર્ણ જાણું છું, પણ ત્યારે જેમ મને [ઈશ્વર પૂર્ણ રીતે] જાણે છે તેમ [હું પૂર્ણ રીતે] જાણીશ. (૧ કરિંથી ૧૩:૧૨)***

વિશ્વાસથી ભવિષ્ય તરફ નજર કરતાં આપણે બુદ્ધિના વૃદ્ધિ માટે ઈશ્વરે આપેલાં વચન દ્રઢતાપૂર્વક માની શકીશું અને તેથી એવી વૃદ્ધિ થશે કે મનુષ્યની માનસીક શકિતઓ દૈવી શકિતઓ સાથે જોડાશે અને આત્માની દરેક શકિત પ્રકાશના ઝરા સાથે સીધા સંબંધમાં આવી શકશે. આપણે ખુશી થવું જોઈએ કારણ કે ઈશ્વરીન કૃતિઓમાં જે જે બાબતમાં આપણે ગુંચવણ લાગતી હતી, તે તે વખતે સ્પષ્ટ કરવામાં આવશે; જે વસ્તુઓ

સમજવી અઘરી છે, તે તે વખતે સમજાઇ જશે. અને અજે બાબતમાં આપણાં પરિમીત મનને ગુંચાવડો અને તુટક તુટક હેતુઓ જણાતાં હતાં, તેમાં આપણે સંપૂર્ણમાં સંપૂર્ણ અને સુંદર સામ્ય જોઈશું.

*મને સમજાયું કે પૃથ્વીના છેલ્લા દિવસોના ઈતિહાસમાં ઘણાં લોકો ઈશ્વર પ્રત્યે નાસ્તિક બનશે. હું તેમણે પૂરા પાડેલા પ્રમાણ પર મારા વિશ્વાસનો આધાર રાખવાનો અને તેમના પર વિશ્વાસ કરવાનો નિર્ણય કરૂં છું.*

વર્તુળ: હા અનિર્ણિત

*મને જાણીને દિલાસો મળ્યો કે ઈશ્વરની બુદ્ધિને કોઈ પણ માણસ સમજી શકતું નથી. દરેક વસ્તુઓ ઉપર તેમનું નિયંત્રણ છે તે જાણવા દ્વારા હું મારૂં જીવન તેમના હાથમાં સોંપી શકું છું.*

વર્તુળ: હા અનિર્ણિત

*મને સમજાયું કે ઈશ્વર વિષે બાઈબલ જે કહે છે તે હું સમજી શકતો નથી, પણ આ તેમની મહાનતાનું વધુ એક પ્રમાણ છે. તે સ્પષ્ટ થાય છે કે બાઈબલ ઈશ્વર પ્રેરિત છે.*

વર્તુળ: હા અનિર્ણિત

હું ઈશ્વર અને તેમના વચન વિષેના દરેક સંદેહ જે શેતાન દ્વારા મારા દિમાગમાં રોપવામાં આવે છે તેને છોડી દેવાનો નિર્ણય કરું છું. જેમ ઈશ્વર મને પ્રગટ કરે તેમ હું અજવાળાને અનુસરવાનો નિર્ણય કરું છું.

વર્તુળ: હા અનિર્ણિત



## પાઠ ૧૫
## પ્રભુમાં આનંદ કરવો!

(૧) ખ્રિસ્તી તરીકે, આપણે કોને ખ્રિસ્તની ભલાઈ, દયા, અને પ્રેમનું પ્રતિનિધિત્વ કરવાનું છે?

*તે દિવસે તમે કહેશો, "યહોવાની આભારસ્તુતિ કરો, તેમનું નામ લઈને તેમને હાંક મારો, લોકોમાં તેમનાં કૃત્યો જાહેર કરો, તેમનું નામ શ્રેષ્ઠ છે એવું પ્રગટ કરો. યહોવાનાં સ્તોત્ર ગાઓ; તેમણે ઉત્તમ કામો કર્યાં છે, એ આખી પૃથ્વીમાં વિદિત થાઓ. (યશાયા ૧૨:૪-૫)*

ઈશ્વરના બાળકોને પ્રભુની ભલાઈ અને દયા બતાવનારાં ખ્રીસ્તના પ્રતિનિધિ થવા તેડવામાં આવેલા છે. જેમ ઈસુએ આપણી આગળ પિતાનું ખરૂ ચારિત્ર્ય

પ્રગટ કર્યું, તેમ જગત ઈસુનો મૃદુ અને કરૂણાળુ પ્રેમ નથી જાણતું, તેની આગળ આપણે ખ્રીસ્તને પ્રગટ કરવાનો છે. ઈસુએ કહ્યું કે, “જેમ તેં મને જગતમાં મોકલ્યો છે, તેમ મેં પણ તેઓને જગતમાં મોકલ્યા છે. ” ‘હું તેઓમાં અને તું મારામાં થાય, જેથી...... જગતમાં જાણે કે તેં મને મોકલ્યો છે.” યોહાન ૧૭:૧૮, ૨૩.

(૨) જયારે આપણે ખ્રિસ્તનો સ્વીકાર કરીએ છીએ અને તેણે અનુસરીએ છીએ, ત્યારે આપણે કઈ ભૂમિકા પૂરી કરવાની છે?

***અમારો પત્ર તે તમે જ છો કે, જે અમારા દિલમાં લખેલો છે, અને સર્વ માણસોના જાણવામાં તથા વાંચવામાં આવે છે. તમે ખ્રિસ્તના પત્ર તરીકે પ્રગટ થયા છો કે, જે [પત્ર] ની અમે સેવા કરી છે; શાહીથી તો નહિ, પણ જીવતા ઈશ્વરના આત્માથી; શિલાપટો પર નહિ પણ માંસના હ્રદયરૂપી પટો પર તે લખાયેલો છે. (૨ કરિંથી ૩:૨-૩)***

પોતાના દરેક બાળકમાં ઈસુ જગતને પત્ર મોકલે છે. જો તમે ખ્રીસ્તના અનુયાયી હોય, તો તમારી માર્ફત જે કુટુંબ , ગામ, અને મહોલ્લામાં તમે રહેતા હો ત્યાં તે પત્ર મોકલે છે. તમારામાં ખ્રીસ્ત રહે છે અને જેઓ તેને ઓળખતાં

નથી તેઓનાં હ્રદય સાથે વાત કરવા ઈચ્છે છે. કદાચ તેઓ બાઈબલ નહિ વાંચતાં હોય; તેના પાનામાંથી આવતો અવાજ તેઓ નહિ સાંભળતાં હોય; તેઓ ઈશ્વરના કામદ્વારા તેનો પ્રેમ નહિ જોતાં હોય. પરંતુ જો તમે ખ્રીસ્તના ખરા પ્રતિનિધિ હશો, તો કદાચ તમારી મારફતે તેઓ ઈસુની ભલાઈ કંઈક સમજી શકશે અને તેને ચાહવા તથા તેની સેવા કરવા તેઓનાં મન જીતી શકાશે.

**(3) જ્યારે આપણે ખ્રિસ્તની સેવામાં જગતના પ્રકાશરૂપ હોઈએ ત્યારે કઈ બે લાક્ષણિકતાઓ આપણા જીવનમાંથી દેખાવી જોઈએ?**

***પણ સંતો સહિતનો ભક્તિભાવ એ મોટો લાભ છે. (૧ તિમોથી ૬:૬)***

ખ્રીસ્તીઓને સ્વર્ગને રસ્તે મશાલવાળા તરીકે રાખવામાં આવ્યા છે. તેઓ ખ્રીસ્તમાંથી પોતા પર પડતો પ્રકાશ જગત પર નાંખવાના છે. તેઓનું જીવન અને ચારિત્ર્ય એવાં હોવાં જોઈએ કે તેમની મારફતે બીજાઓને ખ્રીસ્ત વિષે અને તેના જીવન વિષે ખરો ખ્યાલ આવે.

જો આપણે ખ્રીસ્તના પ્રતિનિધિ હોઈએ, તો આપણે તેની સેવા ખરેખર આકર્ષક છે તેટલી જ આકર્ષક બતાવીશું. જે

ખ્રીસ્તીઓ પોતાના આત્માની આસપાસ ઉદાસી અને શોકનું વાતાવરણ ઉભું કરે છે, બબડે છે અને ફરીઆદો કરે છે. તેઓ બીજાઓની આગળ પરમેશ્વર અને ખ્રીસ્તી જીવનનું ખોટું ચિત્ર રજુ કરે છે. તેઓ એવી અસર ઉત્પન્ન કરે છે કે, પોતાનાં બાળકો સુખી થાય, તેમાં ઈશ્વર રાજી નથી, અને આ રીતે આપણા સ્વર્ગીય પિતાની વિરૂદ્ધ ખોટી શાક્ષી પુરે છે.

**(૪) આપણા મગજમાં કયો મૂળભૂત સિદ્ધાંત સ્થિત છે જે અવિશ્વાસ, નિરાશા, અને ઈશ્વર વિરુદ્ધના શેતાનની ગેરરજૂઆતનો સ્વીકાર કરવાથી આપણને રોકે છે?**

***યહોવા પર વિશ્વાસ રાખનારાઓ સિયોન પહાડ જેવા છે કે, જે કદી ખસનાર નથી, પણ સદાકાળ ટકી રહે છે. (ગીતશાસ્ત્ર ૧૨૫:૧)***

જયારે શેતાન ઈશ્વરનાં બાળકોને અવિશ્વાસ અને નિરાશા તરફ દોરી શકે છે, ત્યારે તે ઘણો આનંદ પામે છે. આપણે ઈશ્વર પર શ્રદ્ધા ન રાખીએ અને આપણો ઉદ્ધાર કરવાની તેનામાં શકિત તથા ઈચ્છા છે, તે વિષે શંકા કરીએ, તો શેતાન ખુશી થાય છે. ઈશ્વર તેની કૃતિઓનથી આપણને નુકસાન કરશે એવું આપણને

લાગે તો ઠીક, એમ શેતાન ઈચ્છે છે. ઈશ્વરમાં કરૂણા અને દયા ઓછી છે, એવું બતાવવું એ શેતાનનું કામ છે. તે ઈશ્વર વિષેનું સત્ય ખોટી રીતે જણાવેછે. તે ઈશ્વર વિષે ખોટા વિચારોથી કલ્પનાને ભરી દે છે; અને આપણા સ્વર્ગીય પિતાના સંબંધમાં સત્ય પર વિચાર કરવાને બદલે, આપણે ઘણી વાર શેતાનના અસત્ય કવન પર મન લગાડી, ઈશ્વર પર અવિશ્વાસ બતાવી તેમજ તેની વિરૂદ્ધ બબડી, તેનું અપમાન કરીએ છીએ. શેતાન હંમેશાં ધાર્મિક જીવનને ઉદાસીન બનાવવા પ્રયત્ન કરે છે. તે કંટાળા ભરેલું અને કઠણ દેખાય એવું શેતાન ઈચ્છે છે; અને જયારે ખ્રીસ્તી પોતાના જીવનમાં ધર્મનું આવું સ્વરૂપ બતાવે છે, ત્યારે તે પોતાના અવિશ્વાસપણા દ્વારા શેતાનના અસત્યને ટેકો આપે છે.

(૫) પાઉલની જેમ, જ્યારે આપણે જીવનના માર્ગ પર મુશ્કેલીઓનો અનુભવ કરીએ ત્યારે આપણો પ્રતિભાવ કેવો હોવો જોઈએ?

*અને તેમણે મને કહ્યું છે, "તારે માટે મારી કૃપા બસ છે; કેમ કે મારું સામર્થ્ય નિર્બળતામાં સંપૂર્ણ થાય છે." ખ્રિસ્તનું પરાક્રમ મારા પર આવી રહે, એ માટે ઊલટું હું ઘણી ખુશીથી મારી નિર્બળતા*

*વિષે અભિમાન કરીશ. એ માટે નિર્બળતામાં, અપમાન [સહન કરવા] , તંગીમાં, સતાવણીમાં અને સંકટમાં, ખ્રિસ્તની ખાતર હું આનંદ માનું છું. કેમ કે જ્યારે હું નિર્બળ છું, ત્યારે હું બળવાન છું. (૨ કરિંથી ૧૨:૯-૧૦)*

જીવનના માર્ગે જતાં ઘણાં માણસો પોતાની ભૂલો, નાસીપાસીઓ અને નીરાશાઓ પર વિચાર કરે છે એટલે તેમનાં હૃદય દીલગીર અને નાહિંમત થઈ જાય છે. જયારે હું યુરોપમાં હતી, ત્યારે એક બેન કે જે આ પ્રમાણે કરતી હતી અને ઉંડા દુ:ખમાં હતી, તેણે દીલાસા માટે મારા પર પત્ર લખ્યો હતો.

આ પત્ર વાંચ્યા પછી બીજી જ રાતે મને સ્વપનું આવ્યું; સ્વપનામાં હું એક વાડીમાં હતી અને એક જણ વાડીના માલીક જેવો દેખાતો હતો, તે મને વાડીના રસ્તે લઈ જતો હતી. હું ફુલો વીણતાં વીણતાં સુગંધ લેતી હતી તે વખતે મારી બાજુએ ચાલતી આ બેને પોતાના રસ્તામાં નડતા બેડોળ કાંટાવાળા છોડ તરફ મારૂં ધ્યાન ખેંચ્યું. ત્યા તે રડવા અને દુ:ખી થવા લાગી. તે ભોમીઆની પાછળ પાછળ રસ્તે આવવાને બદલે કાંટાવાળ છોડ(બોરડી) અને કાંટામાં ચાલતી હતી. તેણે રડતાં

રડતાં કહ્યું " અરે, આ સુંદર વાડી કાંટાથી બગડી એ ખરેખર દયાજનક નથી ?" તે પરથી ભોમીઆએ કહ્યું કે, “કાંટાને રહેવા દો, એ તમને વાગશે. માટે ગુલાબ, કમળ અને બીજા ફુલો વીણો.” શું તમારા અનુભવમાં કોઈ સુંદર પ્રસંગો નથી આવ્યા ? શું જયારે તમારૂં હૃદય ઈશ્વરના આત્મા તરફ જવાબમાં આનંદથી ધડકયું હોય એવા પ્રસંગો નથી આવ્યા ? શું તમારા જીવનના અનુભવનાં પ્રકરણો ઉકેલતાં કોઈ સુંદર પૃષ્ઠો નથી જડતાં ? શું સુવાસવાળાં ફૂલોની માફક તમારા રસ્તાની દરેક બાજુએ ઈશ્વરનાં વચનો નથી ઉતા ? શું તમે તેની સુંદરતા અને મધુરતાને તમારૂ હૃદયન આનંદથી નહિ ભરવા દેશો ?

બાવળ અને કાંટાતો તમને વાગશે જ અને દુ:ખી જ કરશે; અને જો તમે આજ વસ્તુઓ ભેગી કરીને બીજાંઓને આપશો તો ઈશ્વરની ભલાઈને પોતે તુચ્છ ગણવા ઉપરાંત તમારી આજુબાજુના લોકોને જીવનના માર્ગમાં ચાલતા અટકાવશો, એવું તમને નથી લાગતું ?

ભૂતકાળનાં બધાં પાપ અને નિરાશાનાં સ્મરણો એકઠાં કરી મૂકવાં અને આપણે નિરાશામાં ડુબી જઈએ ત્યાં સુધી તેના વિષે વાતો અને શોક કરવો, એમાં ડહાપણ નથી. નિરાશ થએલ માણસનું

હ્રદય અંધકારથી ભરેલું હોય છે તેથી ઈશ્વરનો પ્રકાશ તેના આત્માથી દૂર રહે છે અને તે બીજાના રસ્તા પર તેજ અંધકારનો પડછાયો પાડે છે.

**(૬) જ્યારે એક યોગ્ય પાપી છૂટકારાની છબીને સમજે છે, ત્યારે તેની સાક્ષી કેવી થશે?**

***તે દિવસે તમે કહેશો, "યહોવાની આભારસ્તુતિ કરો, તેમનું નામ લઈને તેમને હાંક મારો, લોકોમાં તેમનાં કૃત્યો જાહેર કરો, તેમનું નામ શ્રેષ્ઠ છે એવું પ્રગટ કરો. (યશાયા ૧૨:૪)***

ઈશ્વરે આપણને જે સુંદર ચિત્રો આપ્યાં છે, તે માટે તેનો ઉપકાર માનો. ચાલો, આપણે તેના પ્રેમની આશીર્વાદ ભરી ખાતરીઓ- પ્રેમનાં ધન્ય વચનો- એકઠાં કરીએ કે આપણે તેની તરફ હંમેશાં જોઈ શકીએ. ઈશ્વરના પત્રે પોતાના પિતાનું સિંહાસન છોડીને પોતાના દેવત્વ પર મનુષ્યત્ત્યવ પહેયુર્ં કે જેથી તે માણસને શેતાના હાથમાંથી બચાવી શકે; આપણે ખાતર જય મેળવીને તેણે માણસ માટે આકાશનું દ્વાર ખુલ્લું મૂકયું અને એ રીતે જયા ઈશ્વર પોતાનો મહિમા બતાવે છે, તે ઈશ્વરી દરબાર માણસની દૃષ્ટિ આગળ પ્રગટ કરે છે. નાશના ખાડામાં પાપે

પતિત મનુષ્ય જાતને નાખેલી તેમાંથી તેને કાઢવામાં આવી છે અને ફરીથી અપરીમિત ઈશ્વર સાથે તેનો સંબંધ સ્થાપવામાં આવ્ય છે, વળી આપણા ત્રાતામાં વિશ્વાસ દ્વારા ઈશ્વરી કસોટીમાંથી તે પસાર થઈ તેથી ખ્રીસ્તનાં ન્યાયીપણાનાં વસ્ત્ર પહેરાવીને તેને ખ્રીસ્તના રાજયાસન પર બેસાડવામાં આવી છે. ઈશ્વર આપણી પાસે માગે છે કે ઉપરનાં ચિત્રો પર આપણે ધ્યાન આપીએ.

**(૭) કોઈ પણ સંદેહથી પરે ઈશ્વર આપણા માટે પોતાનો પ્રેમ કઈ રીતે સાબિત કરે છે?**

***જેમણે પોતાના દીકરાને પાછો રાખ્યો નહિ, પણ આપણ સર્વને માટે તેને સોંપી દીધો, તે કૃપા કરીને આપણને તેની સાથે બંધુએ કેમ નહિ આપશે? (રોમન ૮:૩૨)***

જયારે આપણે ઈશ્વરના પ્રેમ પર શંકા રાખતા જણાઈએ અને તેનાં વચનો પર અવિશ્વાસ રાખીએ, ત્યારે આપણે તેનું અપમાન કરીએ છીએ અને તેના પવિત્ર આત્માને દુ:ખી કરીએ છીએ. મા પોતાનાં બાળકોના ભલા અને સુખ માટે જીવંત પ્રયત્નો કરી રહી હોય, છતાં જાણે તે પોતાનું ભલું જ ન ઈચ્છતી હોય એવી બાળકો ફરીઆદ કર્યા કરે, તો માને કેવું

લાગે ? (ધારો કે) તેઓ માના પ્રેમ માટે શંકા કરે, તો તેનું હ્રદય તુટી જાય. કોઈ પણ માબાપ તરફ બાળકો આવી રીતે વર્તે તો તેમને કેવું લાગે ? ત્યારે આપણા સ્વર્ગીય પિતાએ પ્રેમથી દોરાઈને આપણને જીવન મળે એટલા માટે પોતાનો એકનો એક પુત્ર આપ્યો. તેનો પ્રેમ પર આપણે ભરોસો ન રાખીએ તો તે આપણે માટે શું ધારે ? પ્રેરિત લખે છે કે, "જેણે પોતાના દીકરાને પાછો રાખ્યો નહિ, પણ આપણ સર્વને માટે તેને સોંપી દીધો, તે કૃપા કરીને આપણને તેની સાથે બધુએ કેમ નહિ આપશે ? રૂમી ૮:૩૨. છતાં એ પોતાના શબ્દ નહિ, તો કામથી કેટલાં બધાં કહે છે કે, "પ્રભુએ આ મારા માટે નથી કર્યું. કદાચ તે બીજાઓને ચાહતો હશે, પણ મને નથી ચાહતો. "

**(૮) શા માટે આપણે સંદેહના વિચાર ઉપર ન જીવવું જોઈએ અથવા આત્મિક બાબત વિશેના સંદેહની વહેંચણી કોઈની સાથે પણ ન કરવી જોઈએ?**

*કેમ કે આપણામાંનો કોઈ પણ પોતાને અર્થે જીવતો નથી, અને કોઈ પોતાને અર્થે મરતો નથી. (રોમન ૧૪:૭)*

*તો હવેથી આપણે એકબીજાને દોષિત ઠરાવીએ નહિ. પણ તેના કરતાં કોઈએ*

*પોતાના ભાઈના માર્ગમાં ઠેસ કે ઠોકરરૂપ કશું મૂકવું નહિ, એવો નિશ્ચય કરવો, તે સારૂં છે. (રોમન ૧૪:૧૩)*

*પણ સાવધ રહો, રખેને આ તમારી છૂટ નિર્બળોને કોઈ પણ રીતે ઠોકરનું કારણ થાય. (૧ કરિંથી ૮:૯)*

*અને એમ ભાઈઓની વિરુદ્ધ પાપ કરીને તથા તેઓનાં નિર્બળ અંત:કરણોમાં આઘાત કરીને, તમે ખ્રિસ્તની વિરુદ્ધ પાપ કરો છો. (૧ કરિંથી ૮:૧૨)*

આ બધું તમારા પોતાના આત્માને નુકસાન કરે છે; કારણ કે, તમે જે દરેક શંકા ભર્યો શબ્દ બોલો છો, તે શેતાનની લાલચોને બોલાવે છે, તમારામાં શંકાશીલ વૃત્તિને પોષો છે અને સેવા કરનાર દૂતોને દીલગીરી કરી તમારી પાસેથી દૂર કરે છે. શેતાન તમને લલચાવે, ત્યારે શંકા કે અંધકારનો એક શબ્દ પણ બોલશો નહિ તેની સૂચના માટે તમે દ્વાર ખોલશો, તો તમારૂં મન અવિશ્વાસુ અને બળવાખોર પ્રશ્નોથી ભરાઈ જશે. જો તમે પોતાની લાગણીઓ જણાવશો, તો તમે જે જે શંકા બતાવશો તેની તમારા પર પ્રતિક્રિયા થશે, એટલું જ નહિ પણ તે બી બીજાનાં જીવનમાં ઉગશે અને ફળશે; અને પછી તમારા શબ્દોથી થએલી અસર ખસેડવી

મુશ્કેલ થઈ પડશે. કદાચ તમે જાતે લાલચના પંજામાંથી અને શેતાનની જાળમાંથી છૂટી શકશો, પરંતુ જે બીજાઓને તમે તમારી અસરથી હલાવી મૂકયા હશે, તેઓ કદાચ તમે સૂચવેલ અવિશ્વાસમાંથી નહિ બચી શકે. માટે એવા જ શબ્દો બોલવા કે જેથી આત્મિક શકિત અને આત્મિક જીવન મળે. આ વાત કેટલી અગત્યની છે ?

**(૯) આપણા વાર્તાલાપનો વિષય શું હોવો જોઈએ જે ઈશ્વરના ઉદ્ધારને પ્રગટ કરે?**

***જે ઉપકારસ્તુતિનાં અપર્ણ ચઢાવે છે તે મારો મહિમા [પ્રગટ] કરે છે; અને જે પોતાની વર્તણૂક [નિયમસર] રાખે છે, તેને હું ઈશ્વરનું તારણ દેખાડીશ." (ગીતશાસ્ત્ર ૫૦:૨૩)***

તમે જગત આગળ તમારા સ્વર્ગીય સ્વામીને કેવી રીતે રજુ કરો છો, તે દૂતો ધ્યાન દઈને સાંભળે છે. જે તમારે માટે પિતાની આગળ મધ્યસ્થિત કરવા જીવે છે, તેને વિષે જ તમે વાતચિત કરજો. મિત્રનો હાથ પકડતાં હોઠ અને હ્રદયથી ઈશ્વર સ્તુતિ કરજો. આથી તેના વિચારો ઈસુ તરફ ખેંચાશે.

**(૧૦) સંદેહ અને નિરાશા વિષે બાઈબલ આપણને શું સમજૂતી આપે છે?**

*બડબડાટ તથા તકરાર વગર બધું કરો. (ફિલિપી ૨:૧૪)*

સૌને કસોટીએ ચડવું પડે છે, અસહ્ય શોક સહન કરવો પડે છે અને મુશ્કેલ લાલચો સામે થવું પડે છે. તમારાં દુ:ખો તમારા ભાઈને ન કહેતાં ઈશ્વર આગળ પ્રાર્થનામાં રજુ કરજો. શંકા કે નિરાશાનો એક શબ્દ કદી ન બોલવનો નિયમ કરજો. આશા અને પવિત્ર આનંદના શબ્દથી તમે બીજાઓનાં જીવન સુંદર બનાવવા અને પ્રયત્નો મજબુત કરવા ઘણું કરી શકશો.

લાલચથી એકમદ દબાઈ ગએલા, આત્મયુદ્ધ અને ભુંડાઈની શકિતથી બેશુદ્ધ થઈ જવાની અણી પર આવેલા ઘણાએ બહાદુર માણસો હશે. આવાં માણસોને તેમના મુશ્કેલીભાર્ય પ્રયત્નોમાં - ખરી કસોટીમાં નાહિંમત ન કરશો. એવા બહાદુરી અને આશાભર્યા શબ્દથી ઉત્તેજન આપજો કે જેથી તેને પોતાના દ્રઢ રહેવા પ્રેરણા મળે. આ રીતે તમારામાંથી ખ્રિસ્તનું તેજ પ્રકાશશે. “આપણામાંનો કોઈ પણ પોતાને અર્થે જીવતો નથી.” રૂમી ૧૪:૭. આપણે અજાણતાં આપેલી મદદથી બીજાઓ ઉત્તેજન અને શકિત મેળવશે અથવા નાહિંમત થઈ ખ્રીસ્ત અને સત્ય તરફથી પાછા હઠશે.

**(૧૧) કોની ઉપસ્થિતિમાં આનંદ અને ખુશીની ભારપૂરી મળે છે?**

***તમે મને જીવનનો માર્ગ જણાવશો; તમારી સમક્ષ સંપૂર્ણ આનંદ છે; તમારા જમણા હાથમાં અનંતકાળ ટકનારાં સુખદાયક વાનાં છે. (ગીતશાસ્ત્ર ૧૬:૧૧)***

ઘણાને ખ્રીસ્તના જીવન અને ચારિત્ર્ય વિષે ભૂલભરેલો ખ્યાલ છે. તેઓ ધારે છે કે તે આનંદી કે ખુશમીજાજી ન હતો, પરંતુ તે ઉગ્ર, કડક અને નિરાનંદી હતો. ઘણા માણસોના ધાર્મિક અનુભવ આવા ઉદાસીન ખ્યાલથી રંગાએલા હોય છે.

ઘણી વખતે એવું કહેવામાં આવે છે કે ઈસુ રડયો, પરંતુ તે કદી હસ્યો હોય એવું જણાયું નથી. ખરેખર આપણો ત્રાણા દુ:ખી પુરૂષ હતો; તે શોક શું ચીજ છે એ અનુભવથી જાણતો હતો, કારણ કે, મનુષ્યના સર્વ દુ:ખો આગળ તેણે પોતાનું હ્રદય ખુલ્લું મૂકયું હતું. જો કે તેનું જીવન ત્યાગી અને દુ:ખ તથા ફીકરવાળું હતું, છતાં તેનો ઉત્સાહ ચગદાઈ ગયો ન હતો. તેના ચહેરા પર શોક અને અસંતોષને બદલે સદા શાંત નિર્મળપણું દેખાતું . તેનું હ્રદય જીવનનો ઝરો હતું; અને જયાં જયાં તે જતા, ત્યાં પોતાની સાથે આરામ અને શાંતિ, આનંદ અને ખુશી લઈ જતો.

આપણો ત્રાતા ઘણો જ ગંભીર અને અત્યંત ખરા ભાવથી કામ કરનાર હતો, તે કદી ઉદાસ કે કર્કશ ન હતો . જેઓ તેના જેવુ જીવન ગાળવા પ્રયત્ન કરશે, તેઓનું જીવન ખરૂં હેતુપૂર્ણ થશે. તેઓમાં અંગત જવાબદારીની ઉંડી લાગણી હશે. નાદાની દબાઈ જશે; તોફાની આનંદો કે જંગલી મશ્કરી નહિ રહે; પરંતુ ઈસુનો ધર્મ નદીની માફક શાંતિ આપે છે. તે આનંદના પ્રકાશને બુઝાવી નાખતો નથી; તે હર્ષને દબાવતો નથી; અથવા આનંદી હસતા ચહેરા પર વિશાદનાં વાદળ પાથરતો નથી. ખ્રીસ્ત સેવા કરાવવાને નહિ, પણ સેવા કરવાને આવ્યો હતો; જયારે તેનો પ્રેમ આપણા હ્રદય પર રાજય કરતો હશે, ત્યારે આપણે તેના દાખલા પ્રમાણે ચાલીશું.

*ઈશ્વર મારા પિતા મારા છૂટકારા માટે તમે મારા સંદેહથી પરે તમારા દીકરાને ભેંટ રૂપે મોકલીને મારા પ્રત્યે તમારો પ્રેમ પ્રગટ કર્યો માટે તમારો આભાર. હું ઈસુમાં વળગી રહેવાનો નિર્ણય કરૂં છું જેથી હું સંપૂર્ણ આનંદનો અને ઉમંગનો અનુભવ કરી શકું જે તે મને આપવાની ઈચ્છા રાકે છે.*

વર્તુળ: હા અનિર્ણિત

હું “ખ્રિસ્તી” નામ ધારણ કરવાના આદરનો સ્વીકાર કરું છું અને આનંદ, શાંતિ, અને ખુશી જે તેમને વળગી રહેવાથી મળે છે, તે બીજાઓને પ્રગટ કરવાનો નિર્ણય કરું છું.

વર્તુળ: હા અનિર્ણિત

મારો ઉદ્દેશ્ય છે કે મારી આસપાસના લોકોને હું ઉત્કર્ષ અને ઉત્તેજિત કરું જેથી તેઓ નિરાશા અને અવિશ્વાસમાં વહી ન જાય.

વર્તુળ: હા અનિર્ણિત



## પાઠ ૧૬
## અત્યારે અને અનંતકાળ માટે આનંદ

(૧) જ્યારે બીજાઓ આપણને હેરાન કરે ત્યારે આપણે શું કરવું જોઈએ?

*પણ તમે એકબીજા પ્રત્યે માયાળુ અને કરુણાળુ થાઓ, અને જેમ ખ્રિસ્તમાં ઈશ્વરે પણ તમને માફી બક્ષી તેમ તમે એકબીજાને ક્ષમા કરો. (એફેસી ૪:૩૨)*

*માણસની વિવેકબુદ્ધિ તેના ક્રોધને શાંત કરે છે; અને અપરાધની દરગુજર કરવી એ તેનો મહિમા છે. (નીતિવચન ૧૯:૧૧)*

જો આપણે બીજાનાં અપ્રીય અન્યાયી કૃત્યોને આપણાં મનમાં અગ્રસ્થાન આપીશું, તો ઈસુ ખ્રીસ્તે આપણા પર પ્રેમ રાખ્યયો હતો, તેમ તેઓના પર પ્રેમ રાખવો આપણને અશકય લાગશે. પરંતુ

જો આપણા વિચારો ખ્રીસ્તના આપણા પ્રત્યે અદ્ભૂત પ્રેમ અને દયા પર જ હશે, તો આપણામાંથી પણ તે જ ભાવ બીજા તરફ વહેશે. બીજામાં દોષો અને અપૂર્ણતાઓ જોયા વિના આપણે રહી શકતાં નથી, છતાં આપણે એકબીજા માટે પ્રેમ અને આદર રાખવાં જોઈએ. આપણે નમ્રતા, પોતાની જાતમાં અવિશ્વાસ તથા બીજાની ભૂલો તરફ ધીરજ સાથે માયા રાખવાની ટેવ, એ ગુણો કેળવવા જોઈએ. આથી સંકુચીત વૃત્તિવાળા સ્વાર્થીપણાનો નાશ થશે અને આપણું હ્રદય વિશાળ તથા ઉદાર થશે.

**(૨) નિરાશાનો ફેલાવો ન થાય માટે આપણે કઈ તકેદારી રાખવી જોઈએ?**

***તારા ખરા હ્રદયથી યહોવા પર ભરોસો રાખ. અને તારી પોતાની જ અક્કલ પર આધાર ન રાખ. (નીતિવચન ૩:૫)***

ગીતશાસ્ત્રકાર કહે છે કે, “યહોવાહ પર ભરોસો રાખ અને ભલું કર; દેશમાં રહે, અને તારૂં પોષણ કરવામાં આવશે.” ગીતશાસ્ત્રમાં ૩૭:૩. “યહોવાહ પર ભરોસો રાખ.” દરરોજ રોજ માટે બોજો ફીકરો અને ગુંચવણો આવે છે; અને જયારે આપણે મળીએ છીએ, ત્યારે આપણે આપણી મુશ્કેલીઓ અને કસોટીઓ વિષે

વાત કરવાને કેવાં તૈયાર હોઈએ છીએ. એટલી બધી ઉછીની લીધેલી જંજાળ પેસી જાય છે, ભય ઉભા થાય છે એન એટલી ભારે ફીકરગિતા બતાવીએ છીએ કે કોઈ પણ ધારી લે કે આપણી વિનંતીઓ સાંભળવા અને જરૂરીઆતના દરેક પ્રસંગે મદદ કરવા તૈયાર હોય એવો દયાળું અને પ્રેમાળ ત્રાતા આપણા માટે નથી.

**(૩) કયા વાયદાથી આપણને ખાતરી મળે છે કે ઈશ્વર આપણને કોઈ પણ પરિસ્થિતિમાં છોડશે નહિ?**

*તમારો સ્વભાવ નિર્લોભી થાય; પોતાની પાસે જે હોય તેથી સંતોષી રહો, કેમ કે તેમણે કહ્યું છે. "હું તને કદી મૂકી દઈશ નહિ, અને તને તજીશ પણ નહિ." (હિબ્રૂ ૧૩:૫)*

કેટલાએક તો હંમેશાં બી એ છે અને ભય વહોરી લે છે તેઓ હંમેશાં ઇશ્વરના પ્રેમની નિશાનીઓથી વીંટળાએલા હોય છે; હંમેશાં તેની કુદરતની ઉદારતાનો આનંદ ભોગવે છે, પરંતુ તેઓ આ આંખ આગળ રહેલા આશિર્વાદો તરફ આંખ આડા કરે છે. તેઓનાં મન હંમેશાં એવા વિચાર કરે છે કે પોતાને જેનો ભય છે એવો કોઈ અણગમતો બનાવ બનશે; અથવા એવી કોઈ મુશ્કેલી આવી ઉભી

હોય છે કે જે નાની હોવા છતાં દેખાતું નથી. જયારે આવાં માણસોનાં માર્ગમાં મુશ્કેલીઓ ઉભી થાય છે, ત્યારે તેઓ ઈશ્વર કે જે માણસ માટે એક જ મદદનું સાધન છે, તેની તરફ વળવાને બદલે તેઓ મુશ્કેલીથી દૂર ખસી જાય છે, કારણકે તેથી તેમનામાં ઉદ્વેગ અને અસંતોષ પેદા થાય છે.

આ પ્રમાણે અવિશ્વાસુ થવામાં આપણે ઠીક કરીએ છીએ ? આપણે કૃતધ્ન અને અવિશ્વાસુ થવાની શું જરૂર છે ? ઈસુ આપણો મિત્ર છે; અને આખું સ્વર્ગ આપણા ભલામાં રસ લે છે. રોજની ગુંચવણો અને ચિંતાઓને મનને ચીઢવવા દેવું ન જોઈએ : મગજને ગુંચવવા દેવું ન જોઈએ. જો આપણે એમ કરીશું, તો હંમેશાં કઈને કંઈ આપણે દુ:ખી કરશે, અને ત્રાસ આપશે. આપણે એવ ચિંતા ન રાખવી જોઈએ કે જે આપણને કસોટી વખતે મદદ કરવાને બદલે ત્રાસ આપે અને ઘસી નાખે.

**(૪) જો આપણે પ્રભુનો સ્વીકાર કરીએ અને તેમના ઉપર ભરોષો કરીએ તો પ્રભુ આપણા માટે શું કરશે?**

***તારા સર્વ માર્ગોમાં પ્રભુ [નો અધિકાર] સ્વીકાર, એટલે તે તારા રસ્તાઓ સીધા કરશે. (નીતિવચન ૩:૬)***

તમને ધંધામાં ગુંચવણ ઉત્પન્ન થાય; તમારૂ ભવિષ્ય વધારે ને વધારે અંધકારમય લાગે અને નુકસાનનો ભય રહેતો હોય; પરંતુ નાહિંમત થશો નહિ. તમારી ચિંતા ઈશ્વર પર નાંખો, અને શાંત તથા ખુશ મીજાજ રહો. વ્યવસ્થાપૂર્વક ધંધો કરવા માટે બુદ્ધિ માગો અને પ્રાર્થના કરો . એ કરવાથી નુકશાન તથા નાશ થતો અટકાવો અનુકુળ પરિણામ લાવવા માટે તમારાથી બને તેટલું કરો. ઈસુએ મદદ કરવા વચન આપેલું છે. પરંતુ આપણા પ્રયત્ન વિના નહિ. તમારા મદદગાર પર આધાર રાખી જે આવે તે પરિણામ રાજી ખુશીથી સ્વીકારો. કારણ કે, તમે પોતાથી બનતું કર્યું છે.

**(૪) જ્યારે આપણે પરીક્ષણનો સામનો કરીએ છીએ ત્યારે પ્રભુ આપણને શું ઉત્તેજન આપે છે?**

***મારામાં તમને શાંતિ મળે માટે મેં તમને એ વચનો કહ્યાં છે. જગતમાં તમને સંકટ છે, પણ હિંમત રાખો; જગતને મેં જીત્યું છે.” (યોહાન ૧૬:૩૩)***

પોતાના લોકો ફિકર ચિંતાથી દબાઈ જાય, એવી ઈશ્વરની ઈચ્છા નથી. પરંતુ આપણો પ્રભુ આપણને છેતરતો નથી. એ આપણને એવું નથી કહેતો કેં, “બીશો નહિ,

તમારા રસ્તામાં ભય નથી." કસોટીઓ અને ભય રહેલા છે, એ વાત તે જાણે છે, અને આપણી સાથે ચોકખો વ્યવહાર ચલાવે છે. તે પાપ અને દુષ્ટતાના જગતમાંથી પોતાના ભકતોને લઈ લેવાનું કહેતો નથી, પરંતુ તે તેઓને સદા સાચો આશરો બતાવે છે. પોતાના શિષ્યો માટે તેની પ્રાર્થના હતી કે, " તું તેઓને જગતમાંથી લઈ લે, એવી વિનંતી હું કરતો નથી પણ તું તેઓને પાપથી બચાવે એવી (હું વિનતીં હું કરૂં છું.)" વળી તે કહે છે કે, જગતમાં તમને સંકટ છે, પણ હિમ્મત રાખો જગતને મેં જીત્યું છે." યોહાન ૨૭:૧૫; ૧૬:૩૩.

**(૬) આપણી દરરોજની જરૂરીયાત માટે આપણે કયા વાયદાનો દાવો કરી શકીએ છીએ?**

***પણ તમે પહેલા તેમના રાજ્યને તથા તેમના ન્યાયીપણાને શોધો, એટલે એ બધાં વાનાં પણ તમને અપાશે. (માથ્થી ૬:૩૩)***

ખ્રીસ્તે પોતાના પહાડ પરના ભાષાણમાં શિષ્યોને ઈશ્વરમાં શ્રદ્ધા રાખવાની જરૂર વિષે કિંમતી પાઠ શીખવ્યા છે. આ પાઠ સર્વ યુગોમાં ઈશ્વરનાં બાળકોને ઉત્તેજન આપવા

યોજાયા હતા. અને આપણા સમય સુધી તેઓને પ્રાર્થનાના સ્તોત્રો ગાતાં હવામાંના પક્ષીઓને બતાવ્યાં, તે નિશ્ચિત હતાં. કારણ કે ," તેઓ તો વાવતાં નથી, ને કાપતાં નથી," છતાં મહાન પિતા તેઓની જરૂરીઆતો પુરી પાડે છે. તારનાર પૂછે છે કે, "તેઓ કરતાં તમે અધિક નથી શું ?" માત્થી ૬:૨૬. એ મહાન દાતા મનુષ્યો અને પશુઓ માટે પોતાનો હાથ ખોલી પોતાનાં બધાં પ્રાણીઓને આપે છે. હવામાંનાં પક્ષીઓ તેની નજર બહાર નથી. તે તેમની ચાંચમાં ખાવનું નાખતો નથી, પણ તેઓની જરૂર માટે ગોઠવણ કરે છે. તેણે પોતાના માટે વેરેલા દાણા તેઓએ એકઠા કરવા પડે છે, પોતાના નાના માળા માટે તેઓએ સાધન તૈયાર કરવાં પડે છે, પોતાનાં બચ્ચાંને ખવડાવવું પડે છે. તેઓ ગાતાં ગાતાં કામે નીકળે છે, કેમકે " તમારો આકાશમાંનો બાપ તેઓનું પાળણ કરે છે." તો "તેઓ કરતાં તમે અધિક નથી શું ?" (માત્થી ૬:૨૬).

શું તમે બુદ્ધિશાળી હોઈ હવામાંનાં પક્ષીઓ કરતાં વધારે મૂલ્યવાન આત્મિક ભકતો નથી ? આપણે તેના પર શ્રદ્ધા જ રાખીશું, તો શું આપણો પેદા કરનાર, આપણી જીંદગી સાચવનાર અને જેણે આપણને પોતાના ઈશ્વરી સ્વરૂપ પ્રમાણે

ઘડયા, તે આપણી જરૂરીઆતો નહિ પુરી પાડે ?

**(૭) ખ્રિસ્ત પોતાની પ્રેમાળ કાળજીની ખાતરીના વિષયમાં આપણને શું ધ્યાનમાં લેવાનું કહે છે?**

***અને વસ્ત્રો સંબંધી તમે ચિંતા શા માટે કરો છો? ખેતરનાં ફૂલઝાડોનો વિચાર કરો કે, તેઓ કેવાં વધે છે! તેઓ મહેનત કરતાં નથી, તેઓ કાંતતાં પણ નથી! તોપણ હું તમને કહું છું કે સુલેમાન પણ પોતાના તમામ મહિમામાં તેઓમાંના એકના જેવો પહેરેલો ન હતો. એ માટે ખેતરનું ઘાસ જે આજે છે, ને કાલે ભઠ્ઠીમાં ફેંકાય છે, તેને જો ઈશ્વર એવું પહેરાવે છે, તો ઓ અલ્પવિશ્વાસીઓ, તમને શું એથી વિશેષ નહિ પહેરાવશે? (માથ્થી ૬:૨૮-30)***

ખેતરમાં ઉગેલાં પુષ્કળ ફૂલો જે સ્વર્ગીય પિતાએ આપેલ નિર્મળ સૌદર્યથી શોભી રહ્યાં હતાં તે ઈસુએ પોતાના અનુયાયીઓને બતાવ્યાં; એ ઈશ્વરે માણસ તરફ પોતાનો પ્રેમ દર્શાવવા આપેલ હતાં. - તેણે કહ્યું, “ખેતરનાં ફૂલ ઝાડોનો વિચાર કરો હું તેઓ કેવા વધે છે ?” આ કુદરતી પુષ્પોની નિર્મળતા અને સુંદરતાસુલેમાન રાજાના ભપકદાર પોષક ઈશ્વરે ઉત્પન્ન કરેલ ફૂલોની શોભા અને ઉજવલ સુંદરતા સાથે સરખામણીમાં

ટકતો નથી. ઈસુ પૂછે છે કે, " ખેતરનું ઘાસ જે આજ છે, ને કાલે ભઠ્ઠીમાં ફેંકાય છે તેને જો દેવ એવું પહેરાવે છે, તો ઓ અલ્પવિશ્વાસીઓ, તમને શું એથી વિશેષ નહિ પહેરાવશે ? " માત્થી ૬:૨૮,૩૦. જો દૈવી કલાકાર- ઈશ્વર એક દિવસમાં નાશ પામનાર સાદા ફૂલને સુંદર અને જુદા જુદા રંગો આપે છે, તો પોતાની પ્રતિકૃતિ સમા ઉત્પન્ન કરેલા મનુષ્યની કેટલી વધારે સંભાળ લેશે ? ખ્રીસ્તના આ દ્દષ્ટાંત- પાઠ-માં અવિશ્વાસુ માણસને તેની ચિંતાઓ, ગુંચવણો અને શંકાઓ માટે ઠપકો આપેલ છે.

પોતાનાં બધાં બાળકો સુખી, શાંત અને આજ્ઞાંકીત હોય, એવું ઈશ્વર ઈચ્છે છે. ઈસુ કહે છે કે, “મારી શાંતિ હું તમને આપું છું.; જેમ જગત આપે છે તેમ હું તમને આપતો નથી. તમારાં હ્રદયોને વ્યાકુળ થવા ન દો, અને બીવા પણ ન દો.” " તમારામાં મારો આનંદ રહે, અને તમારો આનંદ સંપૂર્ણ થાય, એ માટે મેં તમને એ વચનો કહ્યાં છે.” યોહાન ૧૪:૨૭; ૧૫:૧૧.

**(૮) બલિદાનની સેવાના ૬ વ્યવહારિક કૃત્યો કયા છે કે જે આપણે ઈશ્વર માટે લોકોને મદદ કરવા માટે કરી શકીએ અને વળતર રૂપે ખુશી અને સાચી પરિપૂર્ણતા મેળવીએ?**

*[પણ] દુષ્ટતાનાં બંધનો છોડવાં, ઝૂંસરીનાં જોતર છોડવાં, દબાયેલાને મુક્ત કરીને વિદાય કરવા, અને વળી સર્વ ઝૂંસરીને ભાંગી નાખવી.-જે ઉપવાસ હું પસંદ કરું છું તે શું એ નથી? ભૂખ્યાઓને તારી રોટલી વહેંચી આપવી, અને ભટકતા ગરીબોને ઘેર લાવવા, શું તે ઉપવાસ નથી? નગ્નને જોઈને તારે તેને [વસ્ત્ર] પહેરાવવું, ને તારા બંધુઓથી મોં સંતાડવું નહિ. (યશાયા ૫૮:૬-૭)*

સ્વાર્થી હેતુઓથી ફરજનો રસ્તો છોડીને શોધેલું સુખ અસ્થિર, ચચંળ અને ક્ષાણિક હોય છે; તે ચાલ્યું જાય છે અને માણસ દીલગીર થઈ જાય છે અને પોતે એકલો પડી ગયો હોય એવું તેને લાગે છે. પરંતુ ઈશ્વરની સેવામાં આનંદ અને સંતોષ્ા છે; ખ્રીસ્ત પર વિશ્વાસ રાખનારને અજાણ્યા રસ્તે છોડી દેવામાં આવતો નથી. તે માણસને નિરર્થક મોજમઝા ન મળે તો પણ ભવિષ્યની જીંદગીના આનંદ પર આપણે આધાર રાખી તે તરફ જોઈ શકીશું.

**(૯) જયારે આપણે ખ્રિસ્ત સાથે સહભાગિતાનો આનંદ માણતાં હોઈએ અને સુવાર્તાની વહેંચણી કરતા હોઈએ, ત્યારે આપણા માટે દિલાસાનો કયો વાયદો રહેલો છે?**

*મેં તમને જે જે આજ્ઞા કરી તે સર્વ પાળવાનું તેઓને શીખવતા જાઓ. અને જુઓ, જગતના અંત સુધી હું સર્વકાળ તમારી સાથે છું." (માથ્થી ૨૮:૨૦)*

પરંતુ અહીં પણ ખ્રીસ્તીઓને ખ્રીસ્ત સાથેના સંબંધનો આનંદ મળી શકે, તેઓને તેના પ્રેમનો પ્રકાશ અને તેની હાજરીનો સદાનો દીલાસો મળી શકે. જીવનમાં દરેક પગલે આપણે ખ્રીસ્તની પાસે આવી શકીએ. તેના પ્રેમનો વધારે ઉંડો અનુભવ મળી શકે અને
શાંતિના કલ્યાણકારી સ્થાનની વધારે પાસે જઈ શકીએ ત્યારે હવે આપણે વિશ્વાસનો ત્યાગ ન કરતાં , દ્દઢ ખાતરી-આગળ કદી નહિ આવી હોય એવી દ્દઢ ખાતરી-રાખવી. " અત્યાર સુધી યહોવાહે આપણને સહાય કીધી છે." (૧ શમૂએલ ૭:૧૨) અને તે અંત સુધી સહાય કરશે.
**(૧૦) શા માટે આપણે ભૂતકાળમાં ઈશ્વરે આપેલા આશીર્વાદોને આપણા મનમાં તાજાં રાખવા જોઈએ?**

***માત્ર પોતાના વિષે સાવધાન રહે, ને ખંતથી તારા આત્માની સંભાળ રાખ, રખેને તારી નજરે જોયેલાં કૃત્યો તું ભૂલઈ જાય, ને રખેને તારા આયુષ્યના સર્વ દિવસોભર તારા અંત:કરણમાંથી***

*તે જતાં રહે; પણ તારાં છોકરાને તથા તારાં છોકરાંના છોકરાને એ જણાવ. (પુનર્નિયમ ૪:૯)*

ઈશ્વરે આપણને દીલાસો આપવા અને નાશ કરનારના પંજામાંથી બચાવવા માટે શું કર્યું છે, તે યાદ દેવડાવનાર સ્મરણસ્તંભો તરફ નજર કરીએ. ઈશ્વરે આંસુ લુછયાં છે; દુ:ખ શાંત કર્યા છે; ચિંતાઓ દૂર કરી છે; ભય વેરી નાખ્યા છે: જરૂરીઆતો પુરી પાડી છે; આશિર્વાદો આપ્યા છે; આ બધાં દયાના પ્રસંગો આપણે આપણી યાદશકિતમાં તાજા રાખીએ અને એ રીતે આપણી બાકીની યાત્રામાં જે બધુ આપણી આગળ છે, તે માટે આપણે શકિતવાન બનીએ.

**(૧૧) જ્યારે આપણે આવનારા વિરોધ માટે પરીક્ષણ કે મૂંઝવણ સહન કરીએ ત્યારે આપણે કયા વાયદાનો દાવો કરી શકીએ?**

*માણસ સહન ન કરી શકે એવું કંઈ પરીક્ષણ તમને થયું નથી. વળી ઈશ્વર વિશ્વાસુ છે, તે તમારી શક્તિ ઉપરાંત પરીક્ષણ તમારા પર આવવા દેશે નહિ. પણ તમે તે સહન કરી શકો, માટે પરીક્ષણ સાથે છૂટકાનો માર્ગ પણ રાખશે. (૧ કરિંથી ૧૦:૧૩)*

આવતા યુદ્ધમાં નવી મુશ્કેલીઓ - ગુંચવણો તરફ જોયા વિના આપણે રહી શકતા નથી; પરંતુ આપણે જે થઈ ગયું હોય તે તરફ તેમજ જે થવાનું હોય તે તરફ જોઈને કહી શકીએ કે “અત્યાર સુધી યહોવાહે આપણને સહાય કીધી છે.” (૧ શમૂએલ ૭:૧૨). “જેવા તારા દિવસો, તેવું તારૂ બળ થશે” પુનર્નિયમ ૩૩:૨૫. આપણને સહન કરવા શકિત આપવામાં આવે તેના કરતાં કસોટી વધારે નહિ હોય. ગમે તેમ થશે પણ કસોટીના પ્રમાણમાં બળ મળશે એવું માની ચાલો, આપણે જયાં મળે ત્યાં કામ કરવા માંડીએ.

**(૧૨) ભલે આપણે કઠીન પરીક્ષણના સાક્ષી હોઈએ કે તેનો અનુભવ કર્યો હોય, પણ શું જાણવા દ્વારા આપણને આનંદ અને દિલાસે મળે છે?**

*વળી આપણે જાણીએ છીએ કે જેઓ ઈશ્વરના ઉપર પ્રેમ રાખે છે, જેઓ તેમના સંકલ્પ પ્રમાણે તેડાયેલા છે, તેઓને માટે ઈશ્વર એકંદરે બધું હિતકારક બનાવે છે. (રોમન ૮:૨૮)*

**(૧૩) ઈશ્વરની કૃપા દ્વારા જીત મેળવનાર તરીકે, આપણે કયા અદભુત શબ્દો સાંભળવાની આશા રાખવી જોઈએ?**

*ત્યારે રાજા પોતાની જમણી તરફનાઓને કહેશે, ‘મારા પિતાના આશીર્વાદિતો આવો, જે રાજ્ય જગતનો પાયો નાખ્યા અગાઉ તમારે માટે તૈયાર કરેલું છે તેનો વારસો લો; (માથ્થી ૨૫:૩૪)*

આખરે પ્રભુનાં બાળકને દાખલ થવા માટે સ્વર્ગનાં દ્વાર ખુલ્લાં મૂકી દેવામાં આવશે, અને કોઈ ઉમદા સંગીતની માફક મહીમાનાં રાજાના હોઠથી આશિર્વાદનાં વચનો નીકસી પડશે કે, ” મારા બાપના આશિર્વાદિતો, આવો જે રાજય જગતનો પાયો નાખ્યા અગાઉ તમારે સારૂ તૈયાર કીધેલું છે તેનો વારસો લો.” માત્થી ૨૫:૧૪. પછી ઈસુએ તેમને માટે તૈયાર કરેલા ઘરમાં ઉદ્ધાર પામેલાને આવકાર મળશે. ત્યાં તેમના સોબતીઓ પૃથ્વીના લુચ્ચા જુઠા, મૂર્તિપૂજક, અશુદ્ધ અને અવિશ્વાસુ માણસો નહિ હશે; પરંતુ તેઓ તો જેઓએ શેતાનને જીત્યો હશે અને દૈવી કૃપાથી સંપૂર્ણ ચારિત્ર્ય ઘડયું હશે, તેઓની સોબત કરશે. દરેક પાપી વૃત્તિ અને દરેક અપૂર્ણતા જે તેઓને અહીં હેરાન કરે છે, તે ખ્રીસ્તના લોહીથી દૂર કરવામાં આવેલ છે અને તેના મહિમાની ઉત્તમતા અને પ્રકાશ, જે સૂર્યના પ્રકાશ કરતાં ઘણો જ ચઠીઆ છે, તે તેઓને આપવામાં આવે છે. અને જે

ખ્રીસ્તની નૈતિક સુંદરતા અને ચારિત્ર્યની સંપૂર્ણતા, તેમના દ્વારા પ્રકાશે છે તે બહારના ભપકા કરતાં ઘણી જ ચઢીઆતી છે. તે મહાન ઉજવળ સિંહાસનની આગળ તેઓ નિર્દોષ ઉભા રહે છે અને દૂતોની પ્રતિષ્ઠા અને હકમાં તેઓ ભાગ પડાવે છે.

**(૧૪) સારા અને દુષ્ટતા વચ્ચેનો વિવાદ જયારે નજીક આવે ત્યારે, આપણે આપણી જાતને કયો મહત્વપૂર્ણ પ્રશ્ન પૂછવો જોઈએ?**

***કેમ કે જો માણસ આખું જગત મેળવે, ને પોતાનો જીવ ખોઈ બેસે, તો તેને શો લાભ થાય? અથવા માણસ પોતાના જીવને બદલે શું આપશે? (માથ્થી ૧૬:૨૬)***

જે મહીમાન વારસો મળી શકશે તે પર ધ્યાન દઈને “માણસ પોતાના જીવને બદલે શું આપશે?” તે ગરીબ હશે, છતાં તેનામાં એટલી દોલત અને પ્રતિષ્ઠા છે કે જગત કદી ન આપી શકે. પાપથી શુદ્ધ થએલ અન ઉદ્ધાર પામેલ માણસ અને ઈશ્વરની સેવા માટે અર્પણ કરેલ તેની સઘળી ઉમદા શકિતઓની કીંમત ન આંકી શકાય. તારણ પામેલા એક મનુષ્ય માટે ઈશ્વર અને દૂતોની

આગળ આનંદ થઈ રહે છે અને તે પવિત્ર વિજયગીતો થી વ્યકત કરવામાં આવે છે.

*મને ભાન થયું કે જો હું મારી પોતાની બુદ્ધિ અને સમજણ પર ભરોષો રાખીશ તો હું નિરાશ થઈશ. તેમના રાજ્ય તરફ મારી દોરવણી કરવા માટે તેમના વિશ્વાસયોગ્ય વાયદાનો હું આભારી છું.*

વર્તુળ: હા અનિર્ણિત

*હું મારા માટે ભૂતકાળના આશીર્વાદોને હંમેશા યાદ રાખું છું જેથી વર્તમાનમાં અને ભવિષ્યમાં તેમની દોરવણી પર હી સંદેહ ન કરૂં. આ જીવનની યાત્રામાં જ્યારે હું પરીક્ષણ અમે મૂંઝવણમાંથી પસાર થાઉં છું ત્યારે તેમના દિલાસા અને માર્ગદર્શન માટે હું આભારી છું.*

વર્તુળ: હા અનિર્ણિત

*આ બાઈબલ અભ્યાસ શ્રેણીમાં ઈશ્વર એવા પગલાંઓને પ્રગટ કરે છે જેના દ્વારા હું તેમની વધારે નજીક આવી શકું તે માટે હું તેમનો આભાર માનું છું અને હું આ ઉત્તમ શબ્દો સાંભળવાની આશા રાખું છું, "શાબાશ મારા વિશ્વાસુ ચાકર, તારા માટે મેં તૈયાર કરેલા ઘરમાં તારું સ્વાગત છે."*

વર્તુળ: હા અનિર્ણિત